☆ *એની સરખામણીએ ગુરુ ૪૫ પ્રકાશ મિનિટ, શનિ ૭૫ પ્રકાશ મિનિટ, યુરેનસ ૧૬૦ પ્રકાશ મિનિટ અને નેપચ્યુન ૨૪૦ પ્રકાશ મિનિટ દૂર છે.*

☆ *ચંદ્ર સાવ નજીક એટલે પૃથ્વીથી માત્ર સવા સેકન્ડ (પ્રકાશ સવા સેકન્ડ) દૂર છે. પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૩,૦૪,૪૦૦ કિ.મી. છે.*

☆ *સૂર્ય મંડળના કેટલાક સભ્યો બે પ્રકાશવર્ષ દૂર છે એટલે કે ત્યાં સુધી સૂર્ય મંડળનો વિસ્તાર છે.*

***મુરજી ગડાના ‘સૂર્ય મંડળ’ના લેખમાંથી***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નવા બનેલા સભ્યોનું લિસ્ટ

### આજીવન શ્રેણી (૧૫ વર્ષ)

- **નિહાર ધીરજલાલ મહેતા**
  બી/૧૩, પ્રથમ માળે, વેસ્ટ એન્ડ પાર્ક,
  ગુરુદ્વારાની બાજુમાં, એસ.જી. હાઈવે,
  અમદાવાદ-૩૮૦ ૦૫૪
- **ધીરેનકુમાર હરીશચંદ્ર બુચ**
  "હિમજા", રામકૃષ્ણ કોલોની,
  ગાંધીનગર સોસાયટી સામે, શાશ્વત ફ્લેટ સામે,
  મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
- **દિલીપરાય એમ. વૈશ્નવ**
  ૭/૭. આનિક એપાર્ટમેન્ટ, એલ.જે. કૉમર્સ કૉલેજ પાસે,
  વસ્ત્રાપુર (ગામ), અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પરેશભાઈ ગોવિંદભાઈ ઠક્કર**
  ૧, જનતા માર્કેટ સોસાયટી,
  વેજલપુર બસ સ્ટેન્ડ પાછળ,
  બળિયાદેવ મંદિર સામે, વેજલપુર,
  અમદાવાદ-૩૮૦ ૦૫૧.
- **પૂનમભાઇ કાનજી સ્વરુપચંદ વોરા**
  ઈ-૧૧, અમલયશ એપાર્ટમેન્ટ,
  ફન-રીપબ્લિક વાઇડ એંગલની પાછળ,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ વેલજીભાઈ શાહ**
  પ્લોટ નં. ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,
  ગાંધીનગર-૩૮૨ ૦૩૦.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના નવા સભ્યોની યાદી

### આજીવન શ્રેણી (૧૫ વર્ષ)

- **મનીષ પ્રફુલ્લ ખોના**
  એફ/૧૦૨, સહજ સોલેરિયમ-૨, જી.બી. શાહ કૉલેજની
  બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **નિહાર ધીરજલાલ મહેતા**
  બી/૧૩, પ્રથમ માળે, વેસ્ટ એન્ડ પાર્ક,
  ગુરુદ્વારાની બાજુમાં, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૫૪
- **ધીરજભાઈ રામજીભાઈ પટેલ**
  ૨૦૧, કુશાન રેસિડેન્સી, લાડ સોસાયટી રોડ,
  નહેરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પૂનમભાઈ કાનજી સ્વરુપચંદ વોરા**
  ઈ-૧૧, અમલયશ એપાર્ટમેન્ટ,
  ફન રીપબ્લિક - વાઇડ એંગલની પાછળ,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

### ૨ વર્ષનું લવાજમ

- **હર્ષદભાઈ ચીમનલાલ મોદી**
  ૫૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલાની બાજુમાં,
  વાઇસરોય વિલેની બાજુમાં, જજીસ બંગલા ચાર રસ્તા પાસે,
  બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **ડૉ. કેતન આઈ. શાહ**
  ૧૧૪૦, લુહાર શેરી, વાસુદેવની વાડી, સરસપુર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૮.

## રેડોલ્ફ ચર્ચિલ

ફલેમિંગો નામનો એક ખેડૂત. ખેતરમાં સખત મજૂરી કરે. એકવાર એણે પોતાના કૂતરાને વધારે ભસતો સાંભળ્યો. ખેડૂત તે તરફ ગયો. ત્યાં તેણે જોયું કે એક શિયાળે એક નાના બાળકને પકડેલું. ખેડૂતે પોતાના પાવડા વડે શિયાળને મારીને તે બાળકને છોડાવ્યું.

બીજે દિવસે એ ખેડૂતની ઝૂંપડી પાસે એક પૈસાદાર માણસની ઘોડાઘાડી આવીને ઊભી. તેમાંથી ઉતરીને એક ઉમરાવ ખેડૂતને કહે છે કે, 'હે દયાળુ માણસ, ગઈકાલે તેં મારા દીકરાને બચાવ્યો છે. તારો એ ઉપકાર હું કદી નહીં ભૂલું. મને તારો ઉપકાર ફેડવાની એક તક આપ. તારો દીકરો મને આપ. હું એને ખૂબ ભણાવીશ. જો તારો દીકરો તારા દયાળુ લોહીથી સિંચાયેલો હશે તો એ ભણીગણીને જ્યારે મોટો માણસ થશે ત્યારે એની દયામાયાથી આ દુનિયા પવિત્ર થશે.'

ખેડૂતે પોતાનો દીકરો એલેકઝાંડર ફલેમિંગો તે ઉમરાવને આપ્યો. તે છોકરાને ઉમરાવે સેંટ મેરીની મેડિકલ કોલેજમાં ભણાવ્યો. અને તે ભણીને ડૉક્ટર સર એલેકઝાંડર ફલેમિંગો બન્યો. તેણે જ પ્રથમ એન્ટીબાયોટીક દવા પેનેસિલિનની શોધ કરી. એ પેનિસિલિનની દવાથી જ પોતાના તારણહાર ઉમરાવને બીમારીમાંથી સાજો કર્યો.

કોણ હતો એ ઉમરાવ? અને કોણ હતો એ છોકરો જેને ખેડૂતે બચાવેલો?

એ ઉમરાવ એટલે રેડોલ્ફ ચર્ચિલ. અને એ બાળક એટલે બીજા વિશ્વયુદ્ધનો બ્રિટનનો વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ.

*મૂ.લે. : અઝીમ પ્રેમજી, ગુજરાતી અનુવાદ : અરુણા જાડેજા*
*('સુવિચાર' ડિસેમ્બર-૨૦૧૫માંથી)*

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૬

★ **શુક્રવાર, તા. ૨૬-૨-૨૦૧૬**

- શ્રી ક.વી.ઓ. જૈન સમાજના પરિવારના સરનામા - ટેલિફોન ડિરેક્ટરી માટેના ભરાઈને આવેલા ૧૫૨ ફોર્મ કોમ્પ્યુટર પર રેકોર્ડ કરવા મોકલી આપ્યા.
- અમદાવાદ સ્થિત વિવિધ ૩૫ જેટલા ઘટક સમાજોને (૧) સરનામા - ટેલિફોન ડિરેક્ટરી ફોર્મ, (૨) સામાજિક કાર્યકર સન્માન, (૩) નોટબુક વિતરણ યોજના તથા (૪) ઓળખપત્રના ફોર્મ મોકલવા બાબત રીમાઈન્ડર પત્રો મોકલવાના શરૂ કર્યા.

★ **મંગળવાર, તા. ૧-૩-૨૦૧૬**

- નોટબુક વિતરણ યોજના અન્વયે કચ્છ વાગડ લોહાણા સમાજે તેમના વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ૧૦૦ વિદ્યાર્થીઓ માટે ૩૦૦૦ નોટબુકનો ઑર્ડર એક સંગાથે મોકલી આપ્યો.
- ક.ક.પા. સમાજ - ગીતામંદિરના મહામંત્રી શ્રી દેવજીભાઈ સાંખલા સાથે વાત થયા મુજબ સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ફોર્મ ભરાવવાની કાર્યવાહી તેમના સમાજમાં હાલે ચાલુ છે.

★ **બુધવાર, તા. ૨-૩-૨૦૧૬**

- આજરોજ ભુજ ખાતે શ્રી મૂકેશભાઈ ઝવેરી સાથે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદાના નિયમિત પાણી, તેને લગતી કેનાલોના કામકાજ, કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી વગેરે વિશે ચર્ચા થઈ.

★ **સોમવાર, તા. ૭-૩-૨૦૧૬**

- બિઝનેસ સમિટ યોજવાના અનુસંધાને સાંજના ૫.૦૦ વાગે કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર એક અનૌપચારિક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશ મહેતા, શ્રી અતુલભાઈ સોની, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી જેન્તીભાઈ કરમશીભાઈ પટેલ, શ્રી દીપકભાઈ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં મુખ્યત્વે વિવિધ યોજનાઓના નકરા (ડોનેશન્સ) માટે ચર્ચા કરવામાં આવી. આ બાબતે હવે પછી કેટલાક ઉદ્યોગકારોને મળવાનું નક્કી કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૮-૩-૨૦૧૬**

- નોટબુક વિતરણ યોજના માટે હર્ષા એન્જિનિયર્સમાંથી અંદાજિત ૧૬,૦૦૦ નોટબુકનો ઑર્ડર પ્રાપ્ત થયેલ છે.
- 'કચ્છશ્રુતિ'નું નવું ડેક્લેરેશન ફાઈલ કરવાના અનુસંધાને શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા રૂબરૂમાં કલેક્ટરશ્રીની ઑફિસે જઈ, લાગતા વળગતા ઑફિસર્સ સાથે જરૂરી ચર્ચા કરી, માર્ગદર્શન મેળવી આવ્યા. હવે પછી તરતમાં તેઓ ડેક્લેરેશન ફાઈલ કરી શકશે.

★ **બુધવાર, તા. ૯-૩-૨૦૧૬**

- નવનીતને લગભગ ૨૧,૦૦૦ નોટબુક તથા પેપર્સ પ્લાઝાને અંદાજિત ૩,૦૦૦ નોટબુકનો પ્રથમ ઑર્ડર મોકલી આપ્યો.
- શ્રી ગૌતમ પ્રદીપ દૌલત તથા શ્રી પ્રદીપ મહેતા સાથે બાકી રહેતા કચ્છીઓના સરનામા ટેલિફોન ડિરેક્ટરી ફોર્મ, જે-તે સમાજની ડિરેક્ટરી લઈ, જે-તે સમાજના સભ્ય પર ફોન કરી, ખૂટતી વિગત મેળવી, બાકી રહેતા ફોર્મ ભરી આપવા માટે પ્રથમ તબક્કાની ચર્ચા કરવામાં આવી.
- આજે રાત્રે મોડે સુધી શ્રી મનુભાઈ કોટડિયા તથા એકાઉન્ટન્ટે સાથે બેસીને, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બાકી રહેતા હિસાબો કોમ્પ્યુટર પર ઉતાર્યા.

★ **ગુરુવાર, તા. ૧૦-૩-૨૦૧૬**

- બિઝનેસ સમિટ માટે શ્રી કચ્છી સમાજની ઑફિસ પર શ્રી હરીશભાઈ રંગવાલા સાથે મીટિંગ કરી, અનેક પ્રશ્નોની છણાવટ કરી તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી. શ્રી હરીશભાઈએ આ પ્રકારની સમિટ યોજવા એકદમ હકારાત્મક પ્રતિસાદ આપેલ હતો. વિવિધ સ્પોન્સરશિપના અનુસંધાને પણ વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૧૬**

- શ્રી કચ્છી દશા શ્રીમાળી ગૂર્જર જૈન સમાજ વતી તેમના સમાજના વિદ્યાર્થીઓ માટે શ્રી પ્રદીપભાઈ મહેતાએ નોટબુક વિતરણ યોજનાના અનુસંધાને લગભગ ૧૧૦૦ નોટબુક તથા શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ વતી તેમના વિદ્યાર્થીઓ માટે શ્રી મનુભાઈ કોટડિયાએ પણ લગભગ ૧૧૦૦ નોટબુકનો ઑર્ડર બુક કરાવેલ હતો.

★ **શનિવાર, તા. ૧૨-૩-૨૦૧૬**

- બિઝનેસ સમિટ માટે શ્રી હરીશભાઈ રંગવાલાએ પોતાના યોગ્ય અનુદાનની આજે ઑફર કરેલ હતી.

★ **રવિવાર, તા. ૧૩-૩-૨૦૧૬**

- કચ્છ કડવા પાટીદાર યુવા મંડળ આયોજિત અને ''વાઈબ્રન્ટ બિઝનેસ ચેમ્બર્સ ઑફ કોમર્સ''ના નેજા હેઠળ ગાંધીનગરના ટાઉન હોલ (૧૧૦૦ની કેપેસિટી) ખાતે સમાજના યુવા વર્ગ માટે એક મોટીવેશનલ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી શ્રી અશોક મહેતા તથા શ્રી ભરતભાઈ ઓઝા ઉપસ્થિત રહેલ હતા.

★ **સોમવાર, તા. ૧૪-૩-૨૦૧૬**

- નોટબુક યોજનાની નોટબુકના ટાઈટલ પાના માટે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે અલગ અલગ પ્રકારની ૫ ડિઝાઈન જાતે તૈયાર કરાવડાવીને સમાજ પર મોકલી આપેલ હતી.

★ **મંગળવાર, તા. ૧૫-૩-૨૦૧૬**

- કોમ્પ્યુટર ઑપરેટર માટે શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી પ્રદીપભાઈ મહેતાએ લગભગ ૫ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લઈને તેમાંની એક વ્યક્તિ માટે ફાઈનલ મંજૂરી આપેલ હતી.

★ **ગુરુવાર, તા. ૧૭-૩-૨૦૧૬**

- શ્રી મનોજભાઈ વડોદરિયા - નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાંથી એક નાનું પેમેન્ટ મળેલ હતું.
- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતાએ 'કચ્છશ્રુતિ'ના નવા ડેક્લેરેશનના અનુસંધાને સાબરમતી આશ્રમ પાસે કલેક્ટર ઑફિસમાં જઈ, જરૂરી કાર્યવાહી કરેલ હતી.
- સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના ભરેલા ફોર્મ મેળવી કચ્છી સમાજની ઑફિસ પર મોકલી આપવા લગભગ ૧૦ જેટલા વિવિધ ઘટક સમાજોને SMS દ્વારા વિનંતી કરવામાં આવી.
- તા. ૨૦-૩-૨૦૧૬ની ટ્રસ્ટ મંડળની મીટિંગ માટે દરેક આમંત્રિતને SMS દ્વારા રીમાઈન્ડર મોકલી આપવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૧૯-૩-૨૦૧૬**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટે શ્રી શાંતિલાલભાઈ સાવલા થકી શ્રી લીલાધર પાસુભાઈ શાહ ગ્રંથ શ્રેણી અન્વયે લેખક શ્રી ગુલાબ દેઢિયા લિખિત ત્રણ પુસ્તકો : (૧) સુગંધ પર્વ, (૨) ઓસરીમાં તડકો અને (૩) પહેલે પગથિયે ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયા.
- શ્રી બાલમોહન કારાણીએ તેમના પિતાશ્રી દુલેરાય કારાણી લિખિત તથા અન્ય ગ્રંથો મળીને લગભગ ૫૦ જેટલા પુસ્તકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ સ્વરૂપે મોકલી આપ્યા.
- પૂના સ્થિત બિદડાના સામાજિક કાર્યકર શ્રી નાનજીભાઈ ફુરિયા સાથે તેમની પૂનાની આજુબાજુના વિસ્તારની સામાજિક પ્રવૃત્તિઓ વિશે શ્રી બાલમોહનભાઈ કારાણી થકી વાતો કરી જાણકારી મેળવવામાં આવી.
- વાગડ લુહાર - સુથાર સમાજના ૬૫ ફોર્મ ભરાઈને સમાજની હવે તૈયાર કરવામાં આવનાર સરનામા - ટેલિફોન ડિરેક્ટરી માટે પ્રાપ્ત થયા.
- શ્રી શિરીષભાઈ કોરડિયાએ વાગડ સાત ચોવીસી સમાજના સભ્યોની યાદી સરનામા - ટેલિફોન ડિરેક્ટરી માટે મોકલી આપી.
- શ્રી જગદીશભાઈ ઠક્કર તથા શ્રી અતુલ સોનીએ સમાજ પર આવી બિઝનેસ સમિટ, સરનામા - ટેલિફોન ડિરેક્ટરી, નોટબુક વિતરણ યોજના વગેરે વિશે ચર્ચા કરેલ હતી.

★ **રવિવાર, તા. ૨૦-૩-૨૦૧૬**

- સવારના ભાગે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર ટ્રસ્ટ મંડળ તથા આમંત્રિતોની એક સંયુક્ત મીટિંગ યોજવામાં આવી કે જેમાં ૧૬ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. ઉપસ્થિત સભ્યશ્રીઓને નોટબુક વિતરણ યોજના તથા સરનામા - ટેલિફોન ડિરેક્ટરી અંગે અત્યાર સુધીની થયેલ કાર્યવાહી વિશેની માહિતી આપવામાં આવેલ

હતી. વિવિધ યોજનાઓના આવતા ૧૦ વર્ષ સુધીના નામકરણ માટેના નકરા નક્કી કરવામાં આવેલ હતા. ક્રેડિટ કો.ઓ. સોસાયટીના પ્રમોટર સભ્યો નક્કી કરવામાં આવેલ હતા. સામાજિક કાર્યકર સન્માન અન્વયે થયેલ પ્રગતિની ચર્ચા કરવામાં આવેલ હતી. બિઝનેસ સમિટ વિશે ચર્ચા કરી, વિવિધ ડોનેશન્સ મેળવવા એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

- મીટિંગ બાદ એકાઉન્ટન્ટ સાથે બેસી વર્ષ ૨૦૧૫-૧૬ના હિસાબોની સમજ મેળવવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૨૧-૩-૨૦૧૬**

- તા. ૨૦-૩-૨૦૧૬ના મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટ્સ જે તે સભ્યોને કુરિયર દ્વારા મોકલી આપવામાં આવી.
- 'કચ્છશ્રુતિ'ની વિઝિટિંગ કાર્ડ સાઈઝની જાહેરાતના તથા અન્ય બાકી રહેલા બીલો શ્રી મનુભાઈ કોટડિયાએ બનાવી તેને ડિસ્પેચ કરવામાં આવેલ હતા.

★ **મંગળવાર, તા. ૨૨-૩-૨૦૧૬**

- નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શ્રી મનોજભાઈ વડોદરિયાને કચ્છી વિશ્રાંતિ ગૃહ માટે જે પેમેન્ટ ચૂકવવામાં આવ્યું હતું, જે પ્રોજેક્ટ કેન્સલ થતાં તેનું પૂરેપૂરું રીફંડ સ્વરૂપે બાકી રહેતા એમાઉન્ટનો ચેક આજરોજ પ્રાપ્ત થયેલ હતો. આ રીતે આ પ્રોજેક્ટમાં ચૂકવેલ એમાઉન્ટનું પૂરેપૂરું રીફંડ સમાજને પ્રાપ્ત થઈ ગયેલ છે કે જેના પરિણામે આ પ્રોજેક્ટની શરૂઆતમાં સભ્યો પાસેથી મેળવેલ વિવિધ રકમની લોન પૂરેપૂરી રીફંડ થઈ શકશે.
- બપોરના, સમાજની ઑફિસ પર અક અનૌપચારિક મીટિંગ બિઝનેસ સમિટના અનુસંધાને મળી હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ અને શ્રી જેન્તીભાઈ કરમશીભાઈ પટેલ એકત્રિત થયા હતા. શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ પ્રોજેક્ટમાં સારી એવી દિલચસ્પી દાખવેલ હતી.
- વિદ્યાર્થી હોસ્ટેલ માટે વધુ એક મકાન — મીઠાખળી છ રસ્તા પરની ચાલુ હોટેલ લિબર્ટીનું નિરીક્ષણ કરવા શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા બ્રોકર શ્રી સુરેશભાઈ સાથે ગયેલ હતા. હોટેલના ભાડા વગેરે સાથે ૪૦ વિદ્યાર્થીઓની કેપેસિટીવાળી આ જગ્યા પર વિદ્યાર્થી દીઠ દર મહિને રૂા. ૧૦,૦૦૦/-નો ખર્ચ આવે છે. વિદ્યાર્થી રૂા. ૧૦,૦૦૦/- માસિક ખર્ચ વેઠી શકે નહીં તે એક ચર્ચાનો વિષય બાકી રહે છે. ઈન્ટર્નલ ટેલિફોન, ટી.વી., એ.સી., ડબલ બેડ, જરૂરી કપબોર્ડ વગેરે ફર્નિચર સહિતની સુવિધા અદ્યતન પ્રકારની રહેવા પામેલ છે.

★ **બુધવાર, તા. ૨૩-૩-૨૦૧૬**

- તા. ૨૨-૩-૨૦૧૬ના સાંજના ૪ વાગ્યાથી શ્રી જેન્તીભાઈ કરમશીભાઈ પટેલે બિઝનેસ સમિટની પ્રેઝન્ટેશન સી.ડી. તૈયાર કરવા આખી રાત નોન સ્ટોપ વર્કિંગ સાથે આજે સાંજના ૭.૦૦ વાગ્યા સુધી એટલે કે ટોટલ ૨૭ કલાક કોન્સ્ટન્ટ કામ કર્યા પછી પણ પોતાને સંતોષ થાય તેવું કામ પૂરું કરી શકેલ નથી. તેથી તેઓએ આ કાર્યવાહી હજુ પણ ચાલુ રાખેલ છે.
- શ્રી પૃથ્વીભાઈ શાહ આજે ગાંધીનગરથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર આવેલ હતા અને શ્રી કચ્છી વિશ્રાંતિ ગૃહના પ્રોજેક્ટની સામે સમાજે અત્યાર સુધી જે ખર્ચ ભોગવેલ છે તે સામે પોતાના રૂા. ૧૦,૦૦૦/-ના અનુદાનની જાહેરાત કરેલ હતી.
- શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી પૃથ્વીભાઈ શાહે સરનામા - ટેલિફોન ડિરેક્ટરી છપાવવાના ફોર્મ વિશે વિગતવાર ચર્ચા કરેલ હતી અને તેના વિવિધ વિકલ્પો વિચારેલ હતા. અત્યાર સુધી લગભગ ૧૨૦૦ ફોર્મ પ્રાપ્ત થઈ ચૂકેલ છે અને બાકીના ફોર્મ પ્રાપ્ત કરવા ચાલુ કાર્યવાહી આગળ ધપાવવા નિર્ણય કરવામાં આવેલ હતો. જે તે ઘટક સમાજની સરનામા - ટેલિફોન ડિરેક્ટરી મેળવી, ખૂટતી માહિતી ફોન પરથી મેળવી, સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના બાકી રહેતા ફોર્મ કમ્પ્લીટ કરવા કોઈને ફોર્મ દીઠ ખર્ચના હિસાબે કામ સુપરત કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.
- 'કચ્છશ્રુતિ'ના નવા ડેક્લેરેશન માટે શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા આજરોજ એલિસબ્રિજ પોલીસ સ્ટેશને જઈ આવેલ હતા અને કલેક્ટર ઑફિસમાંથી પ્રાપ્ત થયેલ પત્ર ત્યાં સુપરત કરવામાં આવેલ હતો.

★ **શુક્રવાર, તા. ૨૫-૩-૨૦૧૬**

- સાંપ્રત પ્રશ્નના નિબંધમાં ભાગ લેવા કેટલાક લેખકોને આમંત્રિત કરતા પત્રો લખવામાં આવ્યા.
- માંડવીથી શ્રી નારાયણ શનિશ્ચરાએ વિવિધ ૧૦ જેટલી બુકો શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટે મોકલી આપી.
- મૂળ માંડવીના પરંતુ હાલે કલોલમાં નિવાસ કરતાં શ્રી પાર્થભાઈ વૈદ્યે એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં કામ આવી શકે તેવા ૧૪ જેટલા ઉચ્ચ કક્ષાના વોલ્યુમ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટે જાતે આવીને આપી ગયા કે જેથી એમ.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એ બુકો કામ આવી શકે. આ બુકોની વિગત 'કચ્છશ્રુતિ'ના આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

★ **શનિવાર, તા. ૨૬-૩-૨૦૧૬**

- શ્રી હસમુખભાઈ ખીમજી મહેતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટે વિવિધ વિષયોની ૧૦૦ જેટલી બુકો રૂબરૂ આવીને આપી ગયા. આવતા દિવસોમાં હજુ બીજી ૫૧ બુકો નવી ખરીદીને તેઓશ્રી મોકલી આપવાના છે.
- ચૌલાબેન કુરુવા શ્રી કચ્ચી સમાજ - અમદાવાદની લાઈબ્રેરી માટે કેટલાક પુસ્તકો ભેટ સ્વરૂપે આપી ગયા.
- આજરોજ સાંજના ૪.૦૦ વાગે કચ્છશ્રુતિના વિવિધ વિભાગોનું સંચાલન કરતાં સંચાલકોની એક મીટિંગ શ્રી કચ્છી સમાજની ઑફિસે મળેલ હતી કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી દિનેશભાઈ માંકડ, શ્રી પ્રદીપ જોષી, શ્રી હસમુખભાઈ મહેતા તથા શ્રી મનુભાઈ કોટડિયા ઉપસ્થિત રહેલ હતા. દરેક વિભાગની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.
- શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના વિદ્યાર્થીઓ માટે શ્રી જગદીશભાઈ ઠક્કરે ૧૫૦૦ નોટબુકનો ઑર્ડર નોટબુક વિતરણ યોજના અન્વયે લખાવેલ હતો.

★ **સોમવાર, તા. ૨૮-૩-૨૦૧૬**

- 'કચ્છશ્રુતિ'ના ડેક્લેરેશનના અનુસંધાને શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી અશોક મહેતા પાલડી ચોકી પરના પોલીસ સ્ટેશને રૂબરૂ જઈ જરૂરી કાર્યવાહી સંપન્ન કરી આવ્યા.
- વિવિધ ઘટક સમાજના સભ્યોની કેટલીક ડિરેક્ટરીઓ, અત્યાર સુધી આવેલ ફોર્મની નોંધ કરવા વગેરે માટે શ્રી ભરતભાઈ ઓઝાને ત્યાં મોકલી આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨૯-૩-૨૦૧૬**

- આગામી બિઝનેસ સમીટ વિષયે ચર્ચા કરવા શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી અશોક મહેતાએ આજરોજ ઉર્મિન હાઉસ ખાતે શ્રી કૌશિકભાઈ મજીઠિયા સહિત ત્રણે ભાઈઓની મુલાકાત લીધેલ હતી. તે સમીટના અનુસંધાને બનાવેલ ડોક્યુમેન્ટરી સી.ડી. પણ ત્યાં બધાએ સાથે જોઈને કેટલીક ચર્ચાઓ કરેલ હતી.
- બિદડા સર્વોદય હોસ્પિટલના ચેરમેન શ્રી વિજયભાઈ છેડા સાથે નવનીત વિવિધલક્ષી સંકુલ ખાતે રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી. મારૂ હોસ્પિટલ - પરેલ ખાતે સેવા આપતા શ્રી લક્ષ્મીચંદભાઈ વોરા પણ આ સમયે ઉપસ્થિત રહેલ હતા.

★ **બુધવાર, તા. ૩૦-૩-૨૦૧૬**

- શ્રી લક્ષ્મીચંદભાઈ ભાનુશાળીએ ભાનુશાળી વિદ્યાર્થીઓના નોટબુક વિતરણ યોજનાના ૧૮ ફોર્મ મોકલી આપેલ હતા. તેઓએ ગઈકાલે પણ આ પ્રકારના ૧૫ ફોર્મ મોકલેલ હતા. દરેક ઘટક સમાજ આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓમાં ભાગ લે તે જરૂરી છે.

★ **ગુરુવાર, તા. ૩૧-૩-૨૦૧૬**

- નોટબુક વિતરણ યોજના અન્વયે જરૂરી નોટબુકોનો ઑર્ડર નવનીત પર અને પેપર્સ પ્લાઝા પર મોકલી આપ્યો.
- 'કચ્છશ્રુતિ' અંગેના રીવાઈઝ્ડ ડેક્લેરેશન માટેના જરૂરી પત્રો પાલડી પોલીસ ચોકીમાંથી શ્રી મનુભાઈ કોટડિયા જાતે જઈ, લઈ આવ્યા.
- તા. ૩૧-૩-૨૦૧૫ના પૂરા થતા વર્ષના ચેરિટી કમિશનર ઑફિસના કન્ટ્રીબ્યુશનનો ચેક આજરોજ મોકલી આપ્યો.

★ **શુક્રવાર, તા. ૧-૪-૨૦૧૬**

- કોમ્પ્યુટર સોફ્ટવેરના નિષ્ણાત શ્રી જય કટ્ટાએ આજે સમાજની ઑફિસ પર આવી કોમ્પ્યુટરના સોફ્ટવેરના મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ લાવી દીધેલ હતું.
- કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ. તરફથી શ્રી

રોનક પટેલ આજે સમાજની ઑફિસ પર આવેલ હતા અને તેઓએ તેમના સમાજના બે સામાજિક કાર્યકરોના નામ, સરનામા, ફોટા, બાયોડેટા વગેરે આપેલ હતા.

- કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતાથી શ્રી મનસુખભાઈ પટેલ તથા એક અન્ય કાર્યકર વિદ્યાર્થીઓની નોટબુક યોજનાના અંદાજિત ૧૮ જેટલા ફોર્મ લઈને આવેલ હતા.

★ **શનિવાર, તા. ૨-૪-૨૦૧૬**

- શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદની ડિરેક્ટરી, તેઓના બાકી રહેતા ફોર્મ ભરાવવા શ્રી રાજેન્દ્રભાઈ વસાને સુપરત કરવામાં આવી. શ્રી રાજેન્દ્રભાઈ, આવતા દિવસોમાં લોહાણા સમાજના ફોર્મની કાર્યવાહી કમ્પ્લીટ કરીને આપશે.

★ **સોમવાર, તા. ૪-૪-૨૦૧૬**

- શ્રી અશોક મહેતા તથા શ્રી મનુભાઈ કોટડિયા આજરોજ કલેક્ટરશ્રીની ઑફિસે જઈ કચ્છશ્રુતિના રીવાઈઝ્ડ ડેક્લેરેશનની કાર્યવાહી પૂરી કરી આવ્યા.
- આજે સાંજના શ્રી અશોક મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા તથા શ્રી દિનેશ મહેતાએ સાથે બેસી, આગામી કચ્છી નૂતન વર્ષ મિલન કાર્યક્રમ, સરસ્વતી સન્માન, સામાજિક કાર્યકર સન્માન વગેરે વિષયે ચર્ચા કરી કેટલાક અંતિમ નિર્ણયો લીધેલ હતા.
- કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના નામ-સરનામા-ટેલિફોન ડિરેક્ટરીના આજે ૪૭ ફોર્મ ભરાઈને આવી ગયેલ હતા. આ ફોર્મ, તે સમાજના મંત્રીશ્રી દેવજીભાઈ સાંખલાએ મોકલી આપેલ હતા.
- શ્રી ભરતભાઈ ઓઝાએ તા. ૩-૪-૨૦૧૬ની પરિસ્થિતિએ કયા સમાજના કેટલા ફોર્મ આવ્યા તેમજ અમદાવાદ - ગાંધીનગર વગેરે સ્થળોએથી કેટલા ફોર્મ આવ્યા તેની વિગતવાર માહિતી મોકલી આપેલ હતી. ■

## સમયનો સદુપયોગ કરીએ તો ઘણું

*પીડાતી આંખના ખૂણાનાં, આંસુ પોંછીએ તો ઘણું*
*પીંછાતી જીવનની ક્ષણોને, જીવન આપીએ તો ઘણું.*
*દર્દ કોઈના ઓછા કરી, સુખ પાથરીએ તો ઘણું.*
*ઈશ્વરે આપેલાં સમયનો, સદ્‌ઉપયોગ કરીએ તો ઘણું.*

## દાનના ધનમાં પસીનાની સુગંધ હોય!

સમ્રાટ અશોક. કલિંગનું યુદ્ધ ખેલ્યો. યુદ્ધના મહાસંહારે અશોકના અંતરને અકળાવી દીધું.

સમ્રાટ અશોકને યુદ્ધના વિનાશથી પારાવાર પસ્તાવો થયો. તે સતત વિચાર કરતો કે એવું શું કરું કે જેથી મારા દુઃખનો બોજ હળવો થાય.

યુદ્ધમાં મેળવેલા વિજયને કારણે સમ્રાટ અશોકનો ખજાનો સંપત્તિથી છલોછલ ઊભરાતો હતો. એણે દાન આપવાનું શરૂ કર્યું. તે રોજ બ્રાહ્મણોને દાન આપતો હતો.

નગરના બધા બ્રાહ્મણો દાન લેવા માટે આવ્યા, પરંતુ એક ગરીબ બ્રાહ્મણ આવ્યો નહીં. એને ધનની ઘણી જરૂર હતી, પરંતુ એ દાન લેવા તૈયાર થયો નહીં.

સમ્રાટ અશોકને આશ્ચર્ય થયું કે આ તે કેવો માનવી? બધા બ્રાહ્મણો દાન લઈ ગયા પણ એ ગરીબ હોવા છતાં કેમ આવતો નથી?

સમ્રાટ અશોકે બ્રાહ્મણને બોલાવ્યો અને આ સવાલ કર્યો ત્યારે ગરીબ બ્રાહ્મણે નિર્ભયતાથી જવાબ વાળ્યો,

"સમ્રાટ, તમે ક્યાં દાન કરો છો? તમે દાન કરતા હો તો જરૂર હું લેવા આવું."

આ સાંભળી સમ્રાટ અશોકના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે કહ્યું, "જરા વિચાર તો કર! આટલા બધા બ્રાહ્મણો દાન લઈ ગયા અને તું વળી આને દાન જ કહેતો નથી!" પેલા બ્રાહ્મણે કહ્યું, "દાન તો એનું થઈ શકે કે જે સંપત્તિ મેળવવા માટે તમે જાતે પરસેવો પાડ્યો હોય. તમે આપો છો એ તો રાજની સંપત્તિ છે, પ્રજાનો ખજાનો છે, એમાંથી તમે આપો કે ન આપો એનો કશો અર્થ નથી. તમે જાતે પરસેવો પાડીને મેળવેલા ધનનું દાન કરો તો જ સાચા દાનેશ્વરી ગણાવ."

સમ્રાટ અશોકની આંખ ખુલી ગઈ. એણે જાતે શ્રમ કરીને કમાણી કરવાનું નક્કી કર્યું. પંદર દિવસ સુધી એણે નહેર ખોદવાનો શ્રમ કર્યો અને પંદર સોનામહોર મેળવી.

આ સોનામહોર લઈને સમ્રાટ અશોક ગરીબ બ્રાહ્મણ પાસે ગયો. બ્રાહ્મણ ખૂબ ખુશ થયો. એણે દાનરૂપે એક સોનામહોર સ્વીકારી અને આશીર્વાદ આપ્યા.

આનો અર્થ એ કે સાચું દાન તે કહેવાય કે જે ધન મેળવવા માટે માનવીએ પ્રયત્ન કર્યો હોય. સામાન્ય રીતે સમાજમાં એવું જોવા મળે છે કે માનવી ગમે તે સાધનથી ધન મેળવે અને પછી એ ધનને ધર્મ કે સેવાને માર્ગે વાપરીને કીર્તિ મેળવે.

જે ધનમાં પસીનાની સુગંધ ભળી હોય એનું દાન એ જ સાચું દાન ગણાય. કોઈનું શોષણ કરીને ધન એકઠું કરવામાં આવે અને પછી એ ધનનું દાન કરવામાં આવે તો એનો કશો અર્થ નથી. જેમ સાધ્ય શુદ્ધ હોવું જોઈએ તે જ રીતે સાધન પણ શુદ્ધ હોવું જોઈએ.

***– ડૉ. કુમારપાળ દેસાઈ***


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)


Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in


M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13


Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com


Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com


Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com


પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.


પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Gujarat's Leading
Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com






SHREE
SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi,
Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa



Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad,
Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575



H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982





II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754
• Div • Pune • Nasik • Sirdi • Mumbai •
• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761 |
• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live
જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર
પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન,
ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.







Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600
HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture
Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set
Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com



MAHESHBHAI
M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી જોરાવરસિંહ જાદવ.... અભિનંદન!

જાણીતા લોકસાહિત્યવિદ અને કટાર લેખક શ્રી જોરાવરસિંહ જાદવને ગુજરાત સાહિત્ય સભા દ્વારા ધનજી કાનજી ગાંધી ચંદ્રક સંસ્થાના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે તાજેતરમાં અમદાવાદમાં વિશ્વકોશ ભવન ખાતે યોજાયેલ એક સમારોહમાં ચંદ્રક એનાયત કરીને યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી જાદવનાં લોકસંસ્કૃતિ - સાહિત્ય અને કલા વિશેના ૯૦થી વધુ પુસ્તકો પ્રગટ થયેલાં છે. તેઓશ્રીના લેખો 'કચ્છશ્રુતિ'માં પણ અવારનવાર પ્રકાશિત થતા હોય છે. શ્રી જાદવ સાંસ્કૃતિક, સામાજિક અને ગુજરાત મેગેઝિન ક્લબ જેવી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં તેમને અનેક પારિતોષિક અને સન્માન પ્રાપ્ત થયા છે.

## 'મામેરું મહેતા તણું' – ભુજના કલાકારો દ્વારા નાટકનો અદ્‌ભુત પ્રયોગ



ગુજરાત સાહિત્ય અકાદમી તથા ભવન્સનાં સંયુક્ત ઉપક્રમે મૂર્ધન્ય કવિ પ્રેમાનંદનાં આખ્યાન પર આધારિત નાટક 'મામેરું મહેતા તણું' નાટ્ય પ્રયોગ ભુજનાં ૪૦ કલાકારો દ્વારા અમદાવાદ ખાતે તાજેતરમાં ભજવાયો હતો. પંકજ ઝાલા દિગ્દર્શિત આ નાટકમાં યશ અંતાણી દ્વારા સમુધુર સંગીત નિયોજન કરવામાં આવ્યું હતું. રંગમંચના અગ્રભાગે બિરાજેલ માણ ભટ્ટ (પ્રફુલ્લ ગોસ્વામી) દ્વારા માણ પર કર-કડીના ટંકાર સાથે આખ્યાન કથા કહેવાતી જાય અને મંચ પર દશ્યો ભજવાતા જાય. નાટ્ય રૂપાંતરકાર નિરુપમ છાયાએ ભાવવાહી અને તળપદા સંવાદોમાં નરશીના રાસ-લીલાથી માંડીને કુંવરના મામેરા સંબંધી દરેક પ્રસંગો ખૂબ સુંદર રીતે મૂક્યા છે. પ્રેક્ષક તે પ્રસંગોમાં પ્રત્યક્ષ હોવાની જાણે અનુભૂતિ કરતો હોય! નાટકમાં તમામ કલાકારો પોતાના પાત્રમાં પૂર્ણ રીતે ઓતપ્રોત થતા રહ્યા એ ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત હતી. પ્રસ્તુત પ્રયોગમાં માણ ભટ્ટની અદ્‌ભુત શૈલી, કલાકારો દ્વારા ભાવવાહી સંવાદો અને સમગ્ર નાટકમાં દશ્યોચિત સંગીત રંગમંચને સતત જીવંત રાખે છે - દર્શકોને જકડી રાખે છે.

ભક્ત શિરોમણી નરસિંહ પર અનેક ચલચિત્રો અને નાટકો આવ્યા છે. પરંતુ પ્રાચીન આખ્યાન શૈલી અને નાટકનો અનોખો સમન્વય કરતો આ નાટ્ય પ્રયોગ ગુજરાતનાં પ્રત્યેક શહેરના સૌ નરસિંહ મહેતા પ્રેમીએ અવશ્ય માણવા જેવો છે.

*The Mediocre teacher tells*
*The good teacher explains*
*The Superior teacher demonstrates*
*The great teacher inspires.*

**– William Arthur Ward**

**પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

***છેલ્લા ત્રણ વર્ષમાં ૨૯ સરકારી બેંકોએ કુલ મળીને રૂા. ૧.૧૪ લાખ કરોડના દેવાની માંડવાળ કરી છે. અને હજુ તો આ માંડવાળનો સીલસીલો ચાલુ રહેવાનો છે. ૧૧૪ના આંકડા પાછળ પંદર મિંડા લગાવીએ તેટલી રકમ શ્રીમંતોએ બેંકો પાસેથી મેળવી લીધેલ છે.***

# અમદાવાદ ખાતે
# ગુજરાતના પ્રથમ મ્યુઝિક થેરાપી ક્લિનિક એન્ડ રીસર્ચ સેન્ટરનો પ્રારંભ

સંગીતની માનવીનાં મન અને શરીર પર ઘણી જ હકારાત્મક અસરો થાય છે. મૂળ કચ્છનાં અને હાલ અમદાવાદ પ્રેક્ટીસ કરતાં ડૉ. પાર્થ માંકડ, ડૉ. કેદાર ઉપાધ્યાય અને આર.જે. ધ્વનિત ઠાકરના સંયુક્ત ઉપક્રમમાં અમદાવાદ ખાતે ગુજરાતનું પ્રથમ મ્યુઝિક થેરાપી ક્લિનિક 'યુફોનિઅસ મ્યુઝિક થેરાપી ક્લિનિક એન્ડ રીસર્ચ સેન્ટર'નો તાજેતરમાં પ્રારંભ કરાવતા સમારંભના મુખ્ય મહેમાન જાણીતા ન્યુરોલોજિસ્ટ પદ્મશ્રી સુધીર શાહે જણાવ્યું કે 'માણસના ચેતાતંત્ર પર સંગીત વિશિષ્ટ અસરો કરે છે. આ વાત વિજ્ઞાને પણ સ્વીકારેલ છે.' અન્ય અતિથિ વિશેષ વરિષ્ઠ સનદી અધિકારી ગ્રામ્ય વિકાસ વિભાગના સચિવ ડૉ. શ્રી જયંતી રવિએ પોતાને વારસામાં મળેલ સંગીત તેમના વ્યસ્ત જીવન વ્યવહારમાં કેટલું ઉપયોગી બને છે તે વાત સમજાવી હતી. સ્વામી અધ્યાત્માનંદજીએ મન શરીર પર દરેક રાગ અને વાદ્યની અસરની વાત સમજાવી હતી. જામનગરથી ખાસ પધારેલા આયુર્વેદ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. શ્રી અર્પણભાઈ ભટ્ટે શરીરનાં ચક્રો, નાડી અને ત્રિદોષનાં સમતોલનમાં સંગીતની અસરો પર છણાવટ કરી હતી. ત્યારબાદ ડૉ. પાર્થ, ડૉ. કેદાર તથા આર.જે. ધ્વનિતે 'હિલિંગ વેઝ' – વર્કશોપ પ્રસ્તુત કરી વિશ્વ સંશોધનો તથા માનવ મન અને શરીર પર સંગીતની કેવી અસર પડે છે તે વાત વિસ્તૃત રીતે સમજાવી હતી. ઉપસ્થિત શ્રોતાઓને પણ આ વર્કશોપમાં જોડ્યા હતા. અનિન્દ્રા, ખેંચ, માનસિક તાણ, ઓટિઝમ, અલ્ઝાઈમર જેવા અનેક રોગોમાં સંગીતની પ્રભાવી અસર સમજાવી હતી. આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા, કવિ તુષારભાઈ શુક્લ, જાણીતા ડૉક્ટર્સ, સંગીતજ્ઞો - રસિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ વ્રતિ પુરોહિતની પ્રાર્થના અને મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી થયો હતો. બિંદુબેન કડવેએ ઉદ્દઘોષણા સંભાળી હતી.










## આદર્શ અમદાવાદ સંચાલિત
## લોકહિતાર્થે વિનામૂલ્યે ટ્રેનિંગ કોર્સિસ

★ **વિનામૂલ્યે મેનેજમેન્ટ ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ સર્ટિફિકેટ કોર્સ (T.O.T.)**

૧. તા. ૪-૪-૨૦૧૬થી તા. ૩૧-૮-૨૦૧૬
બપોરે ૨ થી ૫ (ગૃહિણીઓને ધ્યાનમાં રાખીને)

૨. તા. ૨-૫-૨૦૧૬થી તા. ૧-૧૦-૨૦૧૬
સાંજે ૬.૩૦થી ૯.૩૦ (નોકરીયાતને ધ્યાનમાં રાખીને)

***દિવસો :*** સોમ, મંગળ, ગુરુ અને શુક્ર
બુધ, શનિ, રવિ તથા જાહેર રજાઓના દિવસે બંધ.

***હેતુ :*** પોતાની લાઈફને અવનવી સ્કીલ્સ દ્વારા લીડ કરવાનો આત્મવિશ્વાસ કેળવતી કેળવણી.

*(રૂા. ૧,૨૫,૦૦૦/-નો કોર્સ વિનામૂલ્યે)*

★ **વિનામૂલ્યે યોગ ટીચર્સ ટ્રેનિંગ સર્ટિફિકેટ કોર્સ (યોગશિક્ષક)**

તા. ૩૦-૫-૨૦૧૬થી તા. ૧૫-૧૦-૨૦૧૬
સમય : (૧) સવારે ૬ થી ૯ અથવા
(૨) બપોરે ૩ થી ૬

થિયોરેટિકલ તથા પ્રેક્ટિકલ જ્ઞાન અપાશે. સીલેબસ કોર્સ અપાશે. યોગશિક્ષક બની પોતાના પ્રયત્નોથી કમાઈ શકશે.

*(રૂા. ૧૫,૦૦૦/-નો કોર્સ વિનામૂલ્યે)*

**બંને ટ્રેનિંગનું સ્થળ :**

નેહલ, આદર્શ અમદાવાદ, કોમર્સ છ રસ્તા પાસે, જૈન ઉપાશ્રયની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ.
***વધુ માહિતી માટે*** ફોન નં. (૦૭૯) ૨૬૫૬૫૪૧૬, ૬૫૨૧૫૨૫૪ પર સંપર્ક કરવાનું તેમની એક યાદીમાં જણાવાયું છે.

## રાજેશ મહેતાને કેન્દ્રના માનવ સંશાધન
## વિકાસ પ્રધાનનો ખાસ પ્રશંસાપત્ર

મૂળ કચ્છ મુંદ્રાના અને હાલ કલકત્તા સ્થિત શ્રીમતી કમળાબેન ધીરજલાલ લીલાધર મહેતાના સુરત સ્થિત સુપુત્ર રાજેશ મહેતા જ્યારે સુરતના રાયન ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષક હતા ત્યારે સી.બી.એસ.ઈ. પરીક્ષા માટે ગુણવત્તાસભર શિક્ષણકાર્ય અર્થે કેન્દ્રના માનવ સંસાધન વિકાસ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઝુબેન ઈરાનીએ તેમને એક ખાસ પ્રશંસાપત્ર પાઠવેલ હતો, તેવું તેમના તરફથી જણાવવામાં આવેલ છે.

## શ્રી દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન પરિવાર
## મેટ્રિમોનિયલ બાયોડેટા બુક - ૨૦૧૬

**kutchigurjarjainhyd.org**

પોતાના દિકરા દીકરીઓના સગપણની સમસ્યા વાલીઓને ઘણી સતાવે છે અને આજના બદલાતા સમયમાં તે વધતી જાય છે, જે આપણે સૌ જાણીએ છીએ. ઘણાંઓએ તે જાતે અનુભવ્યું પણ હશે. આજે વાલીઓને સમજણ નથી પડતી કે પોતાના દિકરા દીકરી માટે યોગ્ય પાત્રની તપાસ ક્યાં કરવી? કેવી રીતે કરવી? આ મુંઝવતી સમસ્યાનું સમાધાન આપણે સૌએ મળીને જ કરવું પડશે.

આ બધું વિચારતા હાલ અમોએ ગત સાલની જેમ ઉમેદવાર યુવાન - યુવતીઓની નવી વિગતો મેળવી એક બાયોડેટા બુક ૨૦૧૬ ટૂંક સમયમાં પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. દેશ-દેશાવરના કચ્છી ગુર્જર જૈન સમાજના જે ઉમેદવાર યુવાન - યુવતીને બાયોડેટા બુક ૨૦૧૬ માટે પોતાનું નામ રજિસ્ટર કરાવવું હોય તેઓ અમારી વેબસાઈટ kutchigurjarjainhyd.org ઉપર ફોર્મ ભરી તેના કન્ફર્મેશન સાથે (Non refundable Registration Fees) રૂા. ૨૦૦/-નો ચેક / ડ્રાફ્ટ "Shri Dakshin Bharat Kutchi Gurjar Jain Parivar" નામનો કઢાવી અથવા રોકડા બેંક ઓફ ઈન્ડિયા, સુલતાન બજાર બ્રાંચ, હૈદ્રાબાદ Saving Account No. 860710100008147 (IFSC BKID 0008607) માં જમા કરાવી અમને જાણ કરવા વિનંતી.

**વધુ વિગત માટે :**

*રમેશ મણિલાલ શાહ - હૈદ્રાબાદ મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨*
*પ્રદીપ કેશવલાલ સંઘવી - હૈદ્રાબાદ મો. ૯૪૪૦૬ ૦૧૬૬૯*
*નલીન મહેન્દ્ર શાહ - હૈદ્રાબાદ મો. ૯૮૪૮૨ ૯૯૯૨૭*

તે ઉપરાંત ચેન્નાઈ - બેંગ્લોર - કોચીન - કલીકટના

હોદ્દેદારોનો અથવા dakshinkutchigurjarjain@gmail.com ઉપર સંપર્ક કરી શકો છો.

નોંધણી કરાવેલ ઉમદવારોને માહિતી બુક પ્રકાશિત કર્યા બાદ નિઃશુલ્ક મોકલવામાં આવશે.

એમ ઉપરોક્ત જૈન પરિવારની એક યાદીમાં જણાવાયું છે.

## શ્રી કચ્છી જૈન ગુર્જર (બે નાત) માંડવી દ્વારા પરિચય મિલન યોજાયું

કચ્છી જૈન ગુર્જર (બે-નાત) જ્ઞાતિ માંડવી દ્વારા પ્રથમવાર યુવક - યુવતીઓનું પરિચય મિલન તાજેતરમાં કચ્છ માંડવી ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ૨૭૭ લગ્ન ઇચ્છુકો જોડાયા હતા. પરિચય મિલનના સમાપન પહેલાં બે યુગલોએ એકબીજાને પસંદ કરતાં તેમની રિંગ સેરેમનીના પ્રસંગે સમાજે સુવર્ણ વીંટી ભેટ આપી હતી. દેશ-વિદેશના કુલ ૪૦૬ યુવાવર્ગે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આ અવસરે કાર્યક્રમની તમામ માહિતી સાથે પરિચય - પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક બે-નાતના યુવાવર્ગે સારી જહેમત ઉઠાવી હતી. બે દિવસ ચાલેલા પરિચય મેળામાં સમગ્ર ભારતભરના જૈનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતની ઇજનેરી અજાયબી : પમ્બન બ્રિજ

શિલ્પ અને સ્થાપત્યમાં ભારત પ્રાચીન કાળથી અગ્રણી રહ્યું છે. ભારતની ઘણી ઈમારતો, કિલ્લા વગેરે વિશ્વપ્રસિદ્ધ છે. પરંતુ આધુનિક કાળમાં પણ ઘણા ઈજનેરી બાંધકામ અજાયબી જેવા લાગે છે.

દક્ષિણ ભારતના પ્રવાસે ગયેલા સહેલાણીઓએ રામેશ્વરમ્ ના દરિયા પર આવેલો પમ્બન બ્રિજ જોયો હશે. ૧૦૦ વર્ષ પહેલાં દરિયા પર ભારતની ભૂમિ અને પમ્બન ટાપુને જોડતો આ પૂલ બન્યો હતો. ૨૦૬૫ મીટર લાંબા આ પૂલ પર એક રોડ રસ્તો અને બે રેલવે લાઈનો છે. આ પૂલ બે ટુકડામાં વહેંચાયેલો છે. દરિયામાંથી જહાજ પસાર થતું હોય ત્યારે તે વચ્ચેથી જુદો પડી અને પડખા ઊંચા થઈ જાય છે. રામેશ્વરમનો દરિયો તોફાની ગણાય છે. વિશ્વભરમાં સૌથી વધુ જમીનનું ધોવાણ અહીં થાય છે. આવી જોખમી ભૌગોલિક સ્થિતિમાં પણ પમ્બન બ્રિજ ૧૦૦ વર્ષથી ટકી રહ્યો છે તે એક અજાયબી છે.

***પમ્બન બ્રિજ ગુજરાતના – કચ્છના લખુ દેવજી અને મિસ્ત્રી મનજી વેગડ નામના એન્જિનિયરોએ બાંધેલો તે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી વાત છે.***

***પ્રેષક : ઘનશ્યામભાઈ પી. ઠક્કર - અમદાવાદ***

## આજે ટાઈમ નથી, કાલે આવજે...

એક વખત યુધિષ્ઠિર બહુ કામમાં હતા. એવામાં એમની પાસે કોઈ માણસ અમુક કામ માટે મળવા આવ્યો. યુધિષ્ઠિરે સહજ રીતે કહ્યું, ''તું અત્યારે જા, કાલે આવજે; અત્યારે મારી પાસે સમય નથી.'' પેલો માણસ તો ત્યાંથી ચાલ્યો ગયો.

બાજુમાં ભીમ કંઈક બીજા કામમાં હતા. એમના કાને આ શબ્દો પડ્યા. તરત કંઈક વિચાર આવ્યો અને એમણે નજીકમાં એક મોટું નગારું હતું તે જોરથી વગાડવા માંડ્યુ.

એ સમયે એક નગારું ત્યાં કાયમ પડી રહેતું, કંઈક ખાસ ઘટના બને અને બધાને ભેગા કરવાન હોય ત્યારે એ નગારું વગાડવામાં આવતું. યુધિષ્ઠિરે આ નગારાનો અવાજ સાંભળ્યો અને જોયું કે ભીમ આ નગારું વગાડી રહ્યો છે એટલે આશ્ચર્યથી એમણે ભીમને પૂછ્યું, ''એવું તે શું થયું કે આ નગારું વગાડે છે?'' ભીમે કહ્યું, ''તમે તમારી રીતે કામ કરો - તમે બહુ કામમાં છો.''

બધા ભેગા થયા એટલે ભીમે જાહેર કર્યું, ''આજે મોટાભાઈએ 'કાળ' ઉપર વિજય મેળવ્યો છે. એમણે અમુક વ્યક્તિને કહ્યું, 'કાલે આવજે'. મોટાભાઈ યુધિષ્ઠિર કાલ સુધી જીવવાના છે એવી એમને ખાતરી છે. એ સત્યવાદી છે એટલે જૂઠું તો બોલે જ નહિ. આમ એમણે 'કાળ' ઉપર વિજય મેળવ્યો છે.''

યુધિષ્ઠિર તો ઝંખવાણા પડી ગયા ને બોલ્યા, ''મારી ભૂલ થઈ ગઈ. મને આટલી સાવધાની ન રહી.''

ભીમની બુદ્ધિ જાડી એમ આપણે કહીએ છીએ; એને આટલું સમજાયું કે કાલ સુધી જીવતા હોઈશું કે કેમ તેની શી ખાતરી? આપણી બુદ્ધિ ભીમના કરતાં સારી એમ આપણે માનીએ છીએ; અને છતાં આપણને આટલી સાદી વાત પણ સમજાતી નથી કે 'કલ કરે સો આજ, આજ કરે સો અબ.'

કાલનો શો ભરોસો? સત્કાર્ય મુલતવી ન રાખો. ■

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## કચ્છના સાહિત્યની પ્રાચીન વાનગી

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ. ગુજરાતી વિભાગ અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે હાલમાં જ 'રાવ લખપત વ્રજભાષા પાઠશાળા : સાહિત્યિક પ્રદાન' વિષયક એક દિવસીય પરિસંવાદનું આયોજન કરાયું હતું. કચ્છ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. સી.બી. જાડેજા, પુષ્પદાનભાઈ ગઢવી, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. કાંતિ ગોર, ડૉ. દર્શના ધોળકિયા, ડૉ. કે.એમ. ત્રિવેદી વગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.

ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દર્શનાબેન ધોળકિયાએ શાબ્દિક અભિવાદન કરી ઉમેર્યું કે, કચ્છ યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ અવારનવાર નવા નવા વિષયો ઉપર પરિસંવાદોનું આયોજન કરતો રહ્યો છે. કાર્યક્રમના અધ્યક્ષ કુલપતિએ પરિસંવાદ માટે આયોજકોને શુભેચ્છા પાઠવી. વધુમાં તેમણે કચ્છ અને કચ્છના સાહિત્યમાં પડેલી જૂની પુરાણી પ્રાચીન સાહિત્યિક સામગ્રીને આવા પરિસંવાદો થકી લોક સમાજની સામે લાવવાની નેમ વ્યક્ત કરી હતી. પુષ્પદાનભાઈ ગઢવીએ વ્રજભાષા પાઠશાળાનો ઈતિહાસ, પરંપરા, ત્યાં તૈયાર થયેલા કવિઓ ઉપરાંત સિધ્ધિ પર પ્રકાશ પાડ્યો હતો. પરિસંવાદની પ્રથમ બેઠકના વક્તા હરેશ ધોળકિયાએ પાઠશાળાના પ્રતિભાશાળી સર્જક મહારાવ લખપતસિંહજી અને ડૉ. ધીરેન્દ્ર મહેતાએ ગુજરાતી કવિતામાં પાઠશાળાના સંદર્ભનું નિદર્શન વિષય પર પોતાના વ્યાખ્યાનો આપ્યા હતા.

## મુસ્લિમો માટે વિશ્વભરમાં ભારત સૌથી શ્રેષ્ઠ

વિશ્વના વિવિધ દેશો પૈકી મુસ્લિમોને રહેવા માટે ભારત જેવી કોઈ સારી જગ્યા નથી. મુસલમાન ઈમાનદારી અને સચ્ચાઈને અપનાવે તેવો અનુરોધ અંજાર - ભુજ રોડ પર જમિયત ચિલ્ડ્રન વિલેજ ખાતે યોજાયેલા હાલાતે હાજરા પર મુસ્લિમ કોમી એજલાસમાં સંબોધન કરતા જમિયત ઉલેમાએ હિંદ દિલ્હીના જનરલ સેક્રેટરી હઝરત મૌલાના સૈયદ મહેમુદ મદનીએ કર્યો હતો.

આજની આ એજલાસમાં સચ્ચાઇ અને ઈમાનદારી અપનાવવાનો સંકલ્પ લેવા જણાવી બાકી બધું અલ્લાતાલા સંભાળી લેશે તેવું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, મુસલમાનોની જે અત્યારે હાલત છે તે બદલવા માટે દરેકે પોતામાં બદલાવ લાવવો પડશે.

સમારોહના પ્રમુખ સ્થાનેથી બોલતાં નિવૃત્ત ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ સમસુદ્દીન મહેમુદ મિંયા પીરઝાદાએ જણાવ્યું હતું કે કચ્છ મારા માટે પરીચિત વિસ્તાર છે. અહીંના લોકોની મહોબ્બત મને હૃદયમાં સ્પર્શી ગઈ છે. મુસલમાનોની અત્યારે જે હાલત છે તેના માટે મુસલમાનો વધુ જવાબદાર છે. તેમણે મુસ્લિમોને ઈમાનદાર થવાની વાત પર ભાર મૂક્યો હતો.

## નાટ્ય મહોત્સવના વિશ્વવિક્રમી પ્રયોગના ભુજવાસીઓ સાક્ષી બન્યા

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી અને સુરક્ષા સેતુ દ્વારા આયોજિત 'તખ્તાનો તોખાર' નાટ્ય મહોત્સવ સપ્ત નાટકોનું મેઘધનુષ અંતર્ગત પાંચમા દિવસે 'બદમાશ કંપની' નાટક યોજાયું હતું. જેનો નાટ્યપ્રેમીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. અહીં ઉલ્લેખનીય છે કે ૪ લાખથી વધુ પ્રેક્ષકો, ૨ હજારથી વધુ કલાકારો, કસબીઓ, ૮૪થી વધુ પ્રયોગો, ૪૦ નાટકો, ૧૨ શહેરો, એક મહોત્સવ આ આયોજન વિક્રમસર્જક બની રહેશે. શુક્રવારે ઑપન ઍર થિયેટર ખાતે ઉદ્ઘાટન કરતાં 'કચ્છમિત્ર'ના તંત્રી દીપકભાઈ માંકડે આ પ્રસંગને અનોખો લેખાવ્યો હતો અને ઉમેર્યું હતું કે આવો પ્રયોગ કદાચ એશિયામાં પ્રથમ હશે. કચ્છમાં પણ આ ઉત્સવ માણવાનો ભુજવાસીઓને મોકો મળ્યો છે તે આનંદની વાત છે.

## કંડલા સ્માર્ટ સિટીમાં કેવા ઉદ્યોગો હોઈ શકે?

શિપિંગ મંત્રાલય દ્વારા દેશના તમામ મહાબંદરગાહો ખાતે એક એક સ્માર્ટ સિટી વિકસાવવા યોજના હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે કંડલા પોર્ટ ટ્રસ્ટે પણ તે દિશામાં ઝડપથી કામ કર્યું છે. આ કાર્ય માટે એજન્સીની નિમણૂક પણ કરાઈ છે અને કંડલા સ્માર્ટ સિટીમાં કયા પ્રકારના ઉદ્યોગો આવી શકે તે જાણવા સર્વે પણ હાથ ધરાયો છે. વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે શિપિંગ મંત્રાલયે સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ

પોર્ટ સિટી તરીકે વિકસાવવા કંડલાની પસંદગી કરી છે. આ માટે કે.પી.ટી.એ જમીનના બે ટુકડા કુલ્લે ૧૫૧૫ એકર વિકસાવવા યોજના તૈયાર કરી છે. ૧૫૧૫ એકરમાંથી ૯૩૫ એકર જમીન વિવિધ ઉદ્યોગો માટે રખાઈ છે. આ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટીમાં ઓટોમોબાઈલ, રીફાઈનરી ટીમ્બર આધારિત ઉત્પાદન, વેરહાઉસિંગ, લોજિસ્ટીક્સ વગેરે ઉદ્યોગો આવી શકે તેમ છે.

## ભૂકંપના પંદર વર્ષ પછી પણ કચ્છનો સામાજિક વિકાસ સમાધાનકારક નથી

ભૂકંપના પંદર વર્ષ બાદ પણ કચ્છનો સામાજિક વિકાસ સમાધાનકારક નથી તેવું ડૉ. જી.જી. પરીખે હાલમાં જ ભદ્રેશ્વર ખાતે યુસુફ મહેરઅલી કચ્છ સેન્ટર, રાષ્ટ્ર સેવાદળ, નવનિર્માણ અભિયાન અને ગ્રામ પંચાયત દ્વારા આયોજિત વિચાર સંગોષ્ઠિને સંબોધતા જણાવ્યું હતું. ડૉ. પરીખે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૧માં ભૂકંપ બાદ અને તે પહેલાંની જે સામાજિક સ્થિતિ હતી તેમાં બદલાવ આવ્યો છે તે ઉલ્લેખનીય છે પણ કચ્છમાં આર્થિક સંપન્નતા અને ઔદ્યોગિકીકરણના લીધે શહેરીકરણનો વિસ્તાર થયો પણ તેનાથી ગામડાની સમસ્યાઓ હલ નથી થઈ. સામાજિક વિકાસના સ્તર પર અપેક્ષિત બદલાવ જોવા નથી મળતો.

## આવતા વર્ષથી ફિઝિયોથેરાપી કોલેજ કચ્છમાં શરૂ કરાશે

કચ્છમાં અંગ્રેજી માધ્યમની કોલેજ માગતા વિદ્યાર્થીઓની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને ચાણક્ય ઍકેડેમિએ ચાલુ વર્ષથી અંગ્રેજીની કૉલેજ શરૂ કરી છે તેમજ કચ્છમાં ફિઝિયોથેરાપી કૉલેજની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આવતા વર્ષથી શરૂ કરવાની જાહેરાત મેનેજિંગ ટ્રસ્ટી પંકજભાઈ મહેતાએ તાજેતરમાં ચાણક્ય ઍકેડેમિના યોજાયેલા ૧૨મા વાર્ષિક મહોત્સવમાં કરી હતી.

## ગેસના જમાનામાં ચૂલો તો ભારાપરનો જ!

ગેસની પાશ્ચાત્ય આકારની બર્નર બેઝ સગડી, ઑવન, માઈક્રોવેવ, સોલાર કે ઈલેક્ટ્રિક સગડી, હજારો રૂપિયાના આ કિચન એપ્લાયન્સિસની ભરમાર વચ્ચે આજે પણ ગરીબનો રોટલો માટીના ચૂલે જ ચડે છે, પાકે છે, પચે છે અને ટકે પણ છે. આવા ચૂલા સર્જનમાં લોકપ્રિય એવા ભારાપરનાં હનીફાબાઈ ઉંમર કુંભાર બે દાયકાથી ચૂલાની ફેરી કરે છે. બનાવટ એટલી ગુણવત્તાસભર કે ગરીબોની નવી પેઢી વિશ્વાસ સાથે કહે છે, 'ચૂલ ત ભારાપરવારી હનીફાબાઈ જી જ, ભલા...!!'

## અન્ન સુરક્ષા ધારો કચ્છમાં અરાજકતા સર્જશે?

કેન્દ્ર સરકારના અતિ આગ્રહ અને ગુજરાત સરકારના હજુ સુધીના અધૂરા પ્રયાસો વચ્ચે આગામી માસથી રાજ્યમાં અન્ન સુરક્ષા ધારાનો અમલ થઈ રહ્યો છે અને તે સાથે જ કચ્છ જેવા દુર્ગમ અને સરહદી જિલ્લામાં સરકારી ધારાધોરણ અનુસાર મળવાના થતા અન્નનો મુદ્દો ભારે અરાજકતા સર્જે અને સુરક્ષાના દાવા વચ્ચે ગરીબ વધુ ભૂખે મરતો અને શ્રીમંત પણ ગરીબીની શ્રેણીમાં ઊભતો દેખાય તેવી દહેશત આગોરતી જ ફેલાઈ છે. જે નિવારવા કચ્છનું પુરવઠા તંત્ર દિનરાત જોયા વિના કામગીરીમાં મંડ્યું છે.

## 'મસ્કતી લટોરો'ની કચ્છમાં વિક્રમી હાજરી નોંધાઈ

છેક ઈરાકમાંથી આવતા યાયાવર પક્ષી મસ્કતી લટોરો (ગ્રે હાઈપોકોલિયસ) બન્નીમાં એકસાથે ૫૦૦થી વધુની સંખ્યામાં પક્ષી દેખાયા હતા. માત્ર આપણા પ્રદેશ કે દેશ જ નહીં પરંતુ દુનિયાભરમાં હાઈપોકોલિયસ આટલી મોટી સંખ્યામાં જોવા મળ્યા હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. દેશ દુનિયાની સાથોસાથ આપણા કચ્છના પક્ષીજગત માટે વિરલ ઘટનાક્રમ અંગે માહિતી આપતાં જાણીતા પક્ષીવિદ્ જુગલકિશોર તિવારીએ જણાવ્યું હતું કે હજુ બે દિવસ પહેલા જ બન્નીમાં ફુલાય ગામથી ૩૫ કિ.મી. જેટલા અંતરે સ્થાનિક 'મસ્કતી લટોરો' તરીકે ઓળખાતા ૫૦૦થી વધુ ગ્રે હાઈપોકોલિયસ જોવા મળ્યા હતા. આ ઘટના પછી એવું ચોક્કસ કહી શકાય કે આ ઈરાકી પક્ષીઓ વિશ્વભરમાં સૌથી વધુ સંખ્યામાં કચ્છની ભૂમિ પર જોવા મળ્યા છે.

## કચ્છની યુવતી લશ્કરમાં લેફ્ટનન્ટ બની

તાજેતરમાં મહિલા દિને દેશમાં ફાઈટર વિમાનોનું ઉડ્ડયન મહિલા પાઈલોટ કરશે એવી સગર્વ જાહેરાત થઈ. અમેરિકી રાષ્ટ્રપતિ ભારત આવ્યા ત્યારે તેમને આવકારવા અને રાજપથની પરેડનું નેતૃત્વ મહિલા શક્તિને અપાયું. અત્યાર સુધી પુરુષોનું જ ક્ષેત્ર ગણાતા લશ્કરમાં હવે મહિલાઓ જોડાઈ રહી છે અને આગળ વધી રહી છે તેવા સમયે કચ્છની યુવતી જ્યોતિ શેખવત લશ્કરમાં લેફ્ટનન્ટ પદે નિયુક્ત થઈ છે. છેલ્લા ૫૦ વર્ષોથી કચ્છમાં માદરે વતન બનાવી ચૂકેલા પૂર્વ લશ્કરી સૈનિક ખેમસિંહ શેખાવતની દીકરી જ્યોતિ શેખાવત ભારતીય લશ્કરમાં સામેલ થઈ ગઈ છે. લેફ્ટનન્ટની પદવી મેળવી આસામના મિસામારીમાં નિમણૂક મેળવી છે. ■

# પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ'ના અંકો કાબિલે તારીફ

'કચ્છશ્રુતિ'નો માસ માર્ચ-૨૦૧૬નો અંક મળ્યો છે. ખૂબ આનંદની વાત છે કે દરેક મહિને તેના અંકો નિયમિત રીતે મળે છે.

'કચ્છશ્રુતિ'ના છેલ્લા કેટલાક અંકો ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી હોવાના કારણે અંકો મળતાં તરત જ વાંચી લઉં છું.

આ વખતના અંકમાં વિશેષ ધ્યાનાકર્ષક લેખો નીચે પ્રમાણે હતા અને તે ખૂબ જ ગમ્યા.

- શ્રી પ્રવીણભાઈ શાહ લેખિત – 'એક ઈન્દ્રધનુષ, કારાણી નામનું!'

  કારાણીસાહેબ મારા પિતાશ્રી દિનકરભાઈ વોરાના સ્નેહી મિત્ર હતા. તેઓ જ્યારે ભુજ પધારતા હતા ત્યારે અવશ્ય અમારે ત્યાં આવતા હતા. એમની પ્રચંડ પ્રતિભા અમારા હૈયે છપાઈ ગયેલ છે.
- ડૉ. મણિલાલ ગડા અને ડૉ. દિપ્તિ શાહ (ગડા) લેખિત – 'મારા હૃદયના ધબકારા વધી જાય છે – પેનિક ડીસઓર્ડર : સારવાર'
- શ્રી દિલીપ મ. વૈશ્નવ – 'ડુંગળી અને લસણ શરીરમાં મ્યુનિસિપાલિટીનું કાર્ય કરે છે'
- શ્રી મુકુંદ મહેતા – 'બ્રેડનો ઉપયોગ કરતા પહેલા વિચારજો'
- ડૉ. મયંકકુમાર કિશોરચંદ્ર છાયા – 'પેન્ક્રિએટાઈટીસ' - સ્વાદુપિંડનો સોજો.

  મેડિકલ સાયન્સ આધારિત ખૂબ જ સૂક્ષ્મ માહિતીપ્રદ લેખ છે.
- શ્રી પ્રભુલાલ એમ. સંઘવી - 'સકારાત્મક નિંદા - એક સાચો ગુરુ'

  ટીકાનો સકારાત્મક ઉપયોગ કરતો લેખ માર્ગદર્શક છે.

ઘણાં લેખો અને માહિતી કાબિલે તારીફ છે. ટૂંકમાં, સમગ્ર અંક ખૂબ જ ગમ્યો.

*યશેસ દિ. વોરા - અમદાવાદ*

### 'કચ્છશ્રુતિ'ના અંકો સ્મરણીય અને સાચવી રાખવા જેવા...

'કચ્છશ્રુતિ'ના અંકોમાંથી ઝીણવટપૂર્વક પસાર થવાનું બન્યું. સૌપ્રથમ તો એના ટાઈટલ પેજથી હું ખૂબ પ્રભાવિત થયો છું. વળી અંદરના સરસ મજાના પેપર પણ ખૂબ જ પ્રશંસાને પાત્ર છે. દરેક અંકમાં ૪ કલર ટાઈટલ અને કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતાં ફોટોગ્રાફ્સ 'કચ્છશ્રુતિ'ની અસ્મિતાને ઉજાગર કરે છે. આપની મહેનત ખરેખર દાદ માંગી લે તેવી છે. વળી અંદરનું મેટર પણ ખૂબ જ સરસ, વાંચવાલાયક છે. વતનના વાવડ, તંત્રી લેખો, ઉત્કૃષ્ટ વિભાગો દરેક નોંધપાત્ર છે. તમારા તંત્રીલેખો ફૂલછાબના સ્વ. તંત્રીશ્રી હરસુખ સંઘાણીની યાદ અપાવે તેવા છે.

All over, અંકો સ્મરણિય, સાચવી રાખવા જેવા છે એ બદલ આપને થોકબંધ અભિનંદન અને ધન્યવાદ.

*યોગેશ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૩૭૭૧ ૧૪૮૯૨*

★

### 'કચ્છશ્રુતિ' એક આદર્શ સામયિક

મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના પાના, તેના રંગ, તેની માહિતી, અન્ય વિભાગો વગેરે જોતાં તે એક આદર્શ સામયિક બન્યું છે. આ અંગે સમગ્ર ટીમના અમૂલ્ય ફાળા માટે ધન્યવાદ. શ્રી શશીકાંતભાઈ તથા શ્રી પન્નાલાલભાઈના લેખોમાં ખૂબ જ મહત્ત્વની સૂચનાઓ - તેમના વર્ષોના અનુભવનું અમૃત જ છે. જે દરેકે ધ્યાનમાં લેવા જેવી છે. શ્રી દિલીપભાઈ વૈશ્નવ દ્વારા આરોગ્ય અંગેના લેખોમાં હંમેશાં ખૂબ અગત્યની વાત થતી હોય છે. તે સિવાય 'વિચાર મંચ' અને 'સાયન્સ એન્ડ ટેકનોલોજી' હેઠળના લેખોમાં પણ ઉપયોગી બાબત હોય છે. મોટા અને મહત્ત્વના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા બાદ તેમનાં લેખો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. આ રીતે તેઓની સેવાઓ અમૂલ્ય છે. સમગ્ર રીતે જોઈએ તો આ એક 'કચ્છીયત'ની ખુમારી છે. આ પ્રકારનું માર્ગદર્શન ક્યાંથી મળશે તેવી વિટંબણાનો અંત આવી જાય છે.

*ડૉ. ભાલચંદ્ર હ. હાથી - ગાંધીનગર*

*ઉપર બેઠેલાના પગ પૂજવા બધા તૈયાર છે, પણ નીચે ઊભેલાનો હાથ પકડવા કોઈ તૈયાર નથી!*

**'કચ્છશ્રુતિ'નો અંક ઉત્તમ વાંચન સામગ્રીથી ભરપૂર**

જય કચ્છ સાથે લખવાનું કે પ્રત્યેક માસની વીસ તારીખની આસપાસ 'કચ્છશ્રુતિ'નો ઉત્તમ વાંચન સામગ્રીથી ભરપૂર અંક નિયમિત રૂપે મળે છે અને તે માટે આપ સૌ યશના અધિકારી છો.

માર્ચ-૨૦૧૬ના અંકમાં 'પેન્ક્રિએટાઈટિસ – સ્વાદુપિંડનો સોજો' ડૉ. મયંકકુમાર કિશોરચંદ્ર છાયાનો લેખ ઉપયોગી અને માર્ગદર્શક રહ્યો.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પુસ્તક લાઈબ્રેરી શરૂ કરવાની યોજના આવકાર્ય છે. મેં પહેલું અને કદાચ છેલ્લું એક જ પુસ્તક બહાર પાડેલ છે ''વૈભવ'' કચ્છી વાર્તા સંગ્રહ, જે અલાયદું ટપાલ દ્વારા મોકલાવેલ છે.

***ચંદ્રદુર્ગેશ જે. જોષી - ભુજ, કચ્છ***
***મો. ૯૯૭૯૪૨૭૫૬૪***

## બાળક પાસેથી પણ પ્રબોધ લઈ શકાય તે દર્શાવતી શ્રેષ્ઠીપુત્રની કથા

*આ કથા, આજથી લગભગ સાતસો વર્ષ પહેલાં થઈ ગયેલા જૈન સાધુ કવિ મલધારી શ્રી રાજશેખરસૂરિએ 'વિનોદકથા સંગ્રહ' નામના સંસ્કૃત ગ્રંથમાં લખી છે જે નીચે મુજબ છે.*

હરિપુરમાં જળ અને સ્થળના વ્યાપારોમાં કુશળ, ઘણા પુરુષોના પરિવારવાળો શંખ નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. કુમુદ, તિલક, અશોક અને વીર એ તેઓનાં નામો હતા. કુમુદને કુંતલ નામનો એક પુત્ર થયો હતો.

અનુક્રમે છોકરાઓ ઉપર વિશ્વાસ આવવાથી શંખ શ્રેષ્ઠીએ ચારે પુત્રોનો નિધિના સ્થાનાદિ દેખાડ્યાં, રાજ દરબારમાં પણ તેઓને દાખલ કર્યા. વળી વ્યવહારની ધૂરા પણ પુત્ર અને પૌત્રાદિ ઉપર આટોપીને પોતે વ્યાપાર તથા દ્રવ્યથી રહિત થઈને રહ્યો.

પુત્રો ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી આપત્તિ માટે પણ તેણે અલગ દ્રવ્ય રાખ્યું નહીં. અનુક્રમે તે વૃધ્ધ થયો. તેની પત્ની મૃત્યુ પામી એટલે પુત્રો તેની સેવાચાકરી બિલકુલ કરતા નહીં. પુત્રવધૂઓ પણ તેની સામું જોતી નહોતી. માત્ર ઉત્તમ શૃંગારાદી ધારણ કરીને તથા તાંબુલાદિ પદાર્થો ખાઈને ઈચ્છાનુસાર ભમતી હતી.

વૃધ્ધ શંખ શ્રેષ્ઠી વૃધ્ધાવસ્થાથી જર્જરીત થયેલો ઘરના પછવાડેના ભાગમાં પડ્યો રહેતો હતો. તે ભૂખે પીડાતો ત્યારે રાંકડો આર્તધ્યાન કરતો અને નિઃશ્વાસ મૂકતો. નિદ્રાથી તદ્દન રહિત થયેલો તે સેંકડો મુખના ચાળા કરતો રાંકની જેમ પથારીમાં આળોટ્યા કરતો હતો.

એક વખત શિયાળાની ઋતુમાં પ્રાણને પણ હરી જાય તેવો અને હૃદય વિહારે તેવો ઠંડો પવન વાતો હતો અને રાત્રિઓ બહુ લાંબી થઈ ગઈ હતી તેથી ડોસો કંપતો હતો.

તે વખતે તે વૃધ્ધે શીતથી બચવા માટે જયેષ્ઠ પુત્ર કુમુદ પાસે એક જાડું વસ્ત્ર માંગ્યું.

કહ્યું છે કે વૃધ્ધા સ્ત્રી, જેની પત્ની મરી ગઈ હોય તે વિધુર, જેની લક્ષ્મી પુત્રને આધીન થયેલી હોય તે અને પુત્રવધુના વચનથી બળેલ હોય તે સર્વ માટે જીવિતવ્ય કરતાં મૃત્યુ વધારે ઉત્તમ છે.

કુમુદે પોતાના પુત્ર કુંતલને આદેશ દીધો કે આ વૃધ્ધને અમુક વસ્ત્ર આપ. કુંતલે વૃધ્ધને તે જીર્ણ વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર આપ્યું. ડોસાએ તે જીર્ણ વસ્ત્ર મળેલો ખંડભાગ કુમુદને દેખાડ્યો.

કુમુદે કોપ કરીને કુંતલને કહ્યું, 'અરે! આ જીર્ણ વસ્ત્ર મૂળમાં નાનું તો હતું જ. છતાં તેના પણ બે ભાગ કરીને વૃધ્ધને તે અડધું કેમ આપ્યું? તેનું કારણ શું? આખું વસ્ત્ર કેમ ન આપ્યું?'

બુધ્ધિશાળી કુંતલે બે હાથ જોડીને કહ્યું, 'તાત્! તમે પણ હવે મોટી ઉંમરના થયા છો. તમારે પણ હવે વૃધ્ધાવસ્થા નજીક આવતી જાય છે. તેથી બીજું અડધું વસ્ત્ર તમારે યોગ્ય હોવાથી તમારે રાખ્યું છે. કેમકે તે વખતે તમને પણ તે આપવા જોઈશે ને!'

આ પ્રમાણેના પુત્રના વચનો સાંભળીને કુમુદ લજ્જા પામ્યો અને બોલ્યો, 'પુત્ર! તેં મને ખરેખરો પ્રતિબોધ કર્યો છે. પ્રભુત્વ અને વૈભવરૂપી મદિરાના મદથી ભરાયેલા મનવાળા અમના ખાડામાં પડેલાને હાથનું અવલંબન આપીને તેં બહાર કાઢ્યા છે.'

હવે કુમુદે પિતાની ભક્તિ બરોબર કરવા માંડી. તેને અનુસરીને કુટુંબના બધા માણસો તે વૃધ્ધની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા.

*ઉપરના દૃષ્ટાંતમાં જીર્ણ વસ્ત્રની ચોટ એટલી વિશેષ છે કે જેમાં આવનાર પેઢી પોતાનો જ પુત્ર પોતાને શું કરશે તે એના દ્વારા જ કહી દેખાડવામાં આવ્યું છે. વૃધ્ધ પિતા, ભારતીય સંસ્કૃતિમાં પુત્રને ઠપકો નથી દઈ શકતો. પૌત્રમુખે આ વાત આવે છે ત્યારે તે ભાવિના એંધાણ બતાવે છે.*

*આપણી ભારતીય ભાષાઓમાં અને વિશ્વની અન્ય ભાષાઓમાં વૃધ્ધોની અવહેલના સામે આંખ ઉઘાડતી આવી ઘણી વાર્તાઓ લખાઈ છે.*

*સમય, પ્રદેશ કે ભાષા અલગ અલગ પ્રદેશના ભલે અલગ અલગ હોય પણ માનવ મનની લાગણીઓ અને માનવ સ્વભાવ તથા વ્યવહાર અદ્‌ભુત રીતે સામ્ય ધરાવતા હોય છે, તે આ પ્રકારની અલગ અલગ પ્રદેશની બોધકથાઓ પરથી દેખાઈ આવે છે. જેમ કાગડા બધે કાળા હોય તેમ ઘરડા ઘણેભાગે બધે દવલાં જ હોય છે.*

***– ગુલાબ દેઢિયાના 'સુગંધપર્વ'ના આધારે***

Ramesh Savla

Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

**Mfg :**
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala

Nanvinchandra D. Dedhia

SRE

**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમપ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

*Let's Move towards Nature...*

*All things will be destroyed with time but time never just like...*

शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track




Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

"હું ખૂબ જ ખિન્ન હતો, કારણકે મારી પાસે પગરખાં ન હતાં.
મારી ખિન્નતા ખોવાઈ ગઈ, એને જોયા બાદ,
- એને તો પગ જ નહોતા."
- *હેરોલ્ડ એબેટ*

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અધતન શોરૂમ
૨-૩, સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (શોરૂમ) ૦૨૮૩૨-૨૨૦૯૦૯, ૨૫૫૯૭૭ (ઘર) ૦૨૮૩૨-૨૫૦ ૫૬૫, ૨૨૩૯૦૯

હરખચંદ કુંવરજી સાવલા
પ્લોટ - ૭૪, સેકટર-૧૯, ગાંધીનગર-૩૮૨૪૧૯
(મો.) : ૯૯૦૪૨ ૯૨૦૫૦
Email : hksavla@yahoo.com





Nine out of TEN
people believe their workspace quality affects attitudes and increases productivity.
Get Smart,
Switch to SUJAKO today
Partition System · Workstations · Cabin Furniture · Customised Furniture · Modular Kitchen · Wardrobe
SUJAKO
www.sujako.com

BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015, INDIA





Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933





sanskrut
JEWEL RESIDENCY
CREATING ECSTASY WITH LUXURY
4 BHK
PROJECT BY :
sanskrut
JEWEL RESIDENCY LLP
Contact :
Nilang Vaidya - +91 98250 22503
Ankit Savla - +91 96246 60007
Ashok Savla - +91 98790 06959
SITE ADDRESS :
Jewel Residency, OPP: Abhishree corporate park,
Nr. Shell Petrol Pump, Ambli BRTS Road, Ahmedabad.
Web : www.sanskrutgroup.co.in | E-Mail : sales@sanskrutgroup.co.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

તંત્રીલેખ

# આઝાદી બાદના ૬૮ વર્ષનું સરવૈયું

• અશોક મહેતા •

કઈ સરકારને આપણે સારી કહીશું? ભાજપ, કોંગ્રેસ, નેશનલ કોંગ્રેસ, સામ્યવાદી, સામ્યવાદી - માર્કસિસ્ટ, શિવસેના, નીતિશકુમાર, લાલુ યાદવ, મમતા બેનર્જી, જયલલિતા કે માયાવતીની સરકાર? દેશના પ્રબુદ્ધ નાગરીકે આ પ્રશ્નનો જવાબ આપવો અઘરો છે.

જનતાની ભાષામાં કહીએ તો જેના રાજ્યમાં જનતા સુખી એ સરકાર સારી. જેના રાજ્યમાં જનતાને ખાવા અન્ન, પહેરવા કપડા અને રહેવા માટે મકાન કોઈ પણ જાતનો ત્રાસ વેઠ્યા વગર – માત્ર મહેનતના પ્રમાણમાં ફળ સ્વરૂપે - મળી શકે એ સરકાર સારી. જેના રાજ્યમાં કોઈ પણ પ્રકારની આધિ-વ્યાધિ વગર જનતા સુખચેનથી સૂઈ શકે એ સરકાર સારી. જેના રાજ્યમાં જનતાને માનસિક શાંતિ પ્રાપ્ત થઈ શકે એ સરકાર સારી.

પરંતુ વ્યવહારમાં આ શક્ય છે ખરું? આ પ્રકારની સરકાર હોઈ શકે ખરી? આ પ્રકારનો જમાનો આવી શકે ખરો?

આપણે વિગતોના ઊંડાણમાં ઉતરીએ. પ્રજાને સુખી રાખવા સરકાર દર વર્ષે આવતા બાર મહિનાના કાર્યોનું આયોજન કરે છે. અનેક પ્રગતિશીલ યોજનાઓ વિચારી રાખે છે કે જેના કારણે રોજીરોટીની અનેક તકો ઉત્પન્ન થતી રહે. આવતા બાર મહિના દરમ્યાન તે શું કરવા માંગે છે તેની વિગતો દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં બજેટ સ્વરૂપે લોકસભા સમક્ષ પેશ થાય છે. લાંબી - ટૂંકી ચર્ચાના અંતે સરકારને તે પ્રમાણે આગળ વધવાની મંજૂરી મળે છે. સરકાર તેના આયોજન પ્રમાણે આગળ કાર્યવાહી કરે છે.

આઝાદી બાદ છેલ્લા ૬૮ વર્ષથી આ પ્રક્રિયા ચાલતી રહી છે. તેના ફળ સ્વરૂપે ભારતનો આમ આદમી ભૌતિક પ્રગતિ સાધી શક્યો. તેના ઘરમાં રેડિયો, ટી.વી., મોબાઈલ, ફ્રીઝ, એ.સી., ગેસ બર્નર, માઈક્રોવેવ ઑવન, સાઇકલ, સ્કૂટર, બાઈક, કાર જેવા સાધનો તે વસાવી શક્યો. પરંતુ **સાથે સાથે તેની રઝળપાટ ખૂબ જ વધી ગઈ, ઉચાટ વધતો ગયો. પરિસ્થિતિ તણાવભરી બનતી ગઈ. ચેનથી નિંદર લઈ શકે તેવું ના રહ્યું. ભૌતિક પ્રગતિ સાધી પરંતુ માનસિક શાંતિ છીનવાઈ ગઈ.** તે ઉચાટમાં જીવવા લાગ્યો. શહેરો વિકસતા ગયા. શહેરમાં વસવાટ વધતો ગયો પણ શહેરનો દરેક માનવ અશાંત પરિસ્થિતિમાં માનસિક તનાવભરી જિંદગી જીવવા લાગ્યો.

કોઈની મોટા ધંધામાં તણાવભરી પરિસ્થિતિ હોય, કોઈનો ધંધો ધાર્યા પ્રમાણમાં વિકસિત ના થઈ શકતો હોય, કોઈને ઑફિસમાં અશાંતિ હોય, કોઈના ઘરની પરિસ્થિતિ તણાવભરી હોય, કોઈને બાળકોના અભ્યાસનો પ્રોબ્લેમ હોય તો કોઈના ઘરમાં બીમારીએ ઘર કરી લીધેલ હોય – આજે આપણને શહેરનો દરેક માણસ આધિ-વ્યાધિથી પીડાતો દેખાશે. દરેકને વ્યાધિના પોતાના કારણો હશે – અલગ અલગ કારણો હશે – પરંતુ સુખચેનથી જીવી શકતા હોય તેવા લોકો ભાગ્યે જ દેખાશે. આઝાદી બાદના ૬૮ વર્ષના વહીવટ દરમ્યાન દરેક પક્ષની સરકારનો વહીવટ આવી ગયા પછી પણ આ પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે એ હકીકત છે.

આ પરિસ્થિતિને આપણે પ્રગતિ કઈ રીતે કહી શકીશું? જે રાજ્યનો માનવ માનસિક તણાવભરી જિંદગી જીવતો હોય, જે રાજ્યનો માનવ અશાંત પરિસ્થિતિમાં પોતાના દિવસો પસાર કરતો હોય એ રાજ્યની પ્રજા સુખી થઈ છે તેવું આપણે કઈ રીતે કહી શકીએ?

સરકારનો સારો વહીવટ તેને કહેવાય કે જેના રાજ્યમાં પ્રજા સુખ-ચેનથી જીવી શકતી હોય, શાંતિ પામી શકતી હોય, આર્થિક આબાદીની સાથે માનસિક આબાદી પણ વધતી જતી હોય, શાંત વાતાવરણમાં વિચાર શક્તિ કામે લગાડી શકાતી હોય, આત્મમંથન અને ચિંતન કરી શકાતું હોય, નીત નવીન ખોજ તરફ માણસનું દિમાગ કામ કરતું હોય, પ્રજાના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો થતો જતો હોય, સર્વત્ર જય જયકાર વરતાતો હોય.

તેના બદલે સરકાર બજેટ સ્વરૂપે માત્ર અને માત્ર એવી હકીકતો પર મદાર રાખે છે કે જેના કારણે ભૌતિક સમૃધ્ધિ ઉત્તરોત્તર વધતી જાય. માનસિક શાંતિના બજેટનો વિચાર તો કોઈ સ્થળે કરવામાં આવતો જ નથી.

સમાજવાદી સમાજ રચના અનુકૂળ ન આવવાથી દિલ્હી સરકાર મૂડીવાદી સમાજ રચનામાં આગળ વધી. પરિણામ એ આવ્યું કે દેશની મોટાભાગની સંપત્તિ જૂજ લોકોના હાથમાં રહી. મોટાભાગના લોકો સુધી યોજનાના ફાયદા પહોંચી જ ના શક્યા. મોટાભાગના લોકોને પોતાના ઘરના બજેટના બંને પાસા સરખા કરતા નેજે નેવા આવવા લાગ્યા. સારી એવી સંખ્યાના લોકો પોતાના બે ટાઈમના ભોજનથી પણ વંચિત રહેવા લાગ્યા. આ પરિસ્થિતિમાં માનસિક શાંતિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય?

ઉદ્યોગોના વિકાસના કારણે દેશની સંપત્તિ સારા એવા પ્રમાણમાં અને ઝડપી રીતે વધતી ગઈ પરંતુ એ સંપત્તિના ભાગો સમાન વહેંચણીથી લોકોને પહોંચતા ના કરી શકાયા. અમુક પરિવારોને તેનો અનહદ ફાયદો થયો જ્યારે મોટાભાગના પરિવારોને તેના લાભો ભાગ્યે જ પહોંચતા થયા. આ પરિસ્થિતિમાં અગર ખેતીને પણ ઉદ્યોગ જેટલી જ, બલકે તેનાથી પણ વધુ પ્રમાણમાં પ્રધાનતા આપવામાં આવે તો તેના કારણે ઉત્પન્ન થતી સંપત્તિ ગામડાંના અનેક પરિવારોને લાભકારક બની રહે. સંપત્તિની વહેંચણી પ્રમાણમાં યોગ્ય સ્વરૂપે થઈ શકે. ખેતીને ઉદ્યોગ જેટલી પ્રધાનતા ન આપવાનો તાજો જ દાખલો ગુજરાતમાં અને કચ્છમાં હાલે બની રહેલ છે.

જળપંચના ૧૯૭૯ના ચુકાદા અન્વયે ગુજરાતને નર્મદા નદીના ૯.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ કે જેનાથી ૪૫ લાખ એકર જમીનમાં સિંચાઈના પાણી પહોંચાડી શકાય. ચુકાદાના ૩૭ વર્ષ બાદ પણ ગુજરાત સરકાર ચોથા ભાગની જમીનમાં સિંચાઈના પાણી પહોંચાડી શકેલ નથી. કચ્છની વાત કરીએ તો ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવાયેલ છે કે જેનાથી ઓછામાં ઓછા ૧૨ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે. અને તે પાક થકી દર વર્ષે ખેડૂતોને આજના ભાવે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડ જેટલી રકમનો ફાયદો થઈ શકે. નોંધવાપાત્ર હકીકત એ છે કે ખેતીને પ્રાધાન્યતા ન આપવાના કારણે ચુકાદાના ૩૭ વર્ષ બાદ કચ્છની એક પણ એકર જમીનને સિંચાઈના પાણી કેનાલ કે પાઈપ લાઈન દ્વારા પહોંચાડી શકાયા નથી. ઉદ્યોગ થકી થતી આવક અમુક પરિવારોની વચ્ચે જ વહેંચાઈ જાય છે જ્યારે ખેતી થકી થતી આવક અનેક પરિવારો વચ્ચે વહેંચાઈ શકે છે. તેના થકી અનેક પરિવારોની આબાદી સુધરી શકે તેમ છે. છતાં સરકારશ્રીનું ધ્યાન માત્ર ઉદ્યોગ, મેઈડ ઈન ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા, સ્માર્ટ સિટી વગેરે યોજના પર કેન્દ્રિત થયેલ છે કે જેના ફાયદા નાના સમુદાયને વધુ અને બહોળા સમુદાયને ઓછા પ્રાપ્ત થઈ શકે છે. પરિણામે સામાન્ય જન તો દુઃખીને દુઃખી જ રહેવા પામેલ છે.

ભારતના સામાન્ય માનવીની અત્યારે આ પરિસ્થિતિ છે. રાષ્ટ્રીય આયોજનના કારણે તેના ફાયદા જનસમુદાય સુધી પહોંચે ત્યારની વાત ત્યારે પણ એ દરમિયાન સામાન્યજને પોતાના ઘરના આયોજનનો મેળ કઈ રીતે બેસાડવો એ એક પ્રાણપ્રશ્ન મોટાભાગના પરિવારોને હાલે કનડે છે.

આ પરિસ્થિતિમાં દરેક પરિવારે પોતાની આવક વધારવા તનતોડ પ્રયાસ કરવા જરૂરી છે. પરિણામે **જે આવક થાય તેની અંદર જ પોતાના ખર્ચના આયોજનો ગોઠવવા પડે.** આવક જેટલી જ સોડ તાણવી જોઈએ – તેનાથી વિશેષ નહીં. મેડિક્લેઈમ તથા જીવન વીમા જેવી યોજનાઓનો લાભ લઈ શકાતો હોય તો તે લેવો જોઈએ. બાળકોને ભણાવવામાં ક્યાંયે કચાશ ના રહી જાય તેવા પ્રયાસો જારી રાખવા જોઈએ. બાળકોને યોગ્ય કેળવણી મળેલ હશે તો તે સારાયે પરિવારનો તારણહાર બની શકશે. નિવૃત્તિ બાદની શેષ જિંદગીના આયોજનો પણ વિચારીને અમલમાં મૂકી રાખવા જોઈએ. **નિવૃત્તિ બાદની શેષ જિંદગી વિતાવવા પોતાના હાથવગી મૂડી નહીં હોય તો પારાવાર તકલીફ વેઠવાનો વારો આવી શકે છે.**

ભારતની અત્યારની પરિસ્થિતિમાં અગર દરેક પરિવારના મોવડી પોતાના ઘરના આયોજનો આ સિધ્ધાંત પર ગોઠવી શકશે તો તેને પોતાની જિંદગીના અંત સુધી દુઃખી થવાનો વારો ભાગ્યે જ આવી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

વિશેષ

# ગાંધી - હત્યા : કોણે કરાવી? શા માટે કરાવી?

(લેખાંક - ૩)

• પ્રવીણચંદ્ર શાહ •

*મહાત્મા ગાંધીજીની હત્યા સંબંધી ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ વિગતો તજજ્ઞ લેખક શ્રી પ્રવીણચંદ્ર શાહે તેમના આ અગાઉના પ્રકરણ-૧ અને ૨ માં રજૂ કરી હતી. આ પ્રકારની અલભ્ય જાણકારી આપવા બદલ અનેક સુજ્ઞ વાચકોએ લેખકશ્રીને અભિનંદન આપતા પ્રતિભાવો અત્રે મોકલાવેલ છે. તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. ગાંધીજીની શહીદીના માત્ર દસ દિવસ અગાઉ એટલે કે ૨૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ લોકોએ વિસ્ફોટ કરનાર શકમંદને પોલીસને હવાલે કર્યો હતો. તે કોણ હતો? બૉંબ વિસ્ફોટ પાછળ તેના ઈરાદા શું હતા? આ પ્રશ્નો સંબંધી પોલીસ ખાતાની કામગીરી વગેરે તરફ લેખકશ્રીએ પ્રસ્તુત લેખમાં ઝીણવટભરી રજૂઆત કરી છે. આ પ્રકારના ખૂબ રસપ્રદ અને ઐતિહાસિક વિગતો સુજ્ઞ વાચકવર્ગને વાંચવી જરૂર ગમશે.*

*– તંત્રી મંડળ*

સરેરાશ જનસમાજની આગલી રાજકીય ઘટનાઓ કે પ્રસંગોની યાદદાસ્તોનો પ્રવાહ, સીધો સરળ જળવાતો નથી. અનુભવવૃધ્ધ બુઝુર્ગને પણ દસકાઓ જૂની ઘટનાઓને ફરી યાદ કરવા મગજની નસોને સહેજ વધુ તંગ કરવી પડે છે અને તે પછી ચર્ચાતા મુદ્દાના સગડ સ્પષ્ટ થાય છે.

ગાંધીજીની હત્યા શુક્રવાર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિલ્હીના બિરલા ભવન ખાતે નાથુરામ ગોડસેએ તેની ત્રણ ગોળીથી કરી. દર વર્ષે દેશની સરકારો અને રાજકીય, સામાજિક – અને હવે તો ગાંધીજીની હત્યાને ગુપ્ત સમર્થન પૂરી પાડનારી ઝનુની હિંદુત્વ મતવાળી પાર્ટીઓ એક અણગમતા પણ કરવા પડતા દેખાવના રીવાજની જેમ કરતી રહે છે. દર વર્ષના આવા નિયમિત દેખાડાને કારણે સરેરાશ જનસમાજની આગલી - નવી પેઢીઓને આ કિસ્સાની યાદ અપાવ્યા કરાય છે. ઉજવણીઓ કરાય છે. જૂના વખતમાં સ્વર્ગવાસી બનેલા પરિવારજનોને દર વર્ષે એક વાર ‘કાગવાસ’ નાખવાનો દેખાડો થતો. હવે એ રીવાજ લગભગ ઘસાઈ જવા આવ્યો છે.



નાથુરામ ગોડસે

ગાંધીજીને નિમિત્તે પણ આ કાગવાસનો કુરિવાજ હજુ ચાલુ છે ખરો, પણ આર.એસ.એસ., હિંદુ સભા, હનુમાન સેના, શિવસેના, રામસેના કે બી.જે.પી. જેવા પક્ષો દર વર્ષે ગાંધીજીને અપાતી આ બોગસ સ્મરણાંજલીઓને, હેતુ અને આદરને ક્યારે સાવ જ સન્માનહીન કરી નાખશે, તે ધારી લેવું ઉચિત છે ખરું, પણ ક્યારે તે ધારી લેવું નિશ્ચિત અને ઉતાવળું બનશે.

## • ગાંધીજી ઉપરના હુમલાઓ :

ગાંધીજીની દીર્ઘ રાજકીય, સામાજિક, અહિંસા, સત્ય, કરુણાની અને અસ્પૃશ્યતા વિરૂધ્ધની કારકિર્દી દરમ્યાન, ગાંધીજીના કોઈ પણ દોષ નહીં છતાં, પાંચેક વખત જીવલેણ નીવડી શકત તેવા હુમલાઓ થયેલા.



ગાંધીજી - સાઉથ આફ્રિકામાં

ભારત આવવાનું અને રાજકારણથી સ્પર્શાવાનું ઈ.સ. ૧૯૧૪માં ગાંધીજીનું થયેલું. તે પહેલાંના ૧૫/૨૦ વર્ષ એમના દક્ષિણ આફ્રિકા ખાતે વકીલાતના વ્યવસાયને લીધે પસાર થયેલા. પરંતુ વકીલાતના વ્યવસાયની સાથે સાથે જાહેર જીવન, સ્થાનિક આફ્રિકનો સાથેનો

ગોરાઓનો બદ્‌વર્તાવ, ભારતીયો અને આફ્રિકનોની જીવન સુધારવાની પ્રવૃત્તિઓ, આશ્રમ જીવનની પ્રવૃત્તિઓની સાથે અહિંસા, ન્યાય, સત્ય, બ્રહ્મચર્ય અને કેળવણી અને લોકોની એકતા દ્રઢ બનાવવાના ઉદ્દેશો સાથેની પ્રવૃત્તિઓ પણ જોડેલી જ રાખેલી. આ બધાના કેન્દ્રરૂપે ફોનિક્સ આશ્રમની સ્થાપના પણ કરેલી. આવી પ્રવૃત્તિઓ જેમ ફાલતી હતી તેમ તેવી પ્રવૃત્તિઓને સમાજ-વિરોધી ગણનારો એક અણસમજુ વર્ગ પણ બનતો જતો હતો. એવી માનસિકતાના પૂર્વગ્રહવાળો એક ઊંચો, લાંબો, ભરાડો, લાલ ખુન્નસભરી ઝેરીલી આંખોવાળો, ગાંધીની હત્યા કરવાની અધીરપથી ધ્રૂજતો હબસી, લાંબા ધારદાર કસાઈ - છરા સાથે, કૃશ શરીરવાળા ગાંધીજી પર ત્રાટકવાની ક્ષણે ગાંધીજીએ એને જોયો. ગાંધીજીની જગ્યાએ કોઈ બીજી સામાન્ય વ્યક્તિ હોત તો 'બાપ રે,' 'બચાવો'ની બૂમ સાથે ભાગવાનું કરત. જીવ બચાવવાનું કરત.

પણ મારકનું લક્ષ્ય ખોટું નીકળ્યું. આ તો મિસ્ટર ગાંધી હતા. ત્યારે તો હજુ ગાંધીજી પણ બન્યા નહોતા. ભારતના કરોડો લોકોએ હજુ 'મહાત્મા'નો માનભર્યો ખિતાબ પણ અર્પણ કર્યો નહોતો. પણ આફ્રિકાના મિસ્ટર ગાંધી અહિંસા, સત્ય, ન્યાય, અવેર, અભયના ચિંતક અને જીવનમાં ઉતારવાના દ્રઢ નિશ્ચયી ગાંધીએ જીવતા કાતિલને પોતાને ખતમ કરવા આવતો જોયો. ગાંધીજીએ ખૂનની આગથી ત્રસ્ત આફ્રિકન હબસીની આંખમાં આંખ પરોવી હળવું સ્મિત આપ્યું, આવકાર આપ્યો. અભય ભાવે બાજુમાં બેસવાનું આમંત્રણ આપ્યું અને કહ્યું : 'બ્રધર, ડોન્ટ પેનીક. તારે જે કરવું હોય તે કરજે. મારા હાથમાં કોઈ હથિયાર નથી. લખવાની પેન પણ નથી. જો તને વાંધો ન હોય, તારા હાથમાંના કાતિલ છરાથી મને વેતરી નાખવો હોય તો જરૂર કરજે પણ જે કર તે શાંતિથી, સમજણથી કરજે. આવ બ્રધર, મને કહે કે હું તારી શું હેલ્પ કરી શકું? આવ બ્રધર, ડોન્ટ પેનીક. સ્વસ્થ થા. મારી પાસે બેસ. બે મિનિટ, માત્ર બે મિનિટ જ માત્ર મારી સાથે ખુલ્લા મનથી વાત કર, તારા આવેશને ઠંડો થવા દે...'

- **હુમલાખોરનો પ્રત્યાઘાત :**

ખૂન તરસ્યો મારક કસાઈના છરા સાથે આવેલા હબસીની માનસિક ધારણાથી તો આ સાવ ઉલટું બન્યું! ગાંધીજીના મિત્રતાવાળા શબ્દોએ વિચિત્ર પ્રત્યાઘાત પેદા કર્યો. એ બેઠો. ગાંધીજીએ કહ્યું : 'મિત્ર, છરો તારા હાથમાં જ રાખ. કદાચ તને મારા ખૂન માટે ફરીથી જરૂર પડી જાય. હું તારો સામનો કરવાનો નથી. મદદ માટે કોઈને બોલાવવાનો પણ નથી. પોલીસને તો બિલકુલ જ નહીં. હવે મને તારા મનની પૂરી વાત કર...'

પૂર્વગ્રહ અને વૈરાગ્નિથી થરકતા હબસી હુમલાખોર માટે આ એક અણધારેલો અનુભવ હતો. સાવ જ અણધારેલો! મિસ્ટર ગાંધીના અ-ભયને ગાંધીની પોલાદી શાંતિ અને સ્વસ્થતાને, નિર્ભયને અને મિત્રતાની દ્રઢતા તેણે જિંદગીભરમાં ક્યારેય અનુભવી તો નહોતી જ, વિચારી પણ નહોતી. અધૂરા પગે તે બેઠો. બંને વચ્ચે થોડો સંવાદ થયો. થોડા ટૂંકા પ્રશ્નો ગાંધીએ પૂછ્યા. ખોફનાક, પણ હવે થોડા સ્વસ્થ થયેલા હબસીએ તેના ટૂંકા પણ મુદ્દાસરના જવાબો આપ્યા. સંવાદ બંનેને પ્રિયકર લાગતા થયા. હબસીના કાન કોઈએ ભરમાવેલા, ઇન્ડિયનોની વિરૂધ્ધ. ગાંધીએ તેના ભ્રમોનું નિરસન કર્યું. અહિંસા, સત્ય, ન્યાય, વૈશ્વિક ભાઇચારાના પોતાના પવિત્ર સિધ્ધાંતોના અમૃત જેવા ઓસડથી હબસી ગાંધી શુભેચ્છકમાં વળોટાઈને ગયો. ગાંધી હત્યા માટેના લાવેલા કાતિલ છરાને આશ્રમ બહારના જંગલ ઝાડીમાં તેણે ફેંકી દીધો.

પણ પોલીસને આ હત્યા - પ્રયાસની જાણ થઈ ગઈ. બ્રિટિશ પોલીસે 'સૂઓ-મોટો' કાયદા અનુસાર કોર્ટમાં હબસી વિરુધ્ધ કેસ જારી કર્યો. પોલીસ તપાસમાં ગાંધીએ કહ્યું : મારી હત્ય કરવા એ આવ્યો જ નહોતો. તેના મનમાં કેટલીક શંકા - આશંકા, ભ્રમણા હતી. તેના ખુલાસા તેણે મારી પાસેથી સમજ્યા અને પાછો ગયો. કોર્ટમાં કેસ વખતે પણ ગાંધીએ આ જ સ્પષ્ટતાઓ આપી અને પોલીસને પુરાવા તરીકે કામ આવી શકે તે બધી વાતોને રફેદફે કરી નાખી.

હબસી કોર્ટમાંથી બા-ઈજ્જત નિર્દોષ નીવડી પાછો ફર્યો. ગાંધીજી સાઉથ આફ્રિકા રહ્યા ત્યાં સુધી તે ગાંધીજીનો પ્રસંશક અને સંદેશવાહક રહ્યો.

ગાંધીજી પરના જીવલેણ હુમલાનો એક વધુ બનાવ પૂના ખાતે બનેલો. ગાંધીજી અસ્પૃશ્યતાનો આકરો વિરોધ પોતાની જાહેર સભાઓમાં કરતા. ૧૯૩૪ દરમ્યાનની પૂના ખાતેની આવી એક સભામાં એક કટ્ટર સનાતની હિંદુએ બૉંબ ફેંકેલો. અહિંસા, અવૈર અને ભાઇચારાના સંદેશવાહક ગાંધીજીને કોઈ ઈજા ન પહોંચી. સભામાં આવેલા પ્રેક્ષકોને ગાંધીજીએ આગ્રહપૂર્વક ભલામણ કરેલી : બૉંબ ફેંકનાર અને બનાવનારાઓ અણસમજુ છે. એમને પકડતા નહીં, રંજાડતા નહીં.

શુક્રવાર, ૩૦ જાન્યુઆરી '૪૮ના નાથુરામ ગોડસેની રિવોલ્વરની ત્રણ ગોળીથી ગાંધીજી શહીદ બન્યા, તેનાથી માત્ર દસ જ દિવસ પહેલાં, ૨૦ જાન્યુઆરી, '૪૮ના દિલ્હીના બિરલા ભવનમાં જ, સાંજની પ્રાર્થના સમયે આ બૉંબ-વિસ્ફોટ થયેલો. સરેરાશ સમાજની રાજકીય યાદદાસ્તમાં કદાચ આ બૉંબ

વિસ્ફોટની ઘટના કોરાણે મૂકાઈ ગઈ લાગે છે.

- **હત્યા બોંબ વિસ્ફોટ :**

મંગળવાર, ૨૦ જાન્યુઆરી, '૪૮ની સાંજના રાબેતા મુજબ ૫ વાગે ગાંધીજી પ્રાર્થના સ્થળે આવ્યા અને લાકડાના બાજોઠ પર બેઠા. સબધર્મ પ્રાર્થના વિધિ પછી પંદરેક મિનિટ ગાંધીજી પોતાનું મન ખોલતા. અહિંસા, પારસ્પરિક મૈત્રી, પ્રેમ, ભાઈચારો, સત્ય, ન્યાય, સહનશીલતા, ધાર્મિક ઐક્યતા જેવા ચિરંજીવ વિષયોનું વિવરણ કરતા અને તેને પુરસ્કર્તા. ક્યારેક વિશ્વના ભવિષ્યની, ઉજળા ભવિષ્યની શક્યતાને વિસ્તારતા. ક્યારેક દેશની કઠિન પરિસ્થિતિ, વિભાજન, હિજરતીઓના અસહ્ય દુ:ખની ઘટનાઓ ચર્ચતા. જ્યારે યોગ્ય લાગે ત્યારે દેશના આગેવાનોના નિર્ણયો અને વ્યવહારની ટીકા કે પ્રસંશા કરતા. દેશના ભાગલાના નિર્ણયથી તેઓ અત્યંત દુ:ખી હતા. પણ નિર્ણયો લેવાઈ ગયેલા. ભારત - પાકિસ્તાન બે દેશો બની ચૂકેલા. બંને દેશો વચ્ચેની અસ્ક્યામતો, રોકડ વગેરેના વિવાદો પર પોતાના પ્રામાણિક વિચારો નિર્ભયપણે તેઓ વ્યક્ત કરતા.



*અંતિમ પથારી*

પ્રાર્થના સભાના પ્રવચનમાં ગાંધીજી જે કાંઈ કહેતા, તે પ્રાર્થના સભામાં હાજર પ્રેક્ષકો જ નહીં, પણ રેડિયો પ્રસારણ અને અખબારો દ્વારા સારુંય ભારત સાંભળતું. પાકિસ્તાન પણ સાંભળતું. સાંભળનારા ગંભીરતાથી તેના પર ગૌર કરતા. આવા પ્રવચનોના મુદ્દાઓ, અભિપ્રાયોની અસર દેશના અગ્રણી નેતાઓ પર પડતી. જરૂર લાગે ત્યાં સરકારી નિર્ણયો પર ફેરવિચારણાઓ પણ થતી. ગાંધીજી સમગ્ર હિંદુસ્તાનના જ નહીં, પૂરી માનવજાતના મસીહા, સંદેશવાહક હતા.

ગાંધીજીની પ્રાર્થના સભા, બિરલા ભવનના પાછળના ભાગે થતી, જ્યાં વિશાળ ખુલ્લું મેદાન હતું. ઘરકામ કરનારા અને બીજા કર્મચારીઓના બેઠા ઘાટનાં મકાનો હતા. બિરલા ભવનનો પાછળનો મોટો કાર-ગેઈટ પણ મેદાનને લાગેલો હતો. મેદાન ખુલ્લું રહેતું એટલે સર્વન્ટ્સ - ક્વાર્ટર્સમાં રહેતા પરિવારોનાં બાળકો પણ સવાર-સાંજ એ મેદાનમાં જ રમતાં. શિયાળાના દિવસો હતા. સાંજ વહેલી પડી જતી લાગતી. સુલોચનાબાઈ, મેદાનમાં રમતાં બાળકોમાંથી પોતાના બાળકને બૂમ મારી, બોલાવી, આંગળીએ લગાડી, પાછલાં ગેટ તરફ જતી હતી ત્યાં તેની નજરે એક દશ્ય પડ્યું.

પાછલા ગેઈટ પાસે સ્ટેશન વેગન જેવી એક કાર ખડી રહી. અંદર પાંચ-સાત માણસો પણ બેઠેલા હોય તેવું તેને લાગ્યું. એકાદ-બે માણસો કારમાંથી નીચે ઉતર્યા હોય તેવું પણ તેને લાગ્યું. પણ આ દશ્યો પર તેણે ધ્યાન આપવાની જરૂર ન લાગી. ગાંધી-માત્મા બિરલા ભવનમાં રહે છે. એવા મોટા માણસને મળવા રોજ અનેક લોકો આવે છે, જાય છે. કોઈ મોટી બસમાં, કોઈ ટ્રકમાં, કોઈ મોટી કે નાની કારમાં, કોઈ સાઇકલથી, રિક્ષાથી, પગપાળા પણ ઘણા લોકો જાય છે, આવે છે. સુલોચનાબાઈ માટે આ લગભગ રોજિંદુ હતું. પણ છતાંય ત્યાંનું એક દશ્ય તેના માટે જરા જુદા પ્રકારનું હતું.



*ગૃહપ્રધાન અને પંત પ્રધાન*

કારમાંથી એકલો ઉતરેલો પહેલો જુવાન માણસ બિરલા ભવનના પાછલા ગેઈટની નજીક, નીચા વળીને માચીસની દિવાસળીથી કંઈક સળગાવી રહ્યો હતો.

સુલોચનાબાઈને એકાએક કંઈક અશુભ થવાનો થડકો થયો. તે મનથી ફડકી ગઈ, બાળકનો હાથ ખેંચીને ઉતાવળે પગલે પોતાનાં ઘર તરફ લગભગ દોડતી થઈ. હજુ તો માત્ર ત્રીસેક પગલા તે ચાલી હશે, ત્યાં જ કાનના પડદા ફાડી નાખે તેવો, તોપ કે બોંબ ફુટ્યા જેવો ધડાકો થયો. ભવનની પાછલી કોંક્રીટ દિવાલનો એક ભાગ ધડાકાથી ઉડી, છુટ્ટો પડી

ગયો. ધડાકાથી પેદા થયેલા ભારે ધુમાડાના ગોટેગોટાથી સાંજનો એ ભાગ છવાઈ ગયો.

ધડાકાના અવાજથી ચોંકીને સર્વન્ટ્સ ક્વાર્ટર્સના ઘણા બધા લોકો શું બન્યું છે તે જોવા, પ્રાર્થના સભામાંના પ્રેક્ષકો અને બીજા પહેરેલ જ કપડે ઘરથી બહાર આવી ગયા. પાછલા ગેઈટની જે દિવાલ ધડાકાથી છિન્નભિન્ન થઈ ગયેલી, ત્યાં પણ લોકો એકઠા થઈ ગયા. શું થયું, શું થયું તેમ પૂછવા લાગ્યા. બેએક લોકોએ બાળક સાથેની સુલોચનાબાઈને પણ પૂછ્યું કે ધડાકો શાનો થયો લાગે છે? કારમાંથી પહેલો ઉતરેલો જુવાન માણસ, જેને સુલોચનાબાઈએ માચીસની દિવાસળીથી કાંઈક સળગાવતાં જોયેલો, તે ધડાકાના ધુમાડામાંથી બાખોડિયાં ભરતો ધડાકા સ્થલથી દૂર થવા આમતેમ નીકળી જવાના ફાંફાં મારતો હતો. તેના તરફ સુલોચનાબાઈએ આંગળી ચિંધી બતાવી કહ્યું કે એણે જ કાંઈક કર્યું છે. નજીકના માણસોએ તેને ભીડી લીધો. આ માહૌલ દરમ્યાનમાં બિરલા ભવનના મેઈન ગેઈટ પર ચોકી કરતી પોલીસવાન પાછલા ગેઈટ પર પહોંચી આવી અને દિવાસળીથી બોંબ પેટાવનાર જુવાનને પોતાની હવાલાતમાં લીધો.

દરમ્યાનમાં તેને લઈ આવનારી સ્ટેશન વેગન જેવી કાર પણ છૂ થઈ ગઈ હતી અને કારમાંના કરવૈયાઓ પણ સદંતર ગાયબ થઈ ચૂક્યા હતા.

- **મનોમંથન :**

ગાંધીજી કોઈ પણ ઈજાથી બચી ગયા હતા. આખા દેશે નિરાંતનો શ્વાસ લીધો હતો. ૨૦ જાન્યુઆરી, ૨૧ જાન્યુઆરી



મંગળ - બુધની આખી રાત ગાંધીજીએ અસહ્ય સંતાપ અને હૈયાહોળીથી પસાર કરેલી હતી. શું એમના સિધ્ધાંતો અને આદર્શો બોંબના ધડાકાઓમાં જ ચૂરચૂર થઈ જશે? માનવજાત શું હિંસાનો ત્યાગ નહીં જ કરી શકે? ગાંધીજી આખી રાત શક્યતા - અશક્યતાઓની વૈચારિક, વિષ્ણેશિક ભઠ્ઠીમાં જ શેકાતા રહ્યા હતા.

બોંબ હુમલાવાળા મંગળવાર પછીના બીજે દિવસે, બુધવાર, ૨૧ જાન્યુઆરી '૪૮ની સાંય-પ્રાર્થના પછીના ઉદ્બોધન દરમ્યાન ગાંધીજીએ આગલી સાંજવાળા બોંબ પ્રયાસનો ઉલ્લેખ કર્યો હતો. આગલી સાંજની પ્રાર્થનાસભા પૂરી થઈ જવા બાદ પણ આ બોંબ હુમલો તેમના માટે હતો તેની જાણ તેમને તો પછી જ થયેલી. "....પણ મારા મનમાં કે ચિત્તમાં હુમલાખોર માટે કોઈ વૈરભાવ કે તિરસ્કારનો ભાવ નથી. કોઈ બદલો લેવાનો કે સજા પહોંચાડવાનો વિચાર સરખો પણ નથી. તમને બધાને મારી વિનંતી છે કે શકદાર માટે તમે ધૃણા કે ગુસ્સો રાખવાને બદલે તેને કરુણા અને દયાભાવથી જોજો. મારી આશા અને અંતરની ઈચ્છા છે કે એ શખ્સ સારાસારનો ભાવ સમજશે, સાચી સમજણ કેળવશે. મારી જિંદગી તો ઉપરવાળાના હાથથી રક્ષિત છે. મને તો એ રક્ષણને કારણે તલભાર પણ ડર કે ભય લાગતો નથી."

શકમંદને માફ કરી દેવાની, તેના તરફ માત્ર દયા અને ક્ષમાભાવ જ કેળવવાની ફરી વિનંતી કરતાં પ્રાર્થના - પ્રેક્ષકોને ગાંધીજી, અહિંસા, અવૈર અને કરુણા - દયાભાવથી ગદ્ગદ્ ગાંધીજીએ કહ્યું : "એ જુવાન તરફ ગુસ્સો કે ધૃણા ન કરતા. એ શું ખોટું અને અયોગ્ય કરી રહ્યો છે તેનું તેને ભાન જ નથી. આપણે તેની દયા ખાવાની રહી... મેં ઈન્સ્પેક્ટર જનરલ, પોલીસને પણ ભલામણ કરી છે કે પોલીસે આ શકદારને હેરાન - પરેશાન ન કરવો. આપણે બધાએ તેને સમજાવવાનો, તેની ભૂલ સુધારવાના પ્રયાસ કરશું. આપણે તેને સદ્ભાવી અને શુભેચ્છક તરીકે તેને નવો અવતાર આપવા પ્રયાસો કરીશું."

ગાંધીજી જ્યારે સાંય પ્રાર્થનાને સંબોધતા ત્યારે માત્ર હાજર પ્રેક્ષકો જ નહીં, આખાય દેશના કરોડોના કાન એ સદ્વચનો સાંભળતા, ઝીલતા અને રોજિંદા જીવનમાં ઉતારવાને ઉત્સુક રહેતા. બદલો લેવાની ભાવનાને જ ગાંધીજીએ સદંતર ઓગાળી નાખેલી. અનેકાનેક વખત એમણે દોહરાવેલું : "મારી પાસે અહિંસા, અહિંસા અને માત્ર અહિંસા સિવાય કશું જ કોઈ સાધન નથી."

મંગળવારની સાંજે જેણે બોંબ પેટાવેલો એ શખ્સ હિંદુ હતો. એ હિજરતી હતો. એને આપણે સમજાવવાનો છે. વ્યાજબી રસ્તે લાવવાનો છે એવું ગાંધીજીએ બધાને કહેલું. આવા અત્યંત કઠિન આદર્શને અમલી બનાવવાનો પુરુષાર્થ ગાંધીજીએ જીવનભર કર્યા કરેલો. લોકો લોકો વચ્ચે, જાતપાતના ભેદભાવ વગર, હિંદુ - મુસ્લિમ અને બધી જ કોમો વચ્ચે ભાઈચારો, એકતા, સદ્ભાવ વધારતા રહેવાની, બધા ભેદભાવ, તિરાડો વચ્ચે પોતાના આદર્શો અને સિધ્ધાંતોનું રક્ત વહેવડાવી બધાને એક કરવાના એમના અખંડ પ્રયાસો રહ્યા જ કરેલા. દેશભરના

સામાજિક કે રાજકીય ઇતિહાસમાં જે રીતે ગાંધીજી જીવ્યા, જાગ્યા, જગાડ્યા તેવું અને તેટલું કરનાર એ અનન્ય જ રહ્યા.

બુધવાર ૨૧ જાન્યુઆરી, '૪૮ અને શુક્રવાર, જાન્યુઆરી ૩૦, '૪૮ની વચ્ચે માત્ર કેટલાક કલાકો જ બાકી હતા. પછી દેશ - પ્રકાશ બુઝાઈ જવાનો હતો. પણ કોઈનેય તેનો અણસાર સરખો નહોતો. બુધવારની રાત્રે, મધ્યરાત્રીએ પોતાની પ્રપૌત્રીઓને જગાડીને ગાંધીજીએ પોતે એક ભજનની કડીઓ ધીમા કંઠ - સ્વરે ગાઈ હતી; જેનો અર્થ હતો : આ જીવન અનિશ્ચિત છે, તેમાં સતત કર્મ કરતા રહેવાનું છે, લડતા રહેવાનું છે, ભાગે આવેલા પાત્ર ભજવતા રહેવાનું છે. કોને ખબર છે, ક્યારે સ્ટેજ પર આખરી પડદો ઢળી પડે!'

એક હજાર નવસો ઓગણીસ વર્ષો પહેલાંના એક શુક્રવારે જ જીસસ ક્રાઈસ્ટને વધસ્તંભ પર લટકાવી દેવાયેલા. ગાંધીજી માટે એ શુક્રવારને આવવા વચ્ચે ગણતરીના કલાકોની જ દૂરી હતી.

પણ તેવો અણસાર બીજા કોઈનેય નહોતો. શાયદ, માત્ર શાયદ ગાંધીજીને જ એવી આંતરસ્ફુરણા પ્રકટી હશે?

- **હિજરતી મદનલાલ પાહવા :**

બોંબ વિસ્ફોટ પછી, મંગળવાર ૨૦ જાન્યુઆરી, '૪૮ની સાંજે લોકોએ વિસ્ફોટ કરનાર શકમંદ શખ્સને પોલીસને હવાલે કર્યો. શકમંદ શખ્સની સાથે આવેલી કાર અને તેમાંના સાથીદારો તો તરત છૂ થઈ ગયા હતા.



*મદનલાલ કે. પાહવા*

એ શકમંદ દેખાવડો, જુવાન હતો. તેણે શર્ટ, પેન્ટ અને કોટ પહેરેલા હતા. એના કોટના અંદરના ગજવામાં સંતાડેલી હેન્ડ ગ્રેનેડ (ફેંકી શકાય તેવો હાથ બોંબ) હતી. તેનો આખોય કોટ આશ્ચર્યભરી સીલાઈથી સિવાયેલો હતો. તેમાં સાત ગજવા (પોકેટ્સ) હતા. અંદરના એક ગજવું સિલાઇથી ઢંકાયેલું, બટનવાળું હતું. ગજવાઓની ઊંડાઈ, લંબાઈ, ચોડાઈ, સામાન્ય ગજવાઓ કરતાં વધુ પહોળા, ઊંડાં હતા. પોલીસે તેનો કબજો લીધો ત્યારે તેના વિચિત્ર કોટ અને તેમાં સંતાડાયેલી હેન્ડ ગ્રેનેડનો પણ તુરત કબજો લીધો હતો.

શકમંદને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશને લઈ જવાયેલો. ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ સરદાર જશવંત સિંઘ પણ પોલીસ સ્ટેશને પહોંચી આવેલા. પાંચ કલાક સુધી શકમંદની જાંચ તપાસ કરાયેલી. તપાસ ચાલુ રાબેતા મુજબની નહીં, કડક આકરી તપાસ - પૂછપરછ હતી.

તે કોણ હતો? તેનું નામ - ઠામ શું હતું? એ ક્યાંથી દિલ્હી આવેલો? તેણે બોંબ શા માટે ફોડ્યો? બોંબ વિસ્ફોટ પાછળ તેના ઈરાદા શું હતા? તેના કોટના ગજવામાં ગમે ત્યારે ફોડી શકાય તેવી (લાઈવ) હેન્ડ ગ્રેનેડ શા હેતુથી સંતાડેલી? આ ગુનામાં, આ કાવતરામાં શું એ એકલો જ હતો કે તેની સાથે બીજા વધુ કાવતરાખોર, મળતિયાઓ પણ સંડોવાયેલા હતા? એ બધા ક્યાં ગાયબ થઈ ગયેલા છે? દિલ્હીમાં એ બધા ક્યાં રહે છે, ક્યાં છૂપાયેલા છે? એ બધાના મનના કરતુત શું છે? — આવા તો અનેકાનેક, સેંકડો સવાલો તેને કરાતા રહ્યા, પણ તે બધા તે સફાઈદાર રીતે ગેં-ગેં-ફેં-ફેં કરતો ચબરાકી લુચ્ચાઈથી સતત ટાળતો રહ્યો.

પોલીસ તપાસના વિવિધ, વિચિત્ર પ્રકારો પોલીસ સ્ટેશનોમાં અમલી બનાવાતા રહે છે. પાંચ પાંચ કલાકની ફિઝુલ માથાફોડી, સવાલ-જવાબ, સમજાવટ અને ધાકધમકીઓમાંથી પોલીસ અધિકારીઓને કોઈ કામની કડી હાથ ન લાગી. પાંચ - પાંચ કલાકની ધીરજ અને સતત પરસેવે રેબઝેબ પાર્લામેન્ટ પોલીસ સ્ટેશન સાવ થાક્યું એટલે એમણે બીજો પ્રકાર હાથમાં લીધો. ઘણા પોલીસ સ્ટેશનોમાં આ તપાસની રીતને 'પોર્ટુગીઝ - મસાજ', 'પોર્ટુગીઝ માલીશ'ના નામથી ઓળખવામાં આવે છે. આ શબ્દ 'મસાજ' એટલે માલીશ નથી, પણ શકમંદને ઊંધે માથે લટકાવીને, નગ્ન કરીને, સોટી માર કરીને ખરી હકીકત ઓકાવવાની છે. રાત્રે ૧૦.૩૦ વાગે પાર્લામેન્ટ પોલીસ સ્ટેશનની શકમંદની માલીશની વિધિ સફળ થઈ.

શકમંદ મદનલાલ કે. પાહવા સત્ય હકીકતોના વર્ણનો કરતો ગયો. પોલીસ તેની નોંધ કરતી ગઈ.

મદનલાલ પાહવાએ ફરીથી કપડાં ઠીક કરી પહેર્યાં. પોલીસ જીપમાં પોલીસ અધિકારીઓ અને હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ પોલીસ પાર્ટીને મદનલાલ પાહવા દિલ્હીના ફેશનેબલ વિસ્તારની ઝગમગતી હોટેલ મરીના પર લઈ ગયો. હોટેલના રૂમ નંબર ૪૦ પર ખટખટાવી જોયું. કંઈ જવાબ ન મળતાં રીસેપ્શનની તપાસ પરથી જાણવા મળ્યું કે રૂમ નં.-૪૦ તો

રહેનારા ખાલી કરી ગયા છે, પણ એ જ ગ્રુપના બે-ત્રણ શખ્સો ફર્સ્ટ ફ્લોર પરની ખૂણાની રૂમનો ઉપયોગ કરનાર બે વ્યક્તિઓ, જે હોટેલમાં એમ. દેશપાંડે અને એસ. દેશપાંડેના નામથી રહેલા, તે બોંબ વિસ્ફોટના સમાચાર જાણતાં જ ભારે ઉતાવળથી, હોટેલ બીલ ચૂકવી એટલી ઝડપથી હોટેલ છોડી ગયેલા કે રૂમમાંના તેમના કપડાં લઈ લેવાની ઢીલ પણ તેમણે કરેલી નહીં. રૂમની ચોક્સાઈભરી તલાશી લેવાઈ. બીજું તો પોલીસને કંઈ મળ્યું નહીં, પણ ટાઈપ થયેલા દસ્તાવેજ જેવો લાંબો કાગળ, તેમના હાથમાં આવ્યો.

- **હિંદુ મહાસભાની સંડોવણી :**

ટાઈપ થયેલા દસ્તાવેજ જેવું આ નિવેદન દિલ્હીની પોલીસ માટે જાદુઈ લાકડી જેવો નીવડ્યો. બહુ મહત્ત્વનો એ ટાઈપ્ડ સ્ટેટમેન્ટ જેવો દસ્તાવેજ હતો. ઓલ ઈન્ડિયા હિંદુ મહાસભા પાર્ટીના જનરલ સેક્રેટરી આશુતોષ લાહિરીના સ્ટેટમેન્ટની એ કોપી હતી. તેની તારીખ જાન્યુઆરી ૧૯, '૪૮ હતી. (ગાંધીજીએ હિંદુ - મુસ્લિમ ઐક્યતા માટે, હુલ્લડો બંધ કરવાની ભલામણ માટે અને ભારત સરકારે, નવી પાકિસ્તાન સરકારને આપવાના થતા રૂા. ૫૫ કરોડ આપવાની ભારતની ફરજ તરફ, દેશનું ધ્યાન દોરવા જે લાંબા આમરણાંત ઉપવાસ કરેલા, તે સામે મળેલી ખામીઓ અને વચનોને આધારે ૧૮ જાન્યુઆરીએ ઉપવાસ છોડેલા.) તા. ૧૮ના એમણે ઉપવાસ છોડ્યા. ૨૦મી જાન્યુઆરી '૪૮ના રોજે બોંબ વિસ્ફોટ થયો.

ઓલ ઈન્ડિયા હિંદુ મહાસભા પાર્ટીના જનરલ સેક્રેટરી આશુતોષ લાહિરીનું આ નિવેદન ભભકતી ચિતાના શબ્દોથી ઠસોઠસ હતું.

***(આગ ઓકતા આ નિવેદનની અને તે પછીની સ્ફોટક ઘટનાઓની વિગતો તમે 'કચ્છશ્રુતિ'ના હવે પછીના માસના અંકમાં વાંચી શકશો.)***

*(સંદર્ભ : ગાંધી મર્ડર ટ્રાયલ, લે. ધારાશાસ્ત્રી તપન ઘોષ, પ્રકાશક : એશિયા પબ્લિશિંગ હાઉસ, લંડન, ૧૯૭૩)*

***૭, ડફોડિલ બિલ્ડિંગ, ગોદરેજ સ્કાય ગાર્ડન,***
***તક્કા સ્ટેશન રોડ, પનવેલ, મુંબઈ-૪૧૦ ૨૦૬.***
***ફોન : (૦૨૨) ૨૭૪૫૮૬૨૫***
***મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨***

***ગાંધીબાપુએ આજીવન કામ કરીને દેશને જગાડવા ભગીરથ પ્રયત્ન કર્યો.***
***આપણે એમના જન્મદિને રજા પાડીને, મોડા ઉઠીને કેવી ભવ્ય અંજલી આપીએ છીએ!***

# લેવાના - દેવાના કાટલાં જુદાં-જુદાં

"શેઠ, હમણાં જ દસ મિનિટ પૂર્વે આપે મને સાઠ રૂપિયાનો માલ આપ્યો. મેં સો રૂપિયાની નોટ આપી તો આપે ૧૦-૧૦ ની ચાર નોટો એમ રૂા. ૪૦ પાછા આપ્યા છે, એવું સમજીને એ રકમ મેં તો ગણ્યા વગર જ ખિસ્સામાં નાખી હતી. આગળ જઈને ગણું છું તો આપે ૧૦-૧૦ ની ચાર નહીં પણ ત્રણ જ નોટો આપી છે. રૂા. દસ ઓછા આપ્યા છે. લો આ ગણી લો અને મને દસ રૂપિયા મજરે આપો." ગ્રાહકે મોટા દુકાનદારને સભ્ય ભાષામાં વાત કરી.

"ભાઈ! તમારે રકમ તે વખતે જ ગણી લેવી જોઈએ ને! હવે પાછળથી આમ વાંધો પાડો તો કેમ ચાલે?" દુકાનદારના અવાજમાં કડકાઈ હતી. "એ મારી ભૂલ થઈ ગઈ, પણ આપની પણ ગણતરીમાં ભૂલ થઈ છે." ગ્રાહક સ્વસ્થ રીતે બોલ્યો.

"ભાઈ! અમારે લાખોનો વહીવટ ચાલે છે. એમ ગણતરીમાં અમારી ભૂલ શાની થાય? એમ ભૂલ કરીએ તો આજે આટલો વહીવટ સુંદર રીતે શાનો ચાલતો હોય?" વેપારી વધુ કડક બન્યો.

"તો શું તમે ભૂલ કરો જ નહિ...!"

"ના, ભાઈ ના."

"તો જુઓ, શેઠજી! આ દસ-દસની ત્રણ નોટોની વચ્ચે આપે ચોથી નોટ મને દસની આપવાને બદલે રૂપિયા સોની આપી દીધી છે. લઈ લો આ ૧૦૦ રૂપિયાની નોટ." ગ્રાહકના બોલવામાં એવી જ નમ્રતા તરવરતી હતી.

વેપારી હવે શું બોલે?

હા, ક્યારેક લેવાના અને દેવાના અલગ અલગ કાટલાં માણસને મુસીબતમાં મૂકી દે છે, તો સરળ માણસોની સરળતા ક્યારેક સ્પષ્ટ રીતે મેદાન મારી જતી હોય છે!

***– મુનિ ગુણસુંદરવિજયગણિ***

કચ્છ

# રાષ્ટ્રીય વહાણવટા દિવસ : ૫ મી એપ્રિલ

• વી.જે. ઠાકર, નિવૃત્ત મત્સ્યોદ્યોગ નિયામક •

આમ તો દુનિયાની તમામ સંસ્કૃતિઓનો વિકાસ નદીઓનાં તટપ્રદેશો અને મુખ પ્રદેશો પર થવા પામેલ છે. ગ્રીસ મેસીપોટેનિયા તથા સિંધુ સંસ્કૃતિ આનાં જ્વલંત ઉદાહરણો છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન નદીઓમાં આવતા ધસમસતા પૂર દરિયા કિનારે નદીઓના મુખ પ્રદેશોમાં ઠલવાય ત્યારે કુદરતી રીતે જ લાંબી ઊંડી કેનાલો ઉદ્ભવે છે. આ કેનાલોનાં ઉપયોગ મોટા જહાજોને નદીના કિનારે વસેલા ગામ સુધી લાવવા લઈ જવા અનુકૂળતા પૂરી પાડે છે અને આવા સ્થળોએ બંદરોનો કુદરતી રીતે વિકાસ થાય છે. આના કારણે જ વહાણવટા દ્વારા દેશ વિદેશના વ્યાપારની તકો ઊભી થાય છે. આપણાં કચ્છ - સૌરાષ્ટ્ર ખાંચાખૂંચીવાળા દરિયા કિનારે બંદરોનો વિકાસ યુગોથી થયેલ છે. આ ઉપરાંત કચ્છનો અખાત અને ખંભાતનો અખાત સુરક્ષિત વહાણવટા માટે કુદરત તરફથી મળેલ અજોડ ભેટ છે. અને ભૌગોલિક રીતે યુરોપ, આફ્રિકા, અરબસ્તાનથી આવતાં જહાજો માટે ભારતમાં પ્રવેશવાનો "ટ્રેડ રૂટ" કચ્છના કિનારાથી શરૂ થાય છે. એટલે કચ્છ સૌરાષ્ટ્ર ભારતના વિદેશ વેપાર માટેનું પ્રવેશદ્વાર ગણાય છે. આ કારણોથી, યુગોથી વહાણવટું અને વિદેશ વેપાર માટેની ઉમદા તકનો લાભ આપણને મળી રહેલ છે. આપણાં સાહસિક નાવિકો તથા દૂરંદેશી વ્યાપારિક સુઝબુઝવાળા વેપારીઓ સેંકડો વર્ષોથી વિદેશ વેપાર સાથે સંકળાયેલા છે. પરંપરાગત સઢવાળા વહાણોથી આજના મશીનવાળા મહાકાય કારગો વેસલના યુગમાં કચ્છ - સૌરાષ્ટ્રના સાહસિક વેપારીઓનો ડંકો વાગે છે. સૌરાષ્ટ્રના પોરબંદર મિયાણીના મૂળ ભાટિયા વેપારીઓ યુગોથી વહાણવટા દ્વારા વિદેશ વેપાર સાથે સંકળાયેલ હતા. તેમના જ વંશ જે મુંબઈમાં વસ્યા તે પૈકી શ્રી નરોત્તમ મોરારજીએ ધી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંુ.ની સ્થાપના કરી હતી અને ઈ.સ. ૧૯૧૯ના એપ્રિલની ૫મી તારીખે ભારતમાંથી માલ ભરી પ્રથમ મહાકાય સ્ટીમર - કાર્ગોશીપ એસ.એસ. લોયાલિટીને મુંબઈથી લંડન માટે રવાના કર્યું. આ પ્રસંગના માનમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે ૫ મી એપ્રિલને રાષ્ટ્રીય વહાણવટા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એક ગુજરાતી તરીકે આપણાં માટે ગૌરવની વાત એ છે કે આ સાહસિક વેપારી કચ્છ સૌરાષ્ટ્રના સપૂત છે અને વધુમાં ધી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંુ.માં ચેરપર્સન તરીકે એક મહિલા શ્રીમતી સુમતિબેન મોરારજીએ ઘણાં વર્ષો સુધી કુશળ વહીવટ કરી ભારતીય વહાણવટા ઉદ્યોગને એક ઉત્કૃષ્ટ કક્ષાએ લઈ જઈ ગૌરવ અપાવ્યું છે.

આજના આ પ્રસંગે આપણા કચ્છ સૌરાષ્ટ્રનાં વહાણવટાની ગૌરવ ગાથામાં સાહસિક વેપારીઓ, ઉચ્ચ કોટીની નિપુણતા ધરાવતા વહાણવટીઓ માલમો, નાવિકો, વહાણ બાંધકામના કુશળ કારીગરો વગેરેના ફાળા અંગે થોડું ઈતિહાસમાં ડોકિયું કરીએ તો જ આજના દિવસની ઉજવણી સાર્થક ગણાશે.

**૧.** માંડવી (કચ્છ) જહાજ બાંધકામ માટે જૂના વખતથી દુનિયામાં પ્રખ્યાત છે. વહાણ બાંધકામના કારીગરો મિસ્ત્રી, વાઢા, સુથાર તરીકે ઓળખાય છે. આજના નવેલ આર્કિટેક્ટ જેવી વહાણ બાંધકામની કુશળતામાં આ અભણ કારીગરો મહાસાગરો પાર કરી શકે તેવા સી-વર્ધી અને સી-કામલી સ્થિરતાવાળાં મજબૂત જહાજો બાંધતા. માંડવીના જહાજવાડામાં બંધાયેલ વહાણ ૧૭૭૦-૭૮ દરમ્યાન કેપ ઑફ ગુડ હોપ પસાર કરી ઈંગ્લેન્ડ જઈ ત્યાંથી પાછા મલબાર થઈને કચ્છ માંડવી પરત આવેલ અને આવી બીજી ટ્રીપ પણ કરેલ, જે મજબુત જહાજો બાંધવાની કુશળતાની પ્રતીતિ કરાવે છે. ઈ.સ. ૧૭૮૦માં ૮૦થી ૧૦૦ ટનની ક્ષમતાવાળા લગભગ ૮૦૦ વહાણો માંડવી બંદરના વેપારીઓનાં રજિસ્ટર થયેલ હતા. માંડવીના જહાજવાડામાં આરબો તથા યુરોપિયન દેશના વેપારીઓ પણ વહાણ બાંધતા. બ્રિટીશ નેલ્સન 'વિક્ટરી' યુધ્ધ જહાજ માંડવીના નથુ લધાના જહાજવાડામાં બંધાયેલ અને આજે પણ લંડનના મ્યુઝિયમમાં રાખવામાં આવેલ છે. માંડવીના જહાજવાડામાં કોટિયા, તુતકડી, બતેલો, ધાઉ, જલતરંગ વગેરે જુદી જુદી ડિઝાઈન મુજબનાં વહાણો બાંધવામાં આવતા.

વહાણના મોરા ઉપર ગરૂડનું મુખ મૂકવામાં આવતું. વહાણ બાંધકામના કુશળ ગૈધરોની પેઢીમાં હાલ સાજણ, મિસ્ત્રી, યાકુબ મિસ્ત્રી, ઈસ્માઈલ મિસ્ત્રીનાં વંશજો આદમ મિસ્ત્રી, ઈબ્રાહીમ મિસ્ત્રી વગેરે માંડવીમાં આજે મોજૂદ છે.

**૨.** વહાણનો કેપ્ટન જે માલમ કહેવાતો, તે અભણ હોવા છતાં અક્ષાંસ - રેખાંશ - ગણતરી માટે દેશી પધ્ધતિ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)**

# મહેસૂલી તંત્રની જાદુકળા (૨)....!!!

• શશીકાંત એમ. ઠક્કર, એડવોકેટ •

*કચ્છના મહેસૂલી તંત્રમાં કેટલી લાલિયાવાડી ચાલે છે અને ભ્રષ્ટાચારે કેટલી હદ સુધી માઝા મૂકી છે તેની વિગતો શ્રી શશીકાંત એમ. ઠક્કરના આ લેખનો અભ્યાસ કરવાથી જાણી શકાશે.*

*– તંત્રી મંડળ*

મહેસૂલી તંત્રની જાદુકળાથી જુદા જુદા સાત માલિકોનાં કુલ્લ નવ સર્વે નંબરો અન્યના નામે મહેસૂલી દફતરે કઈ રીતે નોંધી દેવાયા તેની વિગતો આપણે અગાઉ જોઈ. આ જમીનોની વિગતો નીચે મુજબ છે.

| નોંધ નં. | તારીખ | પ્રમાણિત તારીખ | સર્વે નંબર | મૂળ માલિકનું નામ | |
|---|---|---|---|---|---|
| ૧૮૬૯ | ૨૧-૭-૦૫ | ૨૫-૮-૦૫ | ૪૧૫ | જુસબ ઈબ્રાહીમ ભટી | રાઉમા અલીમામદ હુસેન |
| ૧૮૭૦ | ૨૧-૭-૦૫ | ૨૫-૮-૦૫ | ૪૧૩ | શા. ડુંગરશી વેરશી | રાઉમા અલીમામદ હુસેન |
| ૧૮૭૧ | ૨૧-૭-૦૫ | ૨૫-૮-૦૫ | ૪૧૯ | શાહ હેમરાજ રાણા | રાઉમા અલીમામદ હુસેન |
| ૧૮૭૩ | ૨૧-૭-૦૫ | ૨૫-૮-૦૫ | ૪૧૮ | શાહ રામજી હભુ | રાઉમા અલીમામદ હુસેન |
| ૧૮૭૪ | ૨૧-૭-૦૫ | ૧૪-૧૧-૦૫ | ૪૦૮ / ૩૮૯ | લાકડિયા પાંજરાપોળ | રાઉમા અલીમામદ હુસેન |
| ૧૮૭૫ | ૨૧-૭-૦૫ | ૧૪-૧૧-૦૫ | ૪૧૭ | તેજબાઈ ભચુ તથા નાથીબાઈ ભચુ | રાઉમા અસગર હુસેન |
| ૧૮૭૨ | ૨૧-૭-૦૫ | ૨૬ તા. ૨૯-૯-૦૬ | ૪૩૨/૧ ૪૩૮ | પોપટ ભીમા શાહના વારસ દામજી પોપટ | રાઉમા અલીમામદ હુસેનના નામે તબદીલ કરતી નોંધ ૨૬ |

ઉપરોક્ત જમીનો પૈકી સર્વે નં. ૪૧૫ અંગે મૃત માલિકના વારસદારે તા. ૭-૧૧-૨૦૧૩ના કલેક્ટરશ્રીને નોટીસ આપી હતી અને તે નોટીસ તા. ૨૪-૧૨-૨૦૧૩ના ભચાઉના પ્રાંત અધિકારીને મોકલવામાં આવી છે તેમ છતાં તે અધિકારીએ તા. ૨૧-૪-૨૦૧૫ના અપીલ નામંજુર કરતી વખતે પણ આવી ગંભીર બાબત નજરઅંદાજ કરી છે. આ જમીન સને ૨૦૦૮માં ઔદ્યોગિક કંપનીને વેચાણ પણ કરી નખાઈ અને તેની કોઈ નોટીસ મૂળ માલિક કે તેના વારસોને આપ્યા વિના તેની નોંધ પણ પ્રમાણિત કરી દેવાઈ. ગણોતધારાની કલમ-૮૯ હેઠળ મંજૂરી પણ અપાઈ. અન્ય કેસોમાં ટાઈટલ અંગે દૂધમાં પોરા કાઢતા તંત્રએ આ કિસ્સામાં ટાઈટલ તપાસવાની પણ તસ્દી લીધી નહીં. ૬ મહિનામાં બિનખેતી કરાવવાની શરતનો પણ ભંગ થયા છતાં પગલાં લેવાયા નહીં.

સર્વે નં. ૪૧૩ અંગે નાયબ કલેક્ટરશ્રીએ ક્ષતિ નોંધ અંગેના કરેલ હુકમ મુજબ નોંધ નં. ૨૨૮૬થી મૂળ માલિકનું નામ દાખલ કરવામાં આવ્યું. તેમ છતાં પાછળથી બીજી નોંધ પણ દાખલ કરી આ બાબત ઉલટાવવામાં આવી. જે અંગે મામલતદાર સમક્ષ કામ નં. ૮૧/૦૯માં તા. ૧૯-૧૨-૨૦૦૯ના હુકમથી આ નોંધ નં. ૨૪૧૬ વાળી નામંજુર કરવામાં આવી. તેમ છતાં ફરીથી સને ૨૦૧૦માં નવી નોંધ નં. ૨૬૫૭ દાખલ કરી સર્કલ ઓફિસરના અભિપ્રાય વગેરેના આધારે નાયબ મામલતદારે મૂળ માલિકનું નામ કમી કરી અગાઉ ખોટી રીતે તબદિલી કરાવનારનું નામ દાખલ કરી આપ્યું. મૂળ માલિક ગુજરી ગયેલ હોવા છતાં ત્યારબાદની તેમની કહેવાતી સહમતિના આધારે આ તબદિલી થઈ. અહીં નાયબ મામલતદારે નાયબ કલેક્ટર અને મામલતદારના ઉપરી અધિકારી જ કરી શકે તેવું કામ કરી આપ્યું. છે ને આ જાદુકળા....!!!

સર્વે નં. ૩૮૯ અને ૪૦૮વાળી જમીનના કિસ્સામાં પણ નાયબ કલેક્ટરના હુકમથી ક્ષતિનોંધ દાખલ કરી મૂળ માલિક તે પાંજરાપોળનું નામ દાખલ કરવામાં આવ્યા છતાં પાછળથી સર્કલ ઓફિસરશ્રી ભચાઉના અભિપ્રાયનો હવાલો આપી નાયબ મામલતદારે મૂળ માલિકનું નામ કમી કરી ખોટી તબદિલી

કરાવનારનું નામ ફરીથી દાખલ કરી આપ્યું. નાયબ કલેક્ટરના પણ આ નાયબ મામલતદાર ઉપરી થઈ ગયા એ જાદુકળા સમજવા જેવી છે...! અન્ય આવા ટ્રસ્ટોની જમીનની તબદિલી ચેરીટી કમિશ્નરશ્રીની મંજુરીના અભાવે રદ કરવામાં આવે છે જ્યારે આ કિસ્સામાં માત્ર કહેવાતા ટ્રસ્ટીની કહેવાતી સહમતિનો આધાર આપી જમીન ખાનગી વ્યક્તિના નામે તબદિલ કરવામાં આવી છે તે પણ જાદુકળા નથી....?

સર્વે નંબર ૪૧૭ વાળી જમીન ત. ૧-૭-૨૦૦૯ના હુકમથી બિનખેતીમાં ફેરવવાની મંજૂરી પણ આપી દેવાઈ છે. આ જમીન પણ ઔદ્યોગિક કંપનીને વેચી દેવાઈ હતી. આ કિસ્સામાં પણ ટાઈટલની ચકાસણી યોગ્ય રીતે કરવામાં આવી નથી તેવું જણાય છે.

સર્વે નંબર ૪૧૮ વાળી જમીન પણ તેજ ઔદ્યોગિક કંપનીને વેચાઈ છે પરંતુ માપણી વધારો હોવાથી બિનખેતી મંજૂરી અપાઈ નથી પણ નીચેથી ઉપર સુધી હકારાત્મક અભિપ્રાયો અપાઈ ચૂક્યા છે.

આ સાત કિસ્સા પૈકી માત્ર એક કિસ્સામાં સંબંધિત નોંધ નં. ૧૮૭૨ વાળી મામલતદારશ્રી એમ.બી. ઓઝાએ તે યોગ્ય રીતે રદ કરી નાખી. તેથી તેમાં સમાવિષ્ટ બે સર્વે નંબરો ખોટી વ્યક્તિના નામે દાખલ થતાં બચી ગયા. આમ છતાં ફરીથી તા. ૨૪-૫-૨૦૧૨ના આવી જ નોંધ નં. ૩૦૭૦ દાખલ થઈ. પરંતુ તે નાયબ મામલતદાર દ્વારા 'વટાંતર હક્ક જતો કરવાના રજી. દસ્તાવેજ રજૂ કરેલ ન હોઈ રદ' એ રીતે તા. ૧૨-૭-૧૨ના રદ કરવામાં આવી છે. અહીં સવાલ એ ઊભો થાય છે કે આ જ અધિકારીએ આવા કોઈ દસ્તાવેજ થયા વિના અન્ય નોંધો નં. ૨૪૧૭, ૩૦૭૨, ૨૬૫૭ કઈ રીતે પ્રમાણિત કરી???

આટલી હદ સુધીની ગેરરીતિઓ થાય અને ઉચ્ચ અધિકારીઓ પણ તેને નજરઅંદાજ કરે તે માત્ર અધિકારીઓના મેળાપીપણાથી થાય તે સંભવિત નથી પરંતુ તેમાં રાજકીય હસ્તીઓનું પીઠબળ પણ હોય જ. આવા લોકો વાગડમાં તો હાહાકાર મચાવે છે. ઉપરોક્ત જમીનો પૈકી સર્વે નં. ૪૧૯માં તો મૂળ માલિકનું નામ કાઢીને જેના નામે તબદીલ કરવામાં આવી હતી તે જ વ્યક્તિ પાસેથી મૂળ માલિકના વારસોએ રજી. દસ્તાવેજથી વેચાણ લીધી છે તેવું રેકર્ડ ઉપર નોંધાયું છે. સંભવ છે કે મૂળ માલિકના વારસોએ આવા લોકો સામે કાનૂની કાર્યવાહી કરવાની અશક્તિનાં સંભવિત કારણે મોઢામાં તરણું પકડ્યું હોય...!

અત્રે ઉલ્લેખનીય છે કે જે કામ રેવન્યુ તંત્રમાં મામલતદાર કે નાયબ કલેક્ટર જેવા ઉચ્ચ હોદ્દા ધરાવતાં અધિકારીઓ ન કરી શકે તે કામ સર્કલ ઓફિસર અથવા નાયબ મામલતદાર કરી બતાવે એ જ છે રેવન્યુ તંત્રની જાદુકળા...!!!

*(સંપૂર્ણ)*

***'જલિયાણા',***
***જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી, જૂનાવાસ,***
***માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦. મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧***

## ગુરુ નાનકની સોય

એક વખતે ગુરુનાનક લાહોર ગયેલા ને ત્યાં એક ધર્મશાળામાં ઊતરેલા. એ સમયે લાહોરમાં એવો રિવાજ હતો કે જે વ્યક્તિ પાસે જેટલા લાખ રૂપિયા હોય તેટલા ઝંડા પોતાના ઘર પર લહેરાવવા.

તે વખતે દુનીચંદ નામના શેઠ પાસે વીસ લાખ રૂપિયા હોવાથી તેણે પોતાના ઘરની છત પર વીસ ઝંડા લહેરાવેલા. તેને ખબર મળ્યા કે ગામમાં ગુરુનાનક પધાર્યા છે, એટલે એ તેમના દર્શનાર્થે ઊપડ્યો!

ગુરુનાનક સમક્ષ ઊભા રહી નતમસ્તકે બોલ્યો, "મહારાજ, આપ આજ્ઞા આપો. હું આપની શી સેવા કરું?"

"દુનીચંદ, તુ આ સોય લઈ જા. તેને બરાબર સાચવજે. તારે મને આ સોય આવતા જન્મમાં એક સમયે પરત કરવાની છે તે બરાબર યાદ રાખજે." ગુરુનાનકે કહ્યું.

દુનીચંદ દોલતના નશામાં ચકચૂર હોવાને કારણે તે ગુરુની વાત સમજી ન શક્યો, આથી તેણે ઘેર આવી સોયને એક સ્થળે મૂકી દીધી. રાત્રિ થતાં તે સૂતો સૂતો વિચારી રહ્યો કે આવતા જન્મે સોય ગુરુને કેવી રીતે પરત આપી શકીશ? એ તો અશક્ય છે...

સવાર થતાં તેણે ગુરુનાનક સમીપ જઈ ઊભા રહીને કહ્યું, "ગુરુદેવ! માનવી મૃત્યુ વેળાએ પોતાની સાથે કશું લઈ જતો નથી. તો પછી આવતા જન્મે હું આપની સોય કેમ કરીને પરત આપું? માટે આપ આ સોય લઈ લો."

શેઠની વાત સાંભળી ગુરુ બોલ્યા, "દુનીચંદ, જો તું એક નાનકડી સોય પણ સાથે લઈ જવા અસમર્થ છે તો આવડી મોટી જમા કરેલી મિલકત કેવી રીતે સાથે લઈ જઈશ?"

ગુરુની વાત સાંભળી દુનીચંદની આંખો ખૂલી. પછી તેણે પોતાની તમામ દોલત ગરીબો તથા અનાથોને વહેંચી દીધી ને તે ગુરુનાનકનો સાચો શિષ્ય બની ગયો. ■

સાયન્સ / ટેકનોલોજી

# આર્કિટેક્ચર – એક દૃષ્ટિકોણ

• પાર્થ ઠક્કર - આર્કિટેક્ટ •

*આર્કિટેક્ચર એટલે જુદા જુદા પ્રકારના મકાનો, નગરો, બાગબગીચા, રસ્તાઓ વગેરેની રચના અને બાંધકામના પ્લાનિંગ અને ડિઝાઈનિંગ આવી એક સામાન્ય સમજ હોય છે. બીજા અર્થમાં આર્કિટેક્ચર એટલે માનવીના ઈતિહાસનું પ્લાનિંગ અને ડિઝાઈનિંગનું પ્રતિબિમ્બ. પરંતુ તેના પરિમાણો કયા? નવી પેઢીના ડિઝાઈનરોએ આ બધી વાત સારી રીતે સમજવી જોઈએ. પ્રસ્તુત લેખમાં લેખકશ્રીએ આ વિષયે વિસ્તૃતપણે પ્રકાશ પાડેલ છે. વાચકવર્ગને તે ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી થશે, તેવી અપેક્ષા છે.*

*– તંત્રી મંડળ*

માનવીના વ્યક્તિગત અને સામાજિક અસ્તિત્વ અને વિકાસને એક જુદા જ ભૂલાઈ ગયેલા દૃષ્ટિકોણથી સમજાવવાનો અહીં પ્રયત્ન છે. આપણે તેને આર્કિટેક્ચરનો દૃષ્ટિકોણ કહી શકીએ. વ્યવસાયે આર્કિટેક્ટ હોવાથી કોઈ એમ ધારી લેશે કે હું મારું જ ચલાવ્યે રાખીશ. પરંતુ લેખના અંતમાં તમે સ્વીકારશો કે આ એક સર્વસાધારણ દૃષ્ટિકોણ બનવો જોઈએ.

આર્કિટેક્ચર એટલે અહીં સિવિલ એન્જિનિયરીંગ, ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ, સ્ટ્રક્ચરલ ડિઝાઈનિંગ, લેન્ડસ્કેપ ડિઝાઈનિંગ, ઈન્ટીરિયર ડિઝાઈનિંગ બધું જ સમાવિષ્ટ સમજવાનું છે. આર્કિટેક્ચર એક મુખ્ય ધારા છે. ગુજરાતી, હિંદી કે સંસ્કૃતમાં તેને સ્થાપત્ય શાસ્ત્ર કહેવાય છે. સામાન્ય માણસની સમજમાં આર્કિટેક્ચર એટલે જુદા જુદા પ્રકારના મકાનો, નગરો, બાગબગીચા, રસ્તાઓ વગેરેની રચના અને બાંધકામ.

*માણસની દુનિયાનું - માણસના ઉપયોગનું બધા જ પ્રકારના બાંધકામનું ક્ષેત્ર.*

આ એક સ્થૂળ અર્થની વાત થઈ. આપણે આ સ્થૂળ અર્થથી થોડા આગળ વધીએ.

નગરો અને મકાનોની રચના આજે પણ થાય છે, ગઈકાલે પણ થતી હતી, આવનારી પેઢીઓ પણ કરશે. ૨૫-૫૦ કે ૨૦૦-૫૦૦ વર્ષ પહેલાનાં નગરો - સ્થાપત્યો આપણે જાણીએ છીએ. પુરાતત્ત્વવિદોએ ૨૦૦૦-૩૦૦૦ વર્ષ પહેલાના નગરો શોધી - ખોદી કાઢ્યા છે તે પણ આપણે જાણીએ છીએ. આ વાત આપણે ફક્ત જાણીએ છીએ, પરંતુ તેમાં થોડા ઊંડા ઉતરીએ તો તેને માણી પણ શકીએ. ૨૦૦-૫૦૦ વર્ષ જૂના શહેરમાં આપણે આજે પણ જીવીએ છીએ. તેમાં રોજ એક એક ઇંટ મૂકીએ છીએ અને સતત વિકસતું નગર બનાવીએ છીએ.

નગર જૂનું કે નવું આપણે કેવી રીતે સમજીએ છીએ?

તેના મકાનો કે સ્થાપત્યો દ્વારા. મતલબ કે સ્થાપત્યો જે તે સમયનું પ્રતિબિંબ છે. જે તે સમયની રચના, સ્ટાઇલ, ડિઝાઈન, મટીરિયલ વગેરેને પ્રતિબિંબિત કરે છે. આમ, આ સ્થાપત્યો જે તે સમયનું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રતિનિધિત્વનો વધારે વ્યાપક અર્થ જોઈએ તો જે તે સમયના વાપરનારના સમયનું પ્રતિનિધિત્વ. એટલે કે તે સમયના માનવીના જીવનનું પ્રતિબિંબ. સમય પ્રમાણે તેમાં થતાં પરિવર્તન આપણે જોઈ શકીએ છીએ. એ રીતે મૂલવતાં –

*સમય એ આર્કિટેક્ચરનું ચોથું પરિમાણ છે.*

***Time is the fourth dimension of Architecture.***

અહીં આપણે વધારે વિશાળ અર્થ જોયો. આર્કિટેક્ચર એટલે માનવીના સમયનું, માનવીના જીવનનું, માનવીના ઈતિહાસનું પ્રતિબિંબ.

હવે આપણે વધુ ઉંડાણમાં સફર કરીએ. ૨૦૦ કે ૪૦૦ વર્ષ જૂના મકાનો કે સ્થાપત્યોમાં આજે પણ માણસો રહે છે, જીવે છે. (૪૦૦ વર્ષનું આયુષ્યવાળા માણસો નહીં, બલકે તેમની નવી પેઢીઓ જીવે છે.) તેઓ તે સમયની જીવનશૈલી અને આજની જીવનશૈલી સાથે તાલ મિલાવવાની કોશિશ કરી રહ્યા છે. તે સમયના ઈતિહાસને ધબકતો રાખવા માટે વારસાનું જતન કરી રહ્યા છે. **આ સ્થાપત્યો, આ મકાનો, આ નગર – તે તેમનો વારસો છે. અને તે આપણો પણ વારસો છે. કારણ કે તે હજી ધબકે છે. ધબકતો બંધ થશે ત્યારે તે ઇતિહાસ બની જશે. તે લોથલ કે ધોળાવીરા બની જશે.**

***Living History is our Heritage and Dead Heritage is our History.***

*આર્કિટેક્ચર એ વારસો પણ છે. આજે પેદા થતું આર્કિટેક્ચર ઈતિહાસ ન બને પરંતુ જતન કરવાની ઈચ્છા થાય તેવો વારસો બને તે આપણે જોવું જોઈએ.*

આર્કિટેક્ચર કે સ્થાપત્ય શાસ્ત્રની સમજ માટેની આ એક સફર છે. તેમાં સામાન્ય માનવીને સમજાય તે શૈલીમાં સ્થૂળ, વિશાળ અને સૂક્ષ્મ સમજ રજૂ કરી છે. આ સફર હજી આપણે થોડી આગળ વધારીએ.

આપણે અત્યાર સુધી સ્થાપત્ય, નગર રચના, આર્કિટેક્ચરને, સંસ્કૃતિના, સમયના કે કાળના કે માનવ જીવનના નિરૂપક અથવા પ્રતિનિધિ તરીકે જોયું. તેના અંતે કેટલાક સનાતન તારણો કાઢ્યા. હવે હું અહીં એવું જ એક સનાતન વિધાન કરીશ અને પછી તેનાં તારણોની પ્રક્રિયા વર્ણવીશ.

***Architect comes first in the life of human being than Doctor.***

શારીરિક દર્દ, દુઃખમાંથી છુટકારો મેળવવા કે રાહત મેળવવા માનવીના જીવનમાં ડૉક્ટરની અનિવાર્યતા છે જ. પરંતુ સ્વસ્થ અને દર્દમુક્ત જીવન માટે, સ્થાયી, સ્વચ્છ, સુંદર, સુઘડ વાતાવરણ અને સ્થળો બનાવવા તથા તેને સંભાળવા માટે સારા આર્કિટેક્ટ કે ડિઝાઈનર પ્રાથમિક રીતે જવાબદાર છે. સારા આર્કિટેક્ટ કે એન્જિનિયર જ સ્વચ્છ, હાઈજેનિક અને ટકાઉ વાતાવરણનું સર્જન કરી શકે છે. તે માટે પ્લાનિંગના સિદ્ધાંતો, નીતિ નિયમો, બાયલૉઝની રચના કરવામાં આવી છે. આર્કિટેક્ચર કૉલેજોમાં હિસ્ટ્રી ઑફ આર્કિટેક્ચર અને બાયલૉઝ ઉપરાંત સ્વાસ્થ્યપ્રદ મકાનો અને રચનાઓ માટે હવામાનશાસ્ત્ર પણ ભણાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ પરીક્ષા તો સારી રીતે પાસ કરી લે છે, પરંતુ પછી વ્યવહારમાં - પ્રેક્ટિસમાં કેટલું અમલ કરે છે અથવા કરી શકે છે તે એક પ્રશ્ન છે.

આપણે લોકો દુબઈ, સિંગાપુર, હોંગકોંગ જેવા વિશ્વના આધુનિક મહાનગરોની મુલાકાતો લઈને આવીએ પછી ત્યાંના તંત્રની સ્વચ્છતા અને શિસ્તને બિરદાવીએ છીએ.

***આપણે આપણી મોંઘી કાર કે વાહનને ટ્રાફિક સિગ્નલ પર સ્ટોપ લાઈનની બહાર રાખીએ છીએ? આપણું મકાન કે ફ્લેટ બનાવતાં માર્જીનમાં કે ટેરેસ પર વધારાનું કેટલું બાંધકામ થાય તે પહેલાં વિચારીએ છીએ?.... શિસ્ત!!!***

સુંદર અને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણના નિર્માણ માટે બાંધકામની સાથે સાથે ખુલ્લી જગ્યાઓ, લીલોતરી અને સ્વચ્છતા પણ ખૂબ જ અનિવાર્ય છે. મધ્યમ અને ગરીબ વર્ગના આવાસો માટે આ બાબત એટલી જ જરૂરી છે જેટલી કે ઉચ્ચ વર્ગના આવાસો માટે. આપણા ડેવલપર્સ, ડિઝાઈનર્સ અને ઓથોરિટીના કર્તાહર્તાઓએ આ વાત સમજીને એક સામાજિક જવાબદારી તો નિભાવવાની જ છે. પણ સાથે સાથે સમાજની દરેક વ્યક્તિએ તે સમજીને તેના અમલ માટે કટીબધ્ધ થવાનું છે. **લોથલ, મોહેન્જો દરો અને ધોળાવીરાના અવશેષો બતાવે છે કે તે સમયે આર્કિટેક્ટ અને એન્જિનિયર સમાજના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે કેટલા જવાબદાર હતા.**

***સારો ડિઝાઈનર સૌપ્રથમ એક ઉમદા વ્યક્તિ હોવો જોઈએ.*** આ સૃષ્ટિ પ્રત્યે, કુટુંબ પ્રત્યે, વ્યવસાય પ્રત્યે, સમાજ પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યે ન્યાયપૂર્ણ નૈતિક વ્યવહાર કરનાર વ્યક્તિ જ સારો આર્કિટેક્ટ બની શકે છે. **નવી પેઢીના ડિઝાઈનરોએ આ વાત દિલમાં કોતરી નાખવી જોઈએ કે તેઓ સમાજના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સૌપ્રથમ જવાબદાર છે.**

*ઘર (નગર) એટલે?*

જેમાં પ્રવેશતા જ જીવનના તમામ દુઃખ, દર્દ, ચિંતાઓ ભૂલી જવાય, શાંતિ, સ્વસ્થતા અને હૂંફ પ્રાપ્ત થાય તેવું સ્થાન. એક બાળક માટે મા નો ખોળો. પુખ્ત માનવી માટે ઘરનું વાતાવરણ આ કામ કરે ત્યાં ડિઝાઈનર સફળ ગણાય.

***જ્યાં - જે ઘરમાં - જે નગરમાં પરમ શાંતિ - પરમ સુખની અનુભૂતિ થાય છે ત્યાં આર્કિટેક્ચરનું પાંચમું પરિમાણ પેદા થાય છે.***

આપણો બધાનો વૈચારીક રીતે આમાં સરખો હિસ્સો હોવો જોઈએ. કયા મધ્યબિંદુથી ઊભા રહીને આર્કિટેક્ચરને આજે આપણે જોયું? આપણા બધાનો આ એક સાર્વજનિક દૃષ્ટિકોણ બને તો ઘણાં બધા પ્રશ્નો આપમેળે હલ થઈ જાય.

*૧૦૧૫, સ્પાન ટ્રેડ સેન્ટર,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૪૨૬૦ ૮૦૫૬૫*

☺ *નવા નિયમ મુજબ ટુ-વ્હીલર ચલાવનાર સ્ત્રી હોય કે પુરુષ, હેલ્મેટ તો ફરજિયાત છે.*

*આવું સાંભળતા જ પત્નીએ કબાટ ખોલીને કપડાં જોયાં અને બોલી : 'હે ભગવાન... મારે તો હવે પચીસ-ત્રીસ હેલમેટ મેચિંગવાળી લેવી પડશે....!'*

*આ સાંભળીને પતિએ તાત્કાલિક એક્ટીવા વેચી નાખ્યું!*

# ડિજિટલ યુગના પાયામાં છે : આ છ માતામહ

૭૦ વર્ષ અગાઉ અમેરિકામાં એક મહાન વૈજ્ઞાનિક શોધ માટે ડીનરનું આયોજન થયું હતું. આ શોધ હતી જગતના સૌ પ્રથમ ઈલેક્ટ્રોનિક ડિજિટલ કોમ્પ્યુટરની. જેને ઈએનઆઈએસી – ઈલેક્ટ્રોનિક ન્યુમરિકલ ઇન્ટિગ્રેટર એન્ડ કમ્પ્યુટર એવું નામ અપાયું હતું. આ એક એવું સર્વપ્રથમ કમ્પ્યુટર હતું જે એ વખતે જેટલા પણ ઈલેક્ટ્રોમિકેનિકલ મશીનો ઉપલબ્ધ હતા એના કરતા ૧૦,૦૦૦ ગણા વધુ ઝડપથી ગમે તેવા અટપટા ગણિતનો જવાબ ઘડીના છઠ્ઠા ભાગમાં આપી શકતું હતું. આવા આ મહાન કમ્પ્યુટરની શોધ થઈ છે એની ઉજવણી કરવા માટે આ ડીનર યોજાયું હતું પણ એમાં આ શોધ જેમણે કરી હતી તે છ વ્યક્તિઓને જ આમંત્રણ આપવામાં નહોતું આવ્યું. કારણ? કારણ માત્ર એટલું જ હતું કે તે છયે છ સંશોધકો મહિલાઓ હતી!

આપણા હાથમાં આજે જે રમકડાં જેવા મોબાઈલ અને સ્માર્ટફોન છે એનું મુળભૂત શ્રેય આ છ માતામહોને જાય છે અને છતાં આજે ભાગ્યે જ કોઇને એની જાણ છે કે આ ડિજિટલ યુગમાં જે જાતભાતના ગેજેટ્સ આપણી પાસે છે એ આ છ મહિલાઓને આભારી છે. જિન બર્ટીક, કેથલીન એન્ટોનેલી, રુથ ટેઇટલબામ, ફ્રાન્સિસ સ્પેન્સે, મરલીન મલ્તઝર અને બેટ્ટી હોલબર્ટને વિશ્વનું પહેલું કોમ્પ્યુટર તૈયાર કર્યું હતું એ વાતની નોંધ પણ વરસો સુધી લેવાઈ નહોતી. જો કે હવે તેમના આ કાર્યની નોંધ એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકાથી માંડીને વિવિધ સ્થળોએ લેવાઈ છે.

વિજ્ઞાનના જગતમાં સંશોધન કરનારા ન્યૂટનથી માંડીને આઈન્સ્ટાઈન અને અન્ય વૈજ્ઞાનિકોના નામ આપણને સ્કૂલ કૉલેજોમાં ગોખાવવામાં આવ્યા છે પણ આપણામાંના કેટલા લોકોને અને આપણા બાળકોને એટલી પણ જાણ છે કે જગતનું સર્વપ્રથમ 'જનરલ પર્પઝ' એટલે કે સામાન્ય લોકોને ઉપયોગમાં આવી શકે એવું કમ્પ્યુટર છ મહિલાઓએ તૈયાર કર્યું હતું!

સિત્તેર વર્ષ અગાઉ અમેરિકાના ફિલાડેલ્ફિયા શહેરની છ મહિલાઓને અમેરિકાના લશ્કરે આ ખાસ પ્રોજેક્ટ માટે પસંદ કરી હતી. એ વખતે તેમને એક એવું મશીન અથવા કમ્પ્યુટર તૈયાર કરવાનું કામ સોંપાયું હતું જે યુદ્ધ દરમિયાન આકાશમાંથી પસાર થતી મિસાઈલની ગતિની પલકવારમાં ગણતરી કરી આપી શકે. છ મહિલાઓની આ ટીમે સતત બે વર્ષ સુધી સખત મહેનત કરીને તે વખતે ઉપલબ્ધ મશીનો કરતા દસ હજાર ગણી વધુ ઝડપથી કેલ્ક્યુલેશન એટલે કે ગણતરી કરી આપે એવા આ કમ્પ્યુટરની શોધ કરી આપી હતી.

સૌથી વધુ નોંધનીય બાબત તો એ છે કે આ છયે મહિલાઓએ જ્યારે પોતાની કામગીરી શરૂ કરી ત્યારે તેમને મશીનો અંગેનો કોઈ અભ્યાસ કે અનુભવ નહોતો. આ બધી જ મહિલાઓ ગણિતજ્ઞ હતી અને તેમને ક્યારેય કોઈ મશીન સાથે કામ કરવાનો વારો આવ્યો નહોતો.

અમેરિકન આર્મી દ્વારા તેમને આ કામ સોંપવામાં આવ્યું ત્યારે તેમને માત્ર આ મશીનના વાયરિંગ સંદર્ભે કાગળ પર થોડાક નકશાઓ ચીતરી આપવા સિવાય કોઈ પણ પ્રકારની વિશેષ સામગ્રી પૂરી પાડવામાં આવી નહોતી. જો કે આ છ મહિલાઓએ આ કમ્પ્યુટરની રચના કરી એ પહેલાં કોઈએ આવું મશીન જોયું જ નહોતું. એટલે એ અંગેની કોઈ જ માહિતી તેમની પાસે ન હોય એ સ્વાભાવિક હતું.

બૈરાંઓને તે વળી મશીનમાં શું સમજ પડે અને કમ્પ્યુટર જેવી બાબતો પર તો પુરુષોનો જ ઈજારો છે એવી ટીપ્પણીઓ કરતા લોકોને કદાચ ખ્યાલમાં પણ નહીં હોય કે આ કમ્પ્યુટર તૈયાર કરવામાં આ છ મહિલાઓએ ફક્ત બૌદ્ધિક જ નહીં પણ કેટલો શારીરિક શ્રમ કર્યો છે! આ સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ૧૮૦૦૦ વેક્યુમ ટ્યુબ્સ, ૭૦,૦૦૦ રેઝિસ્ટર, ૧૦,૦૦૦ કેપેસિટર્સ અને ૫૦ લાખ હાથેથી સોલ્ડર કરેલા સાંધાઓ હતા! સાદી ભાષામાં કહીએ તો આ મશીનનું વજન અમુક ડઝન ટન હતું અને એ એટલું વિશાળ હતું કે એને સમાવવા માટે ૧૫૦૦ સ્કવેર ફૂટના રૂમની જરૂર પડી હતી. આવડું મોટું મહાકાય મશીન બનાવવા માટે કેટલો શારીરિક શ્રમ કરવો પડ્યો હશે એની કલ્પના કરવી અઘરી નથી.

આ કમ્પ્યુટર તૈયાર કરવા માટે આ છ મહિલાઓ અઠવાડિયાના છ દિવસ બેથી ત્રણ શિફ્ટમાં એટલે કે રીતસર રાત-દિવસ કામ કરતી હતી. મતલબ કે એમણે કંઈ આ કમ્પ્યુટરની કામગીરીની નકશાઓ કાગળ પર ચીતરીને હાથ ઉપર નહોતા કરી દીધા પણ આ મહાકાય મશીનના બધા વાયરો, પૂર્જાઓ જોડવાનું કામ પણ આ મહિલાઓએ જ કર્યું હતું. આ છમાંની બોલકી અને મજાકિયા સ્વભાવની બેટ્ટી હલબર્ટન કહેતી કે અમારે છોકરીઓ જેવા નાજુક - નમણા દેખાવાનું હતું, પ્રૌઢ મહિલાની જેમ વર્તવાનું હતું અને ગધેડાની જેમ કામ કરવાનું હતું. આ છ મહિલાઓએ બે વર્ષ સુધી કમરતોડ મહેનત કરીને વિશ્વનું સૌથી પહેલું ઉપયોગી કમ્પ્યુટર બનાવ્યું હતું.

સૌથી આઘાતજનક બાબત તો એ છે કે એકવાર આ

કમ્પ્યુટર બની ગયું પછી આ મહિલાઓ સાથે એવી રીતે વ્યવહાર કરવામાં આવ્યો કે જાણે તેમનું કામ જાહેરખબરમાં મોડેલ હોય એ રીતે ફક્ત એ મશીન દેખાડવાનું જ હોય. આ આખું મશીન તૈયાર કરવાનું શ્રેય તેમને આપવામાં જ આવતું નહોતું તે એટલે હદ સુધી કે આવું વિચક્ષણ સંશોધન થયું એ માટે યોજાયેલી પાર્ટીમાં તેમને આમંત્રણ સુદ્ધાં આપવામાં આવ્યું નહોતું. જિન બાટીકે સીએનએનને આપેલી એક મુલાકાતમાં કહ્યું હતું કે અમે આ કમ્પ્યુટર તૈયાર કર્યું છે એ કંઈ ખાનગી વાત નહોતી પણ જાણે એ માટે અમને શ્રેય આપવામાં કોઈ રસ જ ધરાવતું નહોતું. એ લોકો એવી રીતે વર્તણૂક કરતા હતા જાણે તેમને કંઈ જાણ જ ન હોય કે આ મશીન અમે તૈયાર કર્યું છે.

૧૯૪૬ની ૧૫મી ફેબ્રુઆરીએ 'જાયન્ટ બ્રેઈન' અથવા મહાકાય મગજ તરીકે જે મશીનને રજૂ કરવામાં આવ્યું એના ૫૦ વર્ષ બાદ આ મહિલાઓને એના માટે શ્રેય મળ્યું હતું. એટલે કે ૧૯૯૭માં આ છ મહિલાઓને વિમેન ઇન ટેકનોલોજી ઈન્ટરનેશનલ હોલ ઑફ ફેઈમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. એટલે કે જે મહિલાઓએ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું હોય એને બિરદાવતી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ તેમના કાર્યની નોંધ લીધી. જો કે જગતને આની વ્યવસ્થિતપણે જાણકારી તો છેક ૨૦૧૪માં થઈ જ્યારે કમ્પ્યુટર વિશેની એક ડોક્યુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવી જેમાં આ છ મહિલાઓના કાર્યને સ્વીકારીને એને બિરદાવવામાં આવ્યું.

આજે પણ કેટલાક બુડથલ બૌદ્ધિકો અને કોલમિસ્ટો મહિલાઓને અને ખાસ કરીને શહેરમાં વસતી મહિલાઓને પૂરતી તક મળે છે, તેમને અન્યાય નથી થતો એવું કહેતા ફરે છે. અમેરિકા જેવા વિકસિત કહેવાતા દેશમાં પણ મહિલાઓને તેમણે કરેલા કાર્યની નોંધ લેવાય એ માટે ૭૦ વર્ષ રાહ જોવી પડતી હોય ત્યાં આજના હિંદુસ્તાનમાં તો શું સ્થિતિ હશે એની કલ્પના જ કરવી રહી! આ વર્ષે ઉજવાયેલ મહિલા દિન નિમિત્તે આ છયે છ મહિલાઓને આપણી સલામ કે જેમની મહેનત અને બુદ્ધિને પરિણામે આપણા હાથમાં સ્માર્ટ ફોન છે અને આ ડિજિટલ યુગમાં આપણે ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર દેશમાં વસતા આપણા પ્રિયજનનો અવાજ સાંભળી શકીએ છીએ, વ્હૉટ્સઍપ કરી શકીએ છીએ અને જાણે સામે જ બેઠા હોઈએ એમ સ્કાઈપ પર વાત કરી શકીએ છીએ.

*પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી*
*મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬*

## બોધકથા

એક વહુ પોતાની વૃધ્ધ સાસુનો અનાદર કરે છે, તેને ધિક્કારે છે, તેને ઘરમાંથી દૂર કરી પાસેની જર્જરીત ઓરડીમાં ધકેલી દે છે. ઘરડી લાચાર વૃધ્ધાને ખાવાનું તો મોકલે છે, પણ તાંબા, પિત્તળ કે કાંસાના વાસણને બદલે માટીના છાલિયા શકોરામાં. તિરસ્કૃત ડોશીને ખાવાનું આપવા પોતાના નાના દીકરાને મોકલે છે.

પૌત્રને દાદી ગમતા હોય છે. એ દાદી પાસે રમે છે, બેસે છે, વાર્તા સાંભળે છે અને પ્રેમપૂર્વક જમાડે પણ છે.

એક દિવસ ગુમાની વહુ ડોશીની ઓરડીમાં આવી ચડે છે. દાદી – પોતરો વાતો કરતા હોય છે. વહુનું ધ્યાન ખૂણાં ગોઠવેલાં માટીના વાસણો તરફ જાય છે. પોતાના દીકરાને પૂછે છે, 'બેટા, મેં તને કહ્યું હતું ને કે આ ડોકરીને ખવડાવી, છાલિયાં શકોરાં ફેંકી દેવાના! તેં ધોઈને શા માટે રાખી મૂક્યા છે?'

દાદી સામે જોઈ પોતરો માને જવાબ દે છે, 'મા, એક દિ તુંય ઘરડી થવાની ત્યારે તને જમવા માટે પાતર તો જોઈશે ને! એટલે મેં સાચવી રાખ્યા છે.'

દીકરાને મુખે પ્રગટેલું આટલું મોટું અને વાસ્તવિક સત્ય સાંભળી વહુ સડક થઈ ગઈ. એની આંખ ઊઘડી ગઈ. અંતે સૌ સારાં વાનાં થાય છે.

★

પુત્ર પિતાને ઠંડી રાતે ઘરની બહાર કાઢી મૂકે છે. વૃધ્ધ પિતાનો સામાન પણ બહાર ફેંકી દીધો. અસહ્ય ઠંડી પડતી હતી. સામાનમાં એક ઓવરકોટ હતો. પિતા દરવાજે આવી ટકોરો મારે છે. ઓવરકોટ પાછો આપતાં પુત્રને કહ્યું, 'બેટા, આ ઓવરકોટ રાખી લે. તારો દીકરો તને મધરાતે ધક્કો મારીને કાઢી મૂકશે ત્યારે તને આ ઓવરકોટ કાતિલ ઠંડીમાં હૂંફ આપશે.

★

ઉપરોક્ત કિસ્સાઓમાં સંબંધોના તાણાવાણા અને માનવ મનના ભાવાભાવ સચોટ રીતે વ્યક્ત થાય છે. શિશુને સૌ આવકારે છે, તેનું લાલન પાલન કરે છે, તેની કાળજી લે છે. શૈશવ રસલ્હાણ કરતું હોય છે જ્યારે ઘડપણ સ્નેહરસ ચૂસી લેતું હોય છે. ■

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

વિચાર મંચ

# સુસંગતતા

• ડૉ. ગિરીશ વીછીવોરા •

કોઈ પણ વસ્તુ દૂરથી નિહાળતા નજરમાં વસવી જોઈએ. નજરમાં વસે તે જચે, ગમે. ગમો - અણગમો સાવ આકસ્મિક નથી. એનું એક અનોખું બંધારણ છે. એ બંધારણની બાજુઓમાં સમાતું સૌ ગમે. ન સમાતુ યા સંકોરાતું ન ગમે. કુદરતને એવી સુસંગતતા માન્ય છે. કુદરત એની જ છડી પોકારે છે. કુદરતની બનાવેલી હરકોઈ ચીજ બહુધા સુસંગત હોય છે. ન હોય તો એના વજુદવાળાં કારણો પણ હોય છે. સંવાદિતા જેમ કુદરતમાં મહાલે છે તેવી જ રીતે સુસંગતતાના કુદરત ઓવારણા લે છે.

સુસંગતતા એટલે યોગ્ય જગ્યાએ યોગ્ય ચીજનો સહજપણે વિકાસ. 'પગ જોઈને પછેડી તાણો' કહેવત કદાચ કુદરતે જ મોકલી હશે. વનસ્પતિનો દાખલો લઈએ તો ગાઢ અરણ્ય, કોઈ ઘાસિયા મેદાન યા મરૂભૂમિમાં ન જડે તો ગાઢ અરણ્યમાં જ ઝાડપાન તો ગંજાવર હોય જ, સાથે સાથે જંગલી પ્રાણીઓ પણ ત્યાં જ વિચરે. નીચાણે નદી વહે તો ઊંચાણે પયોધર મહાલે. ઊંચા પર્વતો પર બરફનું સામ્રાજ્ય હોય તો નાની પર્વતમાળા કે ટેકરીઓનું આભૂષણ હલકું અરણ્ય જ હોય. એ વાત થઈ એક સામાન્ય સિદ્ધાંતની. કુદરતની હરકોઈ ચીજ પ્રમાણસરની હોય છે. આ પ્રમાણસરના નિયમો કુદરતે જ ઘડેલા છે. એના હર ઘટકને એ લાગુ પડે છે. મનુષ્યે એ નિયમોને ફક્ત વંદન નથી કર્યા, એમને પોતાની હર પ્રવૃત્તિમાં અપનાવવાની કોશિશ કરી છે. જ્યાં જ્યાં માણસે બનાવેલી કોઈ અદ્દ્ભુત કલાકૃતિ, કોઈ દુર્ગ કે ઈમારત, કોઈ બંધ કે નહેર, કોઈ સડક કે પૂલ, કોઈ રેલ કે બોગદું, કોઈ નૃત્ય કે ચિત્ર, કોઈ સંગીતના સ્વર કે નાટકની રંગભૂમિ સર્વમાં સંવાદિતતા, એક પ્રમાણ, એક સુસંગતતા ઉડીને આંખે વળગે એવી હાજર હોય છે. જ્યાં એ નથી ત્યાં કોઈપણ ચીજ હશે એ બેડોળ દીસશે યા વરતાશે. નયનને કઠશે યા હૃદય સિંહાસને સ્થાપન નહીં થઈ શકે. પ્રમાણસર શું નથી હોતું? આપણી આજુબાજુ ઊગી નીકળેલી વિવિધ વનસ્પીને નિરખતાં કંઈ કેટલાયે તરૂવર કોઈ નાનાં કોઈ મોટાં, કોઈ અતિ મોટાં, નજરમાં ભરાશે. એમની બાહ્ય રૂપરેખા, એની શાખા પ્રશાખા કે થડ, એના પર્ણપલ્લવો બધામાં સંવાદિતતા ભાસશે. એક સુરેખ ચિત્ર ઉત્પન્ન થશે. જે નિહાળતાં નજરને ગમશે. નદી ગાંડીતુર હોય કે નરમાશથી સહજભાવે સરકતી હોય, કુદરતને ગાંડીતુર નદીમાં રૌદ્ર રસમાન્ય છે તો નરમાશથી સરકતી નદીમાં શાંત રસ માન્ય છે. કોઇક વિશાળ શિલા અહોભાવ જરૂર જન્માવે. સાથે સાથે એના દરેક અંગને સહેજ વિસ્મય સાથે નિરખીએ તો એના અંગેઅંગમાં સમાયેલું કાવ્યતત્ત્વ આપણને જરૂર મળે. કળાનો હર પ્રકાર કુદરતમાં મોજૂદ છે. બલકે કહી શકાય કે મનુષ્યે વિકસાવેલી હર પ્રકારની કળાશાખા એણે કુદરતમાંથી પ્રેરણા લઈને જ વિકસાવી છે. વાયુ, અગ્નિ, પાણી, પદાર્થ ને આકાશ કુદરતના મુળભૂત તત્ત્વો છે. એ મુળભૂત તત્ત્વોને વણીને જ કળાનો ઉદ્ભવ થયો. પ્રાકૃત દશામાં કળા પણ પ્રાકૃત હતી - સુસંગતતા હતી - જેવી કે પાષાણો પર રેખાંકન કરેલા, આદિમાનવે દોરેલાં ચિત્રો કે અત્યારની અતિવાસ્તવવાદી કળા બધામાં સંવાદિતા મોજૂદ છે જ. ફક્ત એને ઉપસાવવાનાં પ્રમાણો બદલાયાં છે. કળા એ જ છે, સંદેશો એ જ છે. સમય પ્રમાણે નદી પણ પોતાનું વહેણ બદલે છે. જંગલોનું ક્યાંક રૂપાંતર રણમાં થાય છે. કુદરતની એ અદીઠ લીલામાં ભલે આપણને ક્યાંક ઉપરટપકે અજુગતું ભાસે, એ અજુગતું નથી જ. કુદરતના નિયમોને એમાં થતા ફેરફારની દૂરગામી અસરને પામવા, સમજવા ઘણીવાર આપણી સમજ શક્તિના ગજ ટૂંકા પડતા હોય છે.

મનુષ્યે મહાલયો બનાવ્યા. એની દુન્યવી પ્રગતિમાં જ્યારે જ્યારે એના જીવનમાં સ્થિરતા આવી, નડતર ને અવરોધ દૂર ભાગ્યા, સમૃદ્ધિ આવી, ઠરીઠામ થયો ત્યારે હંમેશાં એ સુવર્ણકાળનો સદ્દુપયોગ કરી અવનવી કલાકૃતિઓ ઉપસાવી છે, જે આખરે તો કુદરતની ઉપાસના જ છે. મનુષ્યે કુદરતની કૃપાનો હંમેશાં જયઘોષ કર્યો છે. એના આનંદની ઊર્મિને એણે વાચા આપી છે — અવનવી ચિરંજીવી કલાકૃતિઓ સર્જીને. યાદ રહે, માણસ કુદરતને ક્યારેય ભૂલ્યો નથી. કુદરત અધ્યાત્મમાં મહાલે છે. માણસે અધ્યાત્મને ક્યારેય છેહ દીધો નથી. અલબત્ત એના અસ્તિત્વની લાંબી મંઝીલમાં ઉપરટપકે એવા પડાવો આપ્યા ત્યારે ક્ષણિક થયું, અધ્યાત્મનો ધ્વંશ થયો પણ એવું થવું એક અણગમતા સ્વપ્ન સમાન જ હતું.

સંસ્કૃતિના વિકાસમાં સમૃદ્ધિ વધતાં રાજ્યાશ્રય લઈ કલાકારોએ અવનવી કલાકૃતિ સર્જી. દુનિયા આખીમાં ફેલાયેલી

એવી અદ્ભુત, બેનમૂન કલાકૃતિઓમાં ક્યાંય વિસંવાદિતતા નથી. એ બધી કુદરતના નિયમોને આધીન સુસંગત જ છે. હજારો વર્ષથી એવી કલાકૃતિઓ અડીખમ ઊભી છે. સૌને પ્રેરણાદાયી થઈ એકજ સંદેશો આપી રહી છે કે કુદરતમય બનો. અધ્યાત્મનો આશરો લો. કારણ અધ્યાત્મ એટલે આજના પ્રચલિત વિચારો પ્રમાણે કોઈ ધાર્મિક વિધિ વિધાન નથી. એ એક કુદરતી નૈસર્ગિક ક્રિયા છે. જેને માણસે વિકસાવેલા ધર્મો સાથે સ્નાન સૂતકનો સંબંધ નથી. અલબત્ત સૌ ધર્મો અધ્યાત્મની વાત એક યા બીજા સ્વરૂપે કરે જ છે કારણ હર ધર્મના મુળભૂત સિધ્ધાંત કુદરતના નિયમોનો મહિમા કરે છે.

માણસે મહાલયો તો સર્જ્યા જ્યાં સંવાદિતા ને સુસંગતતા હતા. માણસે એ પણ વિચાર્યું કે મહાલયોમાં જે નિર્માણ કર્યું જેનાથી સૌંદર્ય ઉપસે છે તો એવું સૌંદર્ય એવા આવાસો જેમાં મનુષ્ય રહેતો હોય તેમાં પણ શું કામ ન ઉપસાવીએ! એ અતિ ઉમદા વિચાર હતો જેણે મનુષ્યજાતિની સાંસ્કૃતિક પ્રગતિની શરૂઆત કરી. સહેજે એ મકાનો એવા હોય જેમાં રહેનાર સહજભાવે રહી શકે, એના જીવનમાં સંવાદિતા આવે, એના વિચારોનું ઉર્ધ્વપાતન થાય ને એની જિંદગી ઉમદા બની એને કંઈક નવું કરવા પ્રેરણા દેતી થાય.

શરૂઆતમાં આવા આવાસો ઉચ્ચસ્તરના ઉમરાવો માટે થયા તે સહજ હતું કારણ માણસ સૌ સમાન છે એ કુદરતી નિયમ માણસે વહેલો ફગાવી દીધેલો. ફળસ્વરૂપ એના જીવનમાં ઘણી વિડંબણાઓ આવી.

સામાન્ય મનુષ્ય માટે કેવા આવાસો યોગ્ય છે? યોગ્ય અયોગ્યનો વિગતવાર વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ માણસે જ કર્યો. એક સામાન્ય માણસની જરૂરિયાત, એના કુટુંબના સભ્યો સૌ સાથે સહજભાવે રહી શકે તે માટે એમને લાગ્યું કે કુટુંબની પ્રત્યેક વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૧૪૪ સ્ક્વેર ફૂટ જગ્યા હોવી જોઈએ. પાંચ વ્યક્તિના કુટુંબ માટે ૧૪૪ x ૫ = ૭૨૦ ફૂટ જગ્યા થઈ. એવી જગ્યામાં રહેતું કુટુંબ સ્વસ્થતાથી, સંપથી ને એકજુથ થઈને રહી શકે. એનાથી ઓછી જગ્યા અથડામણ લાવશે તો વધુ જગ્યા અવકાશ ઊભો કરશે. આવા મકાનોમાં રહેનાર કુટુંબ સ્વસ્થતાથી રહી શકે છે.

ઘણી જગ્યાએ ઘણા કારણોથી એ નિયમ પાળી શકાતો નથી. ઓછી જગ્યા ને વધુ વ્યક્તિ. એકબીજામાં અથડાય, ચકમક ઝરે. સૌથી અગત્યની વાત ખાનગી, અંગત જગ્યા (Privacy) ન મળે. નાના મોટા કોઈ પણ પ્રાણીને પોતાની નિજી અંગત જગ્યાની જરૂરત હોય છે. જ્યારે એ ન જડે ત્યારે વ્યક્તિ ધુંઆપુંઆ થઈ જંગલનો કાયદો હાથમાં લે છે, જેના વિપરીત પરિણામ આવે છે.

એનાથી સામે છેડે આવાસ મોટું હોય કે અતિ મોટું હોય, રહેનાર ઓછા હોય તો એક શૂન્યાવકાશ સર્જાય છે. વ્યક્તિ પોતાના જ ઘરમાં પોતાની જ વ્યક્તિને ગોતતી ફરતી રહે છે. જગ્યા મોટી, કોઈક ચીજ ક્યાં મૂકી તેનો ખ્યાલ પણ ન રહે ને ગોતાગોત કરવી પડે. કુટુંબના સભ્યો જ્યારે એકઠા થાય ત્યારે એકબીજાને ઘણા સમયે મળતા હોય તેવા આંગતુક ભાસે. આવા મહાલયોમાં વસનાર વયસ્ક વ્યક્તિને હતાશા જેવી માનસિક બીમારી સહેજે થાય. તંદુરસ્ત વ્યક્તિમાં પણ કાળક્રમે ઘણી વિકૃતિ આવી જાય. ટૂંકમાં એમનું આમ રહેવું એકલતા, ચીડિયાપણું ને હતાશા જન્માવે છે. ઘણીવાર ધનવાનો મોટા મહાલયો કે ફ્લેટમાં રહી આ બધી વિટંબણાઓ વહોરી લે છે. પૈસો એમને શ્રાપરૂપ પુરવાર થાય છે.

***૫૦/૪, રામસદન,***
***બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ.***
***મો. ૦૯૮૭૦૪ ૦૬૧૭૭***

---

## રાષ્ટ્રીય વહાણવટા દિવસ

**(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

વિકસાવેલ અને પાણીના રંગ ઉપરથી ઉંડાઈ અને કયો દરિયો છે તેની વિગત જાણી શકતા. આકાશના તારા ઉપરથી તથા ધ્રુવ તારાને આધારે કંપાસ વિના, દિશા નક્કી કરી શકાતી. સૂર્યનો પડછાયો ઉતારી દેશી સૂર્ય ઘટીકા યંત્ર (સેક્સટન)થી સમય અને દિવસની ગણતરી કરી શકતા. માંડવીના માલમોનાં સચોટ જ્ઞાનને કારણે મોગલ બાદશાહો હજ કરવા માટે તથા યાત્રાળુઓને લઈ જવા - લાવવા માટે માંડવીના જ વહાણોને પસંદ કરતા અને આના બદલામાં તે પ્રદેશની ખંડણી માફ કરતા હતા તેના ઐતિહાસિક પુરાવા છે.

**3.** માંડવીના સાહસિક વેપારીઓની પેઢી યમન, મસ્કત, અરબસ્તાન, આફ્રિકાનાં વિવિધ શહેરોમાં સ્થપાયેલ. જેમાં જેરામ શિવજી, ઈબજી શિવજી, ખીમજી રામદાસ, થાર્યા ટોપણ, દામોદર આણંદજી, ત્યાંના સુલતાનોમાં નાણાંકીય સલાહકારો તથા જકાતના ઈજારદારો તરીકે માંડવી મુંદ્રાના વેપારીઓએ ભાગ ભજવ્યો. દાંઠીવાળા શેઠની બેંક પણ હતી અને અરબસ્તાન, આફ્રિકા તથા યુરોપના દેશોમાં તેઓની હૂંડીઓ માન્ય રહેતી.

તો આ હતા આપણા દેશી વહાણવટા અને વિદેશ વેપારના પાયાના પથ્થરો, જેની જાણકારી વગર આ ગાથા અધૂરી ગણાત.

*(ઋણ સ્વીકાર : સંદર્ભ માંડવી ૪૩૦ વર્ષની ઈતિહાસ ગાથા)*

***૧૭, નટવર પાર્ક, મોરબી-૨.***
***મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭***

# સુખ આખરે છે ક્યાં.....?

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

ઘડપણ દુઃખોનું ડેન્જર ઝોન ગણાય. સારી તંદુરસ્તી એ જ ઘડપણની સાચી સુખાકારી ગણાય. અઝીમ પ્રેમજી, બીલ ગેટ્સ કે મુકેશ અંબાણીને ઘડપણમાં તેમના અબજો રૂપિયા સુખી કરી શકતાં નથી. પોતાની કંપનીમાં કારીગરોની સંખ્યા દસ વીસ લાખ ભલે હોય પણ તેમના દેહમાં રક્તકણની સંખ્યા ઓછી હોય તો કર્મચારીઓની સંખ્યા રક્તકણની પૂર્તિ કરી શકતી નથી. નફાનું પ્રમાણ ગમે તેટલું ઊંચું હોય પણ દેહમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટી ગયું હશે તો દેહની ફેક્ટરીને લથડતાં વાર નહીં લાગે. સંસારમાં સુખશાંતિના સમીકરણો ઘણા પેચીદા હોય છે. સુખ સાપેક્ષ હોય છે. અગાઉ એક ઉદાહરણ જોયું હતું. ઉંદર પાંજરામાં પૂરાયો હોય તો એ પાંજરુ એના દુઃખનું કારણ બની રહે. પણ પાંજરાની ફરતે બિલાડી આંટા મારતી હોય તો એ પાંજરુ જ એનું રક્ષાકવચ બની જાય. તમારા દિકરાની પરીક્ષા ચાલે છે. મોટા દિકરાના સો માંથી સો માર્કસ આવે એટલું સુંદર પેપર જાય છે. પણ નાનો દિકરો અચાનક માંદો પડી જવાથી એનું પેપર સારું જતું નથી. એ નાપાસ થાય એવી વકી છે. પછી એકાએક પાસુ પલટાય છે. પરીક્ષામાં થયેલી વ્યાપક ગેરરીતિને કારણે પરીક્ષા કેન્સલ કરીને નવેસરથી બીજી પરીક્ષા લેવાનું નક્કી થાય છે. અહીં તમારી મનઃસ્થિતિ પેલા ઉંદર જેવી થાય છે. તમને સમજાતું નથી કે જેનું પેપર ખરાબ ગયું છે તે દિકરા માટે આનંદ વ્યક્ત કરવો કે જેનું પેપર ખૂબ સારું ગયું તેના માટે અફસોસ!?

સુખ અમિબા ની જેમ આકાર બદલતું રહે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' વાળી કહેવત ઊડીને આંખે વળગે એવી છે. આજપર્યંત અમે પણ એમ જ માનતા હતા. પણ એ કહેવત અધૂરી જણાય છે. જાત તો ભિખારીની ય નરવી હોય છે. શું તેની ગણતરી સુખી માણસમાં થઈ શકે? ૮૮ વર્ષના એક કાકાને અમે ઓળખીએ છીએ. એમના વાળ ધોળા થયા છે એટલું જ, બાકી આંખે નંબર નથી... બત્રીસે બત્રીસ દાંત સાબુત... દેહનો બાંધો એવો મજબૂત કે કોઈના બત્રીસ દાંત પાડી શકે. દેહનું પ્રત્યેક અંગ જુવાનોને શરમાવે એવું. પણ સ્વભાવ ઘણો ખરાબ. ઘરમાં એમનો ભારે ત્રાસ. ગુસ્સો સતત નાક પર બેઠેલો રહે. યૌવનમાં કરેલા કેટલાંક પરાક્રમોને કારણે સમાજમાં કોઇ ઈજ્જત નહોતી. વિચારો, અહીં એમની માત્ર દૈહિક તંદુરસ્તીને કારણે એમને સુખી કહી શકાય?

તાત્પર્ય એટલું જ કે ૮૮ વર્ષે વા, સુગર, પ્રેશર, દમ, મોતિયા, ઝામર, એટેક વગેરે કાંઈ નહીં હોય પણ આખું ગામ માથે લે એવો ખરાબ સ્વભાવ હોય તો પહેલું સુખ તે જાતે નર્યાવાળી વાત ખોટી પુરવાર થાય. શરીરે, સ્વભાવે અને પ્રતિષ્ઠાથી જે સુખી હોય તે જ સાચો સુખી! પણ હજી અહીં જરા અટકો અને વિચારો કે ચાલો ૮૮ વર્ષે એ શરીરે, સ્વભાવે અને પ્રતિષ્ઠામાં દેવ જેવો માણસ છે પણ એના સંતાનો બદમાશ નીકળ્યા હોય, દીકરી કુંવારી માતા બની હોય, ભાઈઓએ મિલકત પચાવી પાડી હોય, પત્ની હંમેશાં બીમાર રહેતી હોય, ધંધામાં ખોટ ગઈ હોય તો પણ માણસ દુઃખી થઈ જાય છે. તો સુખ આખરે છે ક્યાં? કંઈક એવું સમજાય છે કે સુખ એક પ્રકારનું ગ્રુપ સક્સેસ છે. સારું શરીર કે સારો સ્વભાવ હોવામાત્રથી સુખ મળી જતું નથી. સુખનો ગુલદસ્તો અનેક પ્રકારની સુવિધાઓ અને સદ્‌ગુણો ભેગા થવાથી બને છે. માણસ જે સ્થિતિમાં મનથી સુખ અનુભવે તે સાચું સુખ હોય છે. એથી જ કહેવાય છે કે દેખાય તે નહીં, અનુભવાય તે સુખ હોય છે.

જરા વિચારો, તમને ધંધામાં પચાસ હજારની ખોટ જાય... પણ બીજી તરફ પચાસ લાખની લોટરી લાગે તો....? દિકરાના ટેકનિકલમાં ઓછા ટકા આવે પણ એને મહિને પાંચ લાખના પગારવાળી નોકરી મળી જાય તો...? ખેતરમાં પાક ઓછો પાકે પણ શેર બજારમાં લાખોનો ફાયદો થઈ જાય તો...? દીકરીનું સગપણ તૂટી જાય... પણ ઈન્ટરનેટ દ્વારા ફોરેનના ડૉક્ટર મુરતિયાને એ ગમી જાય તો? સુખની વ્યાખ્યા પ્રસંગે પ્રસંગે, કિસ્સે કિસ્સે અને માણસે માણસે બદલાતી રહે છે. ઘરડાઘરના વૃદ્ધોને જોઈને આપણે બોલી ઉઠીએ છીએ : 'બિચારા કેટલાં કમનસીબ છે... ઘડપણમાં દિકરાઓ એમને ઘરડાઘરમાં છોડી ગયા...!' પણ કદાચ અંદરનું સત્ય જુદું હોય. એઓ એમના ભર્યાભાદર્યા પરિવાર કરતાં ઘરડાઘરમાં વધુ સુખી હોય એવું બને. **બહુધા પરિવારોમાં વૃદ્ધોની 'અનવોન્ટેડ પર્સન' તરીકે અવહેલના થતી હોય છે.** ઘરડાઘરમાં બધાં સમદુખિયાઓ ભેગા થઈને એકમેક પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દાખવતા હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં પુત્ર માટે લોકોને તીવ્ર ઝંખના રહેતી હોય છે. પરંતુ પુત્ર હોવામાત્રથી સુખ પ્રાપ્ત થઈ જતું નથી. જમવા બેઠેલો દિકરો મા-બાપના દુઃખની વાત ફોન પર સાંભળતાવેંત ભાણેથી ઊઠી તેમની પાસે દોડી જાય તો

એ માબાપ ભાગ્યશાળી ગણાય. દિકરાને મા-બાપે સાથે રાખવો કે જુદું ઘર વસાવી આપવું એવો પ્રશ્ન ઘણીવાર ચર્ચાય છે. સત્ય એ છે કે દિકરાઓ સજ્જન હશે તો દૂર રહ્યે રહ્યે પણ માવતરની કાળજી લેશે. અને પ્રેમ નહીં કરતા હશે તો સાથે રહેતા હશે તો પણ મા-બાપની કોઈ કાળજી નહીં લે. **દિકરા સાથે રહે છે કે દૂર, તેનું મહત્ત્વ નથી. તેઓ દિલમાં રહે છે કે માત્ર 'વીલ'માં રહેવા માંગે છે તે મહત્ત્વનું છે...!**

વારંવાર સમજાય છે કે સંતાનો હોવા એ આપોઆપ સુખનો ગેરંટીકાર્ડ બની જતો નથી. નસીબદાર વૃદ્ધો તે છે જેમને દિકરાઓ તેમની તમામ વયલક્ષી મર્યાદાઓ સહિત ચાહતા હોય. એવા દિકરાઓ મા-બાપને અડસઠ તીર્થની જાત્રા ભલે ન કરાવે, પણ તેમનો હાથ પકડી સંડાસ સુધી લઈ જાય તો એમાં બધા તીરથ આવી જાય છે. સંતાનો જોડે લોહીનું ગ્રુપ ભલે ન મળે... લાગણીનું ગ્રુપ મળવું જોઈએ. સંસારમાં દરેકને ત્યાં સીધો સાદો પુત્ર જન્મે છે. તેને સારી પરવરિશ અને સુસંસ્કાર આપીને 'સુપુત્ર' બનાવવાની જવાબદારી મા-બાપની હોય છે. ક્યારેક મા-બાપ એ જવાબદારી અદા કરવામાં નિષ્ફળ રહે છે. દિકરાને ત્રણ ચાર હજારના બુટ લઈ આપો કે જીન્સનું મોંઘું પેન્ટ લઈ આપો એટલે સારા પિતા બની જવાતું નથી. દિકરાઓને ભરપૂર પ્રેમ અને સુસંસ્કાર આપવા પડે. તેમની તમામ યૌવનલક્ષી મર્યાદાઓને સમજવી પડે. ભૂલો થતી હોય તો પ્રેમથી સુધારવી પડે. દિકરાઓ તમારી આંખોમાં અગાધ પ્રેમ જોઈ શકશે તો ધીમે ધીમે તેમને તમારા પ્રત્યે પ્રેમ ઉદ્‌ભવશે. વાત્સલ્ય પ્રેમમાં 'ગીવ એન્ડ ગેટ' (આપો અને મેળવો)નો સિદ્ધાંત લાગુ પડે છે. **મા-બાપ બનવા માટે બે પાંચ મિનિટનું શારીરિક મિલન પૂરતું હોય છે પણ સફળ મા-બાપ બનવામાં આખી જિંદગી ઓછી પડે છે.** સંતાનોને તમે પેન્ટ અપાવી દીધો હશે પણ પ્રેમ નહીં આપ્યો હોય તો તેઓ ઘડપણમાં તમને એકાદ કફની કે શાલ આપીને છૂટી જશે, પ્રેમ નહીં આપે! ઘડપણમાં કફનીની ચિંતા હોતી નથી 'કફ'ની ચિંતા રહેતી હોય છે. શાલ કરતાં સ્નેહની વધુ જરૂર હોય છે.

બહુધા દિકરાઓ તેમની વયલક્ષી અપરિપક્વતાને કારણે આ વાત સમજી શકતા નથી. વાલીઓએ પણ સંતાનોની સાઈકોલોજી સમજવી જોઈએ. ઘડપણમાં સંતાન સુખના મીઠા ફળ ચાખવા હોય તો પુત્રને સારા વાંચન, વિચાર અને સંસ્કાર આપવા જોઈએ. આંબો રોપવા માત્રથી કેરી મળી જતી નથી. સારા ખાતર પાણીથી તેની શ્રેષ્ઠ પરિવરિશ થવી જોઈએ. વર્ષો પછી એનું મીઠું આમ્રફળ તમે ચાખી શકશો. ઘડપણમાં મધુરો કેરીગાળો માણવો હોય તો શરૂથી જ સંતાનોની શ્રેષ્ઠ પરવરિશમાં ધ્યાન આપવું રહ્યું.

બધી વાતનો કુલ સરવાળો એટલો જ કે મનુષ્યજીવન પુષ્પ જેવી સુંદર ઘટના છે. એને દુર્ઘટના બનતી અટકાવવાનું કામ માણસનું છે. ફૂલ હોય તો પણ તેમાંથી ગજરો બનાવતાં ન આવડે તો એ ફૂલ અંબોડાની શોભા બની શકતાં નથી. પૈસા કમાઓ, સંતાનો પેદા કરો, બંગલા બાંધો પણ સારી રીતે જીવતા ન આવડે તો એ બંગલો કરોડો રૂપિયાનો હોયતો પણ આપોઆપ 'સ્વીટ હોમ' બની જતો નથી. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' એ જીવનમંત્ર જેમણે અપનાવ્યો હશે એ પુલના ગરનાળામાં રહેશે તો ગરનાળુ પણ 'સ્વીટ હોમ' બની રહેશે! પણ પાંચ કરોડનો આલીશાન બંગલો હશે પણ એમાં રહેતા માણસોને જીવનની પાંચ સારી વાતો આવડતી નહીં હોય તો પાંચ કરોડનો બંગલો પાંચ કોડીનો બનતા વાર નહીં લાગે. તાત્પર્ય એટલું જ કે ઘરના કોઠારમાં બાસમતી ચોખા ભર્યાં હશે પણ તમને પુલાવ બનાવતા આવડતું નહીં હોય તો પુલાવનું સુખ તમે નહીં માણી શકો. સુખ રૂપિયામાં નહીં, રૂપિયાનું રાજીપામાં રૂપાંતર કરવાની કળામાં રહેલું છે અને એ કળા એટલે આર્ટ ઑફ લીવિંગ!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, પો. કાલિયાવાડી, જમાલપોર*
*નવસારી-૩૯૬ ૪૨૭.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*
*Email : dineshpanchal.249@gmail.com*

## અપ્રમાણિકતાની સ્કૂલો

(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)

કૂપમંડૂક નેતાઓ આપણને દેશપ્રેમના પાઠ ભણાવે છે. આ કટોકટીમાંથી બહાર ક્યારે આવીશું એ પ્રશ્ન છે. આને માટે વિશાળ અને દીર્ઘદૃષ્ટિવાળી નેતાગીરી અનિવાર્ય છે. હમણા જે.એન.યુ.માં જે બનાવ બન્યા એ આનો પુરાવો છે. એ.બી.વી.પી. અને ડાબેરી વિદ્યાર્થીઓ વચ્ચે ત્યાં લડાઈ થઈ. અનેક ડાબેરી વિદ્યાર્થીઓને પકડવામાં આવ્યા. એમનું કહેવું છે કે અમે નિર્દોષ છીએ. બહારના વિદ્યાર્થીઓએ આવીને તોફાન કર્યા હતા. ડાબેરી નેતાઓ કહે છે કે આવા લોકોને વિના કારણે જેલમાં પૂરીને સરકારે સાબિત કર્યું છે કે દેશમાં ફરી કટોકટી જેવી સ્થિતિ આવી ગઈ છે. દિલ્હીમાં કેજરીવાલની સરકાર અને ત્યાંના ગવર્નર વચ્ચે લાંબી લડાઈ ચાલે છે. કેજરીવાલ કહે છે કે સંઘના કાર્યકરો પોલીસના વેશમાં નિર્દોષ લોકો ઉપર તૂટી પડે છે અને વેર વાળે છે. દિલ્હીની કાયદો અને વ્યવસ્થા કેન્દ્ર હસ્તક છે. કેજરીવાલનું કહેવું છે કે એ અમને સોંપી દેવી જોઈએ. પણ કેન્દ્ર આ કરવા દેતું નથી.

*૫, સૌરાષ્ટ્ર કેલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

# અપ્રામાણિકતાની સ્કૂલો

● ડૉ. યાસીન દલાલ ●

અંગ્રેજીમાં 'સ્કૂલ ફોર સ્કાઉન્ડ્રીલ્સ' નામનું એક નાટક છે. કદાચ ગોલ્ડસ્મિથ અથવા શેરિડાને લખ્યું છે. 'દુષ્ટો માટેની શાળા' એવું એનું ભાષાંતર કરી શકાય એ નાટક તો ઇંગ્લેન્ડના વર્ષો પહેલાનાં જમાનાનું ચિત્ર છે. અત્યારે આપણે જે જમાનામાં જીવીએ છીએ એમાં નવા પ્રકારની શાળાઓ ઊભી થઈ રહી છે. એને આપણે 'અપ્રામાણિકતાની સ્કૂલો'નું નામ આપી શકીએ અને નવા જમાનાની તાસીર એવી છે કે, આવી શાળાઓ અને સંસ્થાઓની ખુલ્લી જાહેરખબરો પણ અપાય છે.

છાપામાં એક જાહેરખબર આવી છે. મથાળું છે : 'સિત્તેર લાખ રૂપિયા કમાવ અને છતાં ટેક્સ નહીં ભરો.' આવું આકર્ષક મથાળું જોઈને કયો વાચક એના તરફ ધ્યાન નહીં આપે? કલ્યાણ રાજ્યમાં સરકાર આર્થિક સમાનતા લાવવા માટે કરવેરા ઉઘરાવે છે અને કરવેરા નિયમ મુજબ ભરવાને આપણે ફરજ ગણીએ છીએ. કરચોરીને આપણે દુર્ગુણ અને રાષ્ટ્રદ્રોહી ગણીએ છીએ પણ કરવેરાના કાયદામાં છટકબારીઓને શોધી કાઢીને જો કાયદેસરની 'કરચોરી' કરીએ તો એને કોઈ ગુનો ગણતું નથી! મતલબ, પ્રામાણિકતાની વ્યાખ્યા હવે શબ્દોના ગુંચવાડામાં જ અટવાઈને રહી ગઈ છે. એની તાત્વિક વિભાવના લુપ્ત થઈ અને 'ટેકનિકલ' અર્થ બાકી રહી ગયો.

આપણી બેંકો હવે સરકારના હાથમાં છે. એમના પાટિયામાં નામની પાછળ 'લિમિટેડ' શબ્દ હતો તે હવે કાઢી નાખવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રક્રિયા શેનું પ્રતીક છે, તે કહી શકાતું નથી પણ બેંકો સરકારી માલિકીની થઈ ત્યારે એમ કહેવાયેલું કે સંઘરાખોરી, કાળું નાણું વગેરે અનિષ્ટો બેંકો જાહેરક્ષેત્રમાં આપવાની સાથે જ બંધ થઈ જશે. આ ધારણા તો સદંતર છેતરામણી જ પુરવાર થઈ. ઊલટું બેંકો ડિપોઝીટો એકઠી કરવાની હરીફાઈમાં બધા નિયમો નેવે મૂકવા લાગી. એક બેંકના મેનેજર, એક ગ્રાહકને કહી રહ્યા હતા, 'તમે ડિપોઝીટ લઈ આવો. કાળું નાણું હોય તો પણ ચાલશે. અમે એના રસ્તા તમને બતાવીશું.' **સરકાર કાળા નાણાં સામે ઝુંબેશ ચલાવે અને સરકારી બેંકો કાળું નાણું સલામત રીતે બેંકમાં કેમ રહી શકે એનું માર્ગદર્શન આપે!** આમ, અપ્રામાણિકતાના શિક્ષણનું વિસ્તરણ યોજનાબદ્ધ રીતે થતું રહે. પ્રતિષ્ઠિત શાળાની બાજુમાં જ ટ્યુશન ક્લાસ ચાલે. શાળા ખોટમાં કામ કરે, પણ ટ્યુશન ક્લાસ તો ધમધોકાર ચાલે. શાળામાં પંખા વસાવવાની સગવડ ન હોય પણ ટ્યુશન ક્લાસ તો એરકંડિશન્ડ જ હોય. પાઠ્યપુસ્તક લખીને લેખક છપાવવા નીકળે તો પ્રકાશક એને છાપવા માટે લેખક પાસે સામેથી પૈસા માંગે, પણ ગાઈડમાં તો પુષ્કળ કમાણી જ થાય.

મુંબઈની લોકલ ટ્રેનમાં ઠેરઠેર જાહેરખબરનું એક રંગીન પાટિયું જોવા મળે છે. 'માત્ર પંચોતેર રૂપિયામાં ગર્ભપાત!' નિષ્ણાત ડૉક્ટરો દ્વારા, કાયદાની ચુંગાલમાં ન અવાય એ રીતે, સસ્તામાં ગર્ભપાત કરાવી શકાય છે. ડૉક્ટરો પહેલાં પોતાના દવાખાનાની ઉપર બ્લેક એન્ડ વ્હાઈટ અક્ષરોમાં પોતાના નાનું એક સાદું પાટિયું જ રાખતા. હવે દવાખાનાની ઉપર નિયોન સાઈન લગાડીને રોશની કરવામાં આવે છે અને 'રામભરોસે હિંદુ હોટલ'ની જેમ દવાખાનાને પણ નામ આપવામાં આવે છે! વકીલો, અસીલોને કોર્ટમાં સાચું કેમ ન બોલવું એનું રિહર્સલ કરાવવામાં ખાસ કાળજી લે છે. કરવેરાના સલાહકારો કરચોરીના સલાહકારો બની રહ્યા છે. નાણાપ્રધાન કર દાખલ કરવામાં જેટલી મહેનત અને ઉજાગરા કરે, એના કરતાં વધુ મહેનત કરીને, વધુ ઝડપથી 'કર નિષ્ણાતો' એની છટકબારીઓ શોધી કાઢે છે. પ્રામાણિકતાના ટટ્ટુ કરતાં, અપ્રામાણિકતાનો રેસનો ઘોડો હંમેશાં આગળ જ રહે છે! લાંચ રુશવત વિરોધી બ્યુરોના માણસોને લાંચ લેવાના કીમિયાનો વિશાળ અનુભવ હોવાથી એને વધુ સારી રીતે એ લોકો ખપમાં લઈ શકે છે. આજનો વિદ્યાર્થી સંદર્ભ પુસ્તક ખોળવા અને ખરીદવાની ધમાલમાં પડવા કરતાં થોડાં ઉપયોગી મુદ્દાઓ રૂમાલ ઉપર કે સાડી ઉપર લખવામાં વધુ કૌશલ્ય બતાવે છે!

ઉત્તર ગુજરાતમાં ચિત્રકળા ભણતા એક કિશોરે ચિત્રકળામાં એટલું પ્રાવીણ્ય મેળવી લીધું કે એને એની કરામત બતાવવાનું શ્રેષ્ઠ માધ્યમ સોની નોટનું મળ્યું! એણે સોની નોટો છાપવાની માથાકુટમાં પડવાને બદલે પોતાની પીંછીથી આબાદ રીતે સોની નોટ ચીતરી બતાવી! અલબત્ત, એણે પોતાની કળાનો આવો એકાદ નમુનો કળા ખાતર બનાવ્યો હોય તો એ સંગ્રહાલયમાં રહેત અને એને કીર્તિ અપાવત પણ એણે તો કળાનું જથ્થાબંધ ઉત્પાદન કરીને એને બજારમાં મૂકી. પરિણામે જેલ મળી. આપણી શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓ 'માસ કોપી' કરવામાં જે કૌશલ્ય દર્શાવે

છે, તે જોતાં આગાહી કરી શકાય કે ભવિષ્યની દાણચોરીનું રિહર્સલ ચાલુ છે! આપણાં કેટલાક સાપ્તાહિકો હવે 'ઈન્વેસ્ટીગેટીવ રિપોર્ટીંગ' કરે છે અને એમાં દાણચોરી કેમ થાય છે, કયા બંદરે કેવી રીતે માલ ઉતારે છે, તેમજ કયા શહેરમાં કઈ જગ્યાએ કેવી રીતે વેશ્યાવાડા ચાલે છે એની પણ ઝીણવટભરી માહિતી પૂરી પાડવામાં આવે છે. જેથી એ વાંચીને એમાં સામેલ થવા માટેનું સરળ માર્ગદર્શન મળી રહે! જૂના ખ્યાલો અને જૂની વ્યાખ્યાઓ ઝડપથી બદલાઈ રહી છે. ભવિષ્યની કોઈ પેઢીને પ્રામાણિકતા કઈ સદીમાં હતી અને એનો શો અર્થ થાય, એનું ટ્યુશન આપવું પડે!

બેંકના એક મેનેજરે માસિક પગારના રૂપિયામાં શું વળે? એ વિચારથી બેંકનો પોતાનો અનુભવ બીજે માર્ગે કામે લગાડ્યો અને ડ્રાફ્ટમાં આંકડામાં ફેરફાર કરવાની કળા હસ્તગત કરી લીધી! ગાંધીનગરના એક નાનકડા બેંક કર્મચારીએ બેંકનો અનુભવ એવો કામે લગાડ્યો કે બે-ત્રણ વર્ષમાં બે-ત્રણ કરોડ રૂપિયાનો માલિક થઈ ગયો અને થિયેટરો ખરીદ્યા તથા ફિલ્મો બનાવવા માંડી. પણ ત્યાં સુધી બેંકના ઉપરી અધિકારીએ કે સહકાર્યકરોને પ્રશ્ન જ ન થયો કે એની પાસે આટલો પૈસો ક્યાંથી આવ્યો? જેને પ્રશ્ન થયો, એને યોગ્ય 'જવાબ' પેલા કર્મચારીએ વાળી દીધો હશે. પરિણામે બધું બરોબર ચાલતું રહ્યું. હવે આટલા અઢળક નાણાંનો પ્રતાપ એવો કામ કરશે કે નિષ્ણાત વકીલો અને બાહોશ ધારાશાસ્ત્રીઓ સાબિત કરી બતાવશે કે આમાં કર્મચારીએ કોઈ અયોગ્ય કૃત્ય કર્યું નથી. માત્ર બેંક પાસેથી મોટી રકમની લોન એણે લીધી હતી, જે ભરપાઈ કરવાની એની તૈયારી હતી જ! મોટા દાણચોરો જેવા પોલીસના હાથમાં ઝડપાય કે તરત જ માંદા પડી જાય છે અને હોસ્પિટલમાં આરામથી સમય ગાળતા રહે છે. કૌભાંડો હવે હજારો કે લાખોમાં થતા નથી કરોડોમાં થાય છે. આપણે હવે મોટેથી બોલવાના અને લાઉડ સ્પીકરના જમાનામાં જીવીએ છીએ. જીવનનું એક એક અંગ હવે 'લાઉડ' બનતું જાય છે. 'લાઉડનેસ'ની સાથે કૃત્રિમતા તો ભળતી જ જાય. બહાર આપણે વાતચીતમાં સમારંભમાં, પ્રવચનોમાં વિશ્વને સુધારવાનો ઈજારો લીધો હોય, તેમ સતત બળાપો કરતા રહીએ છીએ. પણ અંદરથી તો અપ્રામાણિકતાના જ કીમિયા કરતા હોઈએ છીએ. એક કોલેજના આચાર્યે એક દિવસ રિસેસ દરમિયાન ટી-ટેબલ ઉપરની ચર્ચામાં એક પછી એક જ્ઞાતિ, કોમ, વર્ણોને પેટભરીને ગાળો દીધી અને સાંજે એક સમારંભમાં રાષ્ટ્રીય એકતા ઉપર એવું સુંદર ભાષણ આપ્યું કે લોકોએ તાળીઓ પાડી. પ્રામાણિકતા બૌદ્ધિક હોય તેમ નૈતિક પણ હોય.

અપ્રામાણિકતાના પાઠ શીખવાનો સીલસીલો આ રીતે ચાલુ રહ્યો તો એક દિવસ વકીલોની ઓફિસો ઉપર 'ખૂન કર્યું હોય તો પણ ગભરાશો નહીં, અમે તમને કોર્ટમાંથી છોડાવી દઈશું'નું પાટિયું જોવા મળે તો આપણે નવાઈ નહીં પામીએ.

અપ્રામાણિકતાની બાબતમાં આપણા રાજકારણીઓ દુનિયાભરમાં પહેલા નંબરે આવે એમ છે. 'અભી બોલા અભી ફોક' એ એમનો જીવનમંત્ર છે. આ લોકો બોલીને બેશરમીથી ફરી જાય છે અને પાછળથી ખુલાસો કરતા રહે છે કે મારા વાક્યને ખોટી રીતે ટાંકવામાં આવ્યું છે, એને વિકૃત કરવામાં આવ્યું છે. મારા કહેવાનો અર્થ આ નહોતો. હમણા ભાજપના એક નેતા શ્રી યશવંત સિંહાએ એક સમારંભમાં કહ્યું કે મોદી સંવાદની પદ્ધતિ નહીં અપનાવે તો એના હાલ પણ ઇંદિરા ગાંધી જેવા થશે. પાછળથી એમના દીકરાએ ફેરવી તોળ્યું કે મારા પપ્પાએ જે કહ્યું, એનો અર્થ આવો નહોતો. આવી યાદી બનાવીએ તો તમ્મર આવી જાય એટલો મસાલો મળે. આમાં બધા રાજકીય પક્ષો સરખી રીતે જ સામેલ છે. મોદી સત્તા પર આવ્યા કે તરત જ ભાજપના જ સાંસદોએ દરરોજ ફટાકડા ફોડવા માંડ્યા. આ ફટાકડાનો અવાજ એટલો તીવ્ર હતો કે ગમે તેવી સરકાર પણ ધ્રુજી જાય પણ મોદી ધ્રુજ્યા નહીં. દાદરીની ઘટના પછી ૧૨ દિવસે બાવો બોલ્યો અને એમણે કહ્યું કે આપણા રાષ્ટ્રપતિએ જે કહ્યું એ ધ્યાનથી સાંભળવા જેવું છે. એમને પૂછવામાં આવ્યું કે તમારા જ સાંસદો દરરોજ બફાટ કરે છે એનું શું? એમણે સીફતથી કહ્યું કે એ બધું હું સાંભળતો નથી પછી તમારે શા માટે સાંભળવું જોઈએ? છેલ્લા દોઢેક વરસથી ભાજપના અમુક સાંસદોને ગોડસે મહાન લાગવા માંડ્યો છે. સાક્ષી મહારાજે કહ્યું કે ગોડસે મહાન દેશભક્ત હતો. પાછળથી એમણે ફેરવી તોળ્યું. આવા અનેક દાખલા આપી શકાય. આવી દેખીતી અસહિષ્ણુતાના વિરોધમાં અનેક લેખકોએ અને બૌદ્ધિકોએ પોતાના ઍવોર્ડ પાછા આપી દીધા. ગુજરાતમાંથી ગણેશદેવી અને અનિલ જોષીએ પણ આમ જ કર્યું. પણ એક કેન્દ્રીય પ્રધાન શ્રી અરૂણ જેટલીએ આની પણ હાંસી ઉડાવી. આમ રાષ્ટ્રીય કક્ષાએ એક નવો તમાશો શરૂ થઈ ગયો છે.

ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને સૌરાષ્ટ્રથી આસામ સુધી અહિંયા દરેક ધર્મ પાળતા લોકો વસે છે. એ જ રીતે દુનિયાભરની ભાષાઓ અહીં બોલાય છે. ચાર હજારથી વધુ જ્ઞાતિઓ અહીં વસે છે. ઉત્તર પૂર્વના આઠ રાજ્યોની પ્રજા મોગલ વંશની હોય એમ લાગે છે. સૌરાષ્ટ્રમાં અનેક દેશોની પ્રજા દરિયાઈ માર્ગે આવીને વસી છે. આ બધા વિશાળ જનસમૂહને સાથે રાખવા માટે ગાંધી કે નહેરૂ જેવું વિશાળ નેતૃત્વ જોઈએ જે આકાશ ઉપર કે ક્ષિતિજ ઉપર ક્યાંય દેખાતું નથી. ઉલટું તદ્દન

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)

# સિલેક્ટીવ મોરાલિટી

• મુરજી ગડા •

લેખનું શીર્ષક એક જાણીતી અંગ્રેજી ઉક્તિ છે. એનો ભાવાર્થ થાય છે, “પોતાને ફાવતી નૈતિકતા, કે “સગવડિયો ધર્મ”.

પૂરી દુનિયામાં સબળો વર્ગ આદિકાળથી નબળા વર્ગનું શોષણ કરતો આવ્યો છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં આનો સૌથી હીન દાખલો આભડછેટનો/ અસ્પૃશ્યતાનો છે. એને નિવારવાના પ્રયાસ અવારનવાર થતા આવ્યા છે. કોઈપણ વ્યક્તિના પ્રયત્નો કરતાં શહેરીકરણને લીધે એ દિશામાં ઘણી પ્રગતિ થઈ છે. જોકે ગામડાંઓમાં હજી સારા પ્રમાણમાં આભડછેટ મોજૂદ છે.

આભડછેટમાં માનનાર અને જાહેરમાં સ્વીકારનારની વાત આપણે નથી કરવી કારણકે બીજું કંઈ નહીં તોયે તેઓ પ્રામાણિક તો છે. આપણે તો જાહેરમાં આભડછેટને વખોડનારા વર્ગની વાત કરવી છે. આ વર્ગના વિચારોની વિશાળતા, મનની ઉદારતા, વ્યક્તિગત અને સામાજિક સ્તરે કેટલે સુધી લઈ જવાઈ છે તેમજ લઈ જઈ શકાય છે એ ચર્ચવાનો આ લેખનો ઉદ્દેશ છે.

આભડછેટ ન રાખવી એ “સર્વ માનવ સમભાવ” અને “સંપૂર્ણ માનવીય ગૌરવ” જેવા ઉમદા આદર્શની દિશામાં લીધેલું ઉત્તમ પગલું છે. આભડછેટના ઉદાહરણથી લખાયેલ આ લેખ માત્ર દલિતો સંબંધી નથી. અન્ય જાતીય, અન્ય ધર્મીય તેમજ જનસામાન્ય દ્વારા સર્વત્ર અવગણાયેલ, તરછોડાયેલ લઘુમતીને પણ લાગુ પડે છે.

દલિતો કે પરધર્મીની આભડછેટ ન રાખતાં એમને ઘરની અંદર આવવા દેવા, એમની પાસે ઘરનું કામ કરાવવું વગેરે આપણી જરૂરિયાત મુજબ કરેલી બાંધછોડ છે. એમાં એમની ઉપયોગિતા સ્વીકારી છે. એને આપણા વિચારો કે વર્તનની ઉદારતા કહેવું વધારે પડતું ગણાશે. એનાથી એમની ગરિમા નથી જળવાતી. બહુ બહુ તો એમના પ્રત્યે સહાનુભૂતિ બતાવાઈ ગણી શકાય.

આપણા સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ એમને આમંત્રણ આપી એમની સાથે એકજ પતંગમાં બેસી જમવામાં એમનું ગૌરવ જળવાય છે. આ આપણી જરૂરિયાત નહીં પણ મનની મોટાઈ છે, એમની પ્રત્યે સદ્ભાવ છે. “સર્વ માનવ સમભાવ”ની દિશામાં લીધેલું આ પહેલું પગથિયું છે. વિચાર અને આચારની આવી ઉદારતા દાખવનાર અભિનંદનને પાત્ર છે.

આપણને આમંત્રણ મળે તો તે સ્વીકારી દલિતોના સામાજિક / ધાર્મિક પ્રસંગોએ એમની સાથે બેસી એમનું આપણને માફક આવે તે ભોજન લેવું તે બીજું પગથિયું બને.

આ બે પગથિયાં અગત્યનાં અને અઘરાં હોવા છતાં અંતિમ ધ્યેયથી ઘણાં દૂર છે. આટલું કરનારને અભિનંદન તો ખરા, સાથે સાથે એ માટે પોતાની પીઠ થાબડનારાઓ માટે થોડા ધારદાર પ્રશ્નો આગળ આવે છે. અત્યાર સુધીના વિચાર અને આચાર જાહેર અને સામાજિક થયા. અંગત સંબંધથી તે ઘણા અલગ છે.

કોઈ દલિત સ્વચ્છ હોય, શિક્ષિત હોય, એની સાથે આપણો વર્ષો જૂનો સંબંધ હોય, આપણા કુટુંબીજનોની માનમર્યાદા જાળવતો હોય તો એને આમંત્રણ આપી, આપણા ઘરમાં સાથે બેસી ભોજન લેવું એ ત્રીજું પગથિયું ગણાય.

આપણને આમંત્રણ મળે તો આ જ પ્રમાણે એમના ઘરે જઈ એમની સાથે એમનું આપણને માફક આવે એવું ભોજન લેવું તે ચોથું પગથિયું ગણાય. આ આપસી વ્યવહાર જો સહકુટુંબ કરવામાં આવે તો એ પાંચમું પગથિયું ગણાય અને સાથે પગથાર પણ બની જાય. પગથાર (લૅન્ડિંગ) એવું મોટું પહોળું પગથિયું છે જ્યાંથી સામાન્ય રીતે દાદરની દિશા બદલાતી હોય છે.

સર્વ માનવ સમાનના આદર્શની નજીક પહોંચવું હોય તો આપણે હવે દિશા બદલવાની જરૂર છે. હવેનાં પગથિયાં ઘણાં ઊંચાં છે અને ચઢાણ કપરાં છે.

અન્ય ઘણી જ્ઞાતિઓ સાથે આપણો “રોટી વ્યવહાર” હોય છે પણ “બેટી-વ્યવહાર” અન્ય કોઈ જ્ઞાતિ સાથે હોતો નથી. લગ્ન સંબંધ બાંધવામાં ભાગ્યેજ કોઈ પોતાના વાડામાંથી બહાર જાય છે. અન્ય જ્ઞાતિ સાથે સહજપણે લગ્નબંધન થતાં નથી ત્યાં અન્ય વર્ણોની વાત દૂરની થઈ.

કોઈનું સંતાન પોતાની પસંદગીનું, પણ અન્ય જ્ઞાતિ, વર્ણ કે પરપ્રાંતનું પાત્ર ગોતી આવે તો મોટાભાગના વડીલોની પહેલી પ્રતિક્રિયા વિરોધની હોય છે. એમની સંમતિ વિરુદ્ધ એમનું સંતાન લગ્ન કરી લે તો કોઈ વડીલ સંતાન સાથેના સંબંધ સદંતર કાપી નાંખે છે તો કોઈ થોડા વખત પછી ક-મને સ્વીકારે છે. બહુ થોડા એમને ઉમળકાભેર આવકારતા હશે.

અત્રે એક ચોખવટ જરૂરી છે કે કાચી

વયના સંતાનોની પસંદગી હંમેશાં સારી કે સાચી હોતી નથી. પાત્ર સુસંગત ન હોય તો વડીલોનો વિરોધ વાજબી ગણાય. જો સંતાનની સમજ અને પરિપક્વતા પર આપણને વિશ્વાસ હોય, એમની પસંદગીનું પાત્ર આપણી બધી અપેક્ષાઓ પૂરી કરતું હોય તો આપણે તેને જ્ઞાતિ/વર્ણ/પ્રાંત બાંધ ન રાખતાં ઉમળકાભેર અપનાવવા તૈયાર થઇએ ખરા?

આપણી જ્ઞાતિ નજીકની ગણાતી ન હોય એવી અન્ય જ્ઞાતિના કુટુંબ સાથે આપણો વર્ષોનો સંબંધ હોય, એમના સંતાનને આપણે નાનપણથી ઓળખતા હોઇએ, આપણી બધી અપેક્ષાઓ એમાં પૂરી થતી હોય તો સામેથી એના માટે માગું લઇ જઇએ ખરા?

આવી વ્યક્તિ જો દલિત હોય, પરધર્મી હોય તો આપણું વલણ કેવું હોય?

પરજ્ઞાતિ કે પરધર્મી સાથે લગ્નસંબંધ બાંધવામાં પહેલો બાધ ઘણાને ખાનપાનનો નડે છે જે વાજબી પણ છે. ખાસ કરીને દીકરી આપવાની હોય ત્યારે એનું મહત્ત્વ વધી જાય છે. એ પણ સાચું છે કે લગ્ન સંબંધે બંધાવું તે માત્ર ખાનપાનની સમાનતા કરતાં ઘણી વિશાળ અને ગહન બાબત છે. ઘણા એ સ્વીકારવા લાગ્યા છે.

આવા કિસ્સામાં જો બન્ને પાત્રો પુખ્ત હોય, શિક્ષિત હોય, વૈચારિક રીતે સ્વતંત્ર હોય, આર્થિક રીતે સ્વાવલંબી હોય, દરેક પ્રશ્નની પૂરતી ચર્ચા કરી હોય તો, વડીલોએ આવા સંબંધનો વિરોધ કરવો જોઇએ? ક-મને સ્વીકારવું જોઇએ? કે સહર્ષ આવકારવું જોઇએ?

એક ખુલાસો કરવો જરૂરી છે કે બાળકો આપણી સંપત્તિ નહીં બલકે આપણને સોંપવામાં આવેલી અમાનત છે. આટલું ધ્યાનમાં રાખીએ તો આપણા વલણમાં કોઇ ફરક પડે ખરો?

પહેલેથી કહ્યું હતું કે ચઢાણ કપરાં છે. સંતાનો દ્વારા અન્ય વર્ણો કે ધર્મના પાત્ર પસંદગીના કિસ્સા જૂજ છે. તેમજ સામે ચાલીને આવું પાત્ર ગોતવા કોઇ જતું નથી. વાત આદર્શની હતી એટલે આગળ ચલાવી છે. આ એક બૌદ્ધિક કવાયત માત્ર હતી. કોઇને મૂલવવાનો જરા પણ આશય નથી.

સર્વ માનવ સમાન છે એમ કહેવું સહેલું છે, કરવું ખૂબ અઘરું છે. "સર્વ માનવ સમાન"ની દિશામાં આપણે કેટલા આગળ વધ્યા છીએ એની આ ચકાસણી છે. દરેક તબક્કાને સામે લાવ્યા વગર એ શક્ય નહોતું. બીજું કંઇ નહીં તો એક આદર્શ તરીકે સ્વીકારવાનો આપણો માનસિક અભિગમ કેવો છે એનો સાચો જવાબ જાત પાસે માગવાનો છે.

દલિત સાથેનાં લગ્ન દૂરની વાત થઇ. દલિત કિશોર અને કિશોરીને દત્તક લઇ એમની જ જ્ઞાતિમાં પરણાવવાનો દાખલો જોયો છે. એના માટે પણ ઘણી હિંમત અને માનસિક તૈયારીની જરૂર પડી હશે. એની પૂરતી સરાહના કરવી આવશ્યક છે. આ સત્ય ઘટનાને લીધે આ લેખ લખવાની પ્રેરણા મળી છે.

એક મિત્રે કહ્યું કે આભડછેટ એમના શાસ્ત્ર સંમત નથી એટલે તેઓ એનો વિરોધ કરે છે. ધારો કે શાસ્ત્ર સંમત હોત તો એ આજના સમયમાં ઉચિત ગણાત? મનુસ્મૃતિ વર્ણભેદનું સમર્થન કરે છે. આ કારણે સર્જાયેલી સમસ્યાઓની આકરી કિંમત હજીએ ચૂકવાઇ રહી છે. આતંકવાદીઓ અને આત્મઘાતી હુમલાખોરો પણ એમનાં કૃત્યોને "શાસ્ત્રસંમત" ગણે છે. શાસ્ત્રોમાં લખેલું બધુંજ સ્વીકાર્ય ન હોય. ક્યારેક આપણે સારાસારનો વિચાર કરવાનો હોય. આ વાત દરેક ધર્મનાં શાસ્ત્રોને લાગુ પડે છે.

શાસ્ત્રો સમય પ્રમાણે બદલાય છે, એમાં સુધારા - વધારા થતા રહ્યા છે. આવા ફેરફાર ધાર્મિક પંથોને એકબીજાથી અલગ પાડે છે. જોકે બધા પોતાનાં શાસ્ત્રોને અસલ ગણે છે અને એકબીજા સાથે વિવાદ કરે છે. છતાંયે શાસ્ત્રોમાં સમય પ્રમાણે યોગ્ય ફેરફાર થતા રહે એ સારું છે અને જરૂરી પણ છે.

બધા ભારતીયો માટે આજે સૌથી અગત્યનું કોઇ શાસ્ત્ર હોય તો તે દેશનું બંધારણ છે. જો બધા બંધારણને અનુસરતા થાય તો દેશના મોટા ભાગના આંતરિક પ્રશ્નો હલ થઇ જાય. **જે દેશમાં બંધારણ કરતાં ધર્મગ્રંથને અગ્રેસર માનવામાં આવે છે એની આજે શું હાલત છે તે આપણે જાણીએ છીએ.**

ખાનપાનની બાબતમાં કેટલાક લોકો ઘણા ચુસ્ત હોય છે. એમાં ઢીલ રાખનારી અન્ય જ્ઞાતિઓ પ્રત્યે થોડો અણગમો ધરાવે છે. એમના જ સમાજના, એમના પરિચયમાં હોય એવા કોઇ ખાનપાન બાબતમાં "શુદ્ધ" ન હોય તો એમની સાથે એમનો વ્યવહાર કેવો હોય? પરનાત કે પરધર્મી પ્રત્યે માત્ર ખાનપાનને લીધે અણગમો હોય એવો અણગમો પોતાના જ્ઞાતિબંધુઓ પ્રત્યે જાહેરમાં બતાવી શકે? **કર્મ આધારિત નહીં પણ જન્મ આધારિત આ ભેદભાવને સિલેક્ટિવ મોરાલિટી કહેવાય.**

ઘણાને કહેતા સાંભળ્યા છે કે પૂર્વ જન્મનાં કર્મોનાં ફળ સ્વરૂપે આપણો જન્મ ઉચ્ચ કુળમાં થયો છે, એટલે કે આપણે બીજા કરતાં ઊંચા છીએ. આભડછેટમાં ન માનવા છતાં આવું ઊંચ-નીચના ભેદભાવનું વલણ "સૌ માનવ સમાન"થી દૂર લઇ જાય છે. એમનો જન્મ અને ખાનપાન આધારિત આડંબર પણ ઘણાને ખટકતો હશે.

દરેક દેશ, ધર્મ અને સમાજમાં એવા

પણ થોડા લોકો મળી આવે જેઓ જ્ઞાતિભેદ, રંગભેદ, વર્ગભેદમાં માનતા નથી. બીજાઓ સાથે છેતરપિંડી કે શોષણ કરતા નથી. કુટુંબ, સમાજ અને દેશ પ્રત્યેની ફરજ પ્રામાણિકતાથી બજાવે છે. એમનું અંગત જીવન જે પણ હોય, એમનું છે. આપણી પરિભાષામાં એ શુદ્ધ ન પણ હોય.

દરેક ઠેકાણે બીજો એક એવો વર્ગ છે જે પોતાની ધાર્મિક માન્યતાઓનું ચુસ્તપણે પાલન કરતો હોય પણ અન્યો સાથેનું એમનું વર્તન સદ્ભાવપૂર્ણ ન હોય. તેઓ બીજાની મજબૂરીનો ભરપૂર લાભ લેતા હોય. વાર્તા અને ફિલ્મોમાં ખલનાયક તરીકે બતાવાતા કર્મકાંડી બ્રાહ્મણો, વ્યાજખાઉ શાહુકાર, ઢોંગી તાંત્રિક તેમજ લોકોને ઉશ્કેરતા રાજકીય, સામાજિક, ધાર્મિક નેતાઓ વગેરે આ વર્ગના થોડા દાખલા છે.

મોટાભાગનો જનસમુદાય આ બે વર્ગની વચ્ચે ક્યાંક હોય છે. એમના માટે થોડા સવાલ છે. આગલા બે વર્ગના લોકોમાંથી વધુ નૈતિક કોણ ગણાય? કોણ વધુ વિશ્વાસપાત્ર છે? આપણને કોની સાથે સંબંધ રાખવો વધુ ગમશે?

માણસના સારા-ખરાબ હોવાની વ્યાખ્યા કરવી ઘણી અઘરી છે. એનું અંગત અને જાહેર જીવન ઘણું અલગ હોઈ શકે છે. શુદ્ધ કે પવિત્ર ગણાતા અંગત જીવનના જે પણ ફાયદા હોય, જાહેર જીવનનાં કાર્યોની બીજા પર થતી અસર દૂરગામી હોવાથી વધારે અગત્યની છે. **જીવનભર જાતજાતના સંયમ-નિયમ પાળનાર છતાં નિષ્ક્રિય રહેતી વ્યક્તિ કરતાં લોકોની મુસીબતોમાં કામ આવતા સ્વચ્છંદીનું જીવન વધુ સાર્થક છે.**

ભેદભાવ માનવ પ્રકૃતિમાં જન્મજાત છે. સદીઓથી આપણે પ્રકૃતિથી અળગા થઈ સંસ્કૃતિ તરફ વધવાની કોશિશ કરતા આવ્યા છીએ. હજી બે ડગલાં આગળ વધીએ. જન્મ આધારિત ભેદભાવને સાચા અર્થમાં ભૂલી જઈએ અને અંગત જીવન કરતાં જાહેર જીવનને વધુ મહત્ત્વ આપીએ.

અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓથી ભરપૂર સામાન્ય ભારતીય સમાજોની સરખામણીએ કોઈ એક સમાજ ઘણો વધુ ઉદારમતવાદી અને પ્રગતિશીલ હોય તો પણ એ ઠોઠ નિશાળિયાઓ વચ્ચે પહેલો નંબર લાવવા જેવું થયું. વિશ્વકક્ષાએ આગલી હરોળમાં બેસી શકાય એટલી આચાર-વિચારની વિશાળતા કેળવવાનું ધ્યેય રાખીએ તો "સર્વ માનવ સમાન" કહેવું સાર્થક બનશે. પછી સિલેક્ટિવ મોરાલિટીનો સવાલ નહીં રહે.

★ ★ ★

થોડા સમય પહેલાં એક નૈતિક કોયડો વાંચ્યો હતો તે અહીં પ્રસ્તુત છે. એ કોયડામાં વર્ણવાયેલ શક્યતાને નજરઅંદાજ કરી આપણે માત્ર એના સંદેશને સમજીએ.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સમાધાનની શક્યતા ઊભી થઈ છે. દુનિયાના બધાએ મત આપવાનો છે અને ત્રણ ઉમેદવારોમાંથી કોઈ એકને નવી દુનિયાનો નેતા ચૂંટવાનો છે.

પહેલો ઉમેદવાર કપટી રાજકારણીઓ સાથે ભળેલો છે. એની બે રખાતો છે. એ દારૂ પીવે છે, સિગરેટ ફૂંકે છે અને માંસાહારી છે.

બીજો ઉમેદવાર યુવાનીમાં કેફી દ્રવ્યોનો નશો કરતો હતો. એને બે વખત સત્તા છોડવી પડી હતી. એ આખી રાત જાગી બપોર સુધી સૂતો રહે છે. રોજ દારૂની આખી બોટલ ખાલી કરે છે, સતત સીગાર ફૂંકે છે અને માંસાહારી પણ છે.

ત્રીજો ઉમેદવાર સન્માનિત યુદ્ધ વિજેતા છે. એ શાકાહારી છે, દારૂ કે સિગરેટ પીતો નથી. એનો માત્ર એકજ સ્ત્રી સાથે સંબંધ છે.

આપ કોને દુનિયાના નેતા તરીકે પસંદ કરશો?

જેમણે ત્રીજા ઉમેદવારની પસંદગી કરી હોય એમણે એડોલ્ફ હિટલરના હાથમાં દુનિયા સોંપી દીધી કહેવાય. પહેલા ઉમેદવાર ત્યારના અમેરિકન પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ હતા અને બીજા ઉમેદવાર બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ હતા.

બીજા વિશ્વયુદ્ધમાં જો નાઝી જર્મનીની જીત થઈ હોત તો આજે આપણે સાવ અલગ પ્રકારની દુનિયામાં જીવતા હોત. રૂઝવેલ્ટ અને ચર્ચિલે ઈતિહાસની દિશા બદલી છે. જેમને બીજા વિશ્વ યુદ્ધ સમયના રાજકારણ અને ઈતિહાસની જાણ હોય તેઓ આ કોયડાનો મર્મ સારી રીતે સમજી ગયા હશે. **અંગત જીવન કરતાં જાહેર જીવન વધુ અગત્યનું છે.**

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. : ૯૭૨૬૭ ૯૯૦૦૯*
*Email : mggada@gmail.com*

*ટીચર : જોઉં છું મારા પાંચ પ્રશ્નોના જવાબ સૌથી પહેલાં કોણ આપે છે... (૧) દિલ્હીમાં કઈ પાર્ટીની સરકાર છે? (૨) જમ્મુના મુખ્યમંત્રી કોણ છે? (૩) અમેરિકાના પ્રમુખની ચૂંટણી કેટલા વરસે થાય છે? (૪) લોકસભામાં કેટલા સાંસદ છે? (૫) વ્હેલ માછલી બચ્ચાંને જન્મ આપે છે કે ઈંડાં મૂકે છે?*

*☺ ટીનુએ તરત જ જવાબ આપી દીધો : સર, આપની, મહેબૂબા, ચાર વરસમાં, ૫૪૫, બચ્ચાંને જન્મ આપે છે!*

*(જવાબ સાચો છે. પ્રશ્નોના ક્રમ મુજબ વાંચી જુઓ.)*

સ્વાસ્થ્ય

# હું વિમાનમાં મુસાફરી કરી શકતો નથી (Aerophobia)

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

● **કેસ સ્ટડી :**

૫૪ વર્ષના એમ.બી.એ. (MBA) થયેલ પરેશને મલ્ટી નેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા માટે તેની ડિગ્રી તથા અનુભવને ધ્યાને લઈ સામેથી ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા. પરેશે આ કંપનીમાં નોકરી મેળવવા માટે સામેથી પોતે અરજી કરી ન હતી. પરેશને નવાઈ લાગી હતી. ઈન્ટરવ્યૂ દરમિયાન પરેશને જાણવા મળ્યું કે નોકરીમાં મહિનામાં બે વખત વિમાનમાં મુસાફરી કરી બીજા શહેરમાં કામ માટે જવાનું હતું તથા બે-એક રાત રોકાવું પડે એમ હતું. બધી રીતે નોકરીની સગવડો સારી હતી. પગાર અત્યારે મળતો હતો એનાથી લગભગ બમણો મળવાનો હતો. કુટુંબ માટે મેડીક્લેઈમ તથા વર્ષમાં એક વખત બહારગામ ફરવા જવાનો ખર્ચ મળવાનો હતો.

પરેશને એકલા મુસાફરી કરવાનો અતિશય ડર લાગતો હતો. એમાં પણ વિમાનમાં મુસાફરીનો ખૂબ જ ડર લાગતો હતો. 'વિમાનને એક્સિડન્ટ થઈ જશે, હું બચી નહીં શકું', 'વિમાનમાં મને હાર્ટ ઍટેક આવશે તથા મને સમયસર સારવાર નહીં મળે...' વગેરે નકારાત્મક વિચારો પરેશને સતાવતા હતા – જ્યારે પણ વિમાનમાં મુસાફરી કરવાનો વખત આવે ત્યારે.

જ્યારે પણ વિમાનમાં મુસાફરી કરવાની વાત નીકળે ત્યારે પરેશના હૃદયના ધબકારા વધી જાય, ખૂબ જ પરસેવો થઈ આવે, હાથ-પગ ઠંડા થઈ જાય, હાથપગમાં ઝણઝણાટી થઈ આવે, પરેશ બેચેન થઈ જાય, અસ્વસ્થ થઈ જાય.

છેલ્લા પંદરેક વર્ષથી પરેશે વિમાનમાં મુસાફરી કરી ન હતી.

ઉપરોક્ત બીમારી / તકલીફને લીધે પરેશને સામેથી આવતી સોનેરી નોકરીની તક જતી કરવી પડી, ના પાડવી પડી.

બે-એક વર્ષ બાદ ફરી એક બીજી સુંદર નોકરીની તક પરેશને મળી. એમાં પણ વિમાનમાં મુસાફરી કરવાની તથા બહારગામ રહેવાનું હતું. પરેશને કમને પરાણે ના પાડવી પડી.

પત્નીને ખૂબ જ ચિંતા થવા લાગી. આવી સુંદર નોકરીની તકો આવે છે, ફક્ત વિમાનમાં મુસાફરી કરવાના ડરને લીધે યોગ્ય નોકરીઓ જતી કરવી પડે છે. પત્ની, બાળકો તથા પરિવારજનો પરેશને ગણું જ સમજાવતાં કે વિમાનમાં એકલા મુસાફરી કરવામાં શાનો ડર લાગે છે? રોજના આટલા બધા લોકો વિમાનમાં મુસાફરી કરે છે, કોઈને પણ કાંઈ થતું નથી. પાડોશીનો ૧૫ વર્ષનો દીકરો વેકેશનમાં એના મામાને ઘેર વિમાનમાં એકલો જ જાય છે.

પરેશ કહેતો કે મને સાચે જ ડર લાગે છે, મારા હૃદયના ધબકારા વધી જાય છે. હું કલ્પના કરતો નથી. ધબકારા વધી જવા, પરસેવો થવો, બેચેની થવી વગેરે મારા કાબૂમાં નથી, ઓટોમેટીક થાય છે. તમે જ કહો હું શું કરું?

પત્નીની પોતાના ભાઈ જોડે ચર્ચા થઈ. ભાઈની ઑફિસમાં પણ એક ઑફિસરને આવી જ તકલીફ / બીમારી હતી (વિમાનમાં મુસાફરી કરવાનો ડર). મનોચિકિત્સકની સારવારથી બીમારી દૂર થયેલ છે તથા એ ભાઈ નિયમિત વિમાનમાં ડર્યા વગર મુસાફરી કરી શકે છે. પરેશે તથા પત્નીએ પણ મનોચિકિત્સક (લેખક)નો અભિપ્રાય લેવાનું નક્કી કર્યું.

તપાસ દરમિયાન પરેશે જણાવ્યું કે 'ડૉક્ટર, મને ખબર છે કે વિમાનમાં મુસાફરી કરવામાં કે રાત્રે હોટેલમાં એકલા રહેવામાં કોઈ તકલીફ નથી પરંતુ જેવો પ્રવાસ કરવાનો વિચાર સુધ્ધાં આવે છે કે તરત જ મારા હૃદયના ધબકારા વધી જાય છે, પરસેવો થાય છે, બેચેન - અસ્વસ્થ થઈ જવાય છે. એ વખતે ક્યાંય મન લાગતું નથી. એ વખતે કામમાં પણ મન લાગતું નથી. મને પણ ખબર છે કે આ ડર યોગ્ય નથી. તર્કહીન છે પણ હું શું કરું? હું જાણી જોઈને આવું નથી કરતો. મારી આ સ્થિતિ મારા કાબૂની બહાર છે. મારૂં શરીર મને સાથ આપતું નથી.

● **મનના કાર્યોની તપાસ :**

મનના કાર્યોની તપાસ (Mental Status Examination) (મનના કાર્યો જેવા કે મુડ, વિચાર, વાણી, વર્તણુંક, યાદશક્તિ, લક્ષ કેન્દ્ર કરવાની શક્તિ વગેરે) નોર્મલ હતી ફક્ત ફોબિયા (Phobia)ના લક્ષણો હતા.

શારીરિક વૈદ્યકીય તપાસ નોર્મલ હતી.

● **નિદાન :**

પરેશનો કેસ ફોબિયા (Phobia)નો છે જેમાં વિમાનની મુસાફરીનો ડર (Aerophobia) છે.

***ફોબિયાની અસરને લીધે પરેશના જીવન પર નકારાત્મક અસરો :***

૧. **વ્યવસાયિક ક્ષેત્રે** : હાલની કંપનીમાં પરેશને બઢતી (પ્રમોશન) મળવાની તક નહિંવત હતી. બે વર્ષ પહેલાં

મલ્ટી નેશનલ કંપનીમાં નોકરી સ્વિકારી હોત તો અત્યારે વાઈસ પ્રેસિડેન્ટ થઈ શકત.

૨. **નાણાંકીય ક્ષેત્રે :** મલ્ટી નેશનલ કંપનીમાં પગાર લગભગ બમણો મળત તથા બીજી સગવડો મળતી. આ નુકસાન ફોબિયાની બીમારીને લીધે થયેલ છે.

૩. **કૌટુંબિક ક્ષેત્રે :** પરેશની બીમારીને તેની પત્ની બીમારી તરીકે સ્વીકારતી ન હતી. પત્ની માનસિક તાણ અને અસંતોષમાં જીવતી હતી. એને એસિડિટી તથા બ્લડ પ્રેશરની બીમારી થયેલ.

દીકરામાં આત્મવિશ્વાસનો અભાવ હતો. ભણવામાં ક્ષમતા કરતા ઓછા ગુણાંક મળતા હતા. ૧૨ વર્ષનો હોવા છતાં મમ્મી વગર એકલો ક્યાંય જતો ન હતો.

- **સારવાર :**

૧. વિમાનની મુસાફરીના ફક્ત વિચારોથી જ પરેશના હૃદયના ધબકારા વધી જતા હતા, બેચેની થતી હતી, પરસેવો થઈ જતો હતો. આ તકલીફો દૂર કરવા એન્ટીપેનિક દવાઓ (Anti Panic Medication) ચાલુ કરી. આથી ઉપરોક્ત લક્ષણોમાં રાહત મળી તથા આત્મવિશ્વાસનો વધારો થયો. શારીરિક લક્ષણો કાબૂમાં આવવાથી ડર ઓછો થયો. એક દવા એવી આવે છે કે જે જીભ પર રાખવાથી તરત જ ઓગળી જાય અને દસેક મિનિટમાં એની અસર આવે. જેને લીધે શારીરિક લક્ષણોમાં તાત્કાલિક રાહત મળે. પરેશને સલાહ આપી કે જ્યારે પણ હૃદયના ધબકારા વધી જાય તરત જ દવા જીભ પર મૂકી દેવાની. જેથી તરત જ લક્ષણોમાં રાહત મળે. આથી પરેશનો આત્મવિશ્વાસ વધવા માંડ્યો.

૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy) : આ પધ્ધતિથી સારવાર સાથે શરૂ કરી. જેમાં માનસિક શિથિલતા (Progressive relaxation) તથા સિસ્ટેમીક ડીસેન્સીટાઈઝેશનની (Systematic de-sensitization) પધ્ધતિઓનો ઉપયોગ કર્યો. ધીમે ધીમે મુસાફરીનો ડર ઓછો થતો ગયો. સારવારથી શરૂઆતમાં વિમાનમાં મુસાફરીના વિચારથી લાગતો ડર ઓછો થયો. આત્મવિશ્વાસ આથી વધ્યો. ત્યારબાદ વિમાનમાં મુસાફરી કરવા પરેશ સહમત થયો, પરંતુ એકલા નહીં પરંતુ પત્ની જોડે. વિમાનમાં બંને સાથે બેસતા. ઇમરજન્સી ગોળી લઈને મુસાફરી કરી. આ દરમિયાન કાંઈપણ તકલીફ ન થઈ. પછી એકલા વિમાનમાં મુસાફરી કરવાની હિંમત કરી. જે પણ તકલીફ વગર પૂરી થઈ. આમ, પરેશમાં આત્મવિશ્વાસ વધ્યો તથા ડર નાબૂદ થયો.

૩. પત્નીએ પણ સમજણપૂર્વક લેખકના સમજાવ્યા પ્રમાણે અભિગમ બદલાવ્યો. હકારાત્મક પ્રોત્સાહન તથા સાથ સહકાર આપ્યો.

હાલ (બે વર્ષ બાદ) પરેશ મલ્ટી નેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરે છે તથા વિમાનમાં એકલા મુસાફરી કરે છે.

આ દરમિયાન પરેશની દીકરીનો એક વખત ફોન આવ્યો કે ડૉક્ટર અંકલ, આપનો ખૂબ ખૂબ આભાર. અમે ફેમિલી તરીકે પપ્પા જોડે દુબઈ અઠવાડિયું ફરી આવ્યા. ખૂબ મજા આવી.

- **સારાંશ :**

૧. ડર એક બીમારી છે.
૨. યોગ્ય સારવાર કરવી જરૂરી છે.
૩. સમજાવવું એ સારવાર નથી.
૪. સારવારના પરિણામ અન્ય બીમારીઓની જેમ આવે ચે.
૫. સારવાર બાદ વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

Phobia – ડર વિશેની વૈજ્ઞાનિક માહિતી હવે પછીના લેખમાં મેળવીશું. ***(ક્રમશઃ)***

## સેલ્સમેન વેંચવાનો છે

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

સમજીને કે આપણે ક્યાં વાંધો જ છે! આમેય તે આપણો પનારો તો દૂધ - દહીં - છાશ સાથે છે જ ને!)

★ કહેવાય છે કે 'મોરના ઇંડાંને ચિતરવા ન પડે!'

પરંતુ મોરના ઇંડાં જો તમે ચાઈનામાંથી લીધા હોય તો ચોક્કસપણે તેના પર 'કલરકામ!' કરવું જ પડે! (અહીં પણ કહેવત ખોટી પડી!)

ચાઈનાના માલની કોઈ ગેરંટી નહીં! રખેને ઇંડાંમાંથી 'સફેદ મોર' બહાર આવી જાય!

**અંતમાં –**

ચાલો, કેરીના મધુર રસ સાથે આજની આ રામાયણ પૂરી કરીએ!

કહેવત છે કે – 'ઉતાવળે આંબા ન પાકે!' પરંતુ કેરીના વેપારીઓ આ કહેવતને પણ ખોટી પાડી રહ્યા છે – 'કાર્બાઇડ દ્વારા ઉતાવળે આંબા પકાવીને!'

*'વ્હાઇટ હાઉસ', પ્લોટ ૩૧૪/એ, રાજશ્રી સિનેમા રોડ,*
*સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*ફોન :(૦૭૯) ૨૩૨૬૦૫૮૨, મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

# દૂધ પીવાના આયુર્વેદિક નિયમ

• ડૉ. મિહિર એમ. વોરા •

દૂધને આયુર્વેદમાં એક બહુ જ મહત્ત્વપૂર્ણ અને અણમોલ વસ્તુ માનવામાં આવે છે. દૂધ વ્યક્તિના શરીર અને મગજને જરૂરી પોષણ અને શક્તિ આપે છે પરંતુ દૂધ કેટલું પીવું અને ક્યારે પીવું, તેનાથી કેવા લાભ થશે અને ક્યારે પીવાથી હાનિ થશે, આ વાતને લઈને સંશય દરેક સામાન્ય માણસને થાય છે. મોટાભાગના જે લોકો રાતે દૂધનું સેવન કરે છે તેમના મનમાં આ શંકા હોય છે કે રાતે દૂધ પીવું ફાયદાકારક હોય છે કે નુકસાનકારક? દૂધ ન માત્ર પોષક તત્ત્વોથી ભરપૂર છે પણ તેની અસર બ્રેઈન પાવર પર પણ થાય છે. દૂધ પીવાથી માનસિક ક્ષમતા વધે છે. દૂધ માનવ શરીરને મોટાભાગનું પોષણ પૂરું પાડે છે. આયુર્વેદ મુજબ ગાયનું દૂધ સૌથી વધારે પૌષ્ટિક હોય છે. દૂધ ભૂખને શાંત કરે છે અને સ્થૂળતાથી છુટકારો અપાવે છે. પરંતુ જો તમને ઊંઘ ન આવતી હોય તો તમારે ભેંસના દૂધનું સેવન કરવું. દૂધમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ પણ મળી આવે છે. દરેક ઉંમરના લોકો, વિશેષ કરીને સ્ત્રીઓએ દૂધનું સેવન જરૂર કરવું જોઈએ.

હવે આપણે જોઈશું કે આયુર્વેદ મુજબ દૂધ ક્યારે અને કેટલું પીવું જોઈએ અને તેનાથી પીવાથી કેવા ફાયદા અને નુકસાન થાય છે. સવારે ખાલી પેટે દૂધ પીવું ન જોઈએ. તેનાથી પેટમાં ગરબડ થઈ શકે છે. સવારે ખાલી પેટે દૂધ પીવાથી ગેસની સમસ્યા થઈ શકે છે. પરંતુ જે વ્યક્તિની સારી પાચન શક્તિ છે તે નિયમિતરૂપે દૂધ પી શકે છે. વ્યાયામ કરનારાઓ માટે સવારે દૂધ પીવું ફાયદાકારક હોય છે. જેથી તેઓ ખાલી પેટે પણ દૂધ પી શકે છે. દૂધ પોતે એક સંપૂર્ણ આહાર છે. આમ તો તે સવારે પીવું લાભકારક હોય છે. તેનું પાચન સૂર્યની ગરમીથી થાય છે. જો રાતે દૂધ પીવું હોય તો સૂવાના ત્રણ કલાક પહેલાં દૂધ પી લેવું જોઈએ. પરંતુ વધારે ગરમ દૂધ ન પીવું કારણકે વધારે ગરમ દૂધ પીવાથી સ્વપ્નદોષ થાય છે.

રાતે ખાંડ વિનાનું દૂધ પીવું જોઈએ અને બની શકે તો તેમાં ગાયનું ઘી ૧-૨ ચમચી નાખીને દૂધ પીવું. દૂધને મીઠું બનાવવા માટે તેમાં ખાંડ ન ઉમેરો. કારણકે મીઠું દૂધ કફનું કારક હોય છે. ખાંડ મેળવી પીવાથી કેલ્શિયમનો નાશ થઈ જાય છે. જેમાં પ્રાકૃતિક મીઠાશ હોય છે. જેથી આયુર્વેદ મુજબ દૂધમાં મધ કે સાકર નાખીને પીવાથી તેના ફાયદા બમણા થઈ જાય છે. નાસ્તા પછી કે નમકીન કે નમક, મરચું - મસાલાથી બનેલી ચીજોની સાથે દૂધ ન પીવું જોઈએ કારણકે તેનાથી હાનિ થઈ શકે છે. પણ ચા, કોફી કે પાણી સાથે દૂધ લેવાથી કોઈ ખરાબ અસર થતી નથી. સૂતા સમયે દૂધ પીવાની બાબતમાં જરૂરી શરત એ છે કે સાંજનું ભોજન કરેલા ત્રણ કલાક થઈ ચૂક્યા હોય જેનાથી પેટ ખાલી થઈ ચૂક્યું હોય તો જ રાતે દૂધ પીવું. પેકિંગવાળું દૂધ ન પીવું જોઈએ. જો દૂધ ભારે લાગે તો તમે તેમાં થોડું પાણી મીક્ષ કરીને પણ પી શકો છો. સૂતા સમયે દૂધ પીવાથી લાભ થાય છે કારણકે તેને પીધા પછી સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં ન જાય તે માટે દૂધ સરળતાથી પચી જાય અને ગુણ કરે છે. રાતના સૂતા સમય પહેલા જે દૂધ પીવું તે વધારે ગરમ ન હોવું જોઈએ. હુંફાળું દૂધ પીવું વધારે લાભકારી હોય છે.

આયુર્વેદ અનુસાર પણ નીંદર શરીરને કફ દોષથી પ્રભાવિત કરે છે. દૂધ પોતાના ભારેપણું, મીઠાશ અને ઠંડા સ્વભાવના કારણે કફ પ્રવૃત્તિને વધારે છે. નીંદર લાવવામાં સહાયક થાય છે. મોડર્ન સાયન્સ માને છે કે દૂધ નીંદર લાવવામાં મદદરૂપ થાય છે. આથી સેરેટોનિન હોર્મોન પણ નીકળે છે, જે મગજને શાંત કરવામાં મદદરૂપ થાય છે. આયુર્વેદ મુજબ દૂધ સારી રીતે એન્ટી ઓક્સિડન્ટનું કામ કરે છે. આ શરીરમમાં બનનાર વધુ એસિડને દૂર કરી દે છે. દૂધને એકદમ ઠંડું કરીને તેમાં ગ્લુકોઝ કે એક ચમચી ગુલકંદ મેળવીને પીવો. પેટ સાફ થઈ જશે અને એસિડિટીથી રાહત મળી જશે. જે લોકો કબજિયાતથી વધુ પરેશાન રહે છે, તેમની માટે બદામનું તેલ સારું રહે છે. તેનાથી આંતરડાંની કાર્યક્ષમતા વધે છે. રાતના સમયે નવશેકા દૂધમાં બદામના તેલની ૩ ગ્રામ માત્રા મેળવી સેવન કરો. દરરોજ તેલની થોડી માત્રા વધારીને ૫-૬ ગ્રામ સુધી લઈ જાઓ. થોડા દિવસો સુધી તેનું સેવન કરતા રહેવાથી વર્ષોથી પરેશાન કરતી કબજિયાત દૂર થઈ જાય છે.

જ્યારે દૂધ પીવો તો આ વાતો ધ્યાન રાખો : અડદની દાળ ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તે સ્વાસ્થ્ય માટે સારું નથી હોતું. દૂધની સાથે દહીં ન લેવું જોઈએ. એક સાથે દૂધ-દહીં લેવાથી ત્વચા સંબંધી રોગ થવાની સંભાવનાઓ રહે છે. દૂધની સાથે મૂળા, જાંબુ, માછલી વગેરે પણ ન લેવા જોઈએ. દૂધની સાથે મીઠું કે કારેલા પણ ન લેવા જોઈએ. તે પણ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોઈ શકે છે. દૂધની સાથે તલ લેવા નુકસાનદાયી હોઈ શકે છે. દૂધ અને લીંબુ બંને સ્વાસ્થાય માટે ખૂબ જ લાભદાયક હોય છે પરંતુ તેને એકી સાથે લેવા સ્વાસ્થ્ય માટે નુકસાનદાયી હોઈ શકે છે. આમ દૂધને યોગ્ય રીતે પીવાથી શારીરિક શક્તિ મળે છે. ■

વાઇબ્રન્ટ હાસ્ય

# 'સેલ્સમેન' વેંચવાનો છે

• ચિત્રસેન આર. શાહ •

(આજની પરિસ્થિતિમાં કોઈ પણ શબ્દની આગળ 'વાઈબ્રન્ટ' શબ્દ લગાવી દઈએ એટલે 'લોકલ ટ્રેન' પણ ફેરવાઈ જાય 'બુલેટ ટ્રેન'માં!)

'સેલ્સમેન વેંચવાનો છે!' એવી જાહેરાત એક ન્યુઝ પેપરમાં વાંચી અને આશ્ચર્યનો આંચકો અનુભવ્યો! સામાન્ય રીતે માર્કેટિંગ કંપની પોતાની પ્રોડક્ટ વેંચવા સેલ્સમેન રાખતા હોય છે પરંતુ અહીં તો આખાને આખા 'સેલ્સમેન' વેંચવાની વાત હતી! આ વાંચી કેટલીક મહિલાઓની આંખમાં આંસુ આવી ગયા! તેમને થયું શું જમાનો આવ્યો છે! શું આપણે ત્યાં ગુલામીની પ્રથા આવી ગઈ છે કે માણસોના માણસો વેંચાવા લાગ્યા છે! આને શું 'અચ્છે દિન' કહેવાય?!

પરંતુ વાત જાણે એમ છેકે એક ફલેટ માલિકે તેનો ફલેટ વેંચવા માટેની જાહેરાત એ પ્રમાણે આપી હતી! તેની પાછળનો ઈતિહાસ એવો છે કે એ ફલેટનો માલિક પહેલા એક કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરતો હતો. પાછળથી તેણે તે નોકરી છોડીને 'સફળ સેલ્સમેન!' થવા માટેના ક્લાસ ખોલ્યા! અને આજકાલ તો એવું છે ને કે કોઈ પણ ક્લાસ શરૂ કરો એટલે લોકો તો લાઈન લગાડવા તૈયાર જ બેઠાં હોય છે! (Rather – ઊભા હોય છે!) જાણે બીજું કાંઈ કામ જ ન હોય! એકાદ / બે વર્ષમાં તો તે સેલ્સમેન 'લાઈફ સ્ટાઈલ' બંગલાનો માલિક બની ગયો! (અગાઉ એવું કહેવાતું કે મુંબઈમાં તો 'ભેલપૂરી' વાળાઓ બંગલા બંધાવે છે! જો કે આજે પણ બંધાવે જ છે! પરંતુ હવે તેમની સાથે 'ક્લાસવાળાઓ!' પણ જોડાયા છે!)

બંગલામાં રહેવા જવાને કારણે તેણે પોતાનો ફલેટ ભાડે આપી દીધો. તેનો પહેલો ભાડુઆત પણ કોઈ કંપનીમાં 'સેલ્સમેન' તરીકે કામ કરતો હતો! અને યોગાનુયોગ તે પછીના બધા જ ભાડુઆતો 'સેલ્સમેન' જ આવતાં રહ્યાં! તેથી તે ફલેટ 'સેલ્સમેન ફલેટ' તરીકે જાણીતો થઈ ગયો!

હવે આ ફલેટના માલિકે વિચાર્યું કે જો 'આ ફલેટ વેંચવાનો છે' – એવી જાહેરાત આપીશ તો લોકો વાંચશે પણ નહીં કારણકે રીઆલ્ટી માર્કેટમાં અત્યારે મંદી ચાલે છે અને લાખો ફલેટ્સ વેંચાયા વગરના પડ્યા છે! ફલેટ ખરીદનાર કિંમત નીચે આવવાની રાહ જોઈ રહ્યા છે અને વેંચનાર કિંમત ઊંચે આવવાની રાહ જોઈ રહ્યા છે! ...અને લીફટ બગડી છે! તેથી નથી ઉપરવાળા નીચે આવતા કે નથી નીચેવાળા ઉપર જતા!

આવા સંજોગોમાં તે ફલેટના માલિકે પોતાના MBA ટાઈપના મગજને કામે લગાડ્યું! તેણે વિચાર્યું કે જો જાહેરાતમાં કાંઈક નવીનતા હશે તો લોકો વાંચશે! તેથી તેણે અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે જાહેરાત આપી કે – 'સેલ્સમેન વેંચવાનો છે!'

અને ખરેખર તેનો ફલેટ તરત વેંચાઈ પણ ગયો!

આને કહેવાય સેલ્સમેનશીપ!

તેણે સફળ સેલ્સમેન થવાના પોતાના ક્લાસમાં ટ્રેઈની ઉમેદવારોને સફળ સેલ્સમેન થવા માટેની કેટલીક વાતો આ પ્રમાણે કરી :

★ જે સેલ્સમેન જૂન - જુલાઈના ૪૭° સેલ્સિયસ તાપમાનમાં 'રેમન્ડના વુલન સ્વેટર' વેંચી આવે તે સફળ સેલ્સમેન કહેવાય! (પાછળથી એવા સમાચાર જાણવા મળ્યા કે તેના એક ટ્રેઈનીએ પહેલા જ દિવસે આવો અખતરો અમદાવાદમાં કર્યો જેમાં તેને માર ખાવાનો વારો આવેલો!)

★ સેલ્સમેનશીપ અને જાહેરાત અંગેનો અત્યારનો ટ્રેન્ડ જાણે એવો છે કે જૂની કહેવતોને ખોટી જ પાડવી! દાખલા તરીકે એક ઍડવર્ટાઈઝમેન્ટ એવી હતી કે – 'કહેવત છે કે – ઘાટ કરતા ઘડામણ મોંઘું કે સોના કરતા ઘડામણ મોંઘું! પરંતુ અમે તે કહેવતમાં નથી માનતા! અમારે ત્યાં સોનાના ઘરેણાં બનાવડાવો – ઘડામણ મફત!'

પરંતુ તે જાહેરાતની નીચે (રાબેતા મુજબ!) બહુ જ ઝીણા અક્ષરે લખેલ હતું – 'તેની સાથે રોડિયમ મિશ્રિત પ્લેટીનમ જ્વેલરી લેશો તો!'

(પ્લેટીનમ એ સોના કરતાં કિંમતી ધાતુ છે એ તો બધાને ખ્યાલ હોય જ પરંતુ પ્લેટીનમ જ્વેલરીને હાર્ડ કરવામાં 'રોડિયમ' ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે જે પ્લેટીનમ કરતાં પણ મોંઘી ધાતુ છે! એટલે 'ઘડામણ મફત' વાળી સ્કીમમાં ખરીદનાર માટે સરવાળે તો બાદબાકી જ થઈને!)

★ એક સફળ સેલ્સમેન પિતાએ પોતાની ડાયવોર્સી પુત્રી માટે નીચે પ્રમાણેની જાહેરાત આપી!

'નિર્દોષ ડાયવોર્સી 'કન્યા' માટે ફ્રેશ કે ડાયવોર્સી મુરતિયો જોઈએ છે! ભલે તમે કદાચ દૂધથી દાઝેલા હો પરંતુ અમારી 'છાશ' જેવી ઠંડક આપતી કન્યા માટે ફૂંકી ફૂંકીને વિચારવાની જરૂર નથી!'

અને આ જાહેરાત વાંચી એક 'ડેરીવાળો' તેની સાથે પરણી ગયો! (એમ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)

સંસ્થા/વ્યક્તિ વિશેષ

# પ્રેરણા મેળવવા જેવી મહિલાઓ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આ સંસાર રથના બે પૈડાં તે નારી અને નર. નારીમાં નિસર્ગદત્ત અનેક સુષુપ્ત શક્તિઓ અભિપ્રેત છે. નારીના રોજિંદા કાર્યો તથા દુન્યવી કર્તવ્યો પર જો એક દૃષ્ટિ નાંખીએ તો નારીમાં દિવ્યતાના દર્શન થશે. સ્ત્રીને પુરુષ સમોવડી કહેવાઈ છે પરંતુ કોઈક અગમ્ય શક્તિઓમાં મહિલા પુરુષ શક્તિથી આગળ એક ડગલું ભરતી જણાય છે.

ન્યુયોર્કની એક મિલમાં કાર્યરત ૧૫ હજાર મહિલાઓએ પગાર વધારા માટે, વૉટ આપવા માટે પ્રચંડ આંદોલન કરેલું અને આ ક્રમમાં અમેરિકાની સોશિયાલિસ્ટ પાર્ટીએ ઇ.સ. ૧૯૦૯માં પ્રથમવાર 'વુમન્સ ડે' ઉજવ્યો. આંતરરાષ્ટ્રીય મહિલા દિન મનાવવાનો નિર્ણય ઇ.સ. ૧૯૧૦માં ડેન્માર્કના કૉપન હેગનની મહિલાઓની કોન્ફરન્સમાં લેવાયો. પ્રથમ વખત ૧૯ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિન મનાવાયા બાદ, ઇ.સ. ૧૯૧૩ મહિલા દિનની ઉજવણી ૮મી માર્ચે વિશ્વભરમાં કરવામાં આવે છે.

### • મહિલાઓ રાજકીય સ્તર પર :

પંચાયતી રાજ્ય ક્ષેત્રે શિરોહી જિલ્લાની વિમલગઢ ગામની મહિલા સરપંચ **સરમીબાઈ**ના કાર્યોની સરાહના અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઑબામાએ પણ કરી છે. આ ઉપરાંત **સમાખાન** તથા **ગીતાબાઈ** જેવી મહિલા સરપંચોએ દેશનું ગૌરવ વધાર્યું છે.

મહિલાઓ ભારતમાં રાજ્યના મુખ્યમંત્રીપદે પહોંચી છે. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી તથા તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા ફરજ બજાવી રહ્યા છે. રાજ્યમાં વહીવટી ધૂરા સંભાળવાની કષ્ટસભર અને દાદ માંગી લે તેવી કસોટીરૂપ કામગીરી આ સૌ કરી રહ્યા છે.

### • અંતરીક્ષ ક્ષેત્ર તથા મિસાઇલ વુમન :

ચંદ્ર પર તથા મંગળ જેવા ગ્રહો પરની જળ, સ્થળ, હવામાન આદિની નૈસર્ગિક સ્થિતિનો અભ્યાસ કરવાનું સાહસ કોઈ વીરલા જ કરી શકે. સુરક્ષા ક્ષેત્રે મિસાઇલ વુમન તરીકે '**ટેશી થોમસ**'નું નામ જગમશહૂર બન્યું છે. તેણી ૨૦ વર્ષથી આ ક્ષેત્રમાં છે. ૫૦૦ કિ.મી. મારક શક્તિ ધરાવતી મિસાઇલ 'અગ્નિ-૫'નું પરીક્ષણ કરી **ટેશી થોમસ** યશસ્વી રહ્યા. તો અંતરીક્ષ ક્ષેત્રે **સુનીતા વિલિયમ્સ** તથા **કલ્પના ચાવલા**એ ભારતનું નામ રોશન કર્યું છે.

### • સાહિત્ય ક્ષેત્રે નામાંકિત નારીઓ :

માનવીના સર્વાંગી વિકાસમાં વિવિધ ભાષાના સાહિત્યકારોએ મહત્ત્વનું કાર્ય કરી, માનવજાતને ધબકતી રાખી છે. મહિલા સાહિત્યકારો વિશ્વમાં અનેક છે પરંતુ મહાદેવી વર્મા, સુભદ્રાકુમારી, ચૌહાણ, આશાપૂર્ણ દેવી, મૈત્રી પુષ્પાનું નામ વિશ્વમાં છે. સામાજિક ક્ષેત્રે ભગીની નિવેદીતા, મધર ટેરેસા, રમા બાઈના નામો લોકજીભે ચઢેલા છે.

### • રમતગમત ક્ષેત્રે મહિલાઓ :

આ ક્ષેત્રે ભારતના શ્રેષ્ઠ રમતવીર **પી.ટી. ઉષા**એ ૧૦૧ પદકો મેળવ્યા છે. જે આંતરરાષ્ટ્રીય પદકો છે. વિશ્વમાં મુક્કાબાજીમાં મહિલા તરીકે '**મેરીકોમ**' પાંચ વખત જીત્યા છે. ઇ.સ. ૨૦૦૯માં મેરીકોમને ભારતના સર્વોચ્ચ 'ખેલરત્ન' તરીકે રાજીવ ગાંધી પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. **સાનિયા નહેવાલ, સાનિયા મિર્ઝા**એ ભારતનું નામ વિશ્વમાં ગૂંજતું કર્યું છે.

### • વહાણવટા ક્ષેત્રે કચ્છી મહિલા માલમ :

કચ્છ - માંડવીના મીઠુ માલમને ૧૯૪૨માં ક્ષય થયો. ૧૯૪૬માં તેનું અવસાન થતાં તેના પત્ની **કબીબેને** સફળ વહાણવટું કર્યું. માલમ તરીકે તેમની લોકચાહના વધતી રહી. તેમની સાહસિકતા પર ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે.

### • દુર્ગમ પર્વતારોહણ :

આંધ્રપ્રદેશની ૧૩ વર્ષની **માલ્યા પૂર્ણે**એ 'આંધ્રપ્રદેશ શૈક્ષણિક વેલફેર સોસાયટી'ના ઉપક્રમે પર્વતારોહણની તાલીમ લઈ ઍવરેસ્ટ પહોંચી. **બચેન્દ્રીપાલ**નું નામ પર્વતારોહણ ક્ષેત્રે જાણીતું છે. ઇ.સ. ૨૦૧૧માં C.I.S.F.ની પરીક્ષા માટે લખનૌથી દિલ્હી જતી **અરુણિમા સિંહા**ને ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં લૂંટારાઓએ લૂંટી તેની ચેન - બેંગ આંચકી લઈ, ટ્રેનની સાંકળ ખેંચી, અરુણિમાને ધક્કો મારી, પ્લેટફોર્મ પર ફગાવી, નાસી ગયા. દુર્ભાગ્યે તેણીનો પગ કપાઈ જતાં કૃત્રિમ પગ બેસાડવો પડ્યો. આ ટ્રેન પદ્માવતી એક્સપ્રેસ હતી. પર્વતારોહણના શોખને કારણે કૃત્રિમ પગે તેણી સાહસ કરી એવરેસ્ટ પર પહોંચી. ભારતીય સુરક્ષા દળોની ત્રણ

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)

સમાજની ક્ષિતિજો

# વિવાહ સંસ્કાર : લેખાંક-૨

• પ્રસિધ્ધ કર્તા : પરમાનંદ માણેકલાલ ગાંધી •

*પ્રસ્તુત લેખનો પ્રકરણ-૧ ગત અંકમાં પ્રકાશિત થયેલ હતો... તે અન્વયે વધુ રસપ્રદ વિગતો અત્રે વાંચીએ...*

*– તંત્રી મંડળ*

## • ગણેશ પૂજન

વિવાહ સંસ્કાર પૂર્વેની વિધિનો પ્રારંભ ગણેશ પૂજનથી થાય છે. પ્રત્યેક ધાર્મિક વિધિમાં તથા પ્રત્યેક યજ્ઞમાં ગણપતિની અગ્રપૂજા થાય છે. કારણ કે તે વિઘ્નહર્તા છે. ગણપતિ એ મૂર્તિમંત તત્ત્વજ્ઞાન છે. ગજનું મસ્તક અને માનવીનું શરીર એ બંનેનો સમન્વય થાય તો જીવનમાં તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ આવે. જીવન તરફ જોવાની દૃષ્ટિ બદલાઈ જાય છે. સંકટો આવે ત્યારે અને વિઘ્નો આવે ત્યારે તેના પૂજનથી વિઘ્નોનો સામનો કરવાની હિંમત નિર્માણ થાય છે.

વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની હાજરીમાં લગ્નની બધી વિધિ નિર્વિઘ્ન પાર પડે અને સાંસારિક જીવનયાત્રામાં આવતાં વિઘ્નો દૂર થાય તે આ પૂજન પાછળની ભાવના છે.

## • ગ્રહશાંતિ

ભવિષ્યમાં કોઈપણ પ્રકારના ગ્રહોનું નડતર ન થાય તે હેતુથી ગ્રહશાંતિ કરવામાં આવે છે. પ્રત્યેકના જીવન ઉપર ગ્રહોની અસર થાય છે અને એમાં જ્યારે બે જીવ - વરકન્યા એકત્ર થઈ જીવન જીવવાના હોય ત્યારે એકબીજાને નડતા ગ્રહોની શાંતિ માટે આ એક આવશ્યક વિધિ છે.

અને ત્યાર પછી વડીલોની, સગાસંબંધીઓની અનુમતિના પ્રતીક તરીકે વરને અને કન્યાને હાથે મીંઢળ બાંધવામાં આવે છે.

સોપારી જેવડું આ મીંઢળ આરોગ્યની દૃષ્ટિથી રોગનાશક છે. તે કામવર્ધક પણ છે. વર-કન્યા સંસાર કરવાના છે તો તેમની (કન્યા માટે સ્વતંત્ર ગ્રહશાંતિ કરવાની હોય છે) કામભાવના સતેજ રહે અને મંદ પડી ન જાય એ ભાવનાથી મીંઢળ બાંધવામાં આવે છે.

લગ્નના દિવસે ઊભય પક્ષે પલ્લુ, લગ્નપડો, વરચડાવો ઈત્યાદિ ફેરા કરવામાં આવતા હતા કે જેના લીધે બંને પક્ષમાં અરસપરસ ભાવ વધે - આત્મીયતા કેળવાય. વરપક્ષ તરફથી કન્યાના માટે દાગીનો તથા સાડી ઈત્યાદિ કપડાં લઈ જવામાં આવતાં. કન્યાના ઘરે જઈ લગ્નપડો વાંચવામાં આવતો (લગ્નપડો એ બંને પક્ષે થયેલા સગપણ વખતની વિધિ છે.) અને તેમાં જણાવ્યા મુજબ 'અમે વરને લઈને આવીએ છીએ' તેની ઔપચારિક દૃષ્ટિથી અનુમતિનો સૂચક ફેરો ગણાતો અને ત્યાર પછી કન્યા પક્ષ તરફથી તેની અનુમતિ સૂચક ચલ્લાવોનો ફેરો વરપક્ષને ત્યાં થતો. વરરાજાને પીઠી ચોળી, સ્નાન કરાવી લગ્ન માટે તૈયાર કરવાની આ વિધિ છે.

પીઠી એ સૌંદર્યવર્ધક - કાંતિવર્ધક હોવાથી વર કન્યાને ચોળવામાં આવતી અને આ બધી લોકાચાર વિધિ દરમ્યાન બંને ઘરોમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ છવાઈ જતું.

પરંતુ આજના ભાગતા જીવનની સાથે શહેરી રીતરસમ અને પતાવટની આજની પ્રક્રિયાના લીધે આ ભાવવર્ધક ફેરાઓનું અસ્તિત્વ લગભગ મટી ગયું છે.

યોગ્ય સમય થતાં વર, ઘોડા પર બેસી સાજન મહાજન સાથે પરણવા જતો. તે દિવસ પૂરતો તે રાજાપાટમાં હોવાથી તેના માટે વરરાજા શબ્દ પ્રચલિત થયો છે. જીવનમાં આ એક જ દિવસ એવો આવતો હશે કે જ્યારે બધા તેની તહેનાતમાં રહેતા હોય છે.

## • વરઘોડો

જૂના કાળમાં રથ, ઘોડાગાડી, પાલખી ઈત્યાદિ સાધનો હોવા છતાં ઘોડા પર બેસી, વર પરણવા જતો. તેની પાછળ મહત્ત્વનું કારણ એ હતું કે ઘોડેસવારી કરવી એ શારીરિક ક્ષમતાનું લક્ષણ ગણાતું અને વરની શારીરિક ક્ષમતાનું આડકતરું પારખું થઈ જતું.

તેની પાછળ બીજી એક સમજણ એ પણ હતી કે 'ઘોડા ઉપર સવાર થઈને તેને કાબૂમાં રાખી તું જાય છે, તેમ ઇંદ્રિયો ઘોડા જેવી છે. તેના ઉપર તારે સવાર થવાનું છે.' મતલબ, કાબૂ રાખવાનો છે — તેનું એ આડકતરું પ્રતીક હતું.

આજે પરિસ્થિતિ બદલાઈ છે, ભાવના બદલાઈ છે. મોટરમાં અથવા જીપમાં બેસીને વર પરણવા જાય છે છતાં તેને વરઘોડો જ કહેવામાં આવે છે! વરઘોડા પાછળની ભાવના જાળવી રખાય તો ઘણું છે.

- **મામેરું**

મામાનું પણ એ પરિવારમાં એટલું જ મહત્ત્વ છે. કેટલેક ઠેકાણે વરઘોડાના રૂપમાં જ મામેરું કાઢવામાં આવે છે અને તે મોસાળ પક્ષ તરફથી હોય અને આ રીતે વરઘોડારૂપે મામેરું શ્વસુરગૃહે પહોંચતું. તે પહેલાં કન્યાદાન વખતે મામેરાની રસમ થતી હોય છે. કન્યાના માતૃપક્ષના સગાંસંબંધી કન્યા પ્રત્યેના પ્રેમના લીધે તેને ભેટસોગાદ - ઘરેણાં ઇત્યાદિ આપવામાં આવે છે અને તે કન્યાની માલિકીના ગણાય છે અને કાયદાકીય દૃષ્ટિએ પણ કન્યાદાનમાં બધી જણસ કન્યાની માલિકીની ગણાય છે.

કન્યાદાનની વિધિ પછી મામાના ઘરેથી વરયાત્રા - વરઘોડો (જેને આજે મામેરું કહે છે) નીકળી ગામમાં ફરતો ફરતો શ્વસુર ગૃહે પહોંચતો ત્યારે તેનું ઉમળકાભેર ગીતો ગાઈને સ્વાગત કરવામાં આવતું. બંને પક્ષે મહિલાવર્ગ પોતપોતાની દીકરી અને દીકરાનું વર્ણન ગાતાં - સામસામા ભાવપૂર્વક, લગ્નગીતો ગાતાં - આજે લગ્ન મંડપની ઝાકઝમાળ હોવા છતાં તેવા સામસામી ગવાતાં ભાવપૂર્ણ ગીતોનો, એ ભાવનો અભાવ વરતાઈ આવે છે.

- **પોંખણું**

વરરાજાને ઘરના પ્રવેશદ્વાર ઉપર પોંખવામાં આવતો અને લોકાચારની આ વિધિ પાછળ જીવનની ઊંડી સમજ છે. જીવનનું તત્ત્વજ્ઞાન છે અને વરને આવનારી પરિસ્થિતિને આવકારવા માટે સાબદા થવાનું એક આડકતરું આહ્વાન છે.

બધા જોઈ શકે તેથી એક બાજઠ ઉપર વરરાજાને ઊભા રાખી તેની આરતી ઉતારી કપાળે તિલક કરી મંગળ ગીત ગાતાં ગાતાં એના ઓવારણાં લેવામાં આવતા અને સંભવ છે કે વરયાત્રા દરમ્યાન લોકોની નજર પણ લાગી હોય. તેથી ચાર ડોકા વતી નજર ઉતારી ચારે દિસામાં તે ફેંકી દેવામાં આવતા.

પછી એક થાળમાં રવઈ, તરાક, મૂસળ, ધૂંસરી વગેરે દેખાડી વરરાજાને પોંખવામાં આવતો. તેનું હાર્દ પણ સમજવા જેવું છે.

**<u>રવઈ</u>** : જેમ છાશમાંથી માખણ કાઢવા મંથનની જરૂર પડે છે તેમ સંસારને મથવો પડશે, તો જ સ્નેહનું માખણ નીકળશે, તેનું પ્રતીક રવઈ છે.

**<u>તરાક</u>** : લગ્નજીવન રેંટિયા જેવું છે. પતિ-પત્ની એ બે ચક્રો છે. પ્રેમની દોરીથી બંધાયેલા તે ફરતા રહે તો જ તરાકમાંથી અરસપરસને બાંધી રાખતો સ્નેહનો તંતુ નીકળશે.

**<u>મૂસળ</u>** : જેમ મૂસળ ખાંડવાનું કામ કરે છે તેમ સંસારના વ્યવહારમાં વાસનાઓને મૂશળથી ખાંડી પ્રેમને અખંડ રાખવાનું પ્રતીક છે.

**<u>ધૂંસરી</u>** : જિંદગી એક રથ છે. પતિ-પત્ની એ બે રથના પૈડાં છે. શીલ અને શિસ્તના ચીલામાં જીવનવ્યવહાર કરશો તો સંસારનો બોજો નહીં લાગે. જીવનરથ આરામથી ચાલ્યા કરશે અને એ ચીલામાં ચલાવવા માટેનું પ્રતીક ધૂંસરી છે.

લગ્નમંડપમાં આગળ ડગ ભરતાં પહેલાં વરરાજાએ બે કોડિયાના સંપુટ ઉપર પગ મૂકી તેને ભાંગીને આગળ વધવાનું હોય છે. તે રીતે દ્વૈતમાંથી અદ્વૈત બનવા, એક દિલને બીજા દિલ સાથે જોડવા થકી આવનારી બધી અગવડોને કચરી નાખવાની કટીબદ્ધતાનું એ પ્રતીક છે.

આ બધી ભાવનાઓને આત્મસાત્ કરી જેમ યુદ્ધના મોરચે જવાનું હોય અને તેના માટે માનસિક તૈયારીની જરૂર હોય છે, તેમ વરરાજા પણ આવી માનસિક તૈયારી સાથે મંડપમાં પ્રવેશ કરે છે.

લોકાચારની આ બધી વિધિ પાછળ આનંદ, ઊર્મિ-ઉલ્લાસના મંગળ ગીતોની સાથે સાથે માનસિક કટીબદ્ધતાનું કેવું આડકતરું સૂચન છે! અને આ જ આપણી સાંસ્કૃતિનું વૈશિષ્ટ્ય છે. પણ આ બધું વિસરાતું જાય છે.

ત્યાર પછી વર-કન્યા એકબીજાને હાર પહેરાવી સ્વીકૃતિનું અનુમોદન આપે છે અને બંને હૈયાં એક થયાં તેના પ્રતીક તરીકે વર-કન્યાના ગળામાં સૂતરનો એક જ હાર પહેરાવવામાં આવે છે અને વિવાહ સંસ્કારનો પ્રારંભ થાય છે.

- **લગ્નમંડપ :**

લગ્નમંડપમાં ચાર છિદ્રોવાળાં ચાર શકોરાં વિવાહની વેદીના સ્થાન પાસે મૂકવામાં આવે છે. તે ચાર આશ્રમોનું પ્રતીક છે. તેની ગોઠવણી આ મુજબ છે : સંસારમાં વિરક્તાવસ્થાનું જ્ઞાન પ્રાપ્તિ માટેનું એક શકોરું તેના ઉપર બીજું ઊર્ધ્વ અને અધોમુખી રાખેલાં બે શકોરાં ગૃહસ્થ અને વાનપ્રસ્થમાં - એ આશ્રમો દંપતીએ સંયુક્ત થઈને રહેવાનું પ્રતીક છે. અને તેમાં ખાદ્ય પદાર્થો અને દ્રવ્ય મૂકવામાં આવે છે. અને તેના ઉપર ચોથું - ઊર્ધ્વાભિમુખ ખાલી પાત્ર એ સંન્યાસાશ્રમનું પ્રતીક છે. અપરિગ્રહ અને એકાકી - કેવળ બ્રહ્મની પ્રાપ્તિ માટેના જીવનનું તે પ્રતીક છે.

માનવજીવન આ ચારે આશ્રમોના સમૂહરૂપે જે દોરીથી બાંધવામાં આવે છે તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદનું પ્રતીક છે.

મંડપ સ્થાપન પછી ઉપાધ્યાય વરવધૂને હાથે રક્ષાકંકણ બાંધે છે. સાત મહિલા તેને એક ગાંઠ મારી મજબૂત બનાવે છે. સાત ગાંઠ એ વરકન્યાને સાવચેત કરે છે કે ગર્ભાધાન પહેલાં શરીરની સાત ધાતુઓને બલપૂર્વક નિગ્રહ કરો. એક એક ગ્રંથિ એક એક ધાતુના સંયમ - બંધનનું પ્રતીક છે.

- **વિવાહ સંસ્કાર**

તેના મુખ્ય ચાર અંગો છે : (૧) વરપૂજન, (૨) પાણીગ્રહણ, (૩) લાજાહોમ અને (૪) સપ્તપદી – એ વિવાહ સંસ્કારના મુખ્ય અંગ છે.

વિવાહ સંસ્કાર અર્થે બે વેદી હોય છે.

ગ્રહોની શાંતિ માટે ગ્રહવેદી કરવામાં આવે છે. તેને ગ્રહશાંતિ કહીએ છીએ અને સામાન્ય રીતે તે વિવાહ સંસ્કાર પહેલાં થતી હોય છે અને અગ્નિની સાક્ષીએ સ્ત્રીપુરુષ પ્રતિજ્ઞાથી બંધાય છે તેને યજ્ઞવેદી કહેવામાં આવે છે.

**વરપૂજન :** એક કાળે અભ્યાગતના સત્કાર માટે થતી વિધિથી વરપૂજન કરવામાં આવે છે. પ્રારંભમાં પૂજનાદિ થયા પછી વરના ચરણ પ્રક્ષાલન કરવામાં આવે છે. બેસવા આસન આપી તેને અર્ધ્ય આપવામાં આવે છે. ત્યાર પછી દહીં, માખણ અને મધનું તૈયાર કરેલું મિશ્રણ મધુપર્ક કહેવાય છે, તે તેને આપવામાં આવે છે.

**પાણીગ્રહણ (હસ્તમેળાપ) :** વાસ્તવિક, વિવાહ સંસ્કારનો પાયો જ કન્યાદાન છે – કન્યાનું પાણીગ્રહણ છે. જો કે કન્યાદાનના સંકલ્પ પાછળ અતિ ભવ્ય અને દિવ્ય સમજણ છે પરંતુ સવાલ એ છે કે કન્યા કોઈ વસ્તુ નથી કે તેનું દાન આપી શકાય. પણ કન્યાદાન પાછળની એ ભાવના છે કે કન્યાની કુમારાવસ્થાનું આ દાન, કન્યાનું દાન ગણાય છે.

કન્યાદાનનો સંકલ્પ કરતી વખતે પિતા સંકલ્પ કરે છે.

**श्रुतिस्मृति पुराणोक्त पुण्यफल प्राप्त्यर्थं अस्मिन् पुण्याहे अस्या लक्ष्मीरुपिण्याः कन्याया अनेन विष्णुरूपिणा वरेण सह करिष्यमाणो द्वाहद्वारा ।** અને પોતાની લક્ષ્મીરૂપિણી કન્યાનું વિષ્ણરૂપ એવા વરના હાથમાં દાન આપે છે. હકીકતમાં કન્યા લક્ષ્મીરૂપિણી નથી અને વર વિષ્ણુરૂપ પણ નથી. પરંતુ તેની પાછળની ભાવના ઉદાત્ત હોવાથી જીવનમાં કન્યાએ લક્ષ્મીની ભૂમિકા સુધી અને વરે વિષ્ણુની ભૂમિકા સુધી ઊંચે ચડવાનું સૂચન છે. તે દિશામાં તેણે પ્રયાસ કરવો જ રહ્યો. કારણકે એ ભાવનાથી તો પાણીગ્રહણ થયું છે અને જ્યાં મૂળમાં પાયામાં જ આવી ઉદાત્ત ભાવના હોય તે લગ્નજીવન ફક્ત ભોગો પૂરતું જ સીમિત ક્યાંથી રહે? એટલું જ નહીં, કન્યાનું પાણીગ્રહણ કરતી વખતે વરપ્રતિજ્ઞા કરે છે. **धर्मे च अर्थे च कामे च नातिचरामि नातिचरामि ।**

'ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થમાં જેનું પાણીગ્રહણ કર્યું છે તે કન્યાને સાથે રાખીશ. તેનું અતિક્રમણ કરીશ નહીં.' આનાથી સ્ત્રીને સમોવડી ગણવામાં તેને સમાન અધિકાર આપવામાં વૈદિક ઋષિઓએ ક્યાં મણા રાખી છે? પરંતુ વૈદિક વિચારો ન સમજનારા તેનો કાળજીપૂર્વક અભ્યાસ ન કરનારા સુધારાને નામે ભળતી જ વાતો કરતા રહ્યા છે.

શંખમાં પાણી દુર્વા, અક્ષત, પુષ્પ ઈત્યાદિ નાંખી પિતા કન્યાદાનનો સંકલ્પ કરે છે ત્યારે બંને પક્ષના પુરોહિત એકત્રિત થયેલા જનસમુદાયની જાણ ખાતર બંને પક્ષના ગોત્ર, પ્રવર, શાખા અને ત્રણ પેઢીઓના નામોચ્ચાર ત્રણ ત્રણ વખત કરે છે કે જેથી બધાને જાણ થાય અને કોઈ ગોત્ર ઈત્યાદિમાં કંઈ સંદેહ જેવું હોય તો તે દૂર થાય. પછી પિતા કન્યાના હાથનો જમણો અંગૂઠો વરના હાથમાં મૂકી કન્યાદાનની પવિત્ર ભાવનાથી તેના ઉપર શંખથી જળથી સિંચન કરે છે.

શંખ માંગલ્યનું પ્રતીક છે. તેમાં જંતુનાશક વિશેષતા છે. દુર્વાના પણ ઔષધીય ગુણો છે. વિશેષતઃ દુર્વા હંમેશાં લીલો રહે છે તો વરવધૂનો સંસાર પણ હંમેશાં લીલો જ રહે તે ભાવના છે.

જળનું કામ જ શુદ્ધિ કરવાનું - એકીકરણ કરવાનું છે. માટી સિમેન્ટની મોટી મોટી ઈમારતો તેના લીધે તો બને છે. શરીર પણ જળતત્ત્વના અંશથી ઉત્પન્ન થયું છે. તેથી જળના માધ્યમથી કન્યાના પિતા પોતાના હૃદયની ભાવના વરના મનમાં દ્રઢ કરે છે.

કન્યાનો હાથ વરના હાથમાં મૂકાય છે ત્યારે એ હસ્તમેળાપની વિધિ સાથે વરકન્યાના હૈયાં પણ મળી જાય છે. અને બંને પક્ષના સંબંધીઓ એકબીજાને ભેટી, આલિંગન આપી સંબંધથી એક થયાનો સંકેત આપે છે.

**લાજાહોમ :** કન્યાદાન પછી એક હોમમાં કન્યા, ભાઈની મદદથી લાયાનો ખોબો ભરી શમીના પાન સાથે અગ્નિમાં હવન કરે છે અને પવિત્ર મનથી અગ્નિની પ્રાર્થના કરીને આહૂતિ આપે છે તેને લાજાહોમ કહે છે.

**आयुष्यमानमस्तु मे पतिरेघन्तां ज्ञातयो मम स्वाहा ।**

'હે અગ્નિ! તમે મને પિતૃગૃહથી વિદાય લેવાની શક્તિ પ્રદાન કરો અને પતિગૃહે મને દ્રઢ બનાવો.' કહીને પતિના દીર્ઘ આયુષ્યની તેમાં મંગલ કામના કરે છે અને પોતાના માતા-પિતા, ભાઈભાંડુ બધાના માંગલ્ય અને વૃદ્ધિ માટે આશીર્વાદ માંગે છે.

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭। ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭। ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



॥ જય માતાજી ॥

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬



**P**
## પ્રતાપસિંહ
પેંડાવાળા
(બાપુ પેંડાવાલા-માંડવી કચ્છ)



કચ્છી પેંડા અને કચ્છી ગુલાબપાકના સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં કચ્છી અડદિયા, ગુંદરપાક, અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

3, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી. એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

# GALA'S VALUABLE DICTIONARIES




NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

*'ભાવપ્રકાશ' નામના ગ્રંથમાં જણાવ્યા મુજબ*

**शमी तिक्ता कटु शीता काषाय रोचनी लघु ।**
**कफकासमि, श्वासकुष्ठार्श कृमि जित्स्मृता ॥**

શમી - કડવું, તીખું, શીતલ, શુચિકારક અને હલકું છે. અને તે કફ, શ્વાસ, ખાંસી, કોઢ અને કૃમિનાશક છે. અને અગ્નિમાં આહૂતિ આપવાથી તેનો ગુણ અનેકગણો વધી જાય છે. તેથી ઋષિઓએ તેને યજ્ઞમાં સ્થાન આપ્યું છે.

સંભવ છે, વરકન્યાને કોઈ પ્રકારની આવી શારીરિક તકલીફ હોય તો તેની ધૂણીથી સારું લાગે, વાતાવરણમાં હવા શુદ્ધિ થાય, કિટાણું નાશ પામે એ હેતુથી શમીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, અગ્નિ પ્રજ્વલિત કરવામાં શમી મદદરૂપ બને છે.

લાજાહોમ પૂરો થયા પછી, વરવધૂને, સ્થાપિત કરેલા પથ્થરના એક ટુકડા પર પગ રાખવાનું કહેવાય છે. વધૂ તેનો જમણો પગ તેના ઉપર મૂકે છે. તે પાછળનો ભાવ કંઈક આવો છે.

'હે ભદ્રે! આ પાષાણની જેમ ગૃહસ્થાશ્રમમાં તારે દૃઢ રહેવાનું છે, વિચલિત થવાનું નથી.'

શાસ્ત્રીય દૃષ્ટિથી વિવાહનો ઉદ્દેશ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ માટેનો છે. તેથી તેના પ્રતીક તરીકે લાજાહોમની ચાર પ્રદક્ષિણા કરી તે માટે અગ્નિ પાસેથી તે સિદ્ધ કરવાનું સામર્થ્ય મેળવવાનું છે.

પરંતુ પહેલી ત્રણ પ્રદક્ષિણામાં વર, વધૂને આગળ રાખે છે અને ચોથી પ્રદક્ષિણા વખતે પોતે આગળ રહે છે અને વધૂ પાછળ ચાલે છે. તે પાછળનો ભાવ આ પ્રકારનો છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં સ્ત્રી મુખ્ય છે. તેથી તેને આગળ રાખવામાં આવે છે.

સામાન્ય રીતે કોઈ પણ કાર્યમાં પહેલાં સાધનનો વિચાર થતો હોય છે. કાર્ય પછી થાય છે. તે રીતે ધર્મના કાર્યોમાં જેવા કે યજ્ઞયાગ, તીર્થ, વ્રત - ઇત્યાદિ તથા અતિથિ શુશ્રુષા જેવા ગૃહધર્મોમાં સ્ત્રીની ઉપસ્થિતિ અનિવાર્ય છે. સ્ત્રી ગૃહધર્મનું અનિવાર્ય સાધન છે.

પ્રાપ્ત થયેલા અર્થને ટકાવવાનું સંભાળવાનું સાધન સ્ત્રી છે. પતિ હજારો રૂપિયા કમાવીને લાવે પણ તેની યોગ્ય રીતે સંભાળનાર - વાપરનાર સ્ત્રી ન હોય તો થોડા સમયમાં જ તે નષ્ટ થઈ જાય. પરંતુ સુશીલ સ્ત્રી હોય તો મર્યાદિત આવકમાં પણ સુચારુ રીતે ઘર ચાલી શકે.

'કામ'ના બારામાં સ્ત્રીનું મહત્ત્વ કહેવાની આવશ્યક્તા જ નથી. સ્ત્રીમાં પુરુષો કરતાં વિશેષ કામુક ભાવના, તૃષ્ણા ઇત્યાદિ હોય છે.

તેથી શાસ્ત્રકારોએ પ્રદક્ષિણા વખતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વાતો ધ્યાનમાં રાખી પહેલી ત્રણ પ્રદક્ષિણામાં સ્ત્રીને અગ્રીમતા આપી છે. એ ત્રણમાં સ્ત્રીને પુરુષનો નેતા ગણી છે.

ચોથી પ્રદક્ષિણા મોક્ષ સંબંધી હોય છે. એમાં સ્ત્રી પુરુષનું પથદર્શન કરી શકતી નથી. ઊલટું, તે અવરોધ બનવા સંભવ છે. તેથી પુરુષ સ્વયં નેતા બને છે અને સ્ત્રી તેના પદચિહ્નો દબાવતી પુરુષનું અનુગમન કરે છે અને હિંદુ વિવાહની પરિણતિ અંતે મોક્ષમાં જાય છે. આ ચાર પ્રદક્ષિણા દ્વારા સ્ત્રી અને પુરુષ અગ્નિ સમક્ષ ઉપર જણાવેલા ચાર પુરુષાર્થ જીવનમાં લાવવા માટેનું વ્રત ગ્રહણ કરે છે.

*(ક્રમશઃ)*

*૧૦૦૬/બી, કલાસાગર, રત્નમણિ કોમ્પ્લેક્સ પાછળ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૪૩૫૮૬*

## પ્રેરણા મેળવવા જેવી મહિલાઓ

**(અનુસંધાન : પાના નં.-૬૭ ઉપરથી ચાલુ)**

પાંખોની મહિલા ટીમ સાથે વડોદરાની બે બહેનો **પ્રાચી** તથા **પ્રાર્થના**એ ઈ.સ. ૨૦૧૪માં ૧૭,૨૫૨ ફુટ માઉન્ટ શિતિધાર શિખર સર કર્યું.

- **અન્ય સાહસિક વીરાંગનાઓ :**

લડાયક અને શૂરવીર મિજાજની સુંદરી **લક્ષ્મી અગ્રવાલ** પર કોઈએ એસિડ ફેંક્યો. બદ ઇરાદાવાનને વશ ન થતાં આ કૃત્ય થવા પામ્યું. તેણીએ સારવાર બાદ "સ્ટોપ એસિડ ઍટેક" નામે આંદોલન કરી, સંસ્થા રચી, સેવા કાર્ય શરૂ કર્યું છે. પ્રવાસ કથાઓ લખનાર **પ્રીતિસેન ગુપ્તા**એ ઉત્તર ધ્રુવ તથા દક્ષિણ ધ્રુવનો સાહસિક પ્રવાસ ખેડી ભારતનું નામ દીપાવ્યું છે. **ઇંદીરા આહુજા**ને પ્રથમ ટેસ્ટટ્યુબ બેબીના સર્જન અર્થે પદ્મશ્રી મળેલ છે. **નાન્યા વિજય વાસ્યા** એર ટ્રાફિક કન્ટ્રોલર તરીકે સેવાગ્રસ્ત છે. ભારતમાં ઈ.સ. ૧૯૮૮થી પુનાની **શીલા ડાયર** રિક્ષા ચલાવી રહી છે. સ્પીકર તરીકે **મીરાં કુમાર, શ્રીમતી સુમિત્રા મહાજન,** ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ **શ્રીમતી પ્રતિભા પાટીલ**નું રાજકીય ક્ષેત્રે અમૂલ્ય યોગદાન રહેવા પામ્યું છે.

વિદ્વાનો વદે છે કે, "નારી તું નારાયણી." એમાં સત્યતાનો રણકો અવિરત સંભળાય છે.

*૬-એ, સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*લીમડા લેન, સંસ્કારનગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

# મોટાની અલ્પતા અને નાનાની મોટાઈ

• ડૉ. આશિષ એસ. ચોક્સી •

સૌરાષ્ટ્રના એક નાના શહેરમાં એક સર્જન ડૉ. પીયૂષ શાહ અને તેમના ગાયનેકોલોજિસ્ટ પત્ની ડૉ. અલ્પા શાહ લગભગ ૨૦ વર્ષથી પ્રેક્ટિસ કરતા હતા. એક દિવસ સાંજની ઓ.પી.ડી. પૂરી કરી ઘરે આવી બંને જણા જમતા હતા અને હોસ્પિટલમાંથી એક પેશન્ટ માટે ફોન આવ્યો. ફોન ડૉ. અલ્પા માટેનો હતો. પ્રસુતિના છેલ્લા દિવસો અને દુખાવા સાથે એક પેશન્ટ હોસ્પિટલમાં આવેલ. આવો ફોન આવે તો ડૉ. પતિ-પત્ની હંમેશાં સાથે જ હોસ્પિટલ જતાં. કેટલીકવાર લાગશે તેનું કાંઈ નક્કી નહીં અને કદાચ સિઝેરિયન કરવું પડે તો પત્નીને મદદરૂપ થઈ શકાય એ આશયથી ડૉ. પીયૂષ શાહ પણ સાથે જતા. હોસ્પિટલ પહોંચી ડૉ. અલ્પા પેશન્ટને પ્રસુતિરૂમમાં લઈ તેમના કામમાં લાગી ગયા. ડૉ. પીયૂષ કન્સલ્ટિંગ રૂમમાં છાપા વાંચી સમય પસાર કરતા હતા. થોડીવાર પછી તેમણે સ્ટાફને પેશન્ટ પાસેથી રૂા. ૫૦૦૦/- એડવાન્સ લેવાની સુચના આપી. પેશન્ટને મળી સ્ટાફે ડૉ. પીયૂષને જણાવ્યું કે હાલ તેમની પાસે પૈસા નથી. કાલે તે જમા કરાવી દેશે. ડૉ. પીયૂષે થોડું કડક થઈ સ્ટાફને જણાવ્યું કે એવું નહીં ચાલે. અત્યારે એમની પાસે જેટલા પૈસા હોય તેટલાં જમા કરાવે અને બાકીના કાલે આપે. થોડીવાર પછી સ્ટાફ તેના હાથમાં થોડી ૧૦૦ રૂા.ની, થોડી ૫૦ રૂા.ની અને થોડી ૧૦ રૂા.ની ચોળાયેલી નોટો સાથે રૂમમાં આવ્યા અને ડૉક્ટરને જણાવ્યું કે હાલ બધું જ થઈ તેમની પાસે ૧૧૭૦/- રૂા. નીકળ્યા છે. બાકીના પછીથી આપશે. ડૉ. પીયૂષને અકળામણ થઈ. તેમણે સગાને કન્સલ્ટિંગ રૂમમાં બોલાવવાની સૂચના આપી. થોડીવાર પછી થોડી અંદર ઉતરી ગયેલી આંખો, ઘસાયેલા કોલરવાળું શર્ટ અને લઘરવઘર કપડાં સાથે એક ભાઈ રૂમમાં આવ્યા. ડૉ. પીયૂષે તેમને થોડી કડક ભાષામાં કહ્યું, 'પત્નીને છેલ્લા દિવસો જાય છે તો પૈસા ભેગા કરવાની ખબર નથી પડતી? પ્રાઈવેટ હોસ્પિટલમાં બાળકને જન્મ અપાવવો હોય, ડૉક્ટર ઈમરજન્સીમાં આવે તેવી આશા રાખતા હો તો થોડા મહિના અગાઉથી પૈસાની વ્યવસ્થા કરવી જોઈએ ને? દર્દીના પતિએ બે હાથ જોડી ડૉ. પીયૂષને કહ્યું, 'ગરીબ છું, મજૂરી કરું છું. જેમતેમ કરીને કુટુંબનું પૂરું કરું છું. ઉધાર લાવીને પણ તમારું બીલ પૂરું કરી જ દઈશ. થોડો અમારા જેવા માટે દયાભાવ રાખજો.'

હવે ડૉ. પીયૂષ થોડા કુણા થયા અને સગાને કહ્યું, 'યાદ રાખીને બીલ ભરી આપજે અને રજા લે ત્યારે બરાબર સરનામું લખાવીને જજે.' સગા રૂમની બહાર ગયા પછી ડૉ. પીયૂષને થયું કે આ માણસને જરૂર ક્યાંક જોયો છે. તેનો ચહેરો પરીચિત છે. તેમણે ફરી એ ભાઈને બોલાવ્યા અને તે શું કરે છે અને ક્યાં છે તે વિશે પૂછ્યું. દર્દીના સગાએ થોડા ખુશ થઈ ઉત્સાહથી કહ્યું, 'અહીં ગામની બહાર શેરડીનો સંચો છે.' ડૉ. પીયૂષે પૂછ્યું, 'એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં?' દર્દીના પતિએ કહ્યું, 'હા એ જ સંચો મારો છે. તમે ભૂલી ગયા સાહેબ? એકવાર તમે મારે ત્યાં શેરડીનો રસ પીવા આવ્યા હતા.' હવે ડૉ. પીયૂષનાં સ્મૃતિપટ પર લગભગ ત્રણ મહિના પહેલાનો પ્રસંગ યાદ આવ્યો. તેઓ બહારગામથી પાછા આવતા હતા. ગામમાં પ્રવેશતા જ તેમને હોસ્પિટલમાંથી તાત્કાલિક આવવા માટે ફોન આવેલ. ડૉ. પીયૂષને થાક સાથે ખૂબ તરસ પણ લાગેલ. તેમની નજર આ શેરડીના રસના સંચા પર પડી. તેમણે ગાડી થોભાવી ફટાફટ એક ગ્લાસ રસ આપવા કહ્યું. શેરડીના રસવાલાએ તરત સ્વચ્છ ગ્લાસમાં ફીણવાળો તાજો રસ આપ્યો. એ ગ્લાસ ગટગટાવી ડૉ. પીયૂષે બીજા ગ્લાસની માંગણી કરી. રસવાળાએ તેમના ગ્લાસમાં જ તેની તપેલીમાંથી બાકીનો રસ ઠાલવ્યો પણ પોણો ગ્લાસ ભરાયો. એ પણ ડૉ. પીયૂષ પી ગયા. સરસ મજાનો ઠંડો શેરડીનો રસ પી ને ડૉ. પીયૂષ ફ્રેશ થઈ ગયા અને રસવાળાને પૈસા માટે પૂછ્યું. રસવાળાએ ૧૦ રૂા. માંગ્યા. ડૉ. પીયૂષે ખિસ્સામાં પર્સ લેવા હાથ નાખતા પૂછ્યું, 'કેમ ૧૦ જ રૂપિયા? મેં તો બે ગ્લાસ પીધા છે.' પેલાએ જવાબ આપ્યો, 'સાહેબ, બીજો ગ્લાસ પૂરો ક્યાં આપ્યો છે. તપેલીમાં હતો એટલો આપ્યો.' ડૉ. પીયૂષને માણસની ઈમાનદારી માટે સારું લાગ્યું. સાથે તેમણે જોયું કે પોતાના પર્સમાં ફક્ત ૫૦૦ રૂા.ની જ નોટો છે, છૂટ્ટા ૧૦ રૂા. નથી. રસવાળાને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તેની પાસે પણ ૫૦૦ રૂા.ના છૂટ્ટા હતા નહીં. ડૉ. પીયૂષ કહે એ પહેલાં જ તેણે કહ્યું, 'કાંઈ વાંધો નહીં સાહેબ, તમે જાવ. તમને મોડું થશે. આ બાજુ ક્યારેક નીકળો અને યાદ આવે તો પૈસા આપી જજો.' ડૉ. પીયૂષ પોતાની હોસ્પિટલ જવા નીકળી ગયા. હવે

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૪ ઉપર)

સાંપ્રત મંચ

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

*સાંપ્રત પ્રશ્નોની શ્રેણીમાં 'શું ગુજરાતી સિનેમાનો દોર ફરીથી શરૂ થઈ ગયેલ છે?'' – એ વિષયે વિજેતા જાહેર થયેલા બંને લેખ અત્રે પ્રસ્તુત છે. આ સ્પર્ધાત્મક શ્રેણીમાં ભાગ લેતા સર્વે લેખકશ્રીઓને ખૂબ ખૂબ આભાર. તે પૈકી વિજેતા થનાર બંને લેખકશ્રીઓને અભિનંદન.*

*ઉપરોક્ત શ્રેણીનો હવે પછીનો વિષય*

***"JNU નો ઘટનાક્રમ શું સાબિત કરે છે?"***

*– જેની વિગત ગત અંકમાં પ્રકાશિત કરી છે.*

## શું ગુજરાતી સિનેમાનો દોર ફરીથી શરૂ થઈ ગયેલ છે?

*– ગુલાબચંદ ધારશી રાંભિયા*

**(પ્રથમ ક્રમાંકનો લેખ)**

ગુજરાત સરકારે નોટીફિકેશન દ્વારા થિયેટર માલિકો માટે એક શરત મૂકી છે કે દર અઠવાડિયે ગુજરાતી ફિલ્મના બે શો ફરજિયાત દર્શાવવા અને કરમુક્તિની રકમના ૩૦% થિયેટરની જાળવણી માટે ખર્ચવા.

સાથે સાથે ગુજરાત સરકારે ગુજરાતી ફિલ્મોના વિકાસ માટે સમન્વિત નીતિ પણ જાહેર કરી એ મુજબ ગુજરાતી ચલચિત્રોને ગુણવત્તાના આધારે તથા ઍવોર્ડ પ્રાપ્તિના આધારે આર્થિક સહાય આપવામાં આવશે... અને આના આધારે કહી શકાય કે ગુજરાતી ફિલ્મો માટે હવે સારા દિવસો જરૂર આવશે.

ગુજરાત સરકારની નવી નીતિમાં ગુજરાતી ફિલ્મો વધુ ને વધુ ગુણવત્તાસભર બને અને એ ફિલ્મો બનાવવા સારામાં સારા કથાનકનો ઉપયોગ થાય અને વિશાળ પ્રેક્ષકગણ મળે. આ વિવિધલક્ષી દષ્ટિકોણથી ગુજરાતી ફિલ્મ સર્જકોને સારું પ્રોત્સાહન અવશ્ય મળશે જ.

ગુજરાત સરકારની આ નવી નીતિ ગુજરાતી ફિલ્મોની ગુણવત્તા અને લોકભોગ્યતાને કેન્દ્રસ્થાને રાખીને બનાવવામાં આવી છે અને આ જ કારણસર માતૃભાષાનું ચલણ વધે અને તેનો વ્યાપ દેશ-પરદેશમાં વસતા દર્શકો, પરિવારો સુધી વિસ્તરે અને જેના લીધે ગુજરાતની કળા - સંસ્કૃતિ, સમાજ જીવનને વૈશ્વિક ફલક મળે.

બે ઍવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મના જાણીતા દિગ્દર્શક શ્રી સંદીપ પટેલના મતાનુસાર ગુણવત્તા સાથે લોકપ્રિયતાનો માપદંડ ધરાવતી આ નીતિ એક સ્માર્ટ નીતિ છે.

ગુજરાત સરકારને એવી ખાતરી - ભરોસો છે કે ગુજરાતી ફિલ્મ સર્જકો પ્રેક્ષકોને ખરેખર ગમે, માણી શકે એવી ફિલ્મો બનાવશે પણ આ માટેનો મોટાભાગનો ભાર ફિલ્મ સર્જકોના શિરે છે.

ગુજરાત સરકારની આ ફિલ્મ નીતિ ઘડવામાં એકસો પચ્ચીસ જેટલી ગુજરાતી ફિલ્મના વિખ્યાત અભિનેતા નરેશ કનોડિયાએ પાયાની ભૂમિકા ભજવી છે – એમના મત અનુસાર ગુજરાતી ફિલ્મો સારી ગુણવત્તાવાળી નથી હોતી એવું મહેણું અવશ્ય ભાંગશે. તેઓ જે નવી અર્બન ફિલ્મ બનાવવાના છે, બનાવી રહ્યા છે એમાં અભદ્ર કે દ્વિઅર્થી સંવાદો નહીં હોય.

ગુજરાતી ફિલ્મોના જાણીતા માનીતા અદાકાર હિતેનકુમારે પોતાની નવી ફિલ્મ 'પ્રેમરંગ'ને નવું લેબલ આપ્યું છે 'બ્રિજ સિનેમા.' અર્થાત્ ગ્રામીણ અને શહેરી પ્રેક્ષકો એમ બંનેને ગમે, ગ્રામીણ અને શહેરી પ્રેક્ષકો બંને એક સાથે માણી શકે.

"કેવી રીતે જઈશ?" અને "બે યાર" બનાવનાર ફિલ્મ સર્જક અભિષેક જૈનના મતાનુસાર ફિલ્મોના અર્બન અને રૂરલ એવા પ્રકાર હોતા નથી. ફિલ્મ તો અંતે ફિલ્મ જ હોય છે.

થોડા સમય પહેલાં જ રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મોના કમાણીના આંકડા પણ રસપ્રદ છે.

★ શ્રી સિધ્ધાર્થ રાંદેરિયાની ફિલ્મ 'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' ફિલ્મે આશરે ૧૨ કરોડનો વકરો કર્યો હતો. ★ 'કેવી રીતે જઈશ?' ફિલ્મે લગભગ પોણા ચાર કરોડનો વકરો કર્યો હતો. ★ 'બે યાર' ફિલ્મે આઠ કરોડનો વકરો કર્યો. ★ 'છેલ્લો દિવસ' ફિલ્મે વીસ કરોડનો વકરો કર્યો હતો. બીજી બાજુ, અર્બન સિનેમાને નામે રજૂ થયેલી અમુક ફિલ્મોએ રૂપિયા ગુમાવ્યા પણ ખરા.

ગુજરાતી ફિલ્મની નિષ્ફળતાના ઘણા બધા કારણો છે. ૧૯૯૮માં રજૂ થયેલી ફિલ્મ 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' ફિલ્મે એ સમયમાં વીસેક કરોડનો ધંધો કર્યો હતો. એ વખતે ટિકિટનો દર દસ-પંદર રૂપિયા જેટલો હતો. આજે મલ્ટીપ્લેક્સમાં ગુજરાતી ફિલ્મની ટિકિટ સો-દોઢસો રૂપિયા હોય છે અને એમાં ત્રણ-ચાર કરોડનું કલેક્શન મળે એમાં હરખાવા જેવું નથી.

હવેના સમયમાં શહેરી કથાનકવાળી ફિલ્મ કે ગ્રામીણ કથાનકવાળી ફિલ્મ એ વાત નકામી થઈ ગઈ છે. પણ જો કથાનક સારું હોય તો ફિલ્મ ગ્રામીણ કે શહેરી હોય – કોલેજિયનને લગતી હોય કે પછી કોમેડી હોય... ચાલવાની જ.

ગુજરાતી ફિલ્મગીત કોશના સંપાદક સુરતના શ્રી હરીશ રઘુવંશીએ કેટલાક દિલધડક આંકડાઓ આપ્યા છે. તેમના અભ્યાસ પ્રમાણે વર્ષ ૧૯૩૨થી ૨૦૦૦ સુધીમાં કુલ ૯૭૪ ગુજરાતી ફિલ્મો રીલીઝ થઈ હતી. ૨૦૦૧થી ૨૦૧૫ સુધીમાં ૫૫૯ ફિલ્મો રીલીઝ થઈ. ૨૦૧૨માં સૌથી વધુ ૭૨ ફિલ્મો બની. ૨૦૧૩માં ૫૫, ૨૦૧૪માં ૪૫ અને ૨૦૧૫માં ૩૫ ફિલ્મો બની.

મોડે મોડે પણ ગુજરાત સરકાર જાગી છે. હવે જ્યારે ગુણવત્તાસભર ફિલ્મ નિર્માણને પ્રાધાન્ય આપવામાં આવશે ત્યારે ફિલ્મ ઉદ્યોગની કાયાપલટ અવશ્ય થવાની જ છે. ગુજરાત સરકારની નવી નીતિ એક પ્રકારની સ્ટાર્ટ અપ પોલિસી છે, એક પ્રકારનું ઈન્ટેન્સિવ છે જેનાથી ગુજરાતી ફિલ્મોમાં નવો જ દોર ચાલુ થશે. વાઈબ્રન્ટ અને વિકાસથી વંચિત ગુજરાતી ફિલ્મોના વિકાસ માટે નોંધપાત્ર પ્રદાન કરશે જ અને એનાથી ગુજરાતી ચિત્રપટ ઉદ્યોગને વેગ મળશે જ.

*(નોંધ : આ વિગતો માટે 'ચિત્રલેખા'ના કટારલેખક શ્રી મહેશભાઈ શાહ - અમદાવાદનો આધાર લેવામાં આવ્યો છે.)*

# શું ગુજરાતી સિનેમાનો દોર ફરીથી શરૂ થઈ ગયેલ છે?

***– ડૉ. મિહિર એમ. વોરા***

**(દ્વિતીય ક્રમાંકનો લેખ)**

ગુજરાતી સિનેમાને ટૂંકમાં 'ગોલીવુડ' તરીકે ઓળખવામાં આવે છે. આજની યુવા પેઢીના નવા નિર્દેશકો આ 'ગોલીવુડ'ને પોતાની સાચી ઓળખ પાછી આપવાની કોશિશ કરી રહ્યા છે. તેમાં ગુજરાતી સિનેમામાં આવેલી ગુણવત્તાસભર ફિલ્મો દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેના તફાવતને ઘટાડવા પ્રયાસ કરી રહ્યા છે. આગળના ગુજરાતી સિનેમામાં માત્ર ગ્રામીણ પરિવેશની જ વાતો આવતી. આથી યુવા વર્ગ આ સિનેમાથી અળગો થતો ગયો અને માત્ર ગ્રામીણ લોકો પૂરતી મર્યાદિત રહી ગઈ. દિગ્દર્શક અભિષેક જૈન દ્વારા બનાવેલી ફિલ્મ 'કેવી રીતે જઈશ?' માત્ર ને માત્ર મલ્ટીપ્લેક્સ માટે નથી પણ તેમાં આખા ગુજરાતમાં વસતા અને અમેરિકા જવા માંગતા પટેલ કુળના યુવાનની વાત અને રજૂઆત ખરેખર કાબિલે દાદ હતી. ત્યારપછી ધીમે ધીમે આજની ગુજ્જુ યુવા પેઢીની વાતો કરતી અને ખરેખર કાબિલેદાદ, મલ્ટીપ્લેક્સમાં નિરાંતે જોઈ અને માણી શકાય તેવી ફિલ્મો બનતી ગઈ છે. ૧૯૩૨માં સૌપ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા' બની હતી. ત્યારબાદ ધીમે ધીમે ગુજરાતી સિનેમા રંગ પકડતી ગઈ. ૨૦૧૩માં ફોરેન ફિલ્મ કેટેગરીમાં ઑસ્કાર્સ ખાતે ફિલ્મ 'ધ ગુડ રોડ' એ પસંદ કરવામાં આવી હતી. રોમ કોમ, ગુજ્જુભાઈ ધ ગ્રેટ, હુ તુ તુ તુ, બે યાર, મેઘધનુષ્ય, છેલ્લો દિવસ, બસ એક ચાન્સ વગેરે ગુજરાતી ચલચિત્રો ખરેખર આજની ગુમાવેલી કીર્તિ ગોલીવુડને પાછી આપે છે. ગુજરાતી ફિલ્મમાં તમે કાં તો ગ્રામીણ લોકો અથવા તો શહેરી વર્ગ માટે ચલચિત્રો કરી શકો છો કારણકે વર્ષો સુધી ગુજરાતી ફિલ્મમાં રમેશ મહેતા, કિરણ કુમાર, અરુણા ઈરાની, રીટા ભાદુરી, અરવિંદ ત્રિવેદી અને ઉપેન્દ્ર ત્રિવેદી જેવા કલાકારો ૧૯૭૦-૮૦ દરમ્યાન લોકપ્રિય હતા અને ત્યારબાદ નરેશ કનોડિયા, ફિરોઝ ઈરાની, સ્નેહલતા, હિતેન કુમાર, રોમા માણેક, પીંકી પરીખ, મોના થીબા, હિતેન કનોડિયા, વિક્રમ રાઠોડ જેવા કલાકારો આવ્યા. મહેંદી રંગ લાગ્યો, પારકી થાપણ, મચ્છુ તારા વહેતા પાણી, ઢોલા મારુ વગેરે ખૂબ પ્રખ્યાત ફિલ્મો હતી અને આ લોકો ખરેખર ગુજરાતી ફિલ્મોના પાયાઓ છે. અરે, ગોલીવુડમાં હિંદી ફિલ્મોના સોહરાબ મોદી, રાજેન્દ્રકુમાર, આશા પારેખ, ઉપાસના સિંહ, અસરાની,

સંજીવ કુમારે પણ કામ કરેલું છે. આ હતો, ગોલીવુડનો સુવર્ણ કાળ. પછી ધીમી ગતિએ ગોલીવુડનો સુવર્ણ કાળ અસ્ત થતો ગયો અને ગ્રામીણ લોકો તેમજ શહેરી વર્ગની ગોલીવુડ જોવાની ગતિ મંદ પડતી ગઈ અને ગ્રામીણ તથા શહેરી વર્ગના થિયેટરો બંધ પડતા ગયા અને ગોલીવુડનો સુવર્ણકાળ અસ્ત થયો. મનોજ જોષી, દર્શન જરીવાલા, વ્રજેશ હીરજી, રાગીણી, ધર્મેશ વ્યાસ, સિધ્ધાર્થ રાંદેરિયા હવે નવી પેઢીને પોતાના અભિનય વડે ગુજરાતી સિનેમા તરફ વાળવામાં જરૂર સફળ થયા છે જે એક સારી બાબત છે.

વર્ષો સુધી ગુજરાતી ફિલ્મોની ગુણવત્તા કથળી છે કે તેમાં કોઈ શંકા નથી. તેમની પોતાની ભાષામાં ગુણવત્તા ફિલ્મો મેળવવામાં નિષ્ફળ ગઈ. અવિનાશ વ્યાસને સૌથી વધારે ગુજરાતી ફિલ્મો (૧૮૮) માટે સંગીત સ્કોર આપવા સાથે યશ આપવામાં આવે છે. તેમણે ૫મ ૬૧ હિંદી ફિલ્મોમાં પણ સંગીત આપ્યું હતું. મહેશ નરેશની જોડીએ (૧૦૦થી વધુ) ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું. પણ હવે ગુજરાતી ફિલ્મોમાં ગીત સંગીતનું મહત્ત્વ ઘટી ગયું છે, જે એક ચિંતાનો વિષય છે. ગુજરાતી સિનેમા માટે લોકો મળવા હવે મુશ્કેલ બનતા ગયા છે. ત્યાં વચ્ચે, સરકારની સબસીડી બંધ થઈ ગઈ એટલે ગુજરાતી સિનેમા ઓછી બનવા લાગી.

આજે મોટાભાગની ફિલ્મો સંપૂર્ણપણે વ્યક્તિગત નાણાં ૫ર આધારિત બને છે. ગુજરાતી ફિલ્મો સામાજિક મુદ્દાઓ ૫ર આધારિત છે. જેમાં શ્રેષ્ઠ લડાઈ સીક્વન્સ, ગીતો અને વર્તમાન સુપરસ્ટારનો સમાવેશ થાય છે. રૂા. ૮૦-૯૦ લાખના બજેટ સાથે કરવામાં આવતી આ ફિલ્મો માટે ગુજરાતી પ્રેક્ષકો પાછા લાવવા જરૂરી છે. હિંદી સિનેમાની જેમ ગોલીવુડ તેમના ફિલ્મ પ્રોત્સાહન માટે ગામના ગામ પ્રચાર અને પ્રસાર કરી શકે છે પણ નાણાનો અભાવ નડે છે. ડિરેક્ટર મુજબ, ઓછી બજેટ ફિલ્મ તદ્દન લાભદાયી છે કારણ નીચા બજેટની ફિલ્મો સાથે જોડાયેલ જોખમ ઓછા હોય છે. ઊંચા બજેટ સાથે બનાવવામાં આવેલી ફિલ્મો સાથે જોડાયેલ જોખમ વધારે હોય છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર માત્ર રૂા. ૫ લાખની સબસીડી પૂરી પાડતી હતી, જે હવે વધીને વિવિધ કેટેગરીમાં ૫૦ લાખ સુધીની કરવામાં આવી છે. ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા ફિલ્મો માટે ૧ કરોડથી ૫ કરોડની સહાય આપવામાં આવશે. જે આવનારા દિવસોમાં જરૂર ગુજરાતી સિનેમાનો નવો દોર ફરી ચાલુ કરશે તેવું માનવું છે. હવે અન્ય પ્રાદેશિક સમુદાયો અને ગુજરાતી ફિલ્મ નિર્માતાઓ પણ ફિલ્મ બનાવવા ઉભરી આવ્યા છે, જે સારી નિશાની છે. ગુજરાતી સિનેમામાં પોતાની વાર્તા અને લોકેશનો અને કલાકારો ઓળખ સમા છે. હાલ જાહેર થયેલી નવી સરકારી નીતિને કારણે કદાચ આગામી વર્ષોમાં નવી ગુજરાતી ફિલ્મો બનશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલના જે નવા કલાકારો અને નિર્માતાઓ ખરેખર પોતાનું કામ એક નવી પેઢીને શું જોઈએ છે અને પોતાના રોકાયેલા નાણાં કેવી રીતે પાછા મેળવી શકાય તે રીતે અને આજની નવી પેઢી મલ્ટીપ્લેક્સનો આનંદ અને નાણાં કઈ રીતે કાઢી શકે તેને ધ્યાનમાં રાખીને બોલીવુડની જેમ ગોલીવુડની ફિલ્મોનું નિર્માણ કરે છે. જે આવનારા સમયમાં ચોક્કસ ગુજરાતી સિનેમાનો નવો દોર લઈ આવવાનો છે તેમાં કોઈ બે મત નથી. આથી મારા મત મુજબ ખરેખર ગુજરાતી સિનેમાનો નવો દોર ફરી ચાલુ થઈ ગયો છે. શહેરી યુવા વર્ગ ફરી પાછો ગુજરાતી સિનેમા તરફ વળ્યો છે જે એક નવી અને ખૂબ જ સારી વાત છે. જે પોતે જ દર્શાવે છે કે ખરેખર ગુજરાતી સિનેમાનો નવો દોર ફરી ચાલુ થઈ ગયો છે. ■

## લઘુકથા : દુકાળ અને...

આખા રાજ્યમાં દુકાળ પડ્યો હતો. દૂર દૂર સુધી વરસાદનું તો ઠીક વાદળોનું પણ ક્યાંય નામોનિશાન નહોતું. પાક પૂરી રીતે સૂકાઈ ગયો હતો. રામુ પાસે જમીન તો નહોતી પણ જે થોડી ઘણી હતી તે પિતાની બીમારીના ઈલાજ પાછળ વેચાઈ ગઈ હતી. તેમ છતાં પિતા બચી શક્યા નહોતા. બસ, નિરાંત એ વાતની હતી કે તેના માથે કોઈ દેવું નહોતું.

રામુ મજૂરી કરીને જેમ તેમ કરીને પોતાનું અને પોતાની માનું પેટ ભરતો હતો. એમાંય ક્યારેક કામ ન મળે તો ભૂખ્યા સૂઈ જવું પડતું. પણ હવે દુકાળની સ્થિતિમાં તેની દશા ખરાબ થઈ ગઈ હતી. એક દિવસ અચાનક વાતાવરણમાં બદલાવ આવ્યો અને આખું આકાશ વાદળોથી ઢંકાઈ ગયું. પાણીથી લબોલબ ભરાયેલા કાળાડિબાંગ વાદળોએ વરસાદની રમઝટ બોલાવી દીધી.

હવે રામુ ખુશ હતો. આવતીકાલે કામ મળશે તેની આશામાં તે રાજી થઈને સૂઈ ગયો. પણ રાત્રે મુશળધાર વરસાદમાં રામુનું કાચું મકાન પડી ગયું. જેમાં રામુ અને તેની મા કામ મળશે એવી આશાના સપનાની સાથે સદાય માટે સૂઈ ગયા!

*– અલમાસ વાય. ગોલીબાર*

વિસ્મય

# ષડયંત્ર

• એચ. એન. ગોલીબાર •

વાદળોની ગર્જના સાંભળીને અશોકના ખોળામાં માથું રાખીને સૂતેલી રવિનાની નજર આકાશ તરફ ઊંચકાઈ. વરસાદ આવવાના એંધાણ વર્તાતા એણે અશોકને કહ્યું, 'મારા ખ્યાલથી હવે આપણે નીકળવું જોઈએ.'

'હા, નીકળવું તો પડશે જ.' અશોકે પણ આકાશ તરફ નજર કરતાં કહ્યું, 'પણ તેં હજુ સુધી એ ન કહ્યું કે તું કાલે મારી સાથે ચાલે છે કે નહિં?'

'હું હમણાં કશું જ કહી શકું એમ નથી.' રવિના જવા માટે ઊભી થઈ ગઈ હતી, 'હા, કાલે સવારે હું તને જરૂર ઈન્ફોર્મ કરી દઈશ.'

'શું એવું ન બની શકે કે તું કોઈ બહાનું બતાવીને તારા મા-બાપને રાજી કરી લે.'

'બહાનું કર્યા વગર તો કામ ચાલશે જ નહિ ને. એ તો કરવું જ પડશે.'

'એનો મતલબ છે કે...'

એની વાત સાંભળીને અશોકને વિશ્વાસ બેસી ગયો હતો કે રવિના એની સાથે આવવા માટે તૈયાર હતી અને એ કોઈ પણ રીતે પોતાના મા-બાપને આ વાત માટે રાજી કરી લેશે. રવિવાનો હાથ પકડીને ઊભા થઈને એ કંઈ કહેવા માંગતો હતો, પણ થોડેક જ દૂર પીઠ કરીને બેઠેલી પોતાની પત્ની રૂપાને કોઈક યુવાન સાથે અડીને બેઠેલી જોઈને અશોકના તન-બદનમાં આગ લાગી ગઈ. પોતાની વાતને વચ્ચે જ અધૂરી છોડીને એ ડઘાઈ ગયેલી હાલતમાં એ બંને તરફ જોતો રહી ગયો હતો. એની પત્ની રૂપાને એ સારી રીતે ઓળખી ગયો હતો, પણ પાછળ પીઠ કરીને બેઠેલા યુવાનને એ ઓળખી ન શક્યો.

એને થયું કે એ આગળ વધીને રૂપાને પકડી લે અને એને કંઈક પૂછ્યા વગર જ એને એની બેવફાઈની સજા આપી દે, પણ રવિનાના કારણે એ પોતાના આ વિચારને અમલમાં નહોતો મૂકી શક્યો. એને ખબર હતી કે એના એવું કરવાથી રવિના એ વાતથી વાકેફ થઈ જશે કે અશોક પરણેલો છે અને પોતાનું આ રહસ્ય અશોક કોઈપણ કિંમત પર રવિના સામે પ્રગટ થવા દેવા માંગતો નહોતો.

'શું થયું...?' એને ચૂપ થઈ ગયેલો જોઈને રવિના એની તરફ જોવા લાગી હતી. અશોકને એ યુવાન - યુવતી તરફ જોઈને રવિના પણ એ તરફ જોતાં બોલી, 'તું એ બંનેને આ રીતે ચોંકીને શું કામ જુએ છે?'

'હું...હું... વિચારી રહ્યો હતો કે ક્યારેક આપણા માટે પણ આવો સમય આવશે.' રવિનાથી પોતાની અસલિયત છુપાવી રાખવા માટે અશોકે બહાનું બનાવ્યું હતું.

'હા, લગ્ન પછી આપણે પણ આ રીતે ડર વગર ફરી શકીશું.' કહેવાની સાથે જ રવિનાએ પોતાના ચહેરાને અશોકની છાતીમાં છુપાવી લીધો.

કાર પાસે પહોંચીને અશોકે દરવાજો ખોલીને રવિનાને અંદર બેસાડી દીધી અને ખુદ રૂપા અને એના સાથીને જોતો ડ્રાઈવિંગ તરફના દરવાજા તરફ આગળ વધી ગયો હતો.

અશોકની હાલત ગુસ્સાના માર્યે ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. રવિનાને છોડીને પોતાના ઘર તરફ આગળ વધતાં એણે મનોમન ફેંસલો કરી લીધો હતો કે એ રૂપાને એની બેવફાઈની સજા આપ્યા વગર નહિ છોડે.

કારને પાર્કિંગમાં ઊભી કર્યા પછી એ ભાગતો - ભાગતો ડ્રોઈંગરૂમમાં આવી ગયો. એને હતું કે અત્યાર સુધીમાં રૂપા જરૂર પાછી આવી ગઈ હશે.

ડ્રોઈંગરૂમમાં પહોંચતાં જ એના પગ એકાએક અટકી ગયા. પોતાની આશાથી ઊલટું ત્યાં રૂપાની જગ્યાએ પોતાની બહેન સોનિયાને જોતાં જ એનો ગુસ્સો હેરાનીમાં બદલાઈ ગયો હતો, 'ત... તત... તું ક્યારે આવી...?'

'હમણાં થોડીક વાર પહેલાં જ આવી છું.' સોનિયા ઊભી થઈને એની નજીક આવી ગઈ હતી, 'પણ ભાઈ, તમે મને જોઈને આ રીતે ચોંકી કેમ ગયા છો?'

'એવી કોઈ વાત નથી.' સોનિયાથી પોતાના હાવભાવ છુપાવી રાખવા માટે એણે સિગારેટ સળગાવી લીધી હતી. લાંબો કશ ખેંચ્યા પછી સોફા પર બેસતાં એણે વાતોને નવો વળાંક આપતાં પૂછ્યું, 'મયંક...જીજાજી નથી આવ્યા?'

'આવ્યા છે ને?' સોનિયા એની પાસે બેસી ગઈ હતી. 'એમના કોઈ દોસ્તને મળવા માટે ગયા છે.'

'તારી ભાભી દેખાતી નથી.' અશોક અચાનક એના મતલબની વાત પર આવી ગયો હતો, 'ક્યાંક ગઈ છે શું?'

'મારા આવ્યા પછી થોડીક વાર પછી કોઈકનો ફોન આવ્યો હતો.' સોનિયાએ બતાવ્યું, 'ફોન પર વાતચીત

થયા પછી ભાભી એકદમ સજીધજીને ક્યાંક જતા રહ્યા હતા.'

'કોનો... કોનો ફોન હતો?'

'મેં પૂછ્યું નહોતું.' સોનિયાએ રહસ્યોદ્ઘાટન કર્યું, 'ફોન પહેલા મેં જ ઉપાડ્યો હતો. કોઈ પુરુષનો ફોન હતો.'

'હં...' અશોકનો ચહેરો ગુસ્સાથી લાલ થવા લાગ્યો હતો. ત્યાં જ બહાર કોઈકના પગલાનો અવાજ સાંભળીને એ શ્વાસ રોકેલી હાલતમાં જ દરવાજા તરફ જોવા લાગ્યો.

'મને લાગે છે ભાભી આવી ગયા.' સોનિયા પણ દરવાજા તરફ જોવા લાગી.

એ પહેલા એની વાતોના જવાબમાં કંઈ કહે, એ પહેલા રૂપા રૂમમાં આવી ગઈ હતી.

એને જોતાં જ અશોકનો ગુસ્સો સાતમા આસમાન પર પહોંચી ગયો હતો. ગુસ્સામાં એ એ પણ ભૂલી ગયો હતો કે એ સમયે રૂમમાં એ બંને પતિ-પત્ની સિવાય એની બહેન પણ હાજર હતી.

'ક્યાં ગઈ હતી તું?' ગુસ્સાથી ધ્રૂજતો અશોક એક ઝાટકા સાથે ઊભો થયો. રૂપા તરફ આગળ વધતાં એણે પોતાની વાત ચાલુ રાખી અને રૂપા પાસેથી પોતાના પહેલા સવાલનો જવાબ મેળવ્યા વગર જ એણે બીજો સવાલ પણ પૂછી નાખ્યો, 'એ યુવાન કોણ હતો, જેની સાથે તું ગાર્ડનમાં લગોલગ બેઠી હતી?'

'કોણ...?' એની વાત સમજવા છતાંય રૂપા અજાણ બનેલી રહી - 'કયા યુવાનની વાત કરી રહ્યા છો તમે?'

'મને બનાવવાની કોશિશ ન કર.' અશોક એની સામે ઊભો રહી ગયો, 'મેં તને એની સાથે બેસીને વાતો કરતા જોઈ છે. એણે વાદળી શર્ટ અને ક્રીમ પેન્ટ પહેર્યું હતું.'

અશોકને ગુસ્સાથી ધ્રૂજતાં જોઈને રૂપાને લાગ્યું કે પોતાની ભડાસ કાઢવા માટે અશોક પોતાનો હાથ ઉગામી દે એમ હતું. મનમાં આ વિચાર આવતાં જ એ એની સામેથી હટીને સોનિયાની બાજુમાં આવીને બેસી ગઈ.

'આ રીતે તું મને ઉલ્લુ નહીં બનાવી શકે.' અશોકનો અવાજ પહેલા કરતાં સખત થઈ ગયો હતો, 'તારે બતાવવું જ પડશે કે એ કોણ હતો?'

'તમે જ્યારે એના વિશે જાણી જ ચૂક્યા છો તો મારે તમને એની અસલિયતથી વાકેફ કરવા જ પડશે.' અશોકની જેમ રૂપાનો અવાજ પણ હવે સખત થઈ ગયો હતો, 'પણ એના વિશે તમને કંઈ પણ બતાવતા પહેલાં હું તમને કશુંક પૂછવા માંગું છું.'

'શું...?' રૂપાની વાત સાંભળતાં જ અશોકની અંદરનો ચોર જાગી ઊઠ્યો. એનો અવાજ હવે ધીમો થઈ ગયો. ડરેલી નજરે એકવાર પોતાની બહેન સોનિયા તરફ જોયા પછી એણે પૂછ્યું, 'શું જાણવા માંગે છે?'

'એ ગાર્ડનમાં તમે પણ એક યુવતીને તમારી પડખે લઈને બેઠા હતા.' રૂપાએ કોઈ પણ જાતના ખચકાટ વગર સીધો સવાલ કર્યો હતો – 'એ યુવતી કોણ છે?'

એના સવાલથી અશોક ઝેંપાઈ ગયો. એ કશું જ બોલી ન શક્યો.

'તમે ચૂપ કેમ થઈ ગયા?' એને ચૂપ જોઈને રૂપાએ ફરી એ જ સવાલ કર્યો, 'તમે બોલતા કેમ નથી? કોણ હતી એ?'

અશોક આ વખતે પણ કશું જ બોલી ન શક્યો. આ વખતે એને જિંદગીમાં પહેલીવાર અહેસાસ થયો કે ક્યારેક - ક્યારેક માણસ પોતાની જ બિછાવેલી જાળમાં ફસાઈ જાય છે.

'ભાઈ...' ઘણીવારથી ચૂપ બેઠેલી સોનિયાએ વાતોના આ સિલસિલાને પોતાના હાથોમાં લઈ લીધો. 'ભાભીએ જે કંઈ કહ્યું એ સાચું છે?'

અશોકનું માથું એક અપરાધીની જેમ ઝૂકી ગયું હતું, 'હા.'

'જો તમે કોઈ યુવતી સાથે દોસ્તી કરી શકો છો તો ભાભી કોઈ યુવાન સાથે દોસ્તી શા માટે ન કરી શકે?' સોનિયા અશોક પર વરસી પડી, 'તમે પુરુષો શું અમે ઓરતોને રમકડું સમજો છો, કે તમે દરેક સમયે અમારી લાગણીઓ સાથે ખેલો છો. જે કામને તમે કરવામાં ગર્વ અનુભવો છો, એ જ કામ જ્યારે એક ઓરત કરવા લાગે છે તો તમે એને ખોટું કામ શું કામ કહેવા લાગો છો?'

અશોકની હાલત જોવા જેવી થઈ ગઈ હતી. શરમના માર્યે એનુ માથું ઝૂકી ગયું હતું.

'છોડ સોનિયા...' માથું ઝૂકાવીને ઊભેલા અશોક તરફ જોયા પછી રૂપાએ સોનિયા તરફ જોતાં કહ્યું, 'તું શા માટે ખરાબ બને છે? મેં કેટલીયેવાર એમને ઈશારામાં સમજાવવાની કોશિશ કરી હતી. જો એમને સુધરવું હોત તો એ ક્યારનાય સુધરી ગયા હોત. એ બધું જાણતા હોવા છતાંય અજાણ બનેલા રહેતા હતા, અને હવે...હવે તો એમને સમજાવવાનો કોઈ ફાયદો જ નથી. કારણકે હવે મેં એમનાથી છૂટાછેડા લેવાનું નક્કી કરી લીધું છે. હું વકીલને મળી ચૂકી છું. એણે બે-ત્રણ દિવસમાં જ છૂટાછેડાના કાગળો અહીં મોકલવાનું...'

અશોકને એ સમજતાં વાર ન લાગી કે એની આગળ રૂપા શું કહેવા માંગે છે. એની વાતના પરિણામ માત્રની કલ્પનાથી એ ફફડી ઊઠ્યો. રૂપાની વાતને વચ્ચે જ કાપી નાખતાં થોથવાતા અવાજમાં એણે પૂછ્યું, 'આ... આ... તું શું કહી રહી છે?'

'એ જ, જે મારે કહેવું અને કરવું જોઈતું હતું.' રૂપાએ પહેલાની જેમ જ

સખત અવાજમાં કહ્યું, 'મારા જતાં જ તમારો રસ્તો સાફ થઈ જશે. મારી જેમ તમે પણ પોતાની મનપસંદ જિંદગી જીવવા માટે આઝાદ થઈ જશો.'

'પ...પ...પણ?' અશોક કંઈક કહેવા માંગતો હતો, પણ પરેશાનીના કારણે પોતાની વાત કહેવા માટે એને યોગ્ય શબ્દ જ નહોતા મળતા.'

'જે કંઈ પણ તમારા દિલમાં હોય એ કહી નાખો.' રૂપાએ એક બીજો ઘા માર્યો, 'ક્યાંક એવું ન બને કે હું જતી રહું અને તમારા મનની ભડાસ તમારા મનમાં જ ફસાયેલી રહી જાય.'

'શું...' અશોક હેબતાઈ ગયો હતો, 'શું એવું ન બની શકે તું તારો ફેંસલો બદલી લે.'

'ના... હું મારો આ ફેંસલો નહીં બદલું.' રૂપાએ કડક અવાજમાં કહ્યું.

'એક મિનિટ...' સોનિયાએ રૂપા સામે જોયા પછી અશોક તરફ ફરીને કહ્યું, 'અશોક, હું એ બાબતમાં ભાભીને સમજાવીશ, પણ એ માટે તમારે બંનેએ એક સમજુતિ કરવી પડશે.'

'કઈ...?' અશોકથી પૂછાઈ ગયું.

'એ જ કે આજ પછી તમે બંને કોઈ ત્રીજાને તમારી જિંદગીમાં નહીં આવવા દો.' બોલ્યા પછી સોનિયાએ રૂપા તરફ જોઈને કહ્યું, 'બોલો ભાભી, તમને મારી આ વાત મંજૂર છે?'

'મને તો કોઈ વાંધો નથી. તમે તમારા ભાઈને પૂછી લો.'

'મને પણ મંજૂર છે.' અશોકે તરત જવાબ આપી દીધો.

'માની ગયા ભાભીજી...' રૂમમાં દાખલ થતાં સોનિયાનો પતિ મયંક બોલ્યો, 'તમે અશોકભાઈને એવું સબક શીખવાડ્યું કે મજા આવી ગઈ. તમારી ચાલ સફળ થઈ. પણ ભાભી, મને એક વાતનો ડર હતો કે જો અશોક તમને છૂટાછેડા આપવાનું કબૂલી લેત તો શું થાત?'

'મને વિશ્વાસ હતો કે અશોક એવું નહીં કરે,' ખૂબ જ વિશ્વાસપૂર્વક અશોક સામે જોતાં રૂપા બોલી, 'કારણકે મને ખબર હતી કે એ ભલે બીજી કોઈ યુવતીના ચક્કરમાં ફસાઈ ગયા છે, પણ મને આજે પણ એટલો જ પ્રેમ કરે છે.'

એમની વાતોથી અશોકને લાગ્યું કે એ ત્રણેય ભેગા મળીને એની સામે આ આખી યોજના બનાવી હતી. મયંકને વાદળી શર્ટ અને ક્રીમ પેન્ટ પહેરેલો જોઈને એને ગાર્ડનમાં રૂપા સાથે બેઠેલો યુવાન યાદ આવી ગયો. 'ઓહ, તો તારી સાથે બેઠેલો એ યુવાન પણ મયંક જીજાજી જ હતા?'

અને ત્રણેય હસી પડ્યા. ભોંઠા પડેલા અશોકે કહ્યું, 'મારી વિરુદ્ધ આટલું મોટું ષડયંત્ર રચીને તેં મને બેવકૂફ જરૂર બનાવ્યો છે,' રૂપા તરફ આંખ મિંચકારતા અશોકે આગળ કહ્યું, 'પણ છતાંય મને એ વાતની ખુશી છે કે આ ષડયંત્ર તેં મને બરબાદ કરવા માટે નહીં, બલકે બરબાદીથી બચાવવા માટે રચ્યું હતું.'

'તો પછી,' રૂપા ખુશ થઈને બોલી, 'તો થઈ જાય આ વાત પર શાનદાર પાર્ટી?'

'પાર્ટી આજે નહીં કાલે આપીશ.' પોતાની જગ્યાએથી ઊભા થઈને અશોક રૂપા પાસે જઈ બેઠો, 'ઓફિસના કામથી કાલે મારે કાશ્મીર જવાનું છે. તમે બધા પણ મારી સાથે આવવા તૈયાર થઈ જાવ. તમને ત્યાં ફેરવીશ પણ ખરો અને પાર્ટી પણ થઈ જશે.'

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સ પાછળ,*
*એશિયન પેઇન્ટ્સની બાજુમાં,*
*નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*

## જીવનપથ

જીવનની નૌકા સમયના વહેતા પ્રવાહમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ઘણી ભરતી ઓટનો સામનો કરવો પડે છે. સમયની આંધી અને ઝપાટો જીવનમાં ડગલે ને પગલે અથડાય છે. જીવનમાં ઝાંઝવાના જળ જેવા અનેક સપનાંઓ વેરણછેરણ થાય છે ત્યારે દિલને દર્દ અને આઘાત પણ લાગે છે. આ દર્દની દવા એક તો સમય છે અને બીજી દર્દની દવા એ બીજો ધક્કો એટલે કે ફટકો છે. એક આઘાતના ફલ બીજા આઘાત દ્વારા ટળે છે. આ એક સ્વાભાવિક જીવનલીલા છે. આઘાત પ્રતિ આઘાત અને એમાં જ જીવનનો બોજ કે ભાર હળવો થાય છે કે વિસરાય છે.

વહેતા પ્રવાહમાં તરતા આવડે તે સામે પાર સલામત જઈ શકે છે. બીજા તણાઈ જાય છે. ઝંઝાવાતોનો સામનો કરતાં કરતાં આપણે ટેવાઈ જઈએ છીએ અને વધુ મજબૂત બનીએ છીએ. 'ગમો સાથે સમજોતા' એ જ જીવનની મજા છે. જીવનનાં કપરાં ચઢાણ ચડવા એ એક સાહસ અને પડકાર છે.

સરળ જિંદગી નસીબવાનને હાથ હોય છે. જીવનમાં કંઈક કરવા ઈચ્છતા હોય એણે તો આઘાત અને પ્રતિ આઘાતની પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે. મહાનતાનાં શિખરો સર કરનાર બધી જ વ્યક્તિઓએ જીવનના મેદાનમાં ગંભીર અને ઘેરી પછડાટો અને ધક્કાઓ ખાધા હોય છે.

ઠોકર ખાઈને જે કંઈક શીખે છે, હસતાં હસતાં ઊભો થાય છે અને આગળ વધે છે તેણે જિંદગીને જીતી છે. ફિનિક્સ પક્ષી રાખમાંથી પણ સજીવન થાય છે. મનુષ્ય જિંદગીના વિવિધ પ્રવાહો અને વિવિધ મોજાંઓનાં તોફાનોમાંથી જ સલામત બહાર આવે તો તે જીવન જીવી જાણે છે તેમ કહેવાય. જીવન જીવવાની જડીબુટ્ટી છે : ઝેર પીને પણ હસતા રહો એની અસર ન થવા દો અને પચાવી જાણો! જિંદગીના સાફલ્યનો અને પ્રગતિનો આ માર્ગ છે.

*– ચૌલા કુરુવા*
*સૌજન્ય : "મોર્નિંગ વોક"*

લઘુ કથા

# આબરૂ

• વિનોદ સી. દવે •

હમણાં છેલ્લા છ માસથી ધંધામાં મંદીનો માહોલ દરેક વેપારી વર્ગને અસર કરી રહ્યો છે. રમેશ વિચારતો હતો કે હવે શું કરવું તે સમજાતું નથી! શરૂઆતથી ધંધામાં મંદીની આ હાલત છે તો આખું વર્ષ કેમ કરી કાઢીશું?

એક બાજુ પપ્પાને ગુજરી ગયા હજુ છ મહિના નથી થયા. ઘરમાં મમ્મી અને પત્ની મંજુ તેમજ બેબી માનસીને સાચવવા પડશે! ધંધામાં સીઝનની ગણતરી કરીને દુકાનમાં માલનો સ્ટોક ભરી દીધો હતો. કપડાંની રેડીમેઇડ ગારમેન્ટની દુકાનમાં રોજ નવી નવી પેટર્ન - ડિઝાઈનના કપડાં આવતા તેમજ ઓનલાઈન શોપિંગ મોલને કારણે ધંધામાં મંદી વધુ ઘેરી લાગવા માંડી. વેપારીઓ બાકી માલની ઉઘરાણી માટે રોજ ફોન કરે તો શું જવાબ દેવો! છેલ્લા ૩-૪ માસ તો ચાલ્યું કે પપ્પાના અવસાનથી હમણા ચલાવો - પછી પેમેન્ટ આપી દઈશું! પરંતુ આમ જ ક્યાં સુધી ચાલ્યા કરશે? શું કરવું, રમેશને કાંઈ સમજાતું નથી!

પપ્પાએ રમેશને ધંધામાં તૈયાર કરી દીધો અને અચાનક ટૂંકી બીમારીમાં જ સ્વર્ગવાસી થયા. ઘરે સાવ સુનમુન પહોંચતો. ચિંતામાં ઘેરાયેલો રમેશ કાંઈ કહી નહોતો શકતો. ઘડીક બેબી માનસી સાથે રમી, મન હળવું કરી લેતો!

રમેશ હંમેશાં સમયસર ઉધાર માલનું ટાઈમસર પેમેન્ટ કરતો. તેના પપ્પાની બજારમાં સારી 'આબરૂ' હતી. કોઈ ઉઘરાણી કરવાવાળો દુકાને જતો જ નહીં. સામેથી ટાઈમસર પેમેન્ટ મળી જતું. અચાનક ચિંતામાં ઘેરાયેલા રમેશને મમ્મીએ પૂછ્યું, 'બેટા, શું ચિંતામાં છે? ધંધામાં કાંઈ તકલીફ છે? તારી તબિયત તો સારી છે ને? ખાવાનું ઓછું કેમ કરી નાખ્યું છે? હું તારી મા છું. મને તો ખબર પડે જ ને! કહેતો ખરો?'

રમેશે કહ્યું, 'કાંઈ નહીં મા. ધંધામાં હમણાં થોડી મંદી છે. ચાલ્યા કરે! તું તારી દવા લેજે અને તબિયત સંભાળજે, આરામ કરજે.'

મંજુ કળી ગઈ. ધીરેથી રમેશને બેડરૂમમાં ખેંચી જતા તેની પત્ની મંજુએ કહ્યું, લો આ પોટલી. રમેશે પોટલી હાથમાં લેતા જોયું તો તેમાં આઠ બંગડી, વીંટી, બુટ્ટી તેમજ થોડી રોકડ રકમ હતી. મંજુએ કહ્યું, જ્યારે આપણો ધંધો તેજીમાં હતો ત્યારે તમે અને પપ્પાએ બનાવી આપ્યા હતા. રમેશે કહ્યું, ના, મંજુ ના! આ માનસી માટે કામ લાગશે. રાખી મૂક સંભાળીને કબાટમાં.

હું ક્યાં તમને વેચવા જવાનું કહું છું? આને ગીરવે મૂકી, લોન લઈ કરજ ચૂકવી દો. માનસી તો હજુ નાની છે! મંજુએ કહ્યું. હજુ પપ્પાના ગુજરી ગયાના ખર્ચમાંથી બહાર નથી નીકળ્યા. સમાજમાં રહેવું હોય તો બધું કરવું જ પડે સમજ્યા? ફરી સમય આવ્યે નવા બનાવી લેશું.

રમેશની આંખમાં ઝળહળિયા આવી ગયા. કચવાતા મને આ 'પોટલી' લઈ દુકાન તરફ જતો હતો ત્યાં જ રસ્તામાં પપ્પાના મિત્ર મળી ગયા. કેમ છે રમેશ? મમ્મીની તબિયત કેમ છે? ઘરે બધા મજામાં છે ને?

રમેશ, તારે મારું કામ કરવાનું છે. બોલોને કાકા, રમેશે જવાબ આપ્યો.

જો, મારો પુત્ર લંડન છે. હું ત્યાં જાઉં છું. મારા સંબંધી ભત્રીજાના દીકરાના લગ્ન છે. આ સાથે રૂપિયા ત્રણ લાખના બેંકના કોરા ચેક સહી કરી તને આપી જાઉં છું. તારે લગ્નની બધી જ ખરીદી તેમજ જવાબદારી સંભાળવાની છે. મારી ગેરહાજરી આ લોકોને મહેસૂસ ન થવી જોઈએ. અને લગ્નને હજુ બે માસની વાર છે. તું તો મારા પરિવારને ઓળખે છે. તારે જરૂર હોય તો આ રૂપિયા તું ધંધામાં વાપરી શકે છે. કારણકે તારા બાપની ધંધામાં, સમાજમાં સારી 'આબરૂ' હતી.

અને તું પણ આમેય મારા દીકરા જેવો જ છે ને! તને જવાબદારી ન સોંપું તો કોને દઈને હું લંડન જાઉં? તારા બાપ જેવો વહેવારકુશળ કોઈ નહીં. પરંતુ મોરના ઈંડાંને ચીતરવા ન પડે! ગમે તેમ તોય તું મારા મિત્રનો દીકરો તો ખરો ને? રમેશ ફાટી આંખે પપ્પાના મિત્રને જોઈ રહ્યો. ભલે કાકા, નમસ્તે! દુકાનમાં રાખેલી પપ્પાની તસવીર જોઈ રમેશની આંખમાં આંસુ આવી ગયા. પપ્પા, તમારી 'આબરૂ' આજે મને આ મંદીમાં કામ આવી ગઈ. બે હાથ જોડી નમન કર્યા અને કહ્યું તમારો દીકરો છું, તમારી 'આબરૂ' સમાજમાં હું જીવું છું ત્યાં સુધી વધારતો રહીશ. તમારૂં નામ રોશન કરીશ.

રમેશ ભગવાનને પણ પ્રાર્થના કરતો રહ્યો. વાહ પ્રભુ, તારી લીલા અપરંપાર છે. હું પણ ભાગ્યશાળી છું કે મને આવો, પપ્પાનો પ્રેમ મળ્યો છે.

*"ગાયત્રી કૃપા", પ્લોટ નં. ૧૩૨/૪,*
*વોર્ડ નંબર ૪/એ,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*

વાર્તા

# મારી માંગલિક મા - પ્રભા

• બલવીરસિંહ જાડેજા •

માર્ચના બીજા અઠવાડિયામાં પહેલી વાર ઝાલાવાડના તાલુકા મથકની સર્વોદય જિનિંગ એન્ડ પ્રેસિંગ એટલે કે જીનની, વ્હીસલ જેને આમ લોકો, ભૂંગળું કહે છે, તે વાગ્યું. ત્યારે, ગામ આખાને કાલા ફોલવાની મોસમ શરૂ થવાની એંધાણીએ હર્ષોલ્લાસનો રોમાંચ થયો. જ્યારે સ્વ. કિશોર વ્યાસના મા-બાપ અને શુક્લ શેરીમાં રહેતી પત્ની પ્રભા તથા એની મા શારદાને ગયા વરસની જીનમાં લાગેલી આગ, જેણે આ ચારેયના આધારસમા કિશોરને, પોતાની લપેટમાં લઈ, ભરખી લીધો હતો, તેમને આ એક દુઃખદ સ્મૃતિએ ફરી એકવાર હતાશ કરી દીધા.

હજી ગઈ દિવાળીએ કિશોર સાથે પરણાવેલી પ્રભાને, બાલમંદિરમાં તેડાગરની નોકરી મળ્યા પછી બધાને બે છેડા ભેગા થવાનો સધિયારો બંધાયો ત્યાં તો, જીનની આગે, નોંધારાના આધાર, કિશોરને છીનવી લીધો અને આપણા સમાજમાં ''ચુંદડીએ મંગળવાળી પ્રભાએ કિશોરને ભરખી લીધો''ની વાયકા ગામના આખા બ્રાહ્મણ સમાજ સાથે પ્રભા અને કિશોરના કુટુંબોને જાણનારાઓમાં ફેલાઈ ગઈ. હડધૂત થઈને, સાસરેથી પ્રભા, મા શારદા પાસે પાછી તો આવી પણ કોઈના ઘરકામ કરી, પેટિયું રળતા શારદા બાને આઘાતે પથારીવશ અને પછી બીજે વરસે સ્વધામ પહોંચાડી દીધા. તેડાગરની નોકરીમાં બે ટંકના રોટલા કાઢતી પ્રભા હવે સાવ એકલી પડી ગઈ.

એને સમજાતું નહોતું કે, પતિ કિશોરના મા-બાપે સામેથી માંગું નાખી, જોષ જોવડાવી, પોતાની કુંડળીમાં કોઈ દોષ નથી તેની ખાતરી કરાવીને કિશોર સાથે લગ્ન ગોઠવ્યા હતા. છતાં પોતે મંગળવાળી કેવી રીતે થઈ ગઈ? પોતાના પતિ ગુમાવ્યાનું દુઃખ અને ઉપરથી આ 'અભાગણી' જેવું લાગેલું લાંછન જેમાં પોતે ક્યાં કોઈ રીતે જવાબદાર હતી? અને એમ તો એણે ક્યાં કિશોરને ફરીવાર જીનની આગમાં જતો રોકવાની કોશિષ નહોતી કરી!

પહેલીવાર આગ લાગી ત્યારે શેરીના વાડીકાકાને બચાવીને ઘરે મૂકવા આવેલા કિશોરને ફરીવાર આગમાં ફસાયેલાને બચાવવા જઈ રહેલા કિશોરને રોકવા કેટલા ઉધામા કરેલા! એના પગે વળગીને, સૌની હાજરીમાં કપડા-લત્તાનું ભાનભૂલીને રડતા, આક્રંદ કરીને રોકેલો. પણ શેરીના બીજા વયસ્ક રમણકાકા અને મનસુખ જે એનો મિત્ર હતો, તેને બચાવવા, પોતાને લાત મારી, પગ છોડાવી ફરીને ગયેલો અને પછી આગમાં ફસાઈ ગયો. મનસુખે અને કિશોરે રમણકાકાને બચાવીને બહાર કાઢેલા પણ પછી બંને મિત્રો બધી જ બાજુથી પ્રસરી ગયેલી આગમાં ફસાઈને, બળીને ભડથું થઈ ગયા. આમાં એનો શું વાંક?

હવે...? ધણી ગયો, મા ગઈ, સાસુ સસરાએ હડધૂત કરીને કાઢી મૂકી. ન કોઈ નજીકનું સગું કે ભાઈ-બહેન. જિંદગી કઈ રીતે જીવાશે? છતાં એક જ આશ્વાસન હતું કે ગામમાં બાપીકું ઘર, નાનું એવું મકાન હતું અને પેટ ભરવા બાલ મંદિરમાં તેડાગરની બે ટંકના રોટલા નીકળી શકે એવી નોકરી હતી. પણ 'મંગળવાળી' અને 'અભાગણી' જેવી લાગેલી મહોર કે થપ્પો અને શુકન - અપશુકનમાં માનતો સમાજ, જેનો 'અછૂત' તરીકેનો વ્યવહાર, જે રોજેરોજનો સહન કરવાનો. ક્યાં સુધી જીરવી શકાશે એ પ્રભાના મનને મુંઝવતો સવાલ હતો.

★

'પણ હેં... દેવી, પ્રભામા તારી સગી મા છે?' 'શ... શ... ધીમે બોલો બહેન. તમે ટી.વી.વાળા અમારી મા-દીકરી વચ્ચે ઝઘડો કરાવશો. એને ખબર પડશે કે તમે ટી.વી.વાળા મને મળવા આવ્યા છો તો મારી ધૂળ કાઢી નાખશે. મારી બહેનપણી આવવાની છે એમ કહીને મેં તમને આવવા દીધા છે. અને એણે એના જીવનની બધી વાત કરી છે જે હું કહી રહી છું. બહાર ચોકમાં સુધરાઈની લાઈટ નીચે બેસીને એ સૌની સાથે વાત કરી રહી છે. માટે ધીમેથી બોલો બહેન.'

'ભલે, પણ આમ સૌને એકઠા કરી શેની ચર્ચા ચાલે છે?'

બહેન, આ તો એમનો દરરોજનો કાર્યક્રમ છે. રાત્રે સૌ જમીને ચોકમાં ભેગા થઈને બેસે. પ્રભામાં બધાને વારાફરતી આજે શું શું કર્યું, કેટલું કમાયા, ક્યાં પૈસા વાપર્યા, શું ધંધો કર્યો, કોને મદદ કરી વગેરે જેવી વિગત દરેક અમારી દેવીપૂજક સમાજની સ્ત્રીઓ, જેને પ્રભા માએ આર્થિક મદદ કરવામાં સહાય કરી હોય, જામીન થઈ બેંક લોન અપાવી હોય કે વ્યાજે રકમ અપાવી હોય તે સૌને તેમજ નવા નવા સભ્યોને મળીને શું સાચું - શું ખોટું કે ખરાબની વિગત જાણતા જાય અને હવે શું કરવાનું, કાલે કે પરમ દિવસે કે આવતા અઠવાડિયે કે આવતા મહિને કેમ અને શું, કઈ રીતે કરવાનું એની સૂચના આપતા જાય અને એકાદ શાળામાં ભણતી છોકરી કે મારી પાસે તારીખ - નામ સાથે લખાવતા જાય. આજે મારી બહેનપણી આવવાની છે એમ કહેવાથી

મને રજા મળી છે અને બીજી છોકરી વિગત લખે છે અને દિનચર્યા નોંધે છે. આ એમનો રોજનો નિયમ છે.

અને બીજી વાત, એ મારી તો નહીં, કોઈની સગી મા નથી પણ સૌની મા છે કે જે કોઈ એને પ્રભા મા કહીને બોલાવે એના માટે સગી માથી પણ વિશેષ છે.'

'પણ હેં દેવી! તું એમની દીકરી કઈ રીતે થઈ કે તું ક્યારથી પ્રભા મા સાથે છો?' ટી.વી. ચેનલની રીપોર્ટર બહેને, દેવીકા પાસેથી વધુ માહિતી કઢાવવા ધીમેથી પૂછ્યું.

દેવીકાને પણ આજે દિલ ખોલવાનો મોકો મળ્યો હતો. એટલે એ પણ ઉત્સાહથી કહી રહી હતી.

'બહેન, બહુ લાંબી વાત છે. જે મને પ્રભા માએ ટુકડે ટુકડે વાતવાતમાં કહી છે. બાકી બીજા કોઈને ક્યાં ખબર છે કે પ્રભા મા કોણ છે, ક્યાંની છે અને જેતપુરમાં ક્યારથી છે. મેં તમને એના શરૂઆતના જીવન વિશે આગળ જણાવ્યું. હવે સાંભળો આગળની વાત.'

ઝાલાવાડના તાલુકા મથકમાં બાલમંદિરમાં તેડાગરની નોકરી કરતી જુવાન વિધવાના, બાલ મંદિરમાં જ નવા સવા શિક્ષક તરીકે જોડાયેલા બટુકને જોતાં જ બંને જાણે, એકબીજાને અનંતકાળથી ઓળખતા હોય એવી લાગણી થઈ. બધા એને બટુક કહેતા. પણ પછી ખબર પડી કે એ તો ઈસ્માઈલ સિપાહી નામે છે. જે હોય તે પણ સમાજ જેને અભાગણી ગણતો હતો તે પ્રભાને, બટુકની આંખમાં, પોતાના માટે આવકાર સાથે સહારો દેખાયો. તક મળતાં, વાતચીતના બહાને, એકબીજાની નજીક આવવાનો મોકો મળ્યો. એકબીજા વિશે હકીકત જાણી. પણ બટુકે પોતે અવિવાહિત છે કહીને, પોતાની પત્ની લગ્ન પછી ખુદાને પ્યારી થઈ ગઈ છે કહીને, પોતાની શાદીશુદા હકીકત છુપાવી. પોતાના સમાજમાં અભાગણી મંગળવાળીના 'ઈલકાબ' સાથે જીવતી પ્રભાએ જ્યાં કોઈ તેને 'અછૂત' ન ગણે, એવા વિધર્મી સમાજમાં, ગામ છોડી, ધર્મ બદલી, નિકાહ કરી, જિંદગી જીવવાનો સહારો મળી રહે તેવું નક્કી તો કર્યું પણ પોતે છેતરાઈ છે નો અહેસાસ થયો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું.

બન્યું એવું કે છએક મહિના પછી બટુકે પોતાના વતન જુનાગઢ જિલ્લાની એક શાળામાં, બાલમંદિરના અનુભવના આધારે શિક્ષકની નોકરી મેળવી લીધી અને પ્રભાને પણ બીજી એક સંસ્થામાં અરજી કરાવી, ભલામણ કરી, નોકરી અપાવી અને જુનાગઢ શહેરમાં ઘર પણ ભાડે અપાવ્યું. પરંતુ વતનના ગામમાંથી નોકરી છોડી, ઘરને તાળું મારી નવી જગ્યાએ ગયા પછી ખબર પડી કે બટુક ઉર્ફે ઈસ્માઈલ તો શાદીશુદા છે અને બીબી નૂરને એના બાપના ઘરે, સગર્ભાવસ્થા દરમ્યાન મૂકી આવીને ઝાલાવાડના શહેરમાં શિક્ષક તરીકે જોડાયો હતો. તે વખતે સંચાલકોને પણ ખોટી માહિતી આપીને અંધારામાં રાખેલા હતા. હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. પરંતુ પ્રભાએ ભગવાનનો પાડ માન્યો કે તેણે હજી સુધી બટુક સાથેના પરિચયમાં કોઈ મર્યાદા ઓળંગી નહોતી.

પ્રભા સાથે બીજી શાદી કરવાની જાણ થતાં બટુક અને તેની બીબી નૂર વચ્ચે ખૂબ મોટો ઝઘડો થયો. દરરોજના કંકાસે, હતાશ થયેલા બટુકે, પરિસ્થિતિ ન જીરવાતા, માંકડ મારવાની દવા પી ને જિંદગીનો અંત આણ્યો.

પ્રભા માટે તો પોતાનું ગામ પણ છૂટ્યું અને માની લીધેલો સહારો પણ છૂટ્યો. હવે...? હવે શું કરવું? નોકરી છોડે તો પેટ કેમ ભરવું. નાછુટકે જુનાગઢમાં મળેલી નોકરી ચાલુ રાખી. દિવસ-રાત વેરાન અને કષ્ટદાયક થઈ ગયા. ઉપરવાળા સિવાય કોઇનો સહારો નહોતો.

બધી બાજુથી હતાશ થયેલી પ્રભા એક દિવસ સૌરાષ્ટ્રના પ્રખ્યાત સંત શ્રી જલારામ બાપાના દર્શને, રજાના દિવસે દર્શન કરી, પોતાને રસ્તો બતાવવા પ્રાર્થના કરવા ગઈ. પાછા ફરતાં બસ સ્ટેન્ડ ઉપર, બસની રાહ જોઈ રહેલી પ્રભાએ જોયું કે, એક નાની બાળકી સાથેનું દેવીપૂજક લાગતું દંપતિ કોઈ વાતે ઝઘડી રહ્યું છે અને મોટા અવાજે ગાળા-ગાળી કરી રહ્યું છે. ઝઘડો ઉગ્ર બનતાં બસ સ્ટેન્ડે, બસને આડશ મૂકવા રાખેલો પથ્થર ઉપાડી, નાની છોકરીને નીચે ઉતારી, બાઈએ કાળો પથ્થર લઈને પોતાના ધણીના માથા ઉપર ગુસ્સાથી ઘા કર્યો અને ધણીનું માથું ફોડી નાખ્યું. આ બધું એકાએક બન્યું. માણસો ભેગા થઈ ગયા. નાની છોકરીને, એક બાજુ રડતી ઊભેલી જોઈને પ્રભાએ તેડી લીધી. કોઈએ પોલીસને બોલાવી. બંને પતિ-પત્નીને પોલીસ થાણે કે દવાખાને લઈ ગયા. કોઈને નાની છોકરી યાદ ન આવી. બિસ્કીટ ખવડાવી પ્રભાએ છાની રાખી એ જ છોકરી હું પોતે. જેને દેવીપુત્રી ગણી નામ આપ્યું "દેવીકા." કોઈ છોકરીને રાખવા કે સંભાળવા તૈયાર નહોતું એટલે લઈ આવી પોતાના ઘરે. જાણે એને જીવવા માટે સહારો મળી ગયો અને મને મોટી કરી. મારી તો મા, બાપ, ભગવાન બધું જ છે મારી પ્રભા મા.'

'પછી તો મને બાલમંદિરમાં નોકરી દરમ્યાન સાથે ને સાથે રાખીને મોટી કરી ભણાવી. હા, રજાના દિવસે બે-ચાર વાર વીરપુર - જેતપુર જઈને મારા સાચા મા-

બાપની તપાસ કરી. પોલીસવાળાની બીકે, કે કાયદાની બીકે ખાનગીમાં ખૂબ તપાસ કરી પણ મારા સાચા મા-બાપની ભાળ મળી નહીં અને કોઈને સોંપવા કરતા પોતાની દીકરી તરીકે જ, ઉછેરવાનો નિર્ણય કર્યો.'

'પછી જુનાગઢથી અહીં જેતપુરમાં જ અનુભવના આધારે પ્રભા માને, શિક્ષક તરીકે નોકરી મળી ત્યારે મારા સાચા મા-બાપને શોધવા જતાં અનાયાસે જ પ્રભા માને દેવીપૂજક જ્ઞાતિનો વધુ પરિચય થયો. પોતાની જ્ઞાતિ કરતા પણ કેટલાય ગણો અભણ, વહેમી, વ્યસનોથી ઘેરાયેલો, ધર્માંધ અને ધર્મના નામે ખોટા રિવાજો પાળતાં, શુકન - અપશુકન, ચોરી ચપાટી જેવી આદતો સાથે દર વર્ષે છોકરા પેદા કરતા કુટુંબો અને ખાસ કરીને બાળકો અને તેમાં પણ છોકરડીઓને એ જ જીવનશૈલી જીવવા મજબૂર કરતો સમાજ જોઈ પ્રભા માએ નિર્ણય કર્યો અને "કાંઈક" કરવા કમર કસી. અને આ સમાજની સ્ત્રીઓમાં ધીરે ધીરે વિશ્વાસ પેદા કર્યો. સૌપ્રથમ બીડી તમાકુ જેવા વ્યસનોથી બચાવી અને પગભર થતી સ્ત્રીઓનું સંગઠન શરૂ કર્યું. અને આજે કેટલી પ્રગતિ કરી છે એ તો તમે નજરે જ જોઈ શકો છો.'

'પણ દેવીકા... અમારી આ 'ગુણિયલ ગુજરાત' ટી.વી. ચેનલ તારી પ્રભા માને 'નોખી માટીના માનવી' શ્રેણી અનુસંધાને, આ તમારા દેવીપૂજક સમાજની બહેનોના ઉત્થાનમાં લાગીને પોતાનું જીવન સમર્પિત કરનાર, પ્રભા મા વિશે, દુનિયાને જાણ કરવા, એમનો ઈન્ટરવ્યુ - મુલાકાત લેવા શું કરવું જોઈએ, એ તું જ અમને રસ્તો બતાવ.'

'ના હોં બહેન... મારી પ્રભામાં હંમેશાં સમાજ અને પ્રસિધ્ધિથી દૂર રહી, પોતાનું કામ શાંત ચિત્તે કરીને, પ્રભુ સેવા આ રીતે કરવામાં માને છે. એને પોતાના ગુણગાન ગાવાની કોઈ ખેવના નથી. છતાં કદાચ અમારા 'દેવીપૂજક' સમાજ માટે તમારી 'ગુણિયલ ગુજરાત' ટી.વી. ચેનલ શું ઉપયોગી થઈ શકે કે મદદ કરી શકે તે કહો તો હું મોકો જોઈને મારી પ્રભા માં ને કાને વાત નાખી સમજાવી શકું.'

'ભલે, હું મારા ઉપરી અને ડાયરેક્ટરોને કાને વાત નાખી, એમનો શું અભિપ્રાય છે તે પછી તને જણાવીશ.'

થોડા સમય પછી 'ગુણિયલ ગુજરાત' ટી.વી. ચેનલે, પ્રભા માની ઈચ્છા મુજબ, જેતપુરમાં જ 'પ્રભા મા આવાસ' સ્પોન્સર્ડ બાય 'ગુણિયલ ગુજરાત.' ભવિષ્યના વિકાસને ધ્યાન રાખીને દેવીપૂજક સમાજ માટે સામાજિક, આર્થિક ઉત્થાન સાથે પોતાના વ્યવસ્થાપકો સાથે શરૂ કર્યું જે માટે પ્રભા માએ સંપૂર્ણપણે (Exclusive) 'ગુણિયલ ગુજરાત'ને સહકાર આપવા માટે સંમતિ આપી અને સાથે બીજી શરત કરી કે 'ગુણિયલ ગુજરાત' ચેનલ સમાજમાં પ્રવર્તતા કુરિવાજો, અંધશ્રધ્ધા, ગ્રહોના સાચા ખોટા નડતરથી મંગળ - શનિ જેવાના નડતરોથી સમાજને જાગૃત કરી મારા વતનના શહેરમાં મારી ઉપર લાગેલા આળને દૂર કરવા પણ પ્રયત્ન કરે.

આજે પ્રભા મા, જેતપુરના 'પ્રભા મા આવાસ'થી દેવીપૂજક જ્ઞાતિની બહેનોને વ્યસનો, ખોટા દેખાડા, કુરિવાજો, અંધશ્રધ્ધા, શુકન - અપશુકન જેવા દૂષણોને દૂર કરાવી શાકભાજી, ફળફળાદી, જીવન જરૂરિયાતની વસ્તુઓનું વેચાણ ભાડા પટ્ટા ઉપર, ફળ કે શાકભાજીના બગીચાઓમાં ખેતી કરાવી, અસંખ્ય કુટુંબોને રોજી રોટી સાથે, અવિરત, થાક્યા વિના, હસતા મોંએ, જિંદગીની ગાડી સંતોષપૂર્વક પુરપાટ દોડાવ્યે જાય છે. તેમાં હવે મોટી થયે, પરણાવેલી દીકરી દેવીકા અને એનો પતિ મહેશ, પ્રભા માને સાથ આપે છે.

પછી જ્યારે 'ગુણિયલ ગુજરાત' ટી.વી. ચેનલે પ્રભા માના વતનના શહેરમાં, પ્રભા માના જીવન ચરિત્રનો પ્રચાર કર્યો અને તેમની દેવીપૂજક સમાજના ઉત્થાનની ડોક્યુમેન્ટરી બતાવી ત્યારે ત્યાંના બ્રહ્મ સમાજે, પશ્ચાતાપરૂપે, ગામની દીકરી અને ગામની જ વહુ પ્રત્યે થયેલા અન્યાય રૂપે પ્રભા માને ત્યાં બોલાવી, અભિવાદન કર્યું અને સાથે સાથે માફી માંગી. ફાળો એકત્ર કરી રૂપિયા એક લાખનું દાન દેવીપૂજક સંસ્થાને આપ્યું. ત્યારે આંખમાં આંસુ સાથે, જે હવે હરખ અને આત્મવિશ્વાસના હતા, સાથે ફરી પ્રભા માં પોતાના ધ્યેયમાં લાગી ગયા.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*પ્રોફેસર્સ કોલોની સામે, 'ચાઈલ્ડ કેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## મોટાની અલ્પતા અને નાનાની મોટાઇ

**(અનુસંધાન : પાના નં.-૭૪ ઉપરથી ચાલુ)**

વર્તમાનમાં આવતા ડૉ. પીયૂષને પોતાના પર શરમ આવી. તેઓ મનોમન વિચારતા હતા, 'આ માણસ માટે ૧૦ રૂા. પણ કેટલી મોટી વસ્તુ હતી. મારી પાસે છૂટ્ટા ન હતા તો પણ મને એક પણ વાક્ય તેણે સંભળાવ્યું નહીં. યાદ આવે તો જ પૈસા આપી જવા કહ્યું. લગભગ બે ગ્લાસ રસ પીવડાવી એક જ ગ્લાસના પૈસા માંગ્યા. મારું સરનામું કે પૈસા આપી જવા માટે કોઈ ખાતરી માંગી નહીં. અહીં રૂમમાં પહેલા બોલાવ્યો ત્યારે પણ તે તો મને ઓળખી જ ગયો હતો પણ મેં તેના સંચા પર મફત રસ પીધો અને ત્રણ ત્રણ મહિના થઇ ગયા. મને તેના પૈસા આપવાનું યાદ આવ્યું નથી તે વાત પણ તે યાદ નથી કરતો. ખરેખર પ્રભુ! ભલે એ પૈસાથી ગરીબ છે પણ વિશાળ હૃદય, ઈમાનદારી અને સજ્જનતામાં મારાથી ઘણો જ અમીર છે.'

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ*
***Ph.: (H) 27417192, 27496161***
***(M) 9898001566 (R) 27412565***

સાપ્ત રંગ

# લોકશાહીના જંગલમાં હાથીઓને પેન્શન

• અક્ષય અંતાણી •

મુંબઈથી કચ્છ એક્સપ્રેસમાં ગાંધીધામ પહોંચ્યો. સ્ટેશન ઉપર એક સાવ સુકલકડી ભાઈ આવીને સામે ભટકાયા. મને કહે, શું બાપુ ઓળખાણ પડે છે? મેં યાદ કરવાની કોશિશ કરી. મને નામ યાદ ન આવ્યું એટલે હાર સ્વીકારી કહ્યું કે 'ક્યાંક જોયા છે, પણ બરાબર યાદ નથી આવતું.' આ સાંભળી પેલાએ હાથ મિલાવી કહ્યું કે, 'બસને ન ઓળખ્યો? હું પાણી ખાતાવાળો હાથી.' મારાથી બોલાઈ ગયું કે તમે કાં અટક બદલો અને કાં શરીર સુધારો. બાકી જો કોઈ સરકસવાળો જોઈ ગયો તો ઉપાડી જશે અને મસમોટી જાહેરાત આપી લખશે, 'સફેદ હાથીને જોયા પછી પહેલી જ વાર જુઓ કચ્છના ડિહાઈડ્રેટેડ સુકવણી હાથીની કમાલ.'

નાગરોમાં 'હાથી' અટક જાણીતી છે. પણ આવી અટક જ ક્યારેક અટકચાળાનું કારણ બને છે. કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાન જયસુખલાલ હાથી પંજાબના ગવર્નર બન્યા ત્યારે કોઈએ ટુચકો જોડી દીધો હતો. એક સ્થાનિક છાપાએ અટકચાળો કરતાં લખ્યું, 'ચંદીગઢના રાજભવનમાં હાથી.' આ વાંચી રવિવારની રજા આવી ત્યારે કેટલાક લોકો નાના બાળકોને લઈને પહોંચી ગયા રાજભવન, હાથી દેખાડવા.

હવે કચ્છના પેલા સુકવણી હાથીને મેં પૂછ્યું કે તમે પાણી ખાતામાં જોખમી કામગીરી બજાવો છો તો વીમો ઊતરાવ્યો છે કે નહીં? આ પ્રશ્ન સાંભળી હાથીભાઈ બોલ્યા કે પહેલાં કઢાવ્યો હતો પણ પ્રીમિયમ ભરવાનું બંધ કરી દીધું છે કારણકે મારી પત્ની બધાને કહ્યા કરતી કે હાથી જીવતો લાખનો અને મર્યા પછી સવાલાખનો (વ્યાજ સાથે). આ હાથી ભારે રંગીલા મિજાજના. કોઈકે પૂછ્યું કે નવું અને જૂનું બેઉ ચોકઠાં કેમ વાપરો છો? ત્યારે હાથી બોલ્યા કે 'ચાવવાના અને દેખાડવાના દાંત જુદા જ હોય કે નહીં?' સારું છે સરકારોની મૂછો કાપી પોતાની મૂછે લગાડતા વીરપ્પનને કાને આ વાત નથી પડી. નહિંતર હાથીદાંત સલામત ન રહે.

હવે હાથી અટકની વાત અટકાવી ખરેખરા હાથીની વાત કરીએ. પશ્ચિમ બંગાળમાં કાળી મજૂરી કરી નિવૃત્ત થતા હાથીઓને પેન્શન આપવાની યોજના જાહેર થઈ છે. હવે આ જમ્બોના જમાનામાં આપણે જમ્બો હાથીઓ પાતળા થઈ ગયા છીએ. અગાઉના વખતમાં કોઈને પાયમાલ કરવો હોય ત્યારે રાજા તેને હાથી ભેટ આપતો. આજે પ્રજાને પાયમાલ કરવા જમ્બો પ્રધાનમંડળ રચાય છે. આ આપણા નેશનલ (રાષ્ટ્રીય) સરકસના હાથી છે. રાષ્ટ્રના રસકસ ચૂસે એને કહેવાય નેશનલ સરકસ. પ્રજાને કાયમ મોંઘારતનું ટેન્શન અને હાથીને પેન્શન. ખાદીના ધોળાં કપડાં પહેરી ભારતમાતાને પગે વળગતા આ ધોળા હાથીઓને લીધે જ ભારતમાતાને હાથીપગું થયું હોય એવી દશા છે. હવે તો 'હાથી મેરે સાથી' ફિલ્મ જોઈ ચૂકેલી પ્રજા એક જ સવાલ કરે છે : 'હાથી મરે શાથી?'

### • ભીમની અનોખી ગદા :

ભગવાન ભૂલેચૂકેય પ્રસન્ન થાય તો બાઘો બની ગયેલો ભગત માથું ખંજવાળીને બોલ્યા વગર ન રહે કે પ્રભુજી તમને કોઈક સીરીયલમાં જોયા છે હોં! સાચા દર્શન કરતાં દૂરદર્શનનો જ મહિમા વધી ગયો છે. નાનો પડદો તો ધાર્મિક અને પૌરાણિક સીરિયલો, ભજનોની મ્યુઝિક વીડિયો અને ઘેરબેઠાં તીર્થયાત્રા કરાવતા કાર્યક્રમોથી ફાટફાટ થાય છે. સખળડખળ થતા રાજમુગટો, ગુજરાતની ગાદી જેવા ડગુમગુ થતાં કાર્ડબોર્ડનાં સિંહાસનો, ઊંધી કડાઈ માથે મૂકી લડતી રામની સેના, નારાયણ... નારાયણ... કહી ફરતા દેવલોકના કોમ્યુનિકેશન મિનિસ્ટર નારદજી, દાઢી અને જટા રોજ સર્ફમાં ધોઈને નીકળતા ગુરુવર્યો અને સરકારી ટુરિઝમ ખાતાના હોલીડે રિસોર્ટને સારા કહેવડાવે એવા સેલ્ફ કન્ટેઈન્ડ આશ્રમોનાં દૃશ્યો ભારે મનોરંજન પૂરું પાડે છે.

હવે તો ધાર્મિક અને પૌરાણિક ફિલ્મોનાં નવાં નવાં ટાઈટલ ક્યાંથી ગોતવાં એની જ ઘણાને મૂંઝવણ થાય છે. આ બધાની મૂંઝવણ દૂર કરવા માટે મેં કેટલાક પ્રસંગ માટે ટાઈટલ તૈયાર કર્યા છે. રામ વનવાસની કથા - **વન દે માત્રમ્.** દાનવીર કર્ણ – **કહાની 'દેના' બેંક કી.** ભગવાન શ્રીકૃષ્ણે કાળીનાગના મુખમાંથી હાથીને બચાવ્યો – **હાથી મરે શાથી?** વિદુરની ભાજી - **ભાજીગર.** રાવણનાં દસેદસ માથાંને ગમતાં હિંસક હિટ ગીતોની વીડિયો - લંકેશ ટોપ ટેન અને ભીમની મુખ્ય ભૂમિકા આધારિત ફિલ્મ - **અનોખી ગદા.**

### • અંત-વાણી :

અકસ્માત કે કુદરતી આફત વખતે આર્થિક મદદ આપવા મુખ્યપ્રધાન રાહત-નિધિ હોય છે. તામિલનાડુમાં આ રાહત-નિધિને કયું નામ આપી શકાય ખબર છે? કરુણા-નિધિ.

*રજૂઆત : નજમાબેન બી. ગોલીબાર - અમદાવાદ*

બાલ જગત

# કલરવ

• દિનેશ માંકડ •

## ગૌરવ ગાથા

દોસ્તો, આ વખતે ગુજરાતમાં જન્મેલા મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથની વાત કરવી છે. ૧૮૯૭માં વડોદરા નજીકના ગામમાં તેમનો જન્મ થયો. પિતા લશ્કરમાં સેવા આપતા હતા. સંજોગો અનુસાર ભરૂચ સ્થિર થયા. કુટુંબની આર્થિક સ્થિતિ બગડી. અધૂરામાં પૂરૂં પિતા સંન્યાસ લઈ ચાલ્યા ગયા. બાળક ઓમકાર, માતાને તેમજ ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થવા જોડાયો. ગામેગામ રામલીલા ભજવાય, તેમાં એ ભાગ લે. તેના કંઠને પારખીને એક પારસી સજ્જને તેમને સંગીતની તાલીમ માટે પ્રોત્સાહિત કર્યા.

પછી તો પાછું વાળીને જુએ એ બીજા. ગુરૂ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરના ચરણોમાં રહીને સતત રીયાઝ ચાલુ રાખી. લાહોરનાં ગાંધર્વ મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય, યુરોપમાં ભારતીય સંગીત આપનાર પ્રથમ, બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં પ્રથમ સંગીત વિભાગ શરૂ કરનાર અને પ્રથમ વડા પણ તેઓ જ. મતલબ કે ભારતીય સંગીતને સત્તાવાર શૈક્ષણિક દરજ્જો પણ તેમણે જ અપાવ્યો. તે પણ અંગ્રેજ કાળમાં! સમય જતાં તેમને અનેક ઍવોર્ડોથી સન્માનવામાં આવ્યા. સંઘર્ષ વચ્ચે પણ પોતાની પસંદગીના શોખ માટે કળા તેમજ અવિરત સાધના, એ આ મહાન સંગીતકાર પાસે શીખવા જેવી વાત છે.

## નાની વાત – મોટો બોધ

ઘણાં વર્ષો પહેલાની વાત છે. મધ્યમ વર્ગમાં જન્મેલા પ્રવીણને અભ્યાસમાં મહેનત કરવાનો શોખ. એક વખત તે કોલેજના પુસ્તકાલયમાંથી એક સંદર્ભ ગ્રંથ ઘરે લાવ્યો. વિગતો ખૂબ અગત્યની હતી, પણ લાંબી હતી. તેને પહેલા તો મોઢે કરવાનો પ્રયત્ન કર્યો પણ ન ફાવ્યું. પછી લખવાનું શરૂ કર્યું પણ લાંબુ અને વધારે હતું એટલે તેમાં એ કંટાળ્યો. તે સમયે ઝેરોક્ષની શોધ પણ નહોતી થયેલી. પુસ્તક જરૂરી અને ઉપયોગી હોવા છતાં નિયમ મુજબ સમય પૂરો થતા કોલેજ પુસ્તકાલયમાં પરત કરી દેવું પડ્યું. એ પુસ્તક વગર ચેન પડતું નહોતું. બજારમાં પણ ઉપલબ્ધ નહોતું. એક દિવસ તે કોલેજ પુસ્તકાલયમાં બેઠો હતો. ખાસ વિદ્યાર્થી પણ નહોતા. ગ્રંથપાલ પણ ક્યાંક આંટો મારવા ઉપડ્યા હતા. તેના પુસ્તકવાળો કબાટ ખુલ્લો હતો. તે દોડ્યો. પહેલા ખચકાયો પણ પછી ખૂબ ઝડપથી તે પુસ્તક કાઢી, તેના જરૂરી પાના ફાડી પોતાના શર્ટ નીચે ભરાવી ઘેર દોડી આવ્યો. રાત્રે સૂતો. સવારે તેની માતા ઉઠાડવા આવી. તેણે ટેબલ પર ફાટેલા પાના જોયા. તેણે પ્રવીણને સીધો સવાલ કર્યો. પ્રવીણે પણ માતા પાસે હકીકત છુપાવી નહીં કારણકે માતા હતી. બધી વાત કરી. માતા કશું ન બોલી. કોલેજ જતાં પહેલા પ્રવીણના દૂધના પ્યાલા પાસે એક લખેલો કાગળ, એક કોરો કાગળ અને થોડા રૂપિયા મૂકેલા હતા. પ્રવીણ કશું પૂછે તે પહેલાં જ તેણે પુસ્તકની કિંમત અને મારું માફીપત્ર છે, તું તારું લખી લે અને આજે જ ગ્રંથપાલશ્રીને આપી દેજે – તેવી સુચના આપી. પ્રવીણે કોઈ જ દલીલ ન કરી, કારણકે સામે માતા હતી. તે કોલેજમાં સીધો ગ્રંથપાલ પાસે ગયો. તેમને તો કશી ખબર જ નહોતી. બંને માફી પત્ર અને રૂપિયા જોઈ તેમને આશ્ચર્ય થયું. તેમણે પ્રવીણને શાબ્બાશી આપી અને તેની માતા પર વળતો પત્ર લખ્યો, 'આપના પગલાથી એક શ્રેષ્ઠ ઉદાહરણ બેઠું છે. દેશની દરેક માતા પોતાન સંતાન માટે આવું જ વલણ અખત્યાર કરે તો દેશની આવતીકાલ ઉજ્જવળ બને.'

## તમે જાણો છો?

દોસ્તો, ભારત દેશ તેના પ્રાચીન વારસા માટે

વિશ્વપ્રસિધ્ધ છે. તમે સપ્તર્ષિ શબ્દ સાંભળ્યો છે ખરો? આમ તો આકાશના તારાઓના એક ઝુમખાનું ભારતીય નામ છે. પરંતુ આ સાત ઋષિઓ – અત્રી, જમ્દગની, વિશ્વામિત્ર, વશિષ્ઠ, ભારદ્વાજ, ગૌતમ, પરાશર વગેરેએ આપણને જંગલી જીવનમાંથી માનવ જીવન જીવતાં શીખવ્યું છે. આવા અનેક ઋષિઓએ આપણા પર વિદ્યાદાન, શાસ્ત્ર-ગ્રંથો, ઘડતર અને શોધ - સંશોધન જેવા અનેક ઉપકાર કર્યા છે. આવા ઋષિઓનાં જીવનચરિત્ર મેળવીને જરૂર વાંચવા જોઈએ.

## તન સારું, તો મન સારું

દોસ્તો, ઉનાળાની શરૂઆત થઈ ગઈ. તમને એક સવાલ પૂછવાનો છે. તમે દિવસ દરમિયાન પાણી કેટલું પીઓ છો? તમને થશે કે આ તે કાંઈ સવાલ છે? દોસ્તો, શરીરમાં નિશ્ચિત માત્રામાં પાણી જવું જ જોઈએ. સામાન્ય રીતે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું છ થી આઠ લીટર એટલે કે આઠથી દસ ગ્લાસ પાણીના પ્યાલા દિવસ દરમિયાન અવશ્ય પીવા જ જોઈએ. તે પણ એક સાથે નહિ, પણ સમયાંતરે. બપોરે પાંચ-સાત પ્યાલા એક સાથે ગટગટાવી ગયા પછી રાત સુધી જરાય નહીં – આ વાત બરાબર નથી. ઓછું પાણી શરીરને નુકસાન કરે અને એક સાથે વધારે પાણી પણ નુકસાન કરે. સમજી ગયાને?

## મગજ કસો, નહિં તો ખસો

આ વખતે સાવ સહેલી વાત.

લાગુ ન પડતું હોય તેને અલગ કાઢો

| | *(અ)* | *(બ)* |
|---|---|---|
| ૧. | મોટર - ગેરેજ | અનાજ (તબેલો, વખાર, ભંડાર, વાટ) |
| ૨. | ઊંટ - બોતડું | બકરું (મદનિયું, લવારું, ખોલકું) |
| ૩. | લંબાઈ - ફૂટ | વીજળી (મીટર, ગ્રામ, ધોધ, યુનિટ) |
| ૪. | સાગર - સમુદ્ર | નદી (અર્ણવ, સરિતા, ઝરણું, તળાવ) |
| ૫. | ઘોડો - તબેલો | વહાણ (વખાર, ગેરેજ, વાડો, ગોદી) |

## હસ્યા તો ફસ્યા

*દર્દી : સાહેબ, આપનું અનિદ્રા પરનું ભાષણ ખૂબ સરસ હતું.*

*ડૉક્ટર : તમને ગમ્યું?*

*દર્દી : ચોક્કસ. મને તો ભાષણ શરૂ થતા જ ઊંઘ આવી ગઈ!*

## ટકોર ટાબરિયાને

બાપ રે બાપ! આ તો વાર્ષિક પરીક્ષા આવી ને ગઈ. કદાચ કોઈની થોડી ઘણી બાકી પણ હશે. પણ મોટાભાગની પૂરી થઈ ગઈ હશે. હવે શું કરવાનું? મોટી સમસ્યા છે નહીં? દોસ્તો, વેકેશન તો મોટું મળવાનું જ છે. તેનો યોગ્ય ઉપયોગ થાય તો મજા પડે. મમ્મી-પપ્પા કે બીજા તમને ઇંગ્લીશ સ્પીકિંગ કે એવા કોઈ વર્ગમાં જોડવાની વાત કરશે અને તમને ગમતું હોય તો કરવાનું પણ ખરું. પણ અહીં એક નાનકડી ઉપયોગી સલાહ છે. દોસ્તો, તમારા પડોશમાં કે કદાચ કોઈનાં ઘરના ઘાટી ભાઈ-બહેન, તમારા પોતાના કે કોઈ મિત્રનાં દાદા-દાદી કે મોટી ઉંમરના વડીલ હોય જે અક્ષરજ્ઞાન ન પામી શક્યા હોય, શું તમે એમને શીખવી ન શકો? નવાઈ લાગે છે, શિક્ષક બનવાની, નહીં? મિત્રો, ખૂબ સહેલું કામ છે. છતાં આ કામની કિંમત ખૂબ મોટી છે. સરકાર કે બીજી સંસ્થાઓ મોટાને ભણાવવાના વર્ગો ચલાવે છે પણ ઘણા લોકો તેમાં જઈ શકતા નથી. તમે એમને થોડુંક શીખવો તો તેમના જીવનમાં મોટું પરિવર્તન આવે. દા.ત. તેમને થોડું પણ વાંચતા આવડે તો કોઈ ધાર્મિક ગ્રંથ કે અન્ય પુસ્તક વાંચી શકે કે કોઇ નાનો મોટો હિસાબ પણ કરી શકે, પૈસા ગણી શકે. કોઈવાર છેતરાતા પણ બચે. વાત સાવ સાદી છે પણ એમના જીવન માટે ખૂબ મોટી છે. ને દોસ્તો, આવું સરસ કામ તમારા હાથે થાય તો કેટલી મોટી વાત કહેવાય! તમારે તો આખા દિવસમાંથી થોડી મિનિટો જ કાઢવાની છે. કરશો ખરા? 'કલરવ'નાં કોઈક ટાબરિયા તો જરૂર આ ઉમદા કાર્ય કરશે જ. અને હા, જો કરો તો જરૂર કલરવ વિભાગને જણાવજો, ભૂલાય નહિં!

*કોઈને રેલવે પાટા પર સૂતેલો જોઈએ તો સાલું કન્ફ્યુઝન થવા લાગે છે કે ભાઈ 'સૂસાઈડ' કરવા સૂતો છે કે 'સેલ્ફી' લેવા?*

# શબ્દ શોધ : ૪૮

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | ■ | ૮ | | ■ |
| ૯ | | ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ |
| | ■ | | ■ | ■ | ૧૩ | | ■ | |
| ■ | ૧૪ | | ૧૫ | ૧૬ | ■ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | ■ | | ■ |
| ■ | ૨૧ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | | | ■ | ૨૬ | | ■ | ૨૭ | |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |

## આડી ચાવીઓ

૧. ______ મહેતા - એક કલાકાર, વૈશાખ વદી અગિયારસની તિથિ (૩)
૨. મુબારકબાદી, શાબ્બાશી, ધન્યવાદ (૫)
૬. કમળ, સરોજ (૨)
૭. મહિનો (૨)
૮. શ્વાસનો એક રોગ, હાંફણ (૨)
૯. અનેક બેંકોની લોન ઓળવી જનાર લીકર કિંગ (૫)
૧૧. જંગલી, વગડાઉ, વનેરુ, અણઘડ, અસભ્ય (૩)
૧૩. "રાજાને ગમી તે ______ " (૨)
૧૪. સંતોષકારક, જોઈએ તેટલું (૪)
૧૭. પત્નીની બહેન (૨)
૧૮. કચ્છનું મુખ્ય મથક (૨)
૧૯. ડાકલું, એક વાદ્ય (૩)
૨૧. એક જ ગામનું જણ (૩)
૨૩. પરવાનગી (૨)
૨૫. કામા, સુંદર કે સૌભાગ્યવતી સ્ત્રી (૨)
૨૬. ક્રિકેટમાં દોડીને શું લેવાય? (૨)
૨૭. મારું (૨)
૨૮. અંગ્રેજીમાં પૈસા એટલે? (૨)
૨૯. ઉધારનું વિરોધી (૨)
૩૦. અનાથ બાળક, નિરાધાર બાળક (૩)

## ઊભી ચાવીઓ

૧. અશુદ્ધ, પવિત્ર નહીં તેવું (૪)
૨. બ્રહ્મા (૩)
૩. ભગવાન રામના પગના સ્પર્શથી શિલામાંથી મૂળ સ્વરૂપ પામી (૩)
૪. નંદરાય આહીરરાજના પત્ની યશોદા (૪)
૫. જુલ્મ, કેર (૩)
૭. પપ્પાના સાળા (૨)
૧૦. મલેચ્છ સ્ત્રી, યવન જાતિની સ્ત્રી (૩)
૧૨. આકાશમાં વાદળાની અથડામણથી ઉઠતી અગ્નિરેખા (૩)
૧૪. હાથીની ચાલે ચાલનારી સ્ત્રી (૫)
૧૫. 'માંડવી'ને કચ્છીમાં શું કહેવાય? (૩)
૧૬. અંધારું, અંધકાર (૨)
૧૭. અમદાવાદ પાસેની નદી (૫)
૨૦. વિલાપ, રડવું એ (૩)
૨૨. કચ્છીમાં રોટલી કે રોટલાને શું કહેવાય? (૨)
૨૪. મોટું વિશાળ પાથરણું, મોટી શેતરંજી (૩)
૨૫. કાર્ય, કાજ (૨)
૨૬. લક્ષ્મીજી (૨)

## શબ્દશોધ : ૪૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ | મા | ધા | ન | ■ | સ | મા | ચા | ર |
| ર | સ | ■ | ર | સ | મ | ■ | લ | ગ |
| સ | ■ | ■ | મ | ગ | જ | ■ | ■ | ર |
| વ | ગ | ર | ■ | ■ | ■ | સ | જા | ગ |
| ■ | મ | ન | ન | ■ | અ | લ | ગ | ■ |
| પ | ગી | ■ | વી | ર | મ | ■ | ર | તિ |
| ■ | ન | ય | ન | ■ | લ | ખ | ણ | ■ |
| વા | ■ | મુ | ■ | ભુ | ■ | વી | ■ | ત |
| હ | સી | ના | ■ | જ | ■ | સ | રો | જ |

*દીપક જલાવવા માટે એક જ દિવાસળીની જરૂર પડે છે. પણ આપણી પાસે દીપક ન હોય અને આખું બાકસ સળગાવી નાખીએ તો પણ પરિણામ ક્યાંથી આવે? છેવટે આપણે માટે તો અંધારું જ સરજાયું છે કારણકે આપણે આપણી શક્તિનો વ્યવસ્થિત ઉપયોગ કરી જાણતા નથી.*

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA

M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.

**Charaterd Accountants**

**H.O. :**
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

**Branch :**
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

**Resi. :**
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫

માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---

## GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**: BRANCHES :**
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

## વિલમોર પ્લાય પ્રા.લિ.

All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦

---

## AMBICA TIMBER MART

logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company) | FORESTRY PRODUCTS (Export and Import) | ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging

## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

---

## POSITIVE®

PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

RAVI ENTERPRISE

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @Gota. HOMES
Happiness is here..
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો
ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.c
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, હાઈટેનિયમ સિટીસેન્ટ
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma

Patel Tours & Travels
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-